Barcode - 99999990873669
Title - Butaparastoni Behyai Kinva Ashnaasari Sachchina Dankane Satpanthna Sotano Mar.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 447
Publication Year - 1939
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9999999087366

# બુતપરસ્તોની બેહયાઇ

કિંવા

## અસનાઅશરી સચ્ચાઇના ડંકાને—

# સતપંથના સોટાનો માર.


લેખક:—

મી. દુષ.



પ્રકાશક,

મામદભાઇ રવજી.

ઓ. સેક્રેટરી.

ઇસ્માઇલીઆ સાહિત્ય પ્રકાશક સોસાયટી.

રેલ્વેપુરા પોસ્ટ—અમદાવાદ.

આવૃતિ ૧ લી. પ્રત ૨૫૦૦.

સંવત ૧૯૮૪. સને ૧૯૨૮.

કીમત રૂા. ૧-૦-૦.

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक ૧૪૦૦૩ वर्गांक

पुस्तकनुं नाम સંતપંચના સોટાનો માર

विषय ૫૭૨૧ : ૪૧

# બુતપરસ્તોની બેહયાઇ

કિંવા

## અસનાઅશરી સચ્ચાઇના ડંકાને—

# સતપંથના સોટાનો માર.


લેખક:—

બી. ટ્રુથ.



પ્રકાશક,

મામદભાઇ રવજી.

ઓ. સેક્રેટરી.

ઇસ્માઇલીઆ સાહિત્ય પ્રકાશક સોસાયટી.

રેલ્વેપુરા પોસ્ટ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૫૦.

સંવત ૧૯૮૪. સને ૧૯૨૮.

કીમત રૂા. ૧-૮-૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૩૦૦૩

અમદાવાદ કાલુપુર કપાસીઆ બજારમાં, રોયલ પ્રિન્ટીંગ પ્રેસમાં
રાયચંદ હીરાચંદે છાપ્યું.

# અર્પણ પત્રિકા

અર્પણ પત્રિકા પોતાના વ્હાલા દોસ્ત અથવા નિકટના હિતેચ્છુને હમેશાં અપાય છે, પણ હું એથી ઉલ્ટી રીતે આ પુસ્તક શેઠ નુરમોહમદભાઈ ઘેલાભાઇ તુલીયાર માકાગાસ્કરવાળાને અર્પણ કરવા એટલા માટે પ્રેરાઉં છું કે મજકુર શેઠ ધનાઢ્ય હોઈ પોતાના દ્રવ્યના જોરે અમારા મઝહબ તેમજ અમારા પવિત્ર ઈમામ વિરૂદ્ધ અઘટિત હુમલો લાવનારૂં પુસ્તક નામે "અસનાઅશરી સચ્ચાઈનો ડંકો" પ્રગટ કરાવ્યું.

દુનિયામાં બે રીતે નામના થાય છે. ભલાઇમાં અને બુરાઈમાં. હજરત મુસા (અ), હજરત ઇસા (અ) અને હજરત ખાતેમુલ અમ્બીયા મોહમ્મદ (સ) વગેરેના નામો આજે લોકો યાદ કરી રહ્યા છે; તો બીજી રીતે નમરૂદ, ફીરઆઉન, અને અબુઝેહેલના નામો પણ યાદગાર છે; ખેર. ગમે તેમ હોય, પણ આજે મજકુર શેઠના પ્રયાસે અસનાઅશરી સચ્ચાઈના ડંકા" ની રદમાં આ પુસ્તક લખવાનો મનેજે ચાન્સ મળ્યો છે. તે બદલ હું મજકુર શેઠને મારૂં આ પુસ્તક સહર્ષ સમર્પણ કરૂં છું.

કુશ

---

# ભૂમિકા

ચાલુ જમાનામાં બનતા અવનવા બનાવોએ દુન્યાભરની વસ્તીઓમાં જાગૃતિ આણી મુકી છે અને તેથી રાજદ્વારી, સામાજીક, વિજ્ઞાન તેમજ ધર્મની બાબતો પણ હાલ સ્તેજ થએલી દેખાય છે. હિન્દુસ્તાનની અતિ અંત્યજથી અમેરીકા અને આફ્રીકાના દેશી વતનીઓ જેવી પછાત કોમો પર પણ તેની ઉંડી અસર થએલી છે. કેળવાયલા માણસો જે ધર્મ તરફ બેદરકાર રહ્યા કરતા હતા તેને પણ જમાનાના ફેરફારથી અને હાલના સંજોગોની અશાંતિથી ધર્મ તરફ ખેંચી એક મહાન નરની પ્રગટ થવાની અથવા આવવાની ઇંતેજારીથી રાહ જોઇ સર્વે ધર્મના તત્વોની શોધખોળ કરી રહ્યા છે. માત્ર હિન્દુસ્તાનમાંજ કાદીઆની, બાહાઇ, થીઓસોફીસ્ટ, ખ્રિસ્તી વગેરે ફીરકાઓ ધાંધાગ કામ કર્યા જાય છે. અને પોતાની સચ્ચાઇ માટે તનતોડ મેહનત કરે છે અલબત્તાં ધર્મના અનેક રસ્તાઓ હોઈ જે માણસને જેમાં વિશ્વાસ બંધાય છે તેમાં તે દ્રઢતાથી વળગી રહે છે. હવે આવા જમાનામાં મી. ગેન નામક કોઇ અસનાઅશરી વ્યક્તિએ " અસનાઅશરી સચ્ચાઇનો ડંકો " નામનું પુસ્તક બાહાર પાડી પોતાના ધર્મની સત્યતા જાહેર આણવા માટે શીયા ઇમામી ઇસ્માઇલી ધર્મ ઉપર હુમલો કરી તેને ઉતારી પાડવાની કોશીષ કરેલ છે. એવી કોશીષો

ઘણા વરસો થયા અસનાઅશરીના કેટલાક લેખકો તરફથી ચાલુજ છે પણ ઇસ્માઇલી કોમ સહનશીલતાવાળી હોઈ એવા હુમલાઓ પ્રત્યે સદા બેપરવાહી કરી ઉદારદિલ દેખાડેલ છે જેનો વધારે ગેરલાભ લેવામાં આવતો હોવાથી અને ચાલુ જમાનો ખામોશ કરી બેસી રહેવાનો નહી હોવાથી તેનો સચ્ચોટ જવાબ આપવાના ઇરાદાથી મી. Truth નામક ઇસ્માઈલીએ **'સતપંથના સોટાનો માર'** નામે પુસ્તક પ્રગટ કરવાનું બીડું ઝડપી આ પુસ્તક બહાર પાડયું છે. આ પુસ્તકમાં મી. ગેનના સચ્ચોટ જવાબ આપવા ઉપરાંત દરેક ધર્મ–મતવાળાને એ પુસ્તક વાંચવાથી ઇસ્લામના ઉસુલ, અસનાઅશરી અકાયદ તથા તેથી જુદા પડતા ઇસ્માઈલી મતનો વિગતવાર ખુલાસો હોવાથી વાંચનારને તટસ્થપણે ઇન્સાફ કરવાની તેમજ વર્તમાનકાળમાં ધર્મો સંબંધી જે ચર્ચાઓ શાસ્ત્રાર્થદ્વારા તેમજ વર્તમાનપત્રો અને પુસ્તકોદ્વારા જાણવામાં આવે છે તે ઉપર પણ આ અસનાઅશરી અને ઇસ્માઈલી વચ્ચે થએલા સવાલ જવાબથી ઘણો પ્રકાશ પડે છે.

આવું પુસ્તક દરેક ઇસ્લામી પછી તે સુન્નત જમાયતનો હોય, અસનાઅશરી હોય, ઇસ્માઇલી મુસ્તેઅલી અથવા ઇસ્માઇલી નિઝારી હોય તે બધાને વાંચી જવા અને સંગ્રહ કરી રાખવાની જરૂર છે. અન્ય ધર્મવાળાઓને પણ ઘણું જાણવાનું મળી શકશે. આવું પુસ્તક લખવા માટે મી. Truth ને ધન્યવાદ ઘટે છે.

**હાજીમહંમદ ફાઝલભાઈ.**

# પ્રસ્તાવના.

દુથ—સત્ય વસ્તુ થોડી હોય છે છતાં કીમતી હોય છે. સોનું જુજ મળે છે તેથી તેની કિંમત લગભગ દરેક ધાતુ કરતાં ઘણી વધારે રહે છે. એટલે કીમતી વસ્તુની કદર તેના લધપણા ઉપર કે વજન ઉપર નહિ પણ તેના ગુણોમાં રહેલી છે. સોનું કોઇ પણ વખતે જુનું થતું નથી તેમજ સત્ય ઉપર ગમે તેટલા કાળના પડદા પડી જાય, ગમે તેટલા મેલાં પગે તેના ઉપર ચડી જાય છતાં તેની કિંમત કદી પણ કમી થતી નથી. તેના ઉપરના મેલાપણાંને જોઈ કોઈ અજ્ઞાન તેની કિંમત ન આંકી શકે તો તેમાં સોનાનો વાંક નહિ પણ તેવા માણસની બુદ્ધિ અને આંખનીજ ખામી હોય છે.

દરેક ટકેલા ધર્મોમાં મૂખ્ય સત્ય હોય છેજ, સત્ય વિના કોઈ પણ ધર્મ ટકી શકતો નથી. સત્ય વગરનો ધર્મ એ એક પ્રકારનું ધતિંગ હોય છે અને તેનું આયુષ્ય ઘણુંજ ટુંકું રહે છે, કેટલાક ટકેલા ધર્મોમાં સત્ય ઉપર એટલાં પડલો ચડી ગયાં હોય છે કે એને ધર્મ કહેવાને પણ લોકો અચકાય! ખોટો ડોળ, સ્વાર્થ, અને દુન્યવિ લાલચોથી બનેલા પડદા એ સત્ય ઉપર એટલાં વળેલા દેખાય છે કે એમાંથી સત્ય શોધવું બહુ મુશ્કેલ થઈ પડે છે.

દુનિયામાં બે વસ્તુ મૂખ્ય ગણાય છે જડ અને ચૈતન્ય. જડ પદાર્થ પોતાની જગ્યા ઉપરજ પડયો રહે છે અને

તેની પ્રગતિ થવાને બદલે તેની અધોગતિ થયાં કરે છે. ત્યારે ચૈતન્યવાળી વસ્તુ એક જગાએ પડી નહિ રહેતાં હંમેશાં પ્રગતિ કરતી રહે છે. જડ અને ચૈતન્ય એ બેઉ ઇશ્વરની પ્રકૃતિયોમાંથી છે એમ વેદાંત અને ગિતામાં કહેલું છે એજ મુજબ કેટલાક ધર્મોનો પણ એ પ્રકાર હોય છે. જડ ધર્મ પોતાની પ્રગતિ નથી કરતો, અને એક જગો એજ પડી રહી અધોગતિ તરફ ઢળતો રહે છે જ્યારે ચૈતન્યવાળો ધર્મ-જીવન્ત ધર્મ જમાના પ્રમાણે પોતાની પ્રગતિ કરતો રહે છે અને તે હંમેશા પોતાની ઉન્નતિ તરફ ધસ્યે જાય છે.

ઇસ્લામ ધર્મ આ દુનિયાની ઉત્પતિ બાદ ધોરી નસ માફક વહેતાં સત્ય ધર્મના છેલ્લા જમાનાના છેડાનું નામ છે. જો આપણે એ સત્ય-ધોરી નસને સનાતન ધર્મ કહીયે તો છેલ્લા જમાનાનો સનાતન ધર્મ એ ઇસ્લામ છે. ઇસ્લામ અને સનાતન ધર્મમાં જે ચૈતન્ય મનાતું આવ્યું છે તે ઇશ્વરી જ્યોતિ અથવા ખુદાવંદતઆલાનું હિદાયતી નુર છે. આ નુરી પરંપરાને આગળના જમાનામાં સનાતનીયો અવતાર કહે છે જ્યારે હિન્દ બહારના લોકો તેને પેગમ્બર અથવા ઇમામો તરીકે સંબોધે છે.

જે ધર્મમાં આ ચૈતન્ય-હિદાયતી સૂર્ય હોય છે તેજ ધર્મ જીવન્ત ધર્મ છે, એ સૂર્યના પ્રકાશથીજ એ ધર્મ પોતાની પ્રગતિ હંમેશાં કરે છે.

ઇસ્લામ બતાવનાર હ૦ રસુલલ્લાહ (સ૦) ની હદીસો, પાક કુરાને શરીફની આયતો અને અન્ય ઇસ્લામી વિદ્વાનોનાં કથનોમાં આજ સત્ય નિતરે છે. આવા સત્યપૂર્ણ ધર્મમાં અત્યારે દેખાતા અનેક ફિરકા એ સૂર્ય આડેના વાદળો ઉભાં કરનારાને આભારી છે. સ્વાર્થ અને દુન્યવિ લાલચોને વશ બનેલાંઓએ એ વાદળો ઉત્પન્ન કર્યાં અને લોકો એ સૂર્યને ઓળખી, પકડી ન શકયા. જેઓના ઉપર લોકોએ વિશ્વાસ રાખ્યો, જેમને આલિમ સમજ્યા તેઓ દુન્યવિ કે બીજી લાલચોના ભોગ થઇ પડયા અને લોકોને જુદા જુદા રસ્તા બતાવ્યા. આમ થાય ત્યારે સ્વાભાવિક રીતે એક બીજાને ઉતારી પાડવા અને પોતાની શ્રેષ્ટતા બતાવવા બાથંબાથી કરે અને તેથી લોકો વધુને વધુ વિમાસણના વમળમાં પડી જાય એ સ્વાભાવિક છે.

આ બાથંબાથી યાને ધાર્મિક રદો બદલ હ૦ રસુલિલ્લાહની વફાત બાદ તુરતજ ચાલુ થએલ છે કે જે માટે ખુદ હ૦ રસુલિલ્લાહે આગાહી કરી હતી. આ બાથંબાથનો અંત ત્યારેજ આવે કે જયારે દુનિયામાંથી સ્વાર્થ અંધતા, હુંપદ અને ડોળ દમાગ નાબુદ થાય અને હિદાયતના સૂર્ય—સત્યની જયોતિમાં તમામ ઇસ્લામીયો આવી ઉભા રહે.

આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં ખોજા જ્ઞાતિમાંથી અમુક જુજ ભાઇયો આવીજ સ્વાર્થ અંધતા, અજ્ઞાનતા અને એક યા બીજા જમાતી કારણે દૂર થઇ અસ્નાઅશરી

ધર્મમાં ભળ્યા. આ જુદા પડનારાઓમાંનો મોટો ભાગ જમાતી ગુન્હેગાર વ્યક્તિઓ અને નાત બ્હાર થયેલી વ્યક્તિઓનો તેમજ તેના મળતીઆઓનો, ઉંડી તપાસ કરનારાને જણાશે, જ્યારે ધર્મને ખાતર જૂદા પડ્યા હોય એવા ઘણાજ જુજ દેખાશે. આવી ગુન્હેગાર વ્યક્તિઓને જમાત સામે પ્હેલેથીજ વેર હોય એ દેખીતું છે અને તેથી તેવી વ્યક્તિઓ છુટાં થયા બાદ જમાત અને ધર્મ સામે થુંક ઉડાડવામાં બાકી ન રાખે એ દેખીતું છે. અને તેથી કેટલાક વરસો થયા એવા કેટલાક લેખકો ફાટી નીકળ્યા છે કે જેઓનો ઈસ્માઈલી ખોજા કોમ, ધર્મ અને ઈમામે ઝમાનને વગોવવાનોજ ધંધો થઈ પડ્યો છે. અને તાજુબ થવા જેવું છે, કે તેમના વિચારોને તેમના નવા ધર્મના ફરમાનોનો ટેકો છે.

કચરો ઉકરડેજ નાખવામાં આવે છે અથવા કચરાને સ્થાન ઉકરડા સિવાય બીજે ક્યાંઇ ગણાતું નથી, ખોજા કોમના એ કચરાને પણ એવુંજ સ્થાન મળી ગયું છે કે જ્યાં નિન્દા, જુઠ, ઝનખોરી, વગેરે વગેરે સર્વ મુખ્ય ધર્મોએ માનેલ અધમ પાપો, ધર્મ રૂપે મનાય છે.

જે ધર્મમાં નિન્દા કરવાથી, જુઠ બોલવાથી ઝનાખોરી અને કુસ્યાઇ કરવાથી, રોવાકુટવાથી, કાગળ લાકડા અને માટી પથરા ચુનાને પુજવાથી સ્વર્ગ મળતાં હોય, હુજારો કરોડો સવાબો હાંસલ થતાં હોય એ ધર્મને કેવો ગણવો એ હું

દરેક સમજુ ભાઈને સોંપું છું કારણ કે એક જગોએ કહેલ છે કે:—

**દુશનામ બ મઝહબે કે બાયઝ બાશદ,**
**મઝહબ મઆલુમ વ અહલે મઝહબ મઆલુમ**

ભાવાર્થ—જે ધર્મમાં આવી ગાળની છુટ હોય તે ધર્મની અને તે ધર્મવાળાઓના રંગ ઢંગ વિષે પુછવાપણું રહેતુંજ નથી.

સત્યથી દૂર, નીતિથી ઉલટી, સામાજીક ઉન્નતિ અટકાવનાર, કુદરતી કાનુનોનો ભંગ કરનાર, શારીરિક માનસિક અને આત્મિક અધોગતિને રસ્તે લઈ જનાર ધાર્મિક બંધનો કે રિવાજો કદી પણ ધર્મમાં સંભવેજ નહિ પણ મેં ઉપર કહ્યું તેમ ધર્મ અથવા સત્ય ઉપરના એ મળ-પડો છે કે જે દૂર કરવાની તે ધર્મ પાળનારા સમજુઓની ફરજ છે.

અત્યારે દુનિયા આગળ ધપી રહી છે. તુર્કસ્તાન, અફઘાનીસ્તાન અને ઈરાન જેવા સ્વતંત્ર ઇસ્લામી મુલકના સમજુ ભાઈઓ એ મળ-પડોને તરવારથી ઉખેડી રહ્યા છે, અને એ પડોને બાઝી રહેનારાઓને તેઓ દેશ અને ધર્મદ્રોહી માની રહ્યા છે, આવા જમાનામાં અમારા એ કચરો તેને વધુ મજબુત બનાવવા મથે છે, એટલુંજ નહિ પણ અરે તેમ નહિ કરનારાને વગોવવા નિકળ્યા છે. આફરીન છે તેમની અક્કલ ઉપર!!

મી હુથે આ પુસ્તકરૂપ અરીસો અમારા એ ભાઇયો આગળ ધર્યો છે, અને તેમાં તેઓ જે પંથમાં ભળ્યા છે તેના કચરાઓનું દર્શન કરાવ્યું છે, જેને જેઓ દેખતા હોય તેઓ જુએ અને એનાથી દૂર થવા પ્રયત્ન કરે।

સત્ય કહેનાર દરેકને કઠે એ દેખીતું છે. મી. હુથ—સત્યના આ શુદ્ધ અરીસામાં તેમના ધર્મની કચરાપટીને જોઇ તેઓ ધ્રુજશે અને કદાચ પોતાની અજ્ઞાનતાને લીધે ઘુવડની માફક "કોઈ વાત સુરજની કરે ચંચુ લઇને મારવા ફરે" માફક વર્તશે. છતાં ભાઈ હુથે ઇન્સાન તરીકેની પોતાની ફરજ બજાવી છે. અને હું માનું છું કે આ પુસ્તક વાંચનાર પોતે કોઈ પણ ધર્મમાં નથી. એવી દૃષ્ટિએ વાંચી તટસ્થ બુદ્ધિથી વિચારશે તો તેમને અનહદ ફાયદો પ્હોંચશે.

અમારા એ અસનાઅશરી ભાઇયો, 'ઇસ્માઈલીયો કુરાનને નથી માનતા કહી' વગોવે છે, પણ ઇસ્માઇલી ખોજા કોમ પાસે તો કુરાને નાતિક હોવાથી તેઓનો બચાવ કુરાન હદીસ અને અકલી દલીલોથી યોગ્ય છે પણ પ્રગટ કુરાને નાતિક વગરના એ ભાઈયો જે કુરાને શરીફ ઉપર નાચ કુદ કરે છે અને એને માનવાનો ડોળ કરે છે તેઓ કેટલા ખોટા અને દંભ ભરેલા છે તે લેખકે ઘણીજ સફાઈથી ખુલ્લું પાડી દીધું છે. ઉપરાંત જુઠું બોલવું, લુચ્ચાઈ કરવી, મુત્તાના નામે ઝનાખોરી કરવી, તબર્રાને બ્હાને નિન્દા અને બદગોઈ કરવા જેવી તેમના ધર્મની બાબતો તેમનાજ

આલિમોના શબ્દોની ખુલ્લી પાડી દીધી છે. અને જો એ ભાઇઓમાં અક્કલમંદ માણસો હશે તો મી. હુથનો આ આયનો જોઇ પોતાની ભુલો સુધારવા જેવી નૈતિક હિમત દાખવશે અને એટલી હિમત નહી હોય તો પોતાની કોમના ઝઘડાળુ પેટ ભરૂ લેખકોને ગીરેબાનમાં મોઢું ઘાલી શરમાવા અને ફરી ઉંચું મોઢું નહિ કરવા સમજાવશે.

ખુદાવન્દ તઆલા અમારા એ ભુલેલા ભાઇયોને હકરાહ બતાવે, નિંદ્ય બાબતોથી દૂર રાખે અને ઇસ્લામની સેવા કરવા નેક હિદાયત કરે એવી દુઆ સાથે વિરમીશ.

વી. એન હુદા.

# નિવેદન

આ જગતમાં માનવનો દરજ્જો શ્રેષ્ઠ એટલા માટે છે; કે તે બીજા પ્રાણીઓ કરતાં એક વસ્તુ વધુ ધરાવે છે, અને એ વસ્તુ જ્ઞાન છે. એ જ્ઞાનદ્વારા મનુષ્ય પોતાપર રહેલી દરેક પ્રકારની ફરજો બજાવવા યથાશક્તિ પ્રયત્ન કરે એજ માનવતા! એજ આ જીંદગીનો ઉદ્દેશ્ય! આવી કાંઇક ભાવના અમારા મિત્રોના હૃદયમાં ઘણો લાંબો સમય થયા પોશાતી હતી. જેમાં કુદરતે સહાયતા દીધી, એટલે કે **સતપંથ પ્રકાશ** જે મુખી લાલજી દેવરાજ હસ્તક ચાલતું હતું, તેમાંથી ફારેગ થવા મજકુર મુખી સાહેબે જાહેરાત આપી, તે જોઇ અમારી સોસાયટીએ તે પત્ર ચલાવવા બીડું ઝડપ્યું.

જે કાર્ય અમોએ હસ્તક ધર્યું; તેમાં અમારી મઝહબી સચ્ચાઇ, અમારી કોમની સામાજિક સુધારણાં તેમજ હિંદુ મુસ્લિમ ઐક્યતા ઉપરાંત કેટલાએક અગત્યના વિષયો હાથ ધરી કોમ અને મઝહબ પ્રત્યેની ફરજ અદા કરવાનું નક્કી કર્યું, અને અમો અમારા ઉદ્દેશ્યે કાર્ય બજાવવા લાગ્યા, પણ જે રીતે વર્ષાઋતુમાં આખી વનરા હરિયાળી બને છે. ત્યારે માત્ર જવાસાનું ઝાડ બળીને ખાક થઇ જાય છે. પથ્થરના કોલસા પ્રજળ્યા પછી પાણી નાંખવાથી વધુ પ્ર

૧૪૦૦૩

જલિત થાય છે. જેમ ઘુવડ જગતના જીવનાત્મા સૂર્યની ઈર્ષા કરે છે, આદરે છે: તે રીતે ઈર્ષાળુ આત્મા કોઈ દહાડે પોતે શાન્ત રહી શકતો નથી. એનું અંતઃકરણ ઈર્ષાગ્નિમાં અહર્નિશ ભડભડ બળ્યા કરે છે!! ને સુત્રાનુસાર મી. અલીભાઈ રાજન ને તેમની પારટી અહર્નિશ અમારા પવિત્ર મઝહબ, અને અમારા રાહનુમા ઉપર ગલીચ હુમલાઓ કરવા એજ તેમણે પોતાના જીવનું સાર્થક માન્યું છે!! મરહુમ મી. કાબા પણ અમારા પવિત્ર મઝહબ વિરૂદ્ધમાં પોતાની સર્વસ્વ શક્તિઓ વાપરી ગયા અને ત્યારપછી મી. અલીભાઈ તેઓશ્રીનું નામ રાખવા જાણે દૃઢ પ્રતિજ્ઞા કરી કેમ બેઠા નહોય! તે રીતે ગમે તે ભોગે ઇસ્માઇલીઓના જીગરો ઝખમી કરવામાંજ વિદ્વતા અને મોટાઈ માની બેઠા છે, એટલુંજ નહિ, પણ એ ભાઈ એટલે સુધી મગજમાં ધુન રાખીને બેઠા છે કે પોતે પોતાનું પોતાપણું ખોઇ આંધળાભીત બન્યા; અને પેપરોમાં લખ્યા ઉપરાંત જુદી બુકો છપાવી ઈર્ષાની અવધિજ કરી નાંખી!! આમાં તેઓની શી નેમ છે તે તો ખુદા જાણે. પણ એટલું તો ચોક્કસ જણાઇ આવે છે કે અસનાઅશરી અને ઇસ્માઇલી બન્ને કોમોમાં સુલેહસંપ જળવાઈ રહે તે તેઓને પસંદ હશે કે કેમ? એ સબંધી તેઓના કર્ત્તવ્યથી એક પ્રશ્ન ઉદ્ભવે છે; કારણ કે પોતાનીજ કોમમાં ચર્ચવા માટેના ઘોકબંધ પ્રશ્નો પડયા હોવા છતાં આવા ન ઇચ્છવાજોગ કાર્યો કરવા પ્રેરાય એ ખરેજ દાનાઈથી વેગળું ગણાય!!!

અમારો તો એ મુદ્રાલેખ છે કે અમારા મઝહબની સચ્ચાઈ અમો પબ્લિકને માનભરેલા ધોરણે રજુ કરીએ. પરધર્મ વગોવવો તેમજ બીજા મઝહબના પેશવાઓ ઉપર હુમલાઓ કરવા એ અમારૂં કર્ત્તવ્ય નથી; અને એમ કરવા અમારો મઝહબ અમોને સાફ સાફ ના કહે છે, પણ લાચાર કે આજે વિદ્વતાના સમયમાં ખાસ ગાલગલોચ કરી પોતે પોતાના ગમે તેવા હેતુઓ બર લાવવા કે અંતઃકરણના ફફોલાઓ ફોડવાનેજ ખાતર જ્યારે અમારા મઝહબ ઉપર નાલાયક આકરમણો કરી આવે ત્યારે જરૂર તેનો જવાબ આપવાની ફરજ થઇ પડે!! એ રીતે વર્ષો થયાં, કેટલાએક અસનાઅશરી લેખકો કે જેઓ એક વખતના અમારા ધર્મબંધુઓ તેમજ અમારા ઇમામ અને અમારા પીરોના અનુયાઇઓ હતા, તેઓ આજે તેમનાથી બેવફા બની તેમની તરફ ખુલ્લી દુશ્મની કરવા લાગ્યા છે. આથી તેઓના સવાલોના વ્યાજબી જવાબો આપવા અમારા લેખકોને ઉચીત જણાતા તે પ્રથા ગ્રહણ કરવી પડી છે.

એ તો દેખીતી વાત છે કે રસ્તામાં કાંટા કે કાચના કકડા પડયા હોય તો તેને ઉપાડી બાજુએ ફેંકવાજ પડે. તે રીતે હરેક વખતે અસનાઅશરી લેખકોએ પહેલ કરી અમારા ધર્મ વિરૂદ્ધ લખ્યું છે, ત્યારે અમારા તરફથી તેના જવાબોજ અપાયા છે. એ રીતે **અસનાઅશરી સચ્ચાઇનો ડંકો** નામે પુસ્તકના પ્રતિ ઉત્તર રૂપે આ પુસ્તક અમોએ પ્રગટ કરવા કોશિશ કરી છે.

પુસ્તકનું નામ "બુતપરસ્તોની બેહુદાઈ કિંવા અસના-અશરી સચાઇના ડંકાને અસત્પંથના સોટાનો માર" એ નામ છે. બુતપરસ્તોની બેહુદાઈવાળા વાકયો માટે કદાચ કાંઇક પ્રશ્ન ઉદ્‌ભવે કે મૂર્તિઓ કે પુતળાઓને અસનાઅશરી ભાઈઓ ક્યાં માને છે ? પણ તેવું વિચારનારાઓએ સમજી લેવાનું કે કાગળ પરસ્તી, ઘોડા પરસ્તી, વગેરે એકજ હિસાબમાં ગણાય કે કેમ એ પ્રશ્નની વિચારણામાં બધો ખુલાસો થઈ જાય તેમ છે. જેથી લેખકે રાખેલું નામ બંધ બેસ્તું હોવાનું જણાઇ આવે છે.

અમો વધારે લંબાણ નહિ કરતાં અત્રે આલમને જણાવવા રજા લઇએ છીએ કે અમારા જવાબો ફક્ત અસનાઅશરી ખોજાઓ માટેનાજ છે. તે તેઓ ભાઇઓ વાંચી વિચાર કરી નૈતિક હિંમત દાખવે તો જરૂર 'કોમમાં કાર્ય કરવા માટેના બહોળા ક્ષેત્ર હોય છે છતાં પરસ્પર વિરૂદ્ધતા કરી કોમના પૈસા શામાટે બરબાદ કરવા' એટલું સમજી જો ભવિષ્યમાં શુદ્ધ અંતઃકરણે સત્યમાર્ગ ગ્રહણ કરે અને પોતપોતાના કાર્યમાં મશગુલ બની જાય તો ઘણોજ ફાયદો થાય એમ અમારૂં તો ચોક્કસ માનવું છે. ખુદા અમારા એ ભૂલેલા ભાઈઓને હિદાયત આપે એવું ચાહી અત્રે વિરમીશ.

પ્રકાશક.

# અનુક્રમણિકા.


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | મી. ગૈનની ગુમરાહી; બુતપરસ્તોની બેહયાઇ. | ૧ |
| ૨. | અસનાઅશરી માન્યતાનું પોકળ. | ૧૬ |
| ૩. | અસનાઅશરીઓ અવતારને કબુલ કરે છે. છતાં એવીજ માન્યતા ઇસ્માઇલીઓની હોય તો બેવકુફી કરી તેઓની મજાક કરે છે. | ૧૧૦ |
| ૪. | પરસ્તીશ એટલે શું? હેવાન પરસ્ત અને કાફર કોણ? તેનું સ્પષ્ટીકરણ. | ૧૪૩ |
| ૫. | અસનાઅશરીઓએ કરેલા એતરાઝનાં સચ્ચોટ જવાબ, અને સચ્ચાઇ (!) ના ડંકાનો સત્યાનાશ. | ૧૭૦ |
| ૬. | હ૦ ઇમામ ઇસ્માઇલ અ૦ સાચા ઇમામ હોવાની અસનાઅશરી મુજતેહદોની કિતાબથી સાબિતી અને અસનાઅશરીઓની માન્યતા તથા સચ્ચાઇના ડંકાનું પોકળપણું. | ૧૯૭ |
| ૭. | મી. ગૈનની શૈતાની શંકાનું નિવારણ. | ૨૨૧ |
| ૮. | "ઇમામ અલા ઝીકરીયા અ૦ ઉપરના આક્ષેપોનો સચ્ચોટ રદીયો." "અસનાઅશરીઓ શરિઅતનાં પાબંદ નથી, તેની સાબિતિઓ." | ૨૪૩ |
| ૯. | "શૈતાની હુમલાને સજ્જડ ફટકો." | ૨૫૩ |

| | | |
|---|---|---|
| ૧૦. | સાતસો ઉંદર ખાધા પછી બીલ્લીએ હજ કરવા જવું, એનું નામ અશરાફત કે? | ૨૮૮ |
| ૧૧. | જુઠા ડંકાના પ્રકરણ ૧૦, ૧૧, અને ૧૨ ની સખ્ત ઝાટકણી. | ૩૦૮ |
| ૧૨. | મી. જૈનનો વિલાપ. | ૩૩૫ |
| ૧૩. | હસન અસગરીનું બેગેરતપણું. મુસા કાઝમ, અને અલીરઝાનું શિકમપરવરી માટે અઘટિત પગલું. તેઓની પેદાશ સંબંધી ચોખ્ખું સ્પષ્ટીકરણ અને ઇસ્માઇલી ઇમામોએ ઇસ્લામની કરેલી તારીફ લાયક ખિદમત. | ૩૪૪ |
| ૧૪. | હ૦ ઇમામહુસેન અ૦ ના ખરા આશક કોણ? યઝીદીઓના હિતેચ્છુ કોણ? મોહર્રમમાં પુલાવ, કોરમા ઉડાવનાર અસનાઅશરીઓ કે ઇસ્માઇલીઓ? ( મી. જૈનના સચ્ચાઇના (!) ડંકાના ૧૯ મા પ્રકરણનો જવાબ. ) | ૩૯૨ |
| ૧૫. | ઉપસંહાર. | ૪૦૯ |

# વિજ્ઞપ્તિ.

અમારા સુજ્ઞ વાંચકવર્ગને જણાવવાની રજા લઈએ છીએ, કે પ્રૂફ વીગેરે કાળજીપૂર્વક તપાસવા છતાં અમારો આ પ્રથમ પ્રયાસ હોવાના સબબે આ પુસ્તકમાં આપને કેટલેક સ્થળે ભાષાદોષ કે એવી બીજી કોઇક ભૂલો જણાશે.

જો કે શુદ્ધિ પત્રક આ સાથેજ આપવા ઇરાદો હતો. પરંતુ સમયના અભાવે તેમ બની શકયું નથી. જો બીજી આવૃત્તિ છપાવવા અમો ભાગ્યશાળી થઇશું, તો આ આવૃત્તિમાં રહી ગએલી ભૂલો દૂર કરવામાં આવશે.

પ્રકાશક

૭૮૬

# બુત પરસ્તોની બેહયાઇ

કિંવા

## અસનાઅશરી સચ્ચાઇના ડંકાને-

# સતપંથના સોટાનો માર.

---

### પ્રકરણ ૧ લું.

**મી. ગૈનની ગુમરાહી; બુત પરસ્તોની બેહયાઇ.**

જગતમાં અલ્લાહ પાક તરફથી એક લાખ ચોવીસ હજાર પેગમ્બર આવ્યા, જેઓએ દુનિયામાં આવી ઇન્સાન

જાતને સમજાવ્યું કે જે માણસ બુત પરસ્ત, સિતારા પરસ્ત, સૂર્ય, ચંદ્ર પરસ્ત હતા. તેઓને એક ખુદા વેહદુલ્લાશરીકની પરસ્તનું ફરમાન કર્યું તે સર્વ નબીઓના શીરના તાજ ખાતમુલ મુર્સલીન હ૦ મોહંમદ મુસ્તુફા રસુલ સ૦ અ૦ વ૦ છેલ્લા નબી આ દુનિયામાં આવ્યા અને તેમણે અરબ જેવા દેશમાં જ્યાં બુત પરસ્ત અને જાહિલ કોમ હતી, તેઓને કલમએ તૈયબા પઢાવી પવિત્ર કર્યા. કઅબતુલ્લાહ જ્યાં ત્રણસો સાઠ મૂર્તિઓનું સંગ્રહસ્થાન હતું. કારણ એ સમયનાં અરબ દેશનાં રહેવાસીઓ તે મુર્તિઓને એકેક દિવસનો એકેક ખુદા સમજી તેઓની પૂજા કરતા હતા. એવી મૂર્તિઓનો નાશ કર્યો. અને પોતાના અનુયાયીઓને ફરમાવ્યું. “ અય લોકો ! એક અલ્લાહ પાક સિવાય બીજા કોઈની પુજા ન કરો. અલ્લાહ પાકપાકીઝા છે. હંમેશાંથી છે. અને હંમેશાં રહેશે તેઓ પોતે પોતાના કલામમાં ફરમાવે છે. “ હુવલ અવ્વલ, હુવલ આખર, હુવલ ઝાહિર, હુવલ બાતિન” યાની અલ્લાહ પાક ફરમાવે છે કે જ્યારે કાંઈ નહતું ત્યારે હું પોતે હતો. જ્યારે સૃષ્ટિ ખલાસ થશે ત્યારે પણ હું કાયમ, ઝાહેર અને બાતુન સર્વ વ્યાપક છું.

પેગમ્બરે ખુદા એક દિવસ અસ્હાબોની સાથે આવતા હતા. રસ્તામાં એક કબર જોઈ, અને હ૦ અલી અ૦ ને ફરમાવ્યું કે યા અલી ! આ કબરનું નિશાન મિટાવી

દો. કારણ કે મારી ઉમ્મતમાંથી કોઈ કબર પરસ્તી ન કરે! માણસોને સચ્ચાઈની સાથે હિદાયત કરી પોતે હલીમી ઈખ્તીયાર કરી. કેટલાક જાહિલ લોકો આં હઝરતને દુઃખ દેતા, કેટલાક પત્થરો મારતા અને કેટલાક તો ઘરનો કચરો એકઠો કરી રાખી જ્યારે આપ રસ્તામાંથી નીકળતા ત્યારે તેઓ હઝરત ઉપર ફેંકતા, પણ તે રેહમતુલીલઆલમીન કોઈને તે વાતની મનાઈ કરતા નહિ.

અફસોસ! આજે દુનિયામાં તે પાક પેગમ્બર સ૦ ની હિદાયતનો તરીકો શેતાન ઇબ્લીસ, મુસલમાનોને ભૂલાવી તેઓને પાછો બુત પરસ્તી તરફ દોરતો જાય છે! અને પેગમ્બરે ખુદા સ૦ ની મેહનત કેટલાક નામના મુસલમાનો બરબાદ કરી રહ્યા છે. દિવસે દિવસે બુત પરસ્તી, કબર પરસ્તી વધતી જાય છે. ઈસ્લામના સિધ્ધાંત ભૂલી આજે વાદીયે પુરખાર (આડંબરી હાલત) તરફ ઢળતા જાય છે.

સલુકાઈ, સચ્ચાઈ, ઈમાનદારી, નરમી, હલીમી જે અમારા પેગમ્બર સ૦ નાં હિદાયતી હથિયાર હતાં, તેને મુકી ખોઈમાની, દગલબાજી અને આપસ આપસમાં ઝેરવેર પેદા કરવું, તબર્રાબાજી કરી પોતાના જુદા મઝહબને વધારવાની પેરવી કરવા લાગ્યા છે. ચાલુ સદીમાં જો આપણે વિચાર કરીશું તો એવા ધર્મ ઢોંગીઓ બહાર પડ્યા છે,

જેઓ પોતાનાં ધર્મનાં સિધ્ધાંતો સાફ બતાવી શકતા નથી, પણ બીજા ધર્મોની નિંદા અને બદઓઇ કરી પોતાનો ખોટો કક્કો ખરો કરાવવા મથી રહ્યા છે. જેવી રીતે હિંદુઓમાં હાલ એક આર્ય સમાજ નામે ધર્મ નીકળ્યો છે. જેનું ધર્મ પુસ્તક સત્યાર્થ પ્રકાશ છે. આ પુસ્તકમાં પણ દુનિયામાં હસ્તી ધરાવતા બધા ધર્મોની નિંદા કરેલી છે, અને તે ઈસ્લામ, ઇસાઇ, યહુદી અને સનાતન બધા ધર્મોને ખોટા કહી રહ્યું છે, પણ એ પુસ્તકનાં સિધ્ધાંતો આપણે બારીકીથી તપાસીશું તો તેમાં મુખ્ય સિધ્ધાંત નિયોગનો છે. કે જે કોઇપણ ધર્મમાં નહિ હશે !

જ્યારે હિંદુ સમાજમાં આવો ધર્મ છે, તો પછી ઈસ્લામીઓને શેતાન કેમ મુકે ? આબાદ આર્ય સમાજિષ્ટ જેવોજ, અરે ? તેથી પણ અધિક સરસાઇ ભોગવતો ધર્મ અસનાઅશરી છે. કે જે પોતાને ઈસ્લામી નામ ધારણ કરનાર, પોતાને નાજી સમજનાર, પોતાને મુસલમાન કહેવરાવે છે.

હવે જો આપણે શાસ્ત્રમાં ઉંડા ઉતરી જોઇશું તો પેગમ્બરે ખુદા રસુલ સ૦ અ૦ વ૦ ની ઉમ્મતમાં ૭૩ ફીરકા છે. અને તે લીષ્ટમાં ઇસ્લામીઓએ આ અસનાઅશરી ધર્મને એક પણ ફીરકા તરીકે ગણ્યોજ નથી અને તે વિષેની વધુ ખાતરી તેમની ધર્મ કિતાબોથી થાય છે કે

તેઓને ઇસ્લામ કહી શકાય નહિ. વળી તેઓનાં આચરણથી પણ માનવા કારણ મળે છે કે તેઓ બુતપરસ્ત અને કબર પરસ્ત છે, એટલુંજ નહિ પણ ઈસ્લામીઓમાં ભેદ ભાવ ઉત્પન્ન કરનાર, ઈસ્લામી પેશવાઓને ખુલ્લે દિલે ગાળો આપનાર છે. અને જેની સાબિતીઓ પણ હું આગળ જતાં વાંચક સમક્ષ રજુ કરીશ ખાસ કરીને અશનાઅશરી ભાઇઓની પધ્ધતિ આર્ય સમાજીઓ જેવીજ છે. દાખલા તરીકે જેમ આર્ય સમાજીઓમાં નિયોગ જેવી નાપાક પધ્ધતિ ઈખ્તીયાર કરી બેઠા છે, કે જેનાથી અધર્મી સ્ત્રી પુરૂષો કામના મોહપાશમાં અંધ થઇ મોજમજા અર્થે તે ટોળામાં શામેલ થયા છે, અને તેજ મુજબ અસનાઅશરી ધર્મવાળાઓની ઈખ્તીયાર કરેલી પદ્ધતિ જેને મુતા તરીકે ઓળખવામાં આવે છે. “નૌઝબિલ્લાહ મિનાઈ” ખુદાપાક મુસલમાનો ભાઇઓને આવી હરામકારીથી બચાવે. આનો આખો હેવાલ હું આગળ આપીશ. બીજું આર્ય સમાજીસ્ટો પોતા સિવાયના બધા ધર્મોને અને તેના સ્થાપકોને જુઠા સમજે છે તેવીજ રીતે અસના-અશરી ભાઈઓ પણ માની રહ્યા છે, અને ઈસ્લામી પેશવા-ઓને પણ શું શું કહી રહ્યા છે? તે આપ આગળ જોશો.

વાંચકો! જે ધર્મ અલ્લાહ પાકના કલામે મજીદને બયાઝે ઉસ્માની સમજે, જે ધર્મ પોતાની નજાત હાથી, ઘોડા, દુલદુલ, તાઝીયા, પંજા સદા, ચોદુલ્લા અથવા આગ

ઉપર માતમ કરવાથી સમજે; જે ધર્મ અલ્લાહ પાકને સંપૂર્ણ જ્ઞાન નથી. ખુદાને બદા થાય છે, યાને કોઈ કોઈ વખત ( બુત પરસ્ત ટોળાની સગવડ ખાતર ) ભુલી જાય છે, જે બુત પરસ્તો સમસ્ત ઈસ્લામીઓને લાનતો દેવામાં સવાબે અઝીમ સમજે; તે બુત પરસ્તોને કોણ ઈસ્લામી કહેશે ? યા મુસલમાન સમજશે ? કોઇ નહિ. જ્યારે તેઓના ઈસમ શરીફ ઈસ્લામી ફીરકાઓના લીષ્ટમાં નથી, તો તે ટોળાને ઇસ્લામી કહી શકાય નહિ.

મી. ગૅન ! આપ જુઠા ડંકાના પહેલા પ્રકરણમાં આગાખાનીઓની અનેક રંગી માન્યતાનું દિગ્દર્શન કરાવવા નીકળ્યા છો, પણ જરા અક્કલના ઇસ્કોતરા ખોલો ‘ઈસ્માઇલી સતશાસ્ત્રના સિધ્ધાંતને સમજાવવા’ એ શબ્દોને જુઠી રીતે યા દ્વેષ ભાવથી ટીકાના સ્વરૂપમાં ન મુકો, વળી હ૦ ઈસ્માઈલનો નવો ધર્મ ક્યારે સ્થપાયો ? તેને માથે કઇ નવી કિતાબ ઉતરી ? તેણે કયો કલમો પઢાવ્યો ? વિગેરે બાબતોથી આપ શું સમજવા માગો છો ? અધુરામાં પૂરૂં બાબાય પ્રકરણમાં જેમ ફાવે તેમ બકવાસ કરી છે, અને નકામી પેટ બળતરા કરી છે. હવે ગૅન ! કદાચ હું તમોને પૂછું, કે મુસા કાઝિમ ઉપર કઇ કિતાબ ઉતરી ? તેણે કયો કલમો જારી કર્યો ? જો તમારા બુત પરસ્ત ટોળાના માની લીધેલા ઈમામોએ કોઇ નવો કલમો પઢાવ્યો હોય, યા

તેઓ ઉપર કોઈ નવી કીતાબ ઉતરી હોય, યા નવો રસ્તો બતાવ્યો હોય, તો જરા જવાબ આપોને ? આખા પ્રકરણમાં જરા ઉંડા ઉતરો, અને પછી વાદવિવાદ કરવા બહાર પડો. તો તો ભેજાનું ભુસું કર્યુંય પ્રમાણ ! ગૈન ! કાચા પાયાની કાચની કેબીનમાં બેસી પત્થરા શું ફેંકો છો ? એવા તમારા પત્થરાથી કંઈ પહાડી પાયાની એક કણીપણ ખરી શકવાની નથી. અરે ! તેની રજ સુધ્ધાં પણ અમને અડકે તેમ નથી ! તો પછી વ્યર્થ કોશીશ કાં કરો છો ? તમારી કેબીન એક પત્થર તો શું, પણ ઢેફાથી જમીન દોસ્ત થઇ જશે !

કાગડાને કપુર સાથે અને ગધેડાને સાકર સાથે વેરભાવ હોય છે. તો પછી ગુમ અક્લી ગૈનને આ શબ્દોનો ભાવાર્થ ક્યાંથી સમજાય ?

“ ઇસ્માઈલી સતશાસ્ત્રના સિધ્ધાંતને સમજાવવા
હિંદુ મુસલમીન ભેદ ભાંગી બોધ સત દિલ આવવા ”

જો આ શબ્દોની કીંમત ઉંડા ઉતરીને આંકવામાં આવે, તો ઇન્સાનમાંથી ફિરિશ્તા થઈ શકાય, પણ કેટલી નાદાનીયત ! ભાઈ ગૈન ! હિંદુ મુસલમાન ઐકયતાને અથવા હિદાયત કેમ થાય ! પેગમ્બરો, ઈમામોનો શો તરીકો હતો ? તે નામ ધારી મુલ્લાંઓ ક્યાંથી સમજી શકે ? જ્યાં પેટ કુટવું, માથું ફોડવું, બીજા ધર્મોની નિંદા અને ગીબત

કરવી, એનોજ આશરો લઈ બેઠા હોય ત્યાં સનશાસ્ત્રના સિધ્ધાંતો ક્યાંથી ગમે ? કાગડો જેમ પોતાની ચાંચ વિષ્ટામાં બોળી શાંતિ અનુભવે છે, સુવર ઉકરડા ચુંથ્યા વિના નથી રહી શકતો, તેમજ નાલાયકો બીજાના ધર્મની નિંદા કરવામાં સવાબે અઝીમ સમજે તેમાં શું નવાઈ? સચ્ચાઈનો રસ્તો અથવા હિંદુ મુસલમીન ઐક્યતા ક્યાંથી પસંદ આવે ? આવી નમાલી વાતો ઉપરજ જો હું લખ્યા કરૂં, તો આ ચોપડીના સો પ્રકરણ થઈ જાય. મી. ગેન આગાખાનીઓની અનેક રંગી માન્યતાઓ બતાવે છે. પણ ભાઇ! તમારી અનેક રંગી અને રંગીલો મઝહબ કહીએ તો પણ ચાલી શકે એવી માન્યતા માટે શું કહેશો ? તમો લખો છો કે આગાખાનીઓ જે ધર્મનાં માણસને જુએ છે, તેમને તેમ કહે છે. હિંદુઓ સામે હિંદુસ્તાની છીએ, મુસલમાનને કહે છે. અમો મુસલમાન છીએ. વાંચક ! આ બધા વિષયોનો જવાબ હું આગળ લખું છું. જે ઉપરથી ભાઈ ગેન કેવી ઝબાનદરાજી કરે છે તે આપ જોઈ શકશો. જે ધર્મમાં તકીયા જેવી જુઠ બોલવાની છુટ હોય, તકીયો કરવો, જુઠું બોલવું. માણસોની સાથે ફરેબ કરવો આ બધી પદ્ધતિઓ તો આપ અશનાઅશરી ભાઇઓ જથાબંધ સાચવી બેઠા છો.

બાકી ઈસ્માઇલી પીરકો તો એક અલ્લાહ, એક રસુલ

અને તેની આલે પાક ઇમામેઝમાં [જે દુનિયામાં એકજ છે.] તેને સરોચશ્મ માની રહ્યો છે. જેમ અલ્લાહ પાક વેહદહુલ્લા શરીક છે. તેમ તેના રસુલ ખાતમુલ મુર્સલીન તે પણ એકજ છે. તેના જેવો બીજો કોઈ બશર નથી !

"અલુહીયત મેં ખુદા હૈ યક્તા.
અબુદીયતમેં યેહ્ અબ્દ યક્તા;
નહ ઇસકા શાની નહ ઇસકા હમસર.
બશીરો તાહેર અઝીમ ભી હય."

તે રસુલે મકબુલના વસી, તે ખુદાઈના મરહજ અમીરૂલ મોઅમેનીન હ૦ અલી અ૦, તેની આલે પાક ઇમામે ઝમાં મૌલાના સુલતાન મોહંમદ શાહ આગાખાન સિવાય ઇસ્માઈલીઓને બીજા કોઈને માથું નમાવવું હરામ છે.

"વ અતીયુલ અલ્લાહ: વ અતીયુલ રસુલ વ ઉલલ અમ્ર મિનકુમ."

'ઓ ઇમાનદારો ! તાબેદારી કરો. અલ્લાહ પાકની અને તેના રસુલની અને ઉલલ અમ્ર એટલે તમારા ઉપર હુકમ કરનાર ઇમામે ઝમાંની' અમો ઇસ્માઇલીઓનો તે પ્રમાણે અમલ છે. હવે આપ કોઈ એવી દલીલ રજુ કરો છો. કે બુતપરસ્તી, કબર પરસ્તી અમારા ઇસ્માઈલીઓમાં હોય ? અગર અમોને રાહે રાસ્ત દેખાડનાર પીર સદરૂદીન

સાહેબનાં પાક કલામમાં એવી કોઈ પૈરવી કરવાનો હુકમ કર્યો હોય? જુઓ કે તેવણ બુઝુર્ગે તમોને પણ રાહે રાસ્ત દેખાડેલ, છતાં તમો આજે બેવફા નીવડયા છો. સાંભળો. પીર સદરૂદ્દીન, પીર હસન કબીરદ્દીન, વિગેરેના પાક કલામોથી આપ વાકેફ હશો; છતાં જે માણસ જાણી જોઈ હઠ ધર્મી બને તેને ખુદા પહોંચે ને! હવે હું કેટલાએક વચનો પીરોનાં ટાંકું છું.

પીર શમ્સ:—

પાથરીઓ પુજતાં કાંઈ મુર્ખાઈ આણી,
પત્થરમાં જો સાચ હોય તો ટાંકણ હારકું ખાવે.

પીર સદરદ્દીન:—

આશ તો એક અલખકી કીજે,
અને અવર આશ નિરાશ.

પીર કબીરદ્દીન:—

એવો એવો એક દયાળ.

પીર હસન શાહ:—

મુંઢ મુંઢાવે હરિ ના મીલે,
તીરથ કરે પાપ ન જાય.

હવે આપજ સારાંશ કાઢો, અમારા પાક મુરશદનાં કલામ કઇ હિદાયત કરે છે. એક અલ્લાહ સિવાય બીજા કોઇમાં આશ રાખવાની સાફ મનાઈ છે. પત્થરની પુજા હરામ છે અને કબર પરસ્તીથી કંઈ લાભ નથી. વ્યર્થ આયુષ્ય બરબાદ કરવાનું છે. એ માટે અમારા પીરોએ, "શ્રેવા શ્રેવા એક દયાળ" એમ કહી અમને ઉદેશ્યા છે. એક દયાળ યાને એક ખુદાની બંદગી કરો. વળી અમારા પાક ઈમામે ઝમાને પણ ફરમાવ્યું છે કેઃ—

**" હું જ્યાં સુધી ફરમાન ન કરૂં ત્યાં સુધી**
**" મારા છોકરાનો પણ હુકમ ન માનો, તમો**
**" કબરો ઉપર ક્યાં સુધી ધક્કા ખાશો, પોતાનું**
**" દીલ પાક રાખી ખુદાની ઇબાદત કરો."**

ઓ બુતપરસ્તીના હિમાયતીઓ! તમેજ વિચાર કરો કે, અમારા પાક મુરશદનાં કલામો, અને અમારા ઈમામે ઝમાનનું ફરમાન કેટલું સ્પષ્ટ સમજાવી સીધો માર્ગ બતાવી રહ્યું છે. હવે તમારે એજ જોવાનું રહ્યું કે, મી. ગૈન કેટલી કપોલ કલ્પીત વાતો કરી પબ્લીકને અવળે માર્ગે દોરી રહ્યા છે. આપ જોઇ શકશો કે, અમારી ધાર્મિક માન્યતા એક રંગી છે કે, સો રંગી ? બાકી એ નિયમ ખરો છે કે, જેની આંખમાં કમળો હોય, તે જગતને પીળું

હે એજ ચોરને બધા ચોર લાગે,નીચ માણુસ બીજાને હમેશાં પોતા જેવો નીચજ સમજે છે, અને બદમાશને બદમાશી સુઝે. ખરી વાત તો એજ છે કે, અસનાઅશરીમાં બુત પરસ્તી ભરેલી છે, એ કોનાથી ના કહેવાય તેમ છે ? તેથીજ અમને ઉતારી પાડવાની વ્યર્થ કોશિષ કરવાનાં ફાંફાં મારવામાં આવે છે. પણ યાદ રાખજો કે, તમારી અનેક રંગી માન્યતા જગતને છેતરી છુપાવી શકશો નહિં. સાંભળો—" જે અલી મુસે
" રઝાની કબર ઉપર જારત કરવા જાય તેને નવ હજનો
" સવાબ .ત્યાં બે પત્થર જારત કરવા ગયા, તો પછી તે
" પત્થરોની પુજા થવા લાગી. " ( રાહે નજાત. ).

" જ્યાં જ્યાં બીજા ઈમામોની કબરો હોય, ત્યાં દોડા દોડી કરવી, તાઝીયા, ઘોડા, દુલ દુલ, વિ. ની પુજા કરવી સવાબે અઝીમ, અને આ ક્રિયાથી થતો સવાબ મસાએઓની કિતાબોમાં વાંચીએ તો તેઓની મુર્ખતા ઉપર હસ્યા વગર રહેવાય નહિં. અને હું હિમતથી કહું છું કે, બુતપરસ્તીનો પ્રચાર કરનાર ઈશ્નાઅશરીઓજ છે, કદાચ કોઇ ઈમામ વાડામાં જાય તો ત્યાં શું જુએ ? અલી અસગરનો જુલો, ( કે તે:જેમ હિન્દુઓ ઠાકોરજીને પારણે ઝુલાવે છે, તેમાં ને આમાં શું ફેર ? ) ઘાંસની દુલ દુલ, એક તાઝીયો, શાહા કાસમની ખાટ, અબ્બાસ અલીનું અલમ, બીજા નાના અલમો, સદા, પંજા, સેંકડો જોનારની નજરે પડશે. કહો

આ જગ્યાને શું નામ આપશો? **ઇમામવાડો કે બુત ક-દેહ?** ( હક રાહથી ફેરવનાર ડાકુ. ) તે સિવાય હુસેન ટેકરીની જારત, અને તેમાં થતા મોઅજીઝા, વાંચ્યા પછી ઓ, તાજીયા પરસ્તો! તમો ઇસ્લામથી કેટલા વેગળા છો? તેની તુલના ઈન્સાફી વાંચક વર્ગનેજ સોંપું છું, અરે! મોહર્રમ પછી તો જે મોઅજીઝાનો રાફડો ફાટે છે, તે વાંચતાં ખાત્રિ થાય છે કે, દુનિયા ભરમાં બુતપરસ્તીનો મોટો ભંડોળ જોવા ઇચ્છનારે ખ્યાલ કરવો કે, આટલી બુતપરસ્તી ક્યાંએ છે કે કેમ?

## નમુનાઓ:—

" કોઇ કહે છે કે તાજીયાની માનતા કરી તેથી
" મારે ત્યાં છોકરો થયો.

" કોઇ કહે કે મેં અબ્બાસઅલીના અલમને લીલું
" લુગડું આપ્યું તેથી મારૂં કામ થયું. કોઇ કહે છે
" કે, મેં ઘોડાની ખરીઓ ચુમી તેથી હું
" ન્યાલ થયો. "

આ બધા નમુનાઓની વધુ સાબિતી " રાહેનજાત " માસિકમાં " લાહોરનાં ઘોડાનું બયાન " એ હેડીંગવાળો લેખ વાંચવાથી ખાત્રી થશે.

હવે હું મી. ગૈનને પુછું છું કે, ઓ બુતપરસ્તનાં હિમાયતી ! અમારી અનેક રંગી માન્યતા છે કે તમારી ? એ વિચાર કરી તમો ગીરેબાનમાં મોઢું ઘાલી જરા રડજો, કે પછી સારાસારનો વિચાર નહિં કરનારા પેઠે બેપરવાહીથી ગધેડાની જેમ ખસલત રાખી લાતો મારવાનું શીખ્યા હો તો ભલે, ખુદા રહેમ કરે, આપની સમજ ઉપર.

" મી. ગૈન ! જરા બતાવો તો ખરા કે કયા ખુદા અને તેનાં રસુલનું ફરમાન છે કે, જુવાન છોકરીઓ વેચીને પણ તાબુત બનાવો અને તેજ પૈસામાંથી ખાણું પકાવોને ન્યાજ બાંટો. "

" ઓ ગુમરાહ બુત પરસ્તો ! એ ફરમાન છેજ કયાં કે, જેનાં ઘરમાં તાબુત નહિં હશે, ત્યાં પંજતન પાક અ૦ નહિ આવશે. "

" ઓ રહેમ વગરના અંધ શ્રદ્ધાળુઓ ! મોહર્રમનાં દિવસે પોતાનાં નાના બાળકોને ન ધવરાવી શકે, બચ્ચાં ભુખે મરે. આ પધ્ધતિ કયા કુરઆન અને હદીશનાં આધારે છે ? "

શું આવી હિદાયત તમોને ખુદાએ કરી છે ? આવી જાહિલીયત બીજો કયો ઇસ્લામી ફીરકો કરે છે ? ઇસ્લામમાં આવી રિવાયતો બીજા કયા ઠેકાણે છે ? કયાંએ નથી, જ્યારે

તમારી હાલત આવી છે તો મઝહબી ઉસુલથી કેટલી વેગળી છે તેનો તોલ સમજુ વાંચક વર્ગ કર્યા સિવાય રહેશે નહિં અલ્લાહપાક સર્વેને નેક હીદાયત આપે અને રાહે રાસ્ત બતાવે. બાકી વાંચનાર આ પ્રકરણ પુરૂં કરતાં પહેલાં મારી તમોને વિનંતિ છે કે, દિલમાં ઈમાનદારી રાખી ફેંસલો કરજો કે અનેક રંગી માન્યતા આગાખાની ઈસ્માઇલીઓની છે કે એ તો ફક્ત ઈશનાઅશરી **બુત પરસ્તોની બેહુદાઇ છે. ?**

## પ્રકરણ ૨ જું.

### અસનાઅશરી માન્યતાનું પોકળ.

અસનાઅશરી અચ્ચાર્ઇના ડંકા નામક પુસ્તકમાં મી. ગૈન સનેપાતી જેવો લવારો કરી રહ્યા છે. પણ નથી વિચાર કરતા કે વગર ઇમામ અને વગર મુરશીદ બધા ન ધણી-યાતી કોમના લેખકો એ લગામની જેમ ભરડી રહ્યા છે. કેવળ મુસન્નફ થઇને શ્રધાળુ ભાઇઓને બુત પરસ્તી તરફ ખેંચી રહ્યા છે. વંચકની સંગવડના ખાતર હું એમની બુક-માંથી થોડોક ઉતારો અત્રે આપું છું.

" જ્યારે બીજા હાથ ઉપર મુસલમાની દાવાનો
" ખોટો ડોળ ઘાલી 'અમો તો મુસલમાન છીએ.
" અમો તો આવા અને તેવા છીએ.' તેમ શા
" માટે ડીંગ મારો છો? કુરઆન કઇ ભાષાનું
" પુસ્તક છે તેની તો તમોને ખબર નથી. ત્યાં વળી

" કુરઆન અને હદીસના ઇલ્મથી તમોને લાગે
" વળગે શું ? મુસલમાની તો કુરઆનના અક્ષરે
" અક્ષર કબુલ રાખવાથી તથા તેના હુકમો પાળ-
" વાથીજ રહી શકે છે. તેને તો તમો માનતા નથી."

આફ્રીન ! સફેદ જુઠ લખનાર લેખક ! તારી કલમને આફ્રીન ! વિચાર કરો, કે કુરઆને શરીફનો ઇન્કાર કરનાર ટોળું તો તમેજ એકઠું કરી બેઠેલ છો જે ચાલુ કુરઆનને બયાઝે ઉસ્માનીની ઉપમા આપો છો. જેની સાબીતીઓ હું વિસ્તારથી આપતો જાઉં તો આવા ઘણાં પુસ્તકો લખાઈ જાય ! સાથે સાથે એ પણ ખાત્રી રાખજો કે સત્ય સિવાય એક પણ દલીલ હું આપનાર નથી. તમો ઇસ્નાઅશરીઓને કુરઆનના ઇન્કાર માટે છાપાઓમાં કેટલાએક દિવસથી ખુલ્લી ચેલેંજ અમારા મીશનરીઓ કરી ચુકયા છે. તમો એ ચેલેંજનો જવાબ આપવાને બદલે 'શીકારાના હાથમાંથી સસલો નાસે તેમ' તમે જવાબો આપવાને બદલે બીજી દિશામાં ભાગતા ફરો છો. હવે મારે ખુલ્લા શબ્દોમાં કહેવું પડે છે. કે કુરઆને શરીફનો ઇનકાર એક રીતે નહિ. પણ ઘણી રીતે તમોએ કર્યો છે. જેમ કે આગળની આયતો પાછળ, પાછળની આયતો આગળ. "હ૦ ઉસ્માને ગોઠવણમાં ઘણો ફેરફાર કર્યો છે, તેમ હરફોમાં અદલા બદલી કરી છે, કેટ-લીક આયતો કાઢી નાંખી છે, કેટલીક પોતા તરફથી નવી આયતો નાંખી છે. " એ બધા દાખલાઓ હું નીચે ટાંકું છું:—

મી. ગૈન, હાજીનાજી, અઝીઝ યા અલીભાઈ કે, જીમ ( મી. ગૈને અમારા લેખકો માટે આમજી ભામજી વગેરે અસભ્ય શબ્દો વાપરી પોતાની કીંમત અંકાવી છે. પણ તેના જવાબો અમો એવી અસભ્ય ભાષા વાપરી આપવા માંગતા નથી. ) શું જવાબ આપશે ? જ્યાં તેઓના પીરો મુરશીદ અલી હાએરી લાહોરનાં મુજતેહદ સાહેબની ઝબાન કાસર છે. તેણે "મવાએઝે તારીકે કુરઆન" નામની કિતાબ છાપી, પણ જ્યારે તેનાં રદમાં "તબીયુલ હાએરી" નામે પેમ્ફલેટ સુન્ની ભાઇઓ તરફથી બહાર પાડવામાં આવ્યું. ત્યારે તમારા મુજતેહદોનાં ડાચાં બંધ થઈ ગયાં. પાંચ વર્ષથી પોતાનું માથું ઘુંટણમાં નાંખી શરમીંદગીને લીધે બેસી ગયા છે. કોઈ મુજતેહદની હિમત નથી થતી કે સામનો કરી શકે. તો બિચારા જાહેલ અસનાઅશરી ખોજા જે માંડ માંડ ચાર ચોપડીઓ ભીખ માગીને શીખેલા તે શું જવાબ આપશે ? યા મુકાબલો કરશે ?

## કુરઆનના ઇન્કાર વિષે અસનાઅશરી કિતાબોની દલીલ. "

૧ "ઉસુલે કાફી" જો શીઆ અસનાઅશરી મઝહબકી "સબસે જ્યાદા મોતબર કિતાબ હે, ઓર જીસ્કે "મુસન્નીફ મોહમદ યાકુબ કુલેની હૈ, જો બયક "વાસ્તા ઇમામ માસુમ મફતરઝુતજાત યાને હ૦

" ઇમામ હસન અસગરીકે શાગરીદ હૈ. યે કિતાબ
" બઝરીયે સફીરૂંકે; ઇમામ ગાએબ કે પાસ ગાર-
" મેં ભેજી ગઇ. ઔર ઇમામ ગાયેબને ઉસકો દેખ-
" કર તસદીક કી. ઔર ફરમાયા " હાઝા કાફીલે
" શીયતના." યાને યે કિતાબ હમારે શીયુંકે લીએ
" કાફી હૈ. ઇસ લીયે ઇસકા નામ કાફી રખા ગયા,
" ઇસ કિતાબમેં એક બાબ હૈ " બાબ અનહુલમ
" યજમે ઉલ કુરઆન કુલહુ ઇલલ આએમતા."
" યાને યે બાબ ઇન હદીસુંકે બયાનમેં હૈ. જીનસે યે
" સાબિત હોતા હૈ કે, પુરા કુરઆન સિવાય અએમાંકે
" કીસીને જમા નહિં કીયા, જાહેર હૈ કે, જો કુરઆન
" મૌજુદ હૈ, અએમાંકા જમા કીયા નહિં હૈ. ઇસ
" લીયે ઇસકા નાકીસ હોના સાબિત હો ગયા.

૨ " ઇસી કિતાબમેં એક બાબ હૈ, બાબ ફીહે નકતા
" વનતફ મીનન તન્ઝીલે ફીલ વિલાયત! યાને યે
" બાબ ઇસ બયાનમેં હે કે, ઇમામકે મુતાલીક
" કુરઆનમેં કતહો બુરીદ ( વધ ઘટ ) કી ગઇ
" હૈ. ઇસી બાબકે સફા ૨૬૨ પર એક રિવાયત
" યે હૈ ( અહિંયા અસલી અરબી ઇબારત છે. )
" અબુ બશીર ઇમામે જાફરે સાદક (અ૦) સે રિવા-
" યત કરતે હૈ કે, અલ્લાહકા કોલ ' વમઇંયુતે

" ઇલ્લાહ, વ રસુલહુ ફી વિલાયતે અલીયુન ફક્ત
" ફોઝ ફોઝન અઝીમા' ઇસ્રી તરહ નાઝીલ હુવા થા
" જો અબકે ( ચાલુ ) કુરઆનેશરીફમેં 'ફી
" વિલાયતે અલીયુન' કા લફ્ઝ મોજુદ નહિં હૈ.

૩ " ઇસ્રી બાબકે બાબ મઝકુરમે અબ્દલા બીનસીના-
" નસે રિવાયત હૈ કે, ઇમામ જાફર સાદેક ( અ૦ )
" સે રિવાયત હૈ કે, અલ્લાહ તઆલાકા કોલ બલ
" હદ અહદના ઇલ્લા આદમ મીન કબ્લ, કલમા ફી
" મોહમ્મદન વ અલીયુન વ ફાતમા વલ હસન, વલ-
" હુસેન, વલ વઅએમાત મીન ઝુરીયત હીમ ફનસા,
" અલ્લાહકી કસમ ઇસ્રી તરાહ હ૦ મોહમ્મદ સ૦
" પર નાઝીલ કીયા ગયાથા, જો કે અબકે કુરઆને
" શરીફમેં કલમાતે ફી મોહમ્મદન વ અલીયુન વ ફા
" તેમા, વલહસન, વલહુસેન, વલ અએમાન મીનઝુ-
" રીયત હીમ ' નહિં હૈ. "

૪ " ઇસ્રી કિતાબકે બાબ મઝકુરમેં જાબીરસે રિવાયત
" હૈ કે, ( ઈમામ મોહમ્મદ બાકર અ૦ સે ) આયાતે
" બે શમ્સ તરોહીમેસેબી હ૦ અલી અ૦ કા નામ
" નીકાલા ગયા હૈ. "

૫ " ઈમામ મોહમદ બાકર અ૦ સે રિવાયત હૈ કે,
" ઇન કુન્તુન ફી રેબ તા મીસ્લહી ' મેસે ( હ૦ )
" અલી અ૦ કા નામ નીકાલા ગયા હૈ. "

૬ " ઈસી કિતાબકે બાબ મઝકુરમેં ઈમામ રઝા અ૦
" સે યે રિવાયત હૈ કે, અલ્લાહ અઝ્ઝોજલકા કોલ
" કબર અલલ મુશરેકીન બે વિલાયતે અલીમા તદ-
" ઉહુમ, ઇલૈહ, યા મોહમ્મદ મીન વિલાયતે અલી '
" ઈસીતરાહ કુરઆનમેં નાઝીલ હુવાથા, જો અબકે
" કુરઆનમેં 'વિલાયતે અલી ઔર યા મોહમ્મદ મીન
" વિલાયતે અલી ' કહાંબી નહિં મીલતા.

૭ " નંબર સાતમેંસેબી અલી અ૦ કા નામ નીકાલા
" ગયા હૈ. "

૮ " ઈમામ બાકર અ૦ કી રિવાયત હૈ. ફબદ્દલ લઝી-
" નામા ગુફસેકુનમેંસે દો જગા પરસે આલે મોહ
" મ્મદ હકહુમકા લબ્ઝ નીકાલા ગયા હૈ. "

૯ " ઈસી કિતાબકે ' બાબુન નવાદર ' સફા ૬૭૧ મેં
" ઇમામે જાફરે સાદીક અ૦ સે મનકુલ હૈ કે, બતે-
" હકીક જો કુરઆન જીબરઈલ અ૦, હ૦ મોહમ્મદ
" સ૦ અ૦ વ૦ ઉપર લાયેથે ઉસમેં ૧૭૦૦૦ સતરા
" હજાર આયાતથીં, જો અબકે કુરઆનમેં હસબુલ
" ઇખ્તિલાફાત હમા આયાત ૬૬૬૬ હૈ. લીહાઝા
" આયેસેબી બહોત જ્યાદા કુરઆન નીકાલા ગયા હૈ.

૧૦ " કિતાબ ' એહતજાજ ' જીસકે મુસન્નીફ શેખ એહમદ
" બીન અબી તાલીબ તીબરસી હૈ. મજકુર કિતાબમે

" સફા ૧૧૯ સે લેકર ૧૩૨ તક એક તવિલ રિવાયત
" હ૦ અલીયુન મુરતઝાસે મનકુલ હૈ, કે એક ઝીં-
" દીકને આં જનાબકે સામને કુરઆન પર કુછ એ
" અતરાઝ કીયે, ઔર આપને હર એઅતરાઝકે જ-
" વાબમેં ફરમાયા કે કુરઆનમેં તેરીફ (વધઘટ)
" હોગઈ હૈ, ઇસી રિવાયતસેં કુરઆને શરીફમેં
" પાંચું કિસમકી તરીફ સાબિત હોતી હૈ."

" ઉન એઅતેરાઝોમેંસેં ચંદ એતરાઝ યે હૈ કે
" ઝીંદીકને કહા કે 'ફી ઇન ખફીતુન તામીનન ની-
" સાએ.' કલેમાત બે જોડ હૈ. કીયા વજેહ હૈ.
" જનાબ અમીર અ૦ ને યે જવાબ ફરમાયા કે
" તુજકો ઇસ આયાતપે બે જોડ હોનેસેં શક વારીદ
" હુવા હૈ. સો તુમારા શક શહી હૈ. ઇસકી વજાહ
" વોહી હૈ. જો મેં તુજસેં પહેલે બયાન કર ચુકાહું.
" કે, મુનાફિકને કુરાનમેંસેં બ્હોત કુછ નિકાલ ડાલા
" હૈ. 'અલયતામા' ઔર ફન્કહુ' કે દરમ્યાનમેંસેં
" જો કે આયાતે બાલીકી અસલ મકસુદ હૈ, બ્હોતસે
" એહકામ ઔર કિસ્સેથે વોહ સબ નિકાલ ડાલે
" ગયે હૈ. ઇસી વજેહસે બેરૂતબી હો ગઈ હૈ. ઇસિ
" કીસમહીસે ( મુનાફીકુંકી તારીફાતકી વજેહસે )
" મુબાલીકું કો કુરઆન પર એતરાઝ કરનેકા મોકા

"મીલતા હૈ. ઔર ફરમાયા કે અગર મેં તુજસે
"તમામ વોહ આયાતે બયાન કરદું. જો કુરઆનસે
"નિકાલ ડાલી ગઈ હૈ. ઔર તેરીફ (વધઘટ) કી
"ગઈ હૈ. ઔર બદલદી ગઈ હૈ. ઔર ઈસી કીસમકી
"કારરવાઈયાં હુઈ હૈ. તો બ્હોત તુલ હોજાયગા. ઔર
"તકીયા જીસ ચીજસે રોકતા હૈ, વોહ જાહેર હો
"જાયગા."

"ઔર ઈસી રિવાયતમેં હૈ કે જનાબ અમીર અ○
"ને ઝીંદીકસે કહા, અગર મુનાફિકું કો (ખુદા ઉન્હે
"લઆનત કરે) માલુમ હોજાતા કે ઈન આયાતોકે
"બાકી રખનેમેં કીયા ખરાબી હૈ, જીનકી તાવિલ
"મેંને બયાનકી તો વોહ લોગ ઈન આયાતોંકોભી
"ઝુરૂર નિકાલ ડાલતે. જીસ તરાહ ઔર આયાતે
"નિકાલ ડાલી.

૧૧ "તફસીરે સાફીકે દીબાચેમેં તફસીર અયાસીસે મન-
"કુલ હૈ કે ઈમામ મોહમદ બાકર અ○ સે ફરમાયા,
"બતેહકીક કુરઆનસેં બ્હોત આયાતે નીકાલ ડાલી
"ગઈ હૈ, અગર કુરઆન ઉસી તરાહ પડા જાય.
"જેસા કે નાઝીલ કીયા ગયા હૈ. તો યકીનન કુરઆ-
"નમેં હમારે નામ તુમકો મીલેંગે.

૧૨ "તફસીરે કુમી, જીસ્કે મુસન્નીફ અલી ઈબ્ને ઈબ્રા-

"હીમ કુમી ઈમામ હસન અસગરીકે સાગીર્દ ઔર
"મોહમદ બીન યાકુબ કુલેનીકે ઉસ્તાદ હૈ. બડી
"મોતબર કિતાબ હૈ, ઔર રિવાયતે તેરીકસે લબરેઝ
"હૈ. મીન જુમલા ઉનકે એક યેહ રિવાયત હૈ,
"લેકીન વોહ આયાતે જો કુરઆનસે નીકાલ ડાલી
"ગઈ હૈ. ઉનકીએક મિસાલ યેહય કે, લાકન લાહો
"યસહદો બીમા અન્ઝાએલા ઈલહેકા ફી અલીયુન
"કઝા અન્ઝલન સુમ્કાલો, વમીસ્લહુ કમીહન, યે
"આયાત ઈસીતરાહ નાઝીલ હુઈ હૈ. જો અબકે
"મૌજુદા કુરઆનમેં નહિં હૈ. ઈસકી મિસાલપર
"ઔરભી બ્હોત રિવાયત હૈ."

કેમ એ ગુમરાહ કોમના આગેવાનો! હ૦ અલી અ૦, હ૦ ઈમામ જાફર સાદીક અ૦, યા ઈમામ મોહમદ બાકર અ૦ ના કલામોને રદ કરવાની હિંમત તમારામાં છે? તમારા જુદા દિનનો પાયો કાએમ કરનાર "કાફી-કુલેની" જેવા કિતાબોને રદ કરશો. તો તમારૂં ખુદ સત્યાનાશ વળી જશે. તમારી પાસે શું બચાવ છે? તમો વાંચી ચુક્યા. એક કોલ તો તમારી માન્યતાવાળા અલીમુસે રઝાનો છે. તમો એવા તો જાહેલ છો કે, ગમે તેના કોલનો ઇનકાર કરતા વાર નહિં લગાડો. ખુદ હ૦ પેગમ્બર સ૦ અ૦ વ૦ ની ઈજ્જતનો ખ્યાલ નહિં રાખતાં તમારી

માન્યતાનાં મુસા કાઝમની મોહબ્બતમાં તેવણ નામદારોને પણ ગુનેહગાર સમજો છો. પણ અલીમુસે રઝાનો કોલ વાંચી શરમીંદા થશો કે નહિં ?

આ તો ફક્ત કુરઆનમાંથી કાઢી નાંખવા બાબતની હકીકત રજુ કરી છે. પરંતુ જ્યારે આગળ વાંચશો ત્યારે તમારી ટોળાની માન્યતા જોઈ દરેક ઇસ્લામી તમો બુત પરસ્ત ઇશ્નાઅશરીઓને બારજે ઇસ્લામ સમજશે. તેમાં કંઈ પણ શક નથી.

## કુરઆને શરીફમાં વધારો કર્યા બાબતની રિવાયતો.

"કિતાબ' 'અહતજાજ" મતબુએ ઇરાનકી ઉસી તવિલ રિવાયતમેં કે ઇસકા ઇક ઉપર હુવા, ઉસી ઝીંદીકકા એતરાઝ યેહ હે કે, ખુદાને અપને નબી મોહમદ સ૦ અ૦ વ૦ કી ફઝીલત તમામ નબીઓસે જ્યાદા બયાન કી હે. "ઇસમેં કંઈ જ્યાદા ઉનકી બુરાઈ ઓર તવહીન ઓર કીસી નબીકી કુરઆનમેં નહિં હે." ઝીંદીકકો ઇસ એતરાઝકા જવાબ હ૦ અમીર અ૦ ને યેહ દીયા "કીતાબ યાને કુરઆનમેં જો બુરાઇ નબી સ૦ કી દરજ હે. યેહ મુલહદોંકી ઇફ્તરા કી હુઇ હે, "યાને જાગઅઉલ કુરઆનકી બડાઈ હુઈ હે." ઓર ઉસી રિવાયતમેં જનાબ અમીર અ૦ ને ઝીંદીકકો કહા, કે ઉનમુનાફીકોંને કુરઆનમેં વોહ બાતેં દરજ કરદી, જો અલ્લાહને નહિં ફરમાઈથી તાકે મખલુકકો ફરેબ દે."

"ઔરભી ઇસી રિવાયતમેં હૈ કે, જનાબ અમીર અ૦ ને ફરમાયા કે, "તફીયેકી જરૂરત ઇસ કદર હૈ ન મેં ઉન લોગોંકે નામ બતા શકતાહું. જીન્હુંને કુરઆનમેં તેરી ફેરી (યાને કંઇક કાઢી કંઇક 'નવું નાંખ્યું.') ન ઉસ જયાદતીકો બતા શકતાહું, જો ઉન્હુંને કુરઆનમેં દરજકી."

"ઇસી રિવાયતમેં હૈ કે ઉસ ઝીંદીકસે જનાબ અમીર અ૦ ને કુરઆનકા જમે હોનેકા કિસ્સા યું બયાન કીયા, કે ફીર ઉન મુનાફીકુંસે 'વોહ મસાએલ પુછે જાને લગે. જીનકો વોહ ન જાનતે થે, તો વોહ મજબુર હુવે કે કુરઆનકો જમા કરે. ઔર ઉસકી તફસીર કરે. ઔર કુરઆનમેં વોહ બાતેં બડાએ, જીનસે વોહ અપને કુફ્રકે સીતુનુંકો કાયેમ કર શકે. લીહાઝા ઉનકે મુનાદીને એલાન દીયા. કે જીસકે પાસ કોઇ હિસ્સા કુરઆનકા હો, વોહ હમારે પાસ લે આ ઔર ઉન મુનાફીકુંને કુરઆનકી જમાવ તરકીબકા કામ ઉસ શખ્સકે સીપુર્દ કીયા. જો દોસ્તાને ખુદાકી દુશ્મનીમેં ઉન મુનાફીકુંકા હમ ખ્યાલ થા. ઔર ઉસને ઉનકી પસંદગીકે મવાફીક કુરઆનકો જમા કીયા."

"ઇસી રિવાયતમેં બડી વજાહતકે સાથ જનાબ અમીર અ૦ કા યેહભી કોલ હૈ કે, 'ઔર બડાયા દીયા ઉન્હુંને કુરઆનમેં વોહી ઇબારતેં જીનકા ખિલાફે ફસાહત ઔર કાબિલે નફરત હોના જાહેર હૈ."

કેમ ઓ ! કોમનાં મુનાફિકો ! જોયો હ૦ અલી અ૦ નો કોલ ? શેખ એહમદ બીન અબીતાલીબ તીબરસી " એહતજાજ " ના કર્ત્તા, હ૦ અલી અ૦ માથે જુઠા તોહમત નાંખે છે. તેણે બેઇમાની કરી છે. ઓ ! ખોજા ઇશ્નાઅશરી-ઓને ગુમરાહ કરનાર ! આનો તમો શું જવાબ આપો છો ? આ હિસાબે તમારો દીન ધર્મ બાતિલ છે યા નહિં ? તમો પોતાને મુસલમાન કહેવરાવી શકો છો ? યા તમો મુસલમાનોનો દાવો કરવાના હકદાર છો ! નહિં, નહિં ને નહિં. દરેક ઇસ્લામી તમોને ચોકખે ચોકખા કાફર કહેશે. તેમાં જરા પણ શક નથી.

બિચારા ગેન યા હાજી જેવા શું જવાબ આપશે ? જ્યાં આ વાત માટે જનાબ મોલાનાં મુજતેહદ સાહેબ અ-લીઅલ હાએરી પાંચ વર્ષથી હયરાન અને પરેશાન છે. અને શરમને મારે માથું નીચું નમાવી બેઠા છે ! ! ! હમણાં ઉપરની હકીકતથી સાબિત થયું કે બુત પરસ્તોના અકિદા પ્રમાણે કુરઆને શરીફમાં અલ્લાહ પાકના કલામ સિવાય બીજી ઘણી બાબતો ખલીફાઓએ નાંખી દીધી છે ! એ કુરઆનમાં રસુલે ખુદાની હલકાઈ છે ! ! ( નૌઝ બિલ્લાહ. )

" તબિયુલ હાએરી " માં છેલ્લી ટીકા જે ઉર્દુમાંજ છે, તેનો સાર નીચે મુજબ છે. યાને ઇસકા નતીજા " એહત જાજ " કી ઇન રિવાયતસેં હસબે ઝીલ ઉમુર માલુમ હુવે.

૧ " અવલ યેહકે, ઈસ કુરઆનમેં નબીકી તવહીન હૈ.
" ઔર યે તવહીન કુરઆનકે જમા કરને વાલે
" ને બઢાદી હૈ."
૨ " યેહ કુરઆન મઝહબે બાતિલાં ઔર મુખાલિફીન
" ઈસ્લામકી તાઈદ કરતા હૈ. ઈસ્મે શરીઅતકો
" મિટા રહા હૈ. કુફ્રકે સિતુન ઈસ્સેં કાએમ
" હોતે હૈ."
૩ " ઇસ કુરઆનમેં એસી ઇબારતેં બઢાદી ગઈ હૈં.
" જો કાબિલે નફરત ઔર ખિલાફે ફસાહત હૈ."
૪ યેહ નહિં માઅલુમ કે યેહ બઢાઈ હુઇ ઈબારતેં
" કૌન કૌન ઔર કહાં કહાં હૈ?"
૫ " ઈસ કુરઆનકે જમાં કરનેવાલે મુનાફીક કુફ્રકે
" સીતુન કાએમ કરનેવાલે ઔર દોસ્તાને ખુદાકે
" દુશ્મન થે. ઉન્હુને અપની પસંદ વ ખ્વાહીશ કે
" મુતાબિક કુરઆનકો જમાં કીયા હૈ."

" કયું હાએરી સાહેબ! ઇસી કુરઆનપર આપ
" ઇમાન રખનેકા દાવા કરતે હૈ? તફસીરે સાફી
" મેં તફસીર અયાસીસે મનકુલ હય કે ઈમામ
" બાકર અ૦ ને ફરમાયા, કે અગર કુરઆનમેં
" તેરીફ ન કી ગઈ હોતી તો હમારા હક કીસી
" અક્કલમંદપર પોશીદા ન હોતા.!"

કેમ મી. ગૈન ! જોયો તમારો ધર્મ ? જોઈ તમારી મુસલમાની ? આવા યકીદા રાખનાર કાફરકે મુસલમાન ? એ હિસાબે આપનો ડંકો સચ્ચાઈનો કે જુઠાઈનો ? હજુ સબુર ! ગભરાશો નહિં મી૦ ગૈન ! હજુ આ શરૂઆતજ છે. આગળ એવા એવા મસલા પેશ થશે, તે વાંચતાં આપના હોશ કોશ પણ ઉડી જશે. જુઓ, તમારા મુજતેહદનાં કેવા હાલ થયા છે ? એમનાં મુકાબલામાં આપ ક્યા હિસાબમાં ? તમારામાં એટલી લિયાકત ક્યાં ! કે જવાબ આપી શકો, જવાબ તો બાજુએ રહ્યો, પરંતુ કદાચ કોઈ સામરાની ગુફા ગોતવી પડશે. આગાખાનીયોનું પોકળ ખોલવા જતાં જોઇ લેજો કે તમારા જુઠા ધર્મની કેવી હાલત થાય છે ?

તમારૂં બુત પરસ્ત ટોળું પાંચ પ્રકારથી કુરઆનનું ઇનકારી છે. જે વાંચી ચુકયા છો.

(૧) કુરઆનમાંથી આયાતો કાઢી નાંખવામાં આવી છે. (૨) કુરઆનમાં અલ્લાહ તઆલાએ જે નહિ ફરમાવ્યું હતું. તે ખલીફાઓએ પોતા તરફથી ઉમેર્યુ છે. (૩) અક્ષરોની ફેર બદલી કરવામાં આવી છે. (૪) આયતોની ગોઠવણ તરતીબની સાથે થઈ નથી (૫) જામેઅલ કુરઆનને ખરાબમાં ખરાબ સમજો છો.

હવે સવાલ પેદા થાય છે કે, જ્યારે તમો કુરઆન

પ્રમાણે રોઝા, નમાઝ, હજ, જકાત, જે કંઇ ઉપર તમો અમલ કરશો. તે અલ્લાહ પાક કબુલ કરશે કે નહિં ? ઇમામ ગારમાં જીવતા છે, એ કેવી રીતે સાબિત કરશો ? જ્યારે એક દસ્તાવેજમાં એકાદ અક્ષરનો ફેરફાર થયો હોય તો એવી સાબિતી કોઇ જજની આગળ રજુ થાય, અને તે સત્ય હોય તો આખો દસ્તાવેજ જુઠો સમજવામાં આવે છે. ત્યારે તમો બુત પરસ્તો અલ્લાહનાં કલામને આટલો બધો ફેરફારવાળો સમજો છો. અને પાછા ઇસ્માઇલી ભાઇઓ કોઇ કોઇ ગવાહીમાં એમ બોલ્યા કે "અમો કુરઆન નથી પડયા. અરબી બોલી નથી સમજતા" તે ઉપરથી તમે કેટલી બે ઇમાનીની ઝબાન દરાજી કરો છો ? અને ઉંચા નીચા થાઓ છો. આ ઠેકાણે તમારી માન્યતાઓનાં ઇમામો અને મુજતેહદોને માટે મારે કેટલી ગાળો દેવી જોઇએ ? પણ હું નાલાયેકની સાથે નાલાયેક થવા ઇચ્છતો નથી. પણ જ્યાં અમારા ઇમામો ઉપર તમોએ ન છાજતા બોલ વાપર્યા હશે. ત્યાં થોડું ઘણું તો તમને સંભળાવીશ તે પણ એટલાજ ખાતર કે ગધેડાને જ્યાં સુધી સોટાનો માર નહિં પડે ત્યાં સુધી સીધો ન ચાલે. બાકી દ્વેષ ભાવથી તો નહિંજ.

અત્રે એક દ્રષ્ટાંત રજુ કરવાની રજા લઉ છું. એક મુસલમાન ઉપર શીવીલ કોર્ટમાં નાણા સંબંધી દાવો

મંડાયો. મેજીસ્ટ્રેટે તેને કહ્યું કે તું કુરઆન માથા ઉપર રાખી સોગન ખા કે મેં વાણીયા પાસેથી પૈસા લીધા નથી. તેણે કોઇ દિવસ 'કુરઆને શરીફને નહિં જોએલ. તેથી કોરટને અરજ કરવા લાગ્યો. કે હજુર! કુરઆન શરીફને જોઈને પછી હું જવાબ આપીશ કે ઉપાડીશ યા નહિં, (કોરટમાં કુરઆન શરીફ, બાયબલ, અને ગીતા રાખવામાં આવે છે.) મજકુર કિતાબ તેને દેખાડવામાં આવી ત્યારે તે કહેવા લાગ્યો કે હુઝુર! આવા ૫૦ ચોપડા ઉપાડવાની હું શક્તિ રાખુંછું. આવું સાંભળી સર્વે હિન્દુ મુસલમાનો (હાજરીન) હસવા લાગ્યા. એક અભણ મુસલમાન આવી રીતે બોલ્યો તેથી કંઈ આપણા ઈસ્લામને બદનામ નથી થવાનું એવીજ રીતે કોઇ મૂર્ખ માણસ એવી દલીલ રજુ કરે કે, ફલાણા ભાઇએ કોર્ટમાં કુરઆનનો ઈન્કાર કર્યો. પણ મી. ગેન! હસન અસગરીના ચેલા યા તમારી માન્યતાનાં ઇમામ અલી રઝા સાહેબ ખુલ્લે મ્હોડે કુરઆનને બદનામ કરે તેથી તમારૂં જાહેર ટોળું શરમાતું નથી?

હમણાં મોટી મોટી કિતાબનાં જે મસલા મેં રજુ કર્યા છે. તેની તો બિચારા નામના અસનાઅશરીઓને કયાંથી ખબર હોય? જેઓ ફક્ત મોહરમનનાં ખાવા માટે પોતાનું ઇમાન વેચી બે ઇમાન થયા, તેઓને આવી કિતાબો સંભળાવે કોણ? કદાચ ચાલાક અને મકરબાજ મુલ્લાંઓ આવી

વાતો સંભળાવે, તો પછી દામે હવસમાં ફસેલા પંખીઓ ઉડી જાય; તેનું કેમ? મેદાને માતમ ખાલી થઈ જાય! જાહેલ અસનાઅશરી ખોજાઓને તો એવી ઉમીદ આપી કે, "હમ ખુરમા હમ સવાબ" ( ખજુર ખાઓ સ્વર્ગમાં જાઓ. ) કોઈ કોઇ વખતે કોઈ કોઈ મુલ્લાં તમો બુત પરસ્તોને ખુલ્લી રીતે ધીક્કારની સાથે ફરમાવે છે કે "લાખો "રૂપિયેકી બીરીયાની પુલાવ ખાગયે. મગર દુસરા કુછ "નહિં શીખે. ખોજા અસનાઅશરી હયવાન હય, ઉનકે "મુલ્લાં હયવાનોકે ઇમામ હય.."

( મોહીએ દોજહાન. )

મી. જૈન! આવી દલીલો તો આવી હોવી જોઈએ. જેમાં તમારા ધર્મનાં આગેવાનોના કોલ, તમારા ધર્મનાં પુસ્તકોમાંની દલીલ આપી તમારી જબાંનો બંધ કરવામા આવે. હું તમારી માફક દલીલ નથી આપી શકતો કે વાંચો "ખોજા દર્પણ" એનો કર્તા કોણ? કે મી. કાબા, જે અહલેબેતે રસુલનો પક્કો દુશ્મન, ઈસ્માઇલીઓનો કટ્ટો શત્રુ, વાંચો "અલ-ઈસ્લામ" શું વાંચું? એનો કર્તા કોણ! કે મુલ્લાં મુસા, જે પણ અસનાઅશરી. વાંચો! "રદ્દે ઇમામે મોજુદ" કર્તા કોણ? કે મી. અઝીઝ, જેને ખુદ અસનાઅશરી યઝીદ, સુવર, ગોરખોદીયો, જંગબારનાં મુસાફરખાનાનો મુજાવર, હલકી પંક્તિનાં નીચ ખયાલ રાખનાર,

વગેરે સંબોધનોથી ઓળખાયા હોય છે. વળી જેની ઝબાનને કાપી નાંખવાની ખુદ હાજીનાજી સલાહ આપે છે! તમારી બાજી બધી દલીલો તદન જુઠી છે. જેમકે " ખબરતે અફ્જા " યા " કન્ઝલ મસાએબ " યા કિસવાનાં સવાલ જવાબ, આ બધી વાતો ઇશ્નાઅશરી મુલ્લાંઓની બનાવટી છે. કારણ કે તમારા ધર્મમાં એવું છે કે જુઠું બોલી બીજાની નિંદા કરવી. કોઈ ઉપર જુઠી તહોમત મુકવી. ઈત્યાદિ તમારા ધર્મનો સિધ્ધાંત છે એની દલીલો આગળ ઉપર વાંચી દરેક ઇસ્લામી તમારા ધર્મથી ઈન્શાહઅલ્લાહ હુશિયાર થઇ જશે.

આ પ્રકરણમાં તો ફક્ત તમો કુરઆનના ઈન્કારી છો. તેથી તમો મુસલમાન નથી તે સાબિત કરવાનું છે. હમણાં મોટી મોટી કિતાબો બાજુએ મુકી ફક્ત તમારા હાદી (?) ચાલુ જમાનામાં ચાલુ કુરઆન માટે ઇનકાર કરે છે. તે સાબિત કરશું પણ તમારૂં બુતપરસ્ત ટોળું એવું તો જાહેલ છે, અને મોહર્રમનાં પુલાવો ખાઇ તેઓનાં સીના એવા આંધળા થઇ ગયા છે કે, જેથી તેઓને હક રસ્તો સુઝતો નથી તેઓને બતાવી આપવાનું કામ મારૂં છે, પછી માનવું યા ના માનવું, તે તમારી ખુશીની વાત છે.

# ખોજા અસ્નાઅશરી બુતપરસ્ત ટોળાનાં આગેવાન પેટભરૂ મુલ્લાંઓના કુરઆન માટે કેવા વિચાર છે? તે આપ સમક્ષ રજુ કરૂં છું.

( હાજીનાજીની "તસનીફાત"માંથી )

૧ " રાહેનજાત " કિતાબ ૨૧ મી હિસ્સો ૪ થો, માહે સફ્ફર સને ૧૩૩૧, પાનું ૯૪ લેખ લખનાર મી૦ મોહમદ જાફર હાજી શરીફભાઇ, (જેણે 'તોહફએ રઝવા' નામે કિતાબ તસન્નીફ કરી છે.) " ગએબતે કુબરા " શેખ ફાઝલ માજનદારીનું એ લેખમાં ઘણું વર્ણન કર્યું છે. તે શખ્સ વહાણમાં બેસી દરિયાપાર હ૦ મહેદી સાહેબનાં મુલકમાં જાય છે. તેનો એક તીલસ્મે હોસરૂબા જેવો કિસ્સો લખ્યો છે. હ૦ મહેદીની ઓલાદ પછી ઓલાદ થાય છે. પાંચ સાત પેઢીનું વર્ણન કર્યું છે. હ૦ મહેદી પૌત્રનાં પૌત્રનાં બપાવા થઈ ચુકયા છે. ત્યાંની પ્રજા અમનચમનમાં ગુલતાન છે. બાકી આ દુનિયાનાં શીઆ ઇસ્નાઅશરી રોવા પીટવામાં રહી ગયા છે. તે માણસનો કે જેની આપણી વાત સાથે સબંધ છે. તેનાં લેખની અક્ષરે અક્ષર હકીકત લખી નાંખું છું કારણ કે કદાચ એ બુત પરસ્તો એમ ફરીયાદ ન કરે કે, અમારા લેખમાંથી કાપકુપ કરી છે.

" એક દિવસ મેં સૈયદને પુછયું કે, અય સયદેમન!

જો રજા આપો તો હું કેટલાક મસાએલ તમને પુછું. મ
રજા મળવાથી મેં સવાલ કર્યો કે, અય સયદે મન! પહેલ
હું તમારી સામે કુરઆન પડું છું! તેમાં જો ભુલ હોય
તો સુધારો, હું કુરઆન પડવા લાગ્યો અને જ્યાં હું ભુલત
હતો, તે સૈયદ મારી ભુલોને સુધારતા હતા, જેથી મે
અરજ કરી, અય સૈયદેમન! આ ઠેકાણે (એશી
યામાં) જમઝા નામના કારી આમ પડતો હતો. ઇસા
અને આસીમ તેમ પડતા હતા. તે વખતે સૈયદે ફરમાવ્
કે અમો એ કારીઓને ઓળખતા નથી." (શેખ ફાજલ પણ
ગાંડા ખરા કે? એટલું પણ નથી સમજતા કે ઉસમાન
વાળું કુરઆન બીજું, ને નવી દુનિયાનું કુરઆન બીજુ
જે સાચું અને સંપૂર્ણ. તો સૈયદેમન એશીયાનાં કારીઓને
કેમ ઓળખે?) "કુરઆન હીજરતે રસુલ સ૦ ની અગાઉ
નાઝીલ થયું નથી, પણ સાત અક્ષરો પણ હીજરત બા
હુજમુલ વિદ્યાથી જ્યારે હજરતે રસુલ સ૦ ફારેગ
થયા, ત્યારે હ૦ જીબરઇલ નાઝીલ થયા, અને અરજ
કરી, યા રસુલિલ્લાહ! કુરઆન મારી સામે પડો. તાકે હ
તમોને તે વિશે બરાબર સમજણ આપું તે વખતે હ૦ અ
મોઅમેનીન અલી ઇબ્ને અલી તાલેબ અને હસનેન તેમજ
અબી ઇબ્ને કાબ, અબ્દુલા ઇબ્ને મસઉદ, હુજફા બીન
યમાની, જાબીર બીન અબ્દુલા અનસારી, અબુ સૈયદ
ખુદરમી, અને હિસામ બીન સાબર તથા બીજા કેટલાક

અસહાબો આ પ્રસંગે હાજર હતા, હ૦ રસુલ સ૦ કુર-આન તિલાવત ફરમાવતા હતા, અને એખતિલાફ જોવામાં આવતો ત્યાં હ૦ જીબરઈલ બતાવતા હતા, (વાંચક! બુત પરસ્તોની જાહેલીયત જોઈ? એક તરફ પએગમ્બરે ખુદાને સમ્પૂર્ણ ઈલ્મવાળા બયાન કરે છે. ત્યારે બીજી તરફ પએ-ગમ્બરે ખુદાને હલકા પાડી તેવણની બેઇજ્જતી કરે છે. પએગમ્બરે ખુદા ભૂલી જતા હતા, તેથી જીબ્રઈલ અ૦ ની સાથે ઈખતિલાફ થતો હતો.!! મી. ગૈન! જીબ્રઈલ અ૦ અને રસુલે ખુદાનાં ઇખતિલાફમાં કંઇ મારામારી તો નહોતી થઈ? ગમે તેમ બકવાદ કરી આડું અવળું શા માટે ભમો ભમાવો છો?) અને હ૦ અમીર અ૦ ચામડા ઉપર તેને લખતા હતા, અને આ તમામ કિરાત હ૦ અમીર અ૦ તરફથી છે. તે વખતે મેં અરજ કરી, અય સૈયદેમન! કુરઆનની અંદર કેટલીક આયતો મને એવી જોવામાં આવે છે કે ન તે અગાઉની આયત સાથે સંબંધ ધરાવે છે, તેનું કારણ શું છે? સૈયદે ફરમાવ્યું આમ થવાનું કારણ એજ છે કે, જ્યારે હ૦ રસુલ સ૦ વફાત પામ્યા, ત્યારે પહેલા ખલિફાને ખિલાફત મળી, તે વખતે હ૦ અમીર અ૦ તે ચામડા ઉપર લખાએલું કુરઆન એક પેટીમાં નાંખી તે લોકોની પાસે લઈ ગયા, અને ફરમાવ્યું કે, આ કિતાબે ખુદા છે. મને હ૦ રસુલે ખુદાનો હુકમ હતો. કે આ કુર-આનને તમારી પાસે લાવું. તાકે કયામતને દિવસે ખુદાવંદ

કરીમની પાસે તમારી કોઈ હુજ્જત બાકી ન રહે. તે વખતે જવાબ મળ્યો, "કે અમને કુરઆનની કશી જરૂર નથી." [ અય અહેલે ઈસ્લામના ફિરકાઓ ! ગોર કરો, હ૦ અલી અ૦ ફરમાવે છે કે ખુદાની કિતાબ આ છે. નકે દુનિયામાં ચાલુ કુરઆન જે ખલીફાઓનો જમા કરેલો છે તે, ખલીફાએ અવ્વલ સાફ જવાબ આપે છે કે, તમારા કુરઆનની કશીએ જરૂર નથી. આથી સાફ ચોકખું માલુમ થાય છે કે, ચાલુ કુરઆનને બુતપરસ્ત અસનાઅશરીઓ અલ્લાહનું કલામ નથી સમજતા, બલ્કે ઉસ્માની સમજે છે. અય હાજીએમન ! અય ગુમરાહ મી. ગૈન ! વિચારો ! આ મારૂં લખાણુ સત્ય છે યા નહિં ? તમારી કિતાબનો ઉતારો બરાબર છે યા નહિં ? હમણાં તમારા લખાણથી એક કુરઆન અસલી અને બીજું નકલી સાબિત થાય છે કે નહિં ? તેનો તમારી પાસે શું જવાબ છે ? જરા તસ્દી લઈ ફરમાવી દેશો ? ) "હ૦ અમીર અ૦ ફરમાવવા લાગ્યા કે, આવી વાતચિત થવા વિશેની મને હ૦ રસુલે ખુદાએ અગાઉથી ખબર આપી હતી. પણ ઇતમામે હુજ્જત માટે આ કિતાબુલ્લાહ હું તમારી પાસે લાવ્યો છું પરંતુ હવે તે તમને નહિં મળે. જ્યાં સુધી મારા ફરજંદમાંથી એક કાએમ થશે, તે જ્યારે દુનિયામાં જાહેર થશે, ત્યારે પોતાની સાથે લાવશે. તે પછી ત્રીજા ખલીફાનાં વખતમાં કેટલીક આયાતોને અસહાબો પાસેથી ભેગી કરી અને જે

જે આયતોમાં અહેલે બેતનાં દુશ્મનોનું ( કુફ્રનું ) બયાન હતું. તે અને જે આયાતોમાં હ૦ અમીર અ૦ ની ફઝીલતોનું બયાન હતું. તે આયતોને કાઢી નાંખીને કુરઆન જાહેર કરેલ છે. અલી બીન ફાઝીલ કહે છે કે, મેં બીજા ઘણા મસલા સયદને પૂછયા જે હાલ મારી પાસે પુસ્તકનાં આકારમાં છે. તે હું મોમિનો સિવાય કોઈને બતાવતો નથી. ”

ઇન્સાફ પસંદ ઇન્સાનો ! જે કિતાબ અલ્લાહની હતી, તે તો હ૦ અલી અ૦ સાથે લઇ ગયા, તે સાચી કિતાબ મહેદીની સાથે (અસનાઅશરીઓની માન્યતા મુજબ) ગારમાં મહેફુઝ છે [?] બીજા ઇસ્લામીઓ તે કિતાબુલ્લાહથી બે નશીબ રહ્યા, પણ સાથે સાથે હ૦ મહેદીને માનનારા પણ રખડતા થઈ ગયા ! જેમ પોબીનો કુતરો ન ઘરનો ન ઘાટનો, તેવી વલે થઈ, હમણાં તે બીચારાઓનાં ઇમામ પણ લાંબી સોડ તાણી ગારમાં સુતા છે ! સાથે સાચું કુરઆન પણ દબાવી બેડા છે ! ! જેથી તે બિચારા લાચારોથી બયાઝે ઉસ્માની પ્રમાણે અમલ કરી (ચાલુ કુરઆનને તેઓ બયાઝે ઉસ્માની સમજે છે તેથી) જહન્નમનો રસ્તો ઇખતિયાર કરી રહ્યા છે. આનું પાપ કોના ઉપર ? મહેદી સાહેબ ઉપર કે માનનારા ઉપર ?

કુરઆનમાંથી હ૦ અલી અ૦ ની ફઝીલતોનું બયાન કાઢી નાંખવામાં આવ્યું અને હ૦ અલી અ૦ નાં દુશ્મનોની

બુરાઈ ઓ પણ કાઢી નાંખવામાં આવી, ખલીફાએ કોઇ આયાતો ક્યાંથી, અને કોઈ આયાતો ક્યાંથી એકત્ર કરી તે અહનાઅશરીઓને કબુલ નથી ! પાછું અલી બીન ફાઝીલ તે વાતો ફક્ત મોમીનોનેજ સંભળાવે છે. જ્યારે હાજી નાજીએ તેની સાથે દુશ્મની કરી તેને છાપામાં લખી મોટો ગુનોહ કર્યો છે. ! હવે જ્યારે હ૦ મહેદી બાદશાહી કરશે. ત્યારે અલી બીન ફાઝલ, હાજીનાજી ને લેખ લખનાર શેઠ મોહમદ જાફરને ફાંસીએ લટકાવશે, કારણકે આ વાત તેમણે બધા આગળ જાહેર કરી ! મૂવા બિચારા લખનાર મુલ્લાંઓ ! !.

પછી એજ પાના ૯૫ માં અલી બીન ફાજલ પૂછે છે કે અય સયદે મન ! હજરત મહેદી સાહેબ ક્યારે પ્રગટ થશે ? તેના જવાબમાં તેઓ ફરમાવે છે કે તેની તો અલ્લાહને ખબર છે ખૂદ હ૦ મહેદી પણ નથી જાણતા ! તોબા તોબા હ૦ મહેદી તો ગાયબના ઈલ્મથી સાફ જાહેલ છે તો તમો પોતેજ લખો છો અય નાજીએ મન ! અજીજે મન ! અય ગુમરાહ ગૈન ! આ તમારો કેવો ઈમામ ? કે જેને પોતાની પણ ખબર નથી.

ખરૂં પૂછો તો ગારમાં પણ નથી, નથી ગુમ, તમારી પાસે અલ્લાહનું સાચું કલામ પણ નથી. જ્યારે આવી હાલત છે, ત્યારે તમારા દીન-ધર્મમાં ઘાસની ફુલફુલો તાજીઆ,

ઘોડા, હાથી, જુલા એ તમારા ફાળામાં આવ્યા છે તે જોઈ જોઈને ઉમ્મરભર રોતા રહેજો. ખરેખર ! તમો બુત પરસ્તોજ છો. તમોને કોઇ પણ ઇસ્લામી નહિં સમજે.

૨ રાહે નજાત ફી. ૧૭ મી હીસ્સો ૯ મો પાનું ૨૬૭.

( " જનાબ મોલાના વ મુજતેહદુલ અસર સૈયદ આકા હુસન સાહેબના ફતવા. "

સવાલ—કેટલાક આલીમો લખે છે કે કુરાનમાંથી કંઈ ઓછું પણ થયું છે. ખુદાએતાલા તો તે વિષે ફરમાવે છેકે "ઇન્નાનહુનો નઝ્ઝલનઝ ઝક્ર વઈન્ના લહુલ હાફેઝુન" એટલે ખરેખર અમોએ ઝીક્રને નાઝીલ કર્યો અને ખરેખર અમો તેની હીફાજત કરવાવાળા છીએ આ ઉપરથી જણાય છે કે તેમાંથી કંઈ ઓછું થવું ન જોઇએ. આ વિષે શું સમજવું ?

જવાબ—આ જગ્યોએ ઝિક્રથી મુરાદ કુરાન નથી કેમકે જો કુરાન મુરાદ હોય તો કુરાનને હીફ્ઝ કરનાર (મોંઢે કરનાર) ને કોઇ કત્લ કરી શકે નહિ પણ ઘણા કુરાને-શરીફને બાળી નાખવાનું અને હાફીઝોને કતલ કર્યાનું મશહુર છે, અહીંઆં ઝિક્રથી મુરાદ હ૦ રસુલે ખુદા સ૦ છે. કેમકે કુરાનમાં ખુદાએ તેવણ હજરતને ઝિક્ર કહીને યાદ કરેલ છે. એક જગ્યાએ છે કે " અમોએ ઝિક્રને મોકલ્યો કે તે રસુલ છે આથી ખુદાનો મતલબ એ છે કે

હું મારા રસુલની હીફાજત કરવાવાળો છું કે મોહમદ સ૦ ને કોઈ કતલ કરી નહિ શકે.

કુરાને શરીફમાંથી ઓછું થવા વિષે સુન્નિ અને શિયાની કિતાબોમાં લખાએલ છે. તેમજ કુરાનેશરીફની આયતો ગોઠવવામાં ફરક થયેલો છે. આ વિષે તો સુન્નિ અને શિયા બન્ને એકમત છે કેમકે મદની આયતો મક્કી સુરામાં અને મક્કી આયતો મદની સુરામાં દાખલ કરેલ છે અગર ખુદા કુરાનને સંપૂર્ણ રીતે સાચવનાર હોય તો એ આયતો આગળ પાછળ કોઈ રીતે કરી શકત નહિ આને લઈને હાલમાં કેટલીક અડચણો આવી પડે છે ઉપરાંત તેથી એમ પણ મુરાદ થઈ શકતી નથી કે ઉમ્મતના લોકો તેમાં ઓછું કરી ન શકે અને એમ પણ થઈ શકે છે કે ઉમ્મત જોકે કુરઆનમાં ફેરફાર કરે પણ ખુદા તેની હીફાજત ઈમામની મારફતથી કરશે એટલે દરેક જમાનામાં જે પ્રમાણે કુરાન નાઝીલ થયું છે તેજ પ્રમાણે સંપૂર્ણ હાલતમાં ઈમામની પાસે રહેશે. અને આવું સંપૂર્ણ કુરાન હાલમાં બારમા ઇમામ પાસે મોજુદ છે.

હાઝીનાઝીની આ બીજી દલીલ છે તેમાં પણ હાલના ચાલુ કુરાન વિષે તેમના વિચાર સ્પષ્ટ થઇ જાય છે. અથવા ચાલુ જમાનાના મુજતેહદનાં ફતવા આપ વાંચી ચુક્યા કે કુરાનમાંથી આયતો નીકળી ગઈ છે. કુરાન બાળી નાંખવામાં

આવ્યું છે. સાચું સંપૂર્ણ કુરાન હ૦ મહેદી પાસે સામરાનીગારમાં છે. અફસોસ! જમાનાના ઈમામ વિષેની માન્યતા કેવા પુરાવાથી રજુ કરે છે. જમાનાનો ઇમામ ગેબ, સાચું કુરાન પણ તેની સાથે ગુમ, ખુદા રહેમ કરે તે બીચારાઓની હાલત ઉપર.

૩ રાહેનજાત ઠી. ૧૩ મી હીસ્સો ૫ મો પાનું ૧૫૦ લેખ નામે "આ દુનિયા શિવાય બીજી દુનિયા".

આ લેખમાં તો ઠંડા પહોરની ગપાસ્ટકો હાંકવામાં આવી છે તે ઉપર પાના ૧૫૧ માં હાજી સાહેબ ફરમાવે છે કે "ઈમામ જાફરે સાદક અ૦ તે નવી દુનિયાવાળાઓનું વર્ણન કરે છે કે જેવી રીતે અમોએ તેમને કુરાન પઢતાં શિખવાડયું છે. તેજ મુજબ તેઓ પઢયા કરે છે. મજકુર કુરાનમાં કેટલીક બાબતો એવી છે કે જો અહીંના લોકો આગળ રજુ થાય તો તેઓ કાફર થઈ જાય, તેમ કુરાનની કોઈ બાબત સમજમાં નથી આવતી તો તે અમને પુછી લે છે. જ્યારે અમે તેમને બતાવીએ છીએ ત્યારે તેઓનાં દીલ મોટાં અને રોશન થઈ જાય છે."

અય ઇમાનદારો! આ ત્રીજી દલીલથી હાજી નાજી જણાવે છે તેમ કુરાન બે પ્રકારનાં છે. એક ગુપ્ત અને બીજુ દુનિયાનું ચાલુ કુરાન તેમના જણાવેલા ગુપ્ત રાનમાં કોઈ એવી બાબત હશે કે જે વાંચતાં અહીંના ઇસ્લામીઓ

કાફર થઈ જાય. મુસલમાન કાફર ક્યારે કહેવાય છે કે જ્યારે વહેદતમાં શિર્ક કરે. કદાચ તે કુરાનમાં તેઓના મહેદી સાહેબને ખુદા તરીકે માનવાનું ફરમાન હશે. યા અલી અલ્લાહનો કોઈ મસલો હશે. આ નક્કી કરવાનું કામ મોલાના હાજીનાજીનું છે.

જ્યારે સસલાનું મોત આવે ત્યારે શિકારીનાં ઘર ખોળતું જાય! વિનાશકાળે વિપરીત બુધ્ધિ! તેમ મી. ગેન જેવા ગુમરાહને અવળીમત સુઝી કે તેણે આગાખાનીઓનાં પોકળ ખોલવાની હિંમત કરી અને તેથી કરી મારે કલમ ઉપાડવી શરૂઆત થઈ. તેના જુઠા ધર્મની પોલંપોલ વાંચી દુનિયાં તે ટોળાથી સંભાળતી રહેશે. જગતના ઇસ્લામીઓ કયામત સુધી મારા હકમાં દુવાએ ખેર કરતા રહેશે. મેં તો જ્યારથી તેના પુસ્તકમાં જુઠનો ડંકો વાંચ્યો છે ત્યારથીમને ઘણી ખુશી પ્રાપ્ત થઈ છે કે મને લખવાનો ચાન્સ મળ્યો.

વાંચક! ભુલાવે ન ખાજો. પેલી દુનીયામાં જેવા અલી બીન ફાજલ ગયા ત્યાં હ૦ મહેદીની ખાસ રાજયધાની છે. બાજી નવી દુનિયાં તો ઇમામ જાફરે સાદક અ૦ ના જમાનામાં હતી તેમ હાજી નાજી લખે છે. ખબર નથી પડતી કે આવી નવી દુનિયાઓ અસનાઅશરીઓએ કેટલીક હાથ કરી હશે, જૂઠા દિલાસાઓ આપી ભોળા માણસોની સાથે ઠગબાજી કરી રહ્યા છે. એ ધુતારાઓના મઝહબની બધી

વાતો ઘણું કરીને ઇન્સાનની અક્કલની બહાર છે. જાણે કે હવાઇ કિલ્લા! સમજુ માણસો તો ઝટ સમજી જશે કે આ તો બધા ગપગોળા છે.

હવે બીજા ત્રણ દાખલા એવા આપું છું કે જે વાંચી આપને ખાતરી થશે કે અસનાઅશરીઓને કુરાન ઉપર ઇમાન નથી. કુરાન અલ્લાહનું કલામ નથી. પણ હ૦ અલી અ૦ નું કલામ છે તેવી માન્યતા તેઓ ધરાવે છે.

મૌલાના નાજી, કિતાબ નામે **લેઅલોઓ વલ મરજાન** પાનું ૫૦ માં આપ લખો છો કે પછી આપે (રસુલે ખુદા સ૦) હ૦ અલી અ૦ ની વિલાદત વિષે ટુંકમાં ફરમાવ્યું કે હઝરતઅલી અ૦ પેદા થયા પછી થોડાજ વખતમાં જીબ્રઇલે અવાજ આપી કે યા મહોમદ અલીને લઈ લો તેથી મેં તેમને લઇ લીધા આ વખતે હ૦ અલીએ પોતાનો જમણો હાથ જમણા કાન ઉપર રાખીને લાંબા સાદે, અઝાન તથા એહકામા આપીને ખુદાની વહેદાનીયત તથા મારી પેગમ્બરીની શહાદત (ગવાહી) આપીને મારી સામે જોઈ સલામ કરી. અસ્સલામો અલયકા યા રસૂલીલ્લાહ પછી પૂછયું કે યા હ૦ જો રજા આપો તો હું કંઈ પઢું મેં કહ્યું કે ભલે પઢો, હું એ ખુદાની કસમ ખાઇને કહું છું કે જેની કુદરતના કબજામાં મારી જાન છે. હ૦ અલીએ પઢવું શરૂ કર્યું. પહેલે હ૦ આદમના સહીફા કે જે તેમણે

પોતાના વસી (શિશ) ને આપ્યા હતા તે એવી રીતે શરૂઆતથી આખર સુધી પઢયા કે, જો શિશ હતેતો કહેતે કે મારા કરતાં હ૦ અલી સારી રીતે પઢી જાણે છે. પછી હ૦ નુહ અ૦ અને હ૦ ઇબ્રાહીમ અ૦ ના સહીફા પડયા તે પછી એવી રીતે તીલાવત કરી કે હ૦ મુસા હતે તો કબુલ કરતે કે મારા કરતાં હ૦ અલીને તવરેત સારી રીતે ઝબાની યાદ છે તે પછી ઇન્જીલની તીલાવત કરી જો હ૦ ઇસા હતે તો માન્ય રાખતે કે મારા કરતાં હ૦ અલીને સરસ આવડે છે તે પછી કુરાને-શરીફ જે મારા ઉપર નાઝીલ થયું છે તે હજુ તો સાંભળ્યું પણ નહતું છતાં હ૦ અલીએ તેની પણ તીલાવત કરી ત્યાર બાદ મારી સાથે એવી રીતે વાતો કરી કે જેવી રીતે નબીઓ અને વસીઓ વચ્ચે વાતચિત થાય છે. પછી બચ્ચા જેવી હાલતમાં આવી ગયા."

આ ઇબારતથી ચોકખે ચોકખું જણાય છે કે જેમ ઈસ્લામી આલમ એઅતેકાદ રાખે છે કે કુરાન શરીફને હ૦ પેગમ્બર સ૦ પર હ૦ ઝીબ્રઇલ અનુક્રમે ટુકડે ટુકડે લઈ આવ્યા. જેમ જેમ પેગમ્બરે ખુદાને જરૂરત પડતી હતી તેમ તેમ ફરમાન લાવતા હતા. આમાંની કેટલીક આયતો મનસુખ થઈ (રદ થઈ) અને સંજોગ પ્રમાણે કુરાન નાઝીલ થયું.

પણ અસનાઅશરી (૭૩) ફીરકાઓથી ઉલટી માન્યતા

રાખે છે કે હ૦ અલી અ૦ પેદા થતાં સર્વ નબીઓના બધા સહીફા અને બધી કિતાબો વાંચી ગયા પણ ખુદ પેગમ્બરે ખુદા રસુલ સ૦ ખુદાના સોગંદ ખાઇને ફરમાવે છે કે હજુ કુરાન શરીફ સાંભળ્યું પણ નહતું છતાં હ૦ અલી અ૦ પઢી ગયા. આ હિસાબે રસુલ (સ૦) વધે કે જિબ્રઇલ અ૦ વધે કે હ૦ અલી અ૦ ? આનો ફતવો તો વાંચક આપશે. દર હકીકત હ૦ જિબ્રઇલનું નામ વચમાં લાવવું એ ઢોંગ ધતુરા છે હ૦ રસુલ સ૦ ને હુકમ આપનાર હ૦ અલી અ૦ હતા આમાં ખુદાનું નામ બુત-પરસ્તો લાવે છે તે તકીયા તરીકે જુઠ બોલવું જાઇઝ સમજીને. જ્યારે હ૦ અલી અ૦ પહેલેથી બધું જાણતા હતા ત્યારે પેગમ્બરે ખુદાને તેઓ ફરમાવી દેતા હશે. જો રસુલે ખુદા વચમાં જિબ્રઇલનું નામ ન લીએ તો માણસો માને નહિ અને તેથી પેગમ્બરે ખુદા ઉપર કેવી તહોમત આવી પડે તેનો વિચાર દુનિયાના ઇસ્લામીઓએ કરી લેવો.

બીજી બાબતમાં હાજી નાજી લખે છે કે હ૦ શીશ, હ૦ નુહ, હ૦ ઇબ્રાહીમ, હ૦ મુસા, અને હ૦ ઇસા માન્ય રાખતે કે અમારા ઉપર નાજીલ થયેલ કિતાબ, સહીફા હ૦ અલી અમારાથી સારી રીતે પઢી જાણે છે આ ઉપરથી તે થઇ ગયેલા નબીઓને જાહેલ સમજે છે કે તેઓ ઉપર ઉતરેલી કિતાબો પણ સારી રીતે પઢી શકતા નહતા. આવા ટોળાની માન્યતા સર્વ ઇસ્લામીઓએ ધ્યાનમાં રાખવા જેવી છે.

હાજી નાજી પોતે લખેલ કિતાબ હકીકતુલ મુસાવાતમાં શરૂઆતમાં મોટા અક્ષરે સાફ સાફ લખે છે કે:

એ મુર્તજા રસુલોંકી પેગમ્બરી નહિ,
વોહ બંદએ ખુદા નહિ, જો હૈદરી નહિ.

મતલબ જો મુર્તજા હ૦ અલી અમીરૂલ મોમનીન અ૦ દરેક પેગમ્બર (એક લાખ ચોવીસ હજાર) ની સાથે નહોતે તો તેઓ પેગમ્બરનું કામ ચલાવી નહિ શકતે અથવા પેગમ્બરીથી ખારેજ થતે. જે હૈદરી નથી. તે ખુદાના બંદા નથી.

આ જગ્યાએ સવાલ પેદા થાય છે કે દુનિયામાં ખારજી, નાસબી, યઝદી, અથવા કાફરો હૈદરી નહતા. તો તે ખુદાના બંદા નથી તો કોના છે? હાજી નાજીના બંદા છે? તેઓનો બીજો ખુદા કયો છે? ખુદાતો એકજ છે, વળી સર્વ મનુષ્યો હૈદરી ક્યાં છે? સાચી વાત તો એ છે કે એ જાહેર ટોળાને કંઈ પણ ખબર નથી કે પોતે શું લખે છે અને તેની મતલબ શું છે. અલી અ૦ ની નુરાનીયત શું છે? લેખકો જ્યારે લખવા બેસે છે ત્યારે કેટલા નિશામાં લખે છે તેની ખબર નથી પડતી. વળી વાંચક વાંચતી વખતે ડબલ નિશાની હાલતમાં વાંચે છે. સાચું પૂછો તો અસનાઅશરી ધર્મનો (મઝહબનો) કંઇ ઢંગધડો નથી. તેઓનો ઉસુલી પાયોજ નબળો છે. આ ધર્મના બાનીકાર પોતાના શિષ્યો એમ સમજાવે છે કે ધર્મના કામમાં કયાસ નકરો.

જે લખી ગયા તેમાં જો અક્કલની સાથે કામ લેશો તો કાફર થઈ જશો અને જહન્નમમાં જશો ( રાહે નજાત ઉપ-રથી આથીજ આજે અસનાઅશરી કોમ પાયમાલ થઈ રહી છે જો અક્કલની સાથે સવાલ કરે છે તો કાફરનો ફતવો મુજ-તેહદોએ તૈયાર કરી રાખેલ છે ! બિચારા ચુપચુપ ઢોરની માફક ચાલ્યા કરે છે !

## " કુરાન, હદીસ અને સુન્નતે નબવીથી ઉમ્મતને કંઇ પણ ફાયદો નથી ? "

૨. કિતાબ હદીકે શિયા પાનું ( ૧૩૫ ) કર્ત્તા હાજી નાજી. આમાં હસ્સામની એક મોટી રિવાયત લખી છે તેનો સત્ય ઉતારો રજુ કરૂં છું.

લખે છે કે હશ્શામ આ વખતે જવાન હતા અને ઈલ્મ, અક્કલ તથા હોશિયારીમાં એક્કા હતા. તેઓ એક વખતે મજલીસમાં આવ્યા. હ૦ તેની તાઝીમ કરી અને તેમના માટે જગ્યા ખાલી કરી આપી. પછી આપે ફરમાવ્યું કે તમે પોતાનાં દિલ, જીભ અને હાથવતી અમારી મદદ કરનાર છો. આપના કેટલાક અસહાબોએ એક શામી સાથે વાદવિવાદ કર્યો ( એ શામના મુલકમાંથી ઇમામ જાફરે સાદક અ૦ ની સાથે મુનાજરો ( વાદવિવાદ ) કરવા માટે આવ્યા હતા ) પણ તેમના ઉપર ફતેહ પામ્યા નહિ તે વખતે હ-જરતે એ શામીને ફરમાવ્યું તું આ જવાન ( હશ્શામ )

સાથે મુનારેજકર. શામીએ કહ્યું. ઓ! હુશ્શામ તું આ શખ્સની ઇમામત વિષે મારી સાથે વાતચિત કરીશ નહિ. આવા બેઅદબી ભરેલા કલામ સાંભળીને હુશ્શામને ગુસ્સો આવી ગયો. અને પૂછયું ઓ! મરદુદ કહેકે "મખલુકાતની ઉપર ખુદાવન્દે કરીમ વધારે મહેરબાન છે કે મખલુકાત પોતે પોતાના હાલ ઉપર વધારે મહેરબાન છે?" તેણે જવાબ આપ્યો કે "બલ્કે ખુદાવન્દે કરીમ ઘણો વધારે મહેરબાન છે."

"સવાલ—પોતાની મખલુકાત સાથે એ મહેરબાનીથી તેણે શું કર્યું?"

"જવાબ—તેણે મલાયક માટે એક હુજ્જત અને રેહનુમા મુકરર કર્યો, કે એથી કરી લોકો વિખરાઈને જૂદા જૂદા ન થઇ જાય અને તેઓ વચ્ચે કંઇ મતભેદ પડે નહિ. અને એ હુજ્જત તથા રેહનુમા તેઓના તમામ કામનો બંદોબસ્ત રાખે અને પરવરદિગારે ફરજ કરેલી બાબતોથી જાણીતા કરે."

"સવાલ—તે હુજ્જત અને રેહેનુમા કોણ છે?"

"જવાબ—તે હ૦ રસુલ છે."

"સવાલ—હ૦ રસુલની પછી કોણ હતું?" (એટલે ખુદાએ કોને હુજ્જત અને રેહનુમા મુકરર કર્યા.)

"જવાબ—ખુદાની કિતાબ અને રસુલે ખુદાની સુન્નત."

"સવાલ—તો કહો કે આ જમાનામાં ખુદાની કિતાબ અને રસુલની સુન્નતે આપણને કંઈ ફાયદો પહોંચાડયો છે? વળી આપણામાંથી મતભેદ દૂર કર્યો છે?"

"જવાબ—હા."

"સવાલ—જો એમજ હોય તો તારી અને અમારી વચ્ચે શામાટે મતભેદ છે? આ મતભેદના સબબથીજ તું શામથી અમારી સાથે વાદવિવાદ કરવા આવ્યો છે."

"આ સાંભળીને એ શામી ચુપ થઈ ગયો. અને એ વાતનો કંઈ પણ જવાબ આપી શકયો નહિ. તે વખતે ઈમામે જાફરે સાદિક અ૦ મે શામીને કહ્યું કે આનો જવાબ શામાટે આપતો નથી? તેણે કહ્યું અગર હું એમ કહું કે આપણી વચ્ચે મતભેદ (જુદાઈ) નથી. તો તે તદ્દન ખોટું છે. અને જો એમ કહું કે કિતાબ અને સુન્નત તરફ રજુ કરીએ તો એ બન્ને આપણો મતભેદ દૂર કરી આપશે તો એ પણ ખોટું છે. કેમકે એ બન્નેમાંથી ઘણી બાબતો નીકળી શકે છે એટલે કે દરેક જણ પોતપોતાના મતલબ પ્રમાણે તેનો અર્થ કરે છે. જો હું એમ કહું કે આપણે પરસ્પર મતભેદ રાખીએ છીએ છતાં બન્ને હકક ઉપર છીએ તો એ વખતે કિતાબ અને સુન્નતથી આપણને કંઈ ફાયદો થતો નથી. તો આ વિષે હું પોતે હેરાન થયો અને એનો ખુલાસો પૂછવા ચાહું છું. હજરતે ફરમાવ્યું

ભલે તમે પૂછો, હશ્શામ તમોને જવાબ આપશે. એ વખતે શામીએ હશ્શામને એજ સવાલો પૂછયા કે ખુદા પોતાની મખલુકાત ( દુનિયા ) ઉપર વધારે મહેરબાન છે કે મખલુકાત પોતા ઉપર વધારે મહેરબાન છે ? હશ્શામે કહ્યું બલકે હકતાલા ઘણો વધારે મહેરબાન છે. શામીએ પૂછયું કોઈ એવો શખસ મુકરર કર્યો છે કે જે તેઓમાં થતા મતભેદને દૂર કરે અને તેઓની હાલતને સુધારી હકક અને બાતીલ ( જૂઠાણું ) ને જાહેર કરી આપે, હશ્શામે કહ્યું શું હ૦ રસુલે ખુદા સ૦ ના જમાનાનો હાલ પૂછે છે કે આ જમાનાનો ? શામીએ કહ્યું, હજરત રસુલે ખુદાના જમાનામાં તો તેઓ પોતેજ હાકેમ હતા. પણ આ જમાનામાં એવું કોણ છે ? હશ્શામે કહ્યું આ એજ બુઝુર્ગવાર છે જેઓ અહીં બેઠા છે તેઓ. ( એટલે હજરતે ઇમામે જાફરે સાદિક અ૦ )

અહીં હાજીનાજીના હદીકે શિયાની ઇબારત પૂરી લખી. હવે તેનો સાર શું નીકળે છે તે સમજવાની ઘણી જરૂર છે. વાંચક ! આ ઉપરથી એક નાનો બાળક પણ કહી શકશે કે અસનાઅશરીઓની ચોકખી માન્યતા છે કે ખુદાની કિતાબ અને સુન્નતે નબવીથી ઇસ્લામીઓને કંઇ પણ ફાયદો નથી પહોંચતો. જેટલો કે ઇમામે ઝમાનથી પહોંચે છે. અહીં હાજીનાજી તાવીલો ( અર્થ કરનાર ) ને પોતપોતાનું મત મતાન્તર સમજાવવા કોશશ કરે છે અને રસુલ (સ૦)ના

જમાનાનો હાકિમ રસુલ (સ૦) હતા પણ તે જમાનાના હાકિમ ઈમામે જમાન હ૦ ઈમામે જાફરે સાદક અ૦ ને બતાવે છે. તે ઇમામે જમાન વગર હદીસ, કુરાન અને સુન્નત નકામાં કરી નાખે છે.

દર હકીકત તે જમાનાના અસનાઅશરીને એટલી ખબર નહુતી કે અમારી સાથે મહેદી પણ દગલબાજ થઈ શામરાની ગારમાં જઈ આરામ ફરમાવશે. અને અમારા લખાણો ઉલટાં અમારી મુસીબતનાં કારણરૂપ થઈ પડશે. હમણાં જો **બુત પરસ્તોને** પૂછીએ કે જો ખુદાની કિતાબ અને સુન્નતે નબવી કંઇ ફાયદો નથી પહોંચાડતી તો આ જમાનાનો ફેંસલો કરનાર કોણ છે? તો તેઓની પાસે આનો જવાબ બીલકુલ નથી નથીને નથીજ. જો તેઓ એમ જવાબ આપે કે અમારો ઇમામ છે પણ ગેબ થઇ ગયો છે. તો તેવી રીતે શામીએ પણ કહ્યું હતું કે રસુલ છે અને તેની સુન્નત અલ્લાહની કિતાબ છે તો તેથી તે પણ સાચો હતો અને ઈમામ જાફરે સાદક અ૦ ની જરૂરત નહુતી! આથી તેઓનું લખાણ ખોટું થાય છે, તેઓ એમ તો જવાબ નહિ આપે કે મહેદી ગારમાંથી નવા સરકયુલર કાઢે છે. અને અમો તે પ્રમાણે ચાલીએ છીએ, કારણ કે આવા સરકયુલર દુનિયાને બતાવવા પડે. ઓ મી. ગૈન! કુદરતે તમારાં મુલ્લાં મુજતેહદોને એવા મુંઝાવ્યા કે આગળ પાછળનો ખ્યાલ રાખ્યા સિવાય પોતાને હાથે પોતાની પાયમાલી કિતાબો

દ્વારા કરી ગયા છે. એટલે આ બાબતથી પણ તમો કુરાન અને સુન્નતે નબવીથી ખારીજ છો અને તેથી તમો ઈસ્લામની દાવેદારી નથી કરી શકતા તમો મુસલમાન નથી! તમારો કોઈ દિન ધર્મ નથી! ખરેખર! તમો બુતપરસ્ત છો.

**ખરૂં સાચું કુરાન હમેશાં અલ્લાહ તરફથી જમાનાના ઇમામ ઉપર નાજલ થાય છે. મહેંદી પાસે જે કુરાન છે તેમાં ચાલુ કુરાનની એક આયત પણ નથી.**

"૩ રાહેનજાત કીતાબ ૩૦ મી હીસ્સો ૬ ઠો પાનું ૩૧૨ મું માહે રબીઉલ આખર સને ૧૩૪૦ લેખ "યદુલ્લાહ આયાતે હક્ક કલામે જનાબે અમીર હય." એટલે ખુદાનો કલામ કુરાને શરીફની આયતો હ૦ અલી અ૦ નો કલામ છે."

"એ હદીસ વિષે જનાબે અબુબસીર કહે છે કે મેં હઝરતે ઈમામે જાફરે સાદક અ૦ ને અરજ કરી કે યા ઈબને રસુલિલ્લાહ, શિયા લોકો પરસ્પર કહ્યા કરે છે કે "હ૦ રસુલે ખુદાએ હ૦ અલી અ૦ ને ઈલ્મના એવા હજાર બાબ શિખવ્યા કે તે દરેક બાબથી હજાર હજાર બાબો ખુલ્લા થયા." આ વિષે આપ શું ફરમાવો છો?"

"તેમણે ફરમાવ્યું કે બેશક હ૦ રસુલે ખુદાએ હ૦ અલી અ૦ ને એવા હજાર બાબ શિખવ્યા કે તે દરેક

બાબથી હજાર હજાર ઇલ્મના બાબો જાહેર થયા. મેં અરજ કરી કે એ ઘણું ઇલ્મ છે."

"આ સાંભળીને આપ થોડીવાર માથું નમાવીને ચુપ રહ્યા પછી ફરમાવ્યું કે હા એ ઇલ્મ છે. પણ તે ઇલ્મ કંઇજ નથી. ઓ અબુ મોહમદ અમારી પાસે **સહીફએ જામેઆ** છે. તમે જાણો છો કે સહીફએ જામેઆ શું છે? તે એ ચીજ છે કે હ૦ રસુલે ખુદાએ પોતે હ૦ અલી અ૦ ને હાથે લખાવેલ છે જેની લંબાઇ એજ હ૦ ના હાથથી ૭૦ ગીતેર હાથની છે. તેમાં ઇન્સાનની તમામ જરૂરીયાતનું ઇલ્મ છે એટલે સુધી કે અગર કોઇને જરાક ઉઝરડો કરે તો તેનો શું બદલો છે. તે પણ તેમાં લખેલ છે. એમ કહીને મને હાથ મારીને ફરમાવ્યું ઓ અબુ અબદુલ્લા, રજા હોય તો હજુ વધારે કહું. મેં અરજ કરી કે ઓ મારા આકા, આપ ઉપર ફીદા થાઉં. આપ મુખત્યાર છો. જે ચાહો તે ફરમાવો."

"પછી આપે મારી સામે એવી રીતે જોયું કે જાણે ગુસ્સામાં હોય? અને ફરમાવ્યું કે એ સહીફામાં એનું પણ બયાન છે કે કોઇને હાથ મારે તો તેના બદલાનું પણ તેમાં જાહેર કરે છે."

"આ સાંભળી મેં અરજ કરી કે ખુદાની કસમ આ તો બહુજ ઇલ્મ છે. આપે ફરમાવ્યું કે હા ઇલ્મતો છે પણ તે કંઇજ ઇલ્મ નથી. એમ કહીને ચુપ રહ્યા. થોડીવાર પછી

ફરમાવ્યું કે અમારી પાસે જફ્ર છે. જફ્રને એક ઉંટનું ચામડું સમજો. જેનો રંગ લાલ છે. તેમાં તમામ નબીઓ અને વસીઓનું ઈલ્મ છે. મેં અરજ કરી, અલબત એ ઈલ્મ તો એથી પણ ઘણુંજ વિશેષ છે."

"આપે ફરમાવ્યું કે હા તે ઈલ્મ તો છે. પણ તે કંઈ ઈલ્મ નથી. અમારી પાસે તો મુસહફે ફાતેમાહ છે. આમાં કુરાનથી ત્રણ ગણી તફસીલ છે. અને આ (ચાલુ) કુરાનમાંથી એક પણ આયત એમા લખી નથી. તેમાં એવી બાબતો છે કે ખુદાએ વહી થકી તેમાં લખાવેલ છે."

"મેં અરજ કરી કે ખુદાની કસમ એજ ઈલ્મ છે. આપે ફરમાવ્યું કે હા, પણ એ તો કંઈજ નથી. આ સાંભળીને મેં અરજ કરી કે જનાબ ઉપર ફીદા થઈ જાઉં આમાં ભારે ભારે તમામ બાબતો સિવાય બીજું શું ઈલ્મ હોઈ શકે?"

આપે ફરમાવ્યું કે ઈલ્મ તો એ છે કે:—" રાત દિવસ તાજું તાજું અલ્લાહ તરફથી મળ્યાજ કરે છે. એક અમર પછી બીજો અમર અને એક ચીજ પછી બીજી ચીજ ક્યામત સુધી ચાલુજ રહે."

"એ સિવાય લખે છે કે એક સખસે અરજ કરી કે યા ઈબને રસુલિલ્લાહ, આપની પાસે તો સહીફએ જામેઆ છે. જેની લંબાઇ સીતેર હાથની છે અને જેની અંદર તમામ બાબતો આવી ગઈ છે."

"આપે ફરમાવ્યું કે નહિ. તે કંઈજ ઈલ્મ નથી. એ તો રસુલે ખુદા સ૦ ના આસાર અને પેગમ્બરોના બાકી રહેલાં ઇલ્મ છે. પણ ઇલ્મ તો એ છે કે અલ્લાહ તરફથી રાત અને દિવસ તાજુંજ અના થયા કરે (મળ્યા કરે.)"

બન્ધુઓ, આ ઉતારામાં અગર જરા પણ અસના-અશરી લોકો ભૂલ બતાવે તો એક હજાર રૂપિયા ઈનામ દેવા તૈયાર છું. આ લખાણ વાંચતાં આપને ખાત્રી થઇ હશે કે:—

૧ હજાર બાબ ઈલ્મના જે રસુલે ખુદાએ હ૦ અલી અ૦ ને શિખવ્યા અને જેમાંથી એકેક બાબના એક એક હજાર બાબ ઈલ્મના જાહેર થયા તે પણ કંઈ નથી.

૨ સહીફએ-જામેઆ જેની લંબાઈ સીતેર હાથની છે અને હ. રસુલે ખુદાએ હ૦ અલી અ. ના હાથે લખાવી છે તે પણ કંઇ નથી,

૩ ઈલ્મે જફર જેમાં તમામ નબીઓ અને વસીઓનો ઈલ્મ છે. જેમાં ખુદ હ૦ રસુલે ખુદા મોહમદ મુસ્તુફા સ. પણ આવી જાય છે તે ઈલ્મ પણ કંઈ નથી.

૪ મુસહફે ફાતેમાહ જે ખુદા તરફથી સીધે સીધું જીબ્રઇલ અ. વહી તરીકે લાવ્યા, તે ચાલુ કુરાન ( હ. ઉસ્માનના જમા કરેલા કુરાનથી ત્રણુ ગણું છે ) માં એની એક પણ આયત નથી. આથી પેગમ્બરે ખુદા કરતાં તો

જન્નતે ખાતુન વધ્યા, પણ તે પણ જ્યારે કંઈ નથી તો પછી હ. ઉસ્માનવાળુ કુરાન ક્યા હિસાબમાં ?

૫ સાચું કુરાન, સાચો ઈલ્મ એજ છે કે હમેશાં રાત દિવસ સવાર અને સાંજ તાજુંને તાજુંજ ઇમામે જમાનને અલ્લાહ તરફથી મળે છે કે જે પ્રમાણે ઉમ્મતને સમજાવી તે મુજબ અમલ કરાવે.

ઓ મહુંદ મી. ગેન કયાં છે તમારો ઇમામે જમાન ? કે જે સવાર અને સાંજના તાજાં તાજાં ફરમાન અલ્લાહ પાક તરફથી મેળવી તમોને સમજાવે ? ગેબતે કુબરામાં તો તમો ઈકરાર કરો છો કે " જે માણસ એમ કહે કે ઇમામને મેં જોયેલ છે, તો તે બે ઇમાન કાફર છે અને જુઠો છે. ઇમામનું પુરેપુરૂં નામ લેવું પણ ગુનાહે કબીરા છે. " તો પછી અલ્લાહના તાજાં ફરમાનો તમોને કયાંથી નસીબ થાય. તમારા ગુમરાહ લોગોને એટલીએ ખબર નથી કે ગારની ગેબી ગુફામાં કેવા કેવા ફરમાન ઉતરે છે ! નમાઝમાં, રોઝામાં, જકાતમાં, ખુમસમાં અને રોવા કુટવામાં હમણાં ખુદાની કેવી ઇચ્છા છે ? તેમાં કંઇ ફેરફાર થયો છે કે નહિ ? આ બધું તમોને કયારે સમજાય ? તમો તો અંધારામાં અથડાઈ જુઠા કર્મ કર્યા કરી જહન્નમજ અખત્યાર કરશો.

જ્યારે બધા ઇલ્મો કંઈજ નથી. અને સાચા ઇલ્મ

વાળું સાચું કુરાન મહેદી સાથે સામરાનીગારમાં છે. એ ગા-
રને ત્યાંના હકીમોએ તો ધતિંગ સમજી પૂરાવી દીધી છે!
(હવે તે ગુફાની સુરંગ–બાકું–બીજે ક્યાંય કર્યું છે કે નહિ?)
ત્યારે તમારા ધર્મનો આધાર શું છે? તમારા મુલ્લાં
મોલવીઓ આલેમો, મુજતેહદો, અલ્માસીરહુઓની કિંમત
એક કોડીની થઇ જાય છે કે નહિ? તે બિચારાઓ પાસે
પણ કંઈ નથી! ઇલ્મે જફ્ર નથી! ઇલ્મે સહીફએ જામેઆ
નથી! હજાર બાબનો ઈલ્મ નથી! મુસહફે ફાતેમા નથી!
"માકાના વ મા યકુન" નું પણ ઇલ્મ નથી! સાચું કુરાન
નથી! તેમ ઇમામે જમાન પણ નથી! પછી છે તો શું છે?

આનો જવાબ હું પોતેજ આપી દઉં, તાજીયા છે!
ઘોડા છે! ઘાસની ફુલ ફુલો છે! પંજા છે! ઝુલા ખાટલા
છે! રોવાનું છે! માથું પીટવાનું છે! આગમાં પડી બળી
મરવાનું છે! ઇસ્લામીઓમાં ઝલીલો ખ્વાર થવાનું છે!
મુતા જેવી હરામ કારીમાં ફસાઈ જહન્નમમાં જવાનું છે!
અહલે ઈસ્લામને ગાળો આપી નર્કમાં જવાનું છે! તમારા
બેઇમાન ટોળાની સગવડ ખાતર ખુદા પણ ભુલી
જાય એવા મસલા છે! ગુપ્ત અવયવો ઉપર ચુમ્બનો
દેવાની કુતરા જેવી ખાસિયત છે! તેમજ યોનિમાં આંગળાં
નાખવાનાં છે! દોસ્તો, તમારા કાળી પાઘડીવાળાઓએ
તમારા માટે એવા એવા ઘણાએક શયતાની રસ્તા તૈયાર
કરી રાખ્યા છે!

તમારૂં ટોળું શયતાની છતાં ઈસ્લામી હોવાનો દાવો! લાહોલવલ્લાહ.

હવે હાજીનાજીની એક દલીલ આપી પછી બીજા મુલ્લાંઓની દલીલ આપીશ. હાજીનાજી અલહાદી (જે મીરજાઇઓની રદમાં લખી આપી છે તે) માં મહેદીના પેદા થવા બાબતમાં સાફ લખે છે કે તે "સાચું કુરાન સાથે લાવશે." આથી આ દુનિયામાં સાચા કુરાનને બદલે ખોટું કુરાન ચાલે છે એવું સ્પષ્ટ સાબીત થઈ જાય છે.

તે અસનાઅશરી ટોળાના બીજા આગેવાન મી. અજીજ કે જેવણુ પોતાને મોટા ખાન સાહેબ સમજે છે અને એવી નાદાનીયતની મગરૂરીમાં પોતાને મુસન્નીફ સમજી ઈસ્માઈલીઓ તેમજ સુન્નિઓની રદમાં પુસ્તકો લખે છે. તેવણે સુન્નત જમાયતની રદમાં એક પુસ્તક નામે "દાવએ સિદક અલ્લાહ ગસએ પ્રીદક" લખ્યું છે. તેમાં તેણે ચાલુ કુરાનનો ઈનકાર, સાચું કુરાન બાળી નાખવામાં આવ્યું તે અને તે કુરાન બાળી નાખનાર ત્રણ ખલીફાઓ (કે જેને સુન્નત જમાયત પોતાના પેશ્વા સમજે છે.) સંબંધી એવી નાલાયક જબાન ચલાવી છે કે જો તે પુસ્તક કોઈ પણ સુન્નત જમાત વાળો વાંચે તો તેને લાખો કરોડો લાનતો આપ્યા સિવાય રહેજ નહિ બલ્કે અસનાઅશરી બુતપરસ્ત ટોળાને ખારજી તેમજ બેઈમાન તરીકેજ સમજે.

મજકુર પુસ્તકમાં જીન્નતે ખાતુન તરફથી ખુદાની

હજુરમાં એક અરજી રજુ કરે છે. ખુદાપાક ઈન્સાફ કરવા આવી બેસે છે. ગલાઝ અને શદ્દાદ ફીરસ્તા ગુન્હેગાર તરીકે અને હ૦ અબુબકર, હ૦ ઉમર તથા હ૦ ઉસ્માનને કેદી તરીકે હાજર કરે છે. પછી અલ્લાહપાક અને ખલીફાઓની વચ્ચે સવાલ જવાબ થાય છે તે હું નીચે મુજબ લખી જણાવું છું. ( આ નીચ ટોળાની આવી માન્યતાથી તે કયામતમાં પણ અલ્લાહ પાકને જોઈ શકવાના નથી. હજુ હિસાબ કિતાબ તો કયામતમાં થશે પણ તે કમબખ્ત મુલ્લાંએ **શયતાનુલરજીમનો** પાઠ પુરેપુરો ભજવી બતાવ્યો છે. )

"ખુદા—અલીએ કુરાન એકઠું કરીને તમારી સામે રજુ કર્યું તેને તમોએ કેમ ના મંજુર કર્યું ?"

"ખુલ્ફા—એ કુરાનમાં મુનાફીકીનનાં નામો દરજ હતાં અને વળી એવા કુકૃત્યો બતાવવામાં આવેલ હતાં, કે જેને મુનાફીક અસહાબોએ કરેલ હતાં. ઉપરાંત તેમાં આલે મોહમદની સીફતો દરજ હતી અગર તે કુરાન રિવાજ પામી જતે તો અમો બન્ને એક કોટીના થઇ રહેત. અને આલે મોહમદ જેને મટાડવાની કોશીષ કરી હતી તે એકલા એકના માનીતા થઇ જતે."

"ખુદા—ઠીક, તમે નંબર (૧) અને તમે નંબર (૨) પંદર સોળ વરસ સુધી સલ્તનત કરી એ અરસામાં તેણે કેમ એકઠું ન કર્યું. ?"

"ખુદ્દા–પહેલાં તો અમને એટલું ઇલ્મ ન હતું બલકે એટલા બધા ભોળા હતા કે બીસમીલ્લાહ અને અલહમદોલીલ્લાહ તથા સુબહાનલ્લાહની માયના જાણુતા ન હતા. બીજું અમારો ખ્યાલ એજ હતો કે જે સલ્તનતને ઈમાનબાજી કરીને મેળવી છે. તે તમામ દુનિયામાં ફેલાઈ જાય અને ખુબ રૂપિયા પૈસા ભેગા થાય."

"ખુદા–( ૨ ) નંબરને. તમે અઝાનમાંથી હય અલાખયરોલ અમલ કેમ કાઢી નાખ્યું ?"

"ખલીફા ઉમર–આં હઝરતે ગદીરમાં અલીને પોતાના જાન-શીન જ્યારે બનાવ્યા ત્યારે લોકોને ભેગા કરવા સારૂ બીલાલ એજ શબ્દને પોકારી પોકારી બોલેલ હતા અને એ શબ્દ અઝાનનો એક ભાગ હતો. જેથી સમજવામાં એમ આવતું કે એ શબ્દને અલીની સાથે ખાસ પણ છે જો કે એ ફીરકો ગદીરના બનાવને યાદ અપાવવા વાળો અને અલીની ઈતાયતને સાબીત કરાવવાવાળો હતો. જેથી મેં પોલીટીકલ ખ્યાલથી અઝાનના અરકા-નમાંથી કઢાવી નાખ્યો."

"ખુદા–અસ્સલાતો ખયરૂમ મેન નૌમને અઝાનમાં કેમ દાખલ કર્યું ? તેથી તો નમાઝની કદરમાં ફરક પડી ગયો. નમાઝ દરેક ઇબાદતથી અફઝલ છે, તેને ફક્ત એટલીજ ઈજ્જત દેવી કે ખ્વાબ લેવાથી (૧) નંબર વધુ ચઢાવવોએ શું ?"

'ખલીફા ઉમર—જો કે સવારને વખતે આરામ અને રાતમાં પડયું રહેવું ઘણાઓની તબીયતને પસંદ હતું. હું પોતે પણ એવો હતો. એક દિવસ મારા નોકરે મને એ ફીકરો અજાનની ફસલમાં દાખલ કરાવી દીધો, અમારી પેદા કરેલી સેંકડો બાબતો ઈસ્લામમાં જારી છે. ત્યારે આ એક બાબત ગુલામની સુન્નત તરીકે જારી રહી."

"ખુદા—(૩) નંબરને તમે જરા વિચારીને જવાબ દેજો. તમે સેંકડો કુરાનને ચીરી ફાડી ને કેમ બાળી દીધાં હતાં.?

ખલીફા ઉસ્માન—એ કુરાનમાં કેટલાક શબ્દો વધારાના તથા દોઆ અને કુનુત તથા તફસીરો વગેરેને લગતા હતા એટલા માટે ચીરી ફાડીને ફુંકી દીધા હતા."

"ખુદા—ઇબને મશઉદને કેમ માર્યો ? અબુઝરને શા માટે હદ પાર કર્યો અને અમીર યાશીરને શા વાસ્તે પીટ દેવડાવી ?"

"ખલીફા ઓસમાન—ઇબને મશઉદ પાસેથી કુરાન માગ્યું હતું પણ તેણે આપ્યું નહિ. અગર તે કુરાન બાકી રહી જતે તો મોટો ફીસાદ થતે. માટે થોડાંક ખાસડાં માર્યાં. અબુઝર મને ઉડાઉ સમજીને લોકોને ઉશ્કેર્યા કરતો હતો. મેં મરવાનને તથા બીજા મારા સાસરીયાને બયતુલ માલના માલીક બનાવી દીધા હતા. એથી એ શખ્સ નારાજ હતા, માટે તેને કાઢી મુકયા અમે જ્યારે સખ્ત-

નતના મુકાબલામાં નબીના ઘરને બરબાદ કરી દીધું ત્યારે અબુઝર કયા હિસાબમાં ? અને અમીર યાશીર મીશરના બાદશાહ લોકોનો કાસદ થઈને એક ટીપ મારી પાસે લાવ્યો હતો. જેમાં સેવકના એબ દરજ કરેલ હતા. મને એથી ઘણું માઠું લાગ્યું. જેથી ખુબ પીટ કરાવી."

"ખુદા-તમો કુરાનને ઉલટુ સુલટુ કેમ ગોઠવ્યું ? અમે શુરુએ ઇકરા પહેલે નાઝીલ કરી હતી તેને તમે છેલ્લે કેમ લગાવી દીધી ?"

"ખલીફા ઓસમાન-અમોએ આગળ પાછળનો કંઈ ખ્યાલ ન કર્યો, જેમ સમજમાં આવ્યું તેમ લખી પઢીને ફેંકી દીધાં."

## ( ચુકાદો—જજમેન્ટ. )

" જો કે પ્રતિવાદીઓ દાવા અરજીમાં બતાવેલી કુલ તકસીરોને કબુલ રાખે છે. જેથી હુકમ કરવામાં આવે છે કે તેમને એમના ખેર ખ્વાહો તથા પયરવો સહીત મુનાશીબ મકાનમાં લઇ જવામાં આવે. ગલાજ અને સફાદ ફીરસ્તા એમને ખેંચતા અને લાતો મારતા અમારી સામેથી લઇ જાય. " ( તા રોઝે કયામત )

વાંચક ! ઉપરના લખાણમાં મૌલાના અઝીજે જે કમીની ભાષા વાપરી છે. તે તેનું હલકાપણું અને નીચતા સાબીત કરે છે. પૂરેપૂરા હલકટ અને કમીના ખ્યાલના માણસ સિવાય કોઈપણ માણસ કોઈના પણ પેશવા માટે આવી ગંદી જબાન વાપરે નહિ. જ્યારે એહલે બેતે રસુલ સૈયદ ઈમામે જમાન સુલ્તાન મોહમદ શાહ માટે કમીની ભાષા ચલાવે ત્યારે હ૦ અબુબકર, હ૦ ઉમર, અને હ૦ ઉસમાન માટે આવું લખાણ કરે તેમાં કંઇ પણ અજબ થવા જેવું નથી. કિતાબોમાં તો મશહુર છે કે એહલે બેતનો દુશ્મન હરામજાદો હોય છે આથી મી. અઝીજનાં લક્ષણ તો એવાં લાગે છે બાકી તો ખુદા ખેર કરે. જો હલાલી હતે તો હલાલીઓની જબાન આવી હલકટ હોયજ નહિ. "આદમી પેહચાના જાતા હે ઉશીકે ફૈલસે." તેના આવા હલકટ લખાણથી સુન્નીભાઈઓનાં દિલ કેવાં દુઃખાયાં હશે ! આવી બાબતોથી વેરઝેર ઉત્પન્ન થઈ ખુનરેઝી થાય તેમાં કાંઈપણ શક નથી. !

આફ્રીન જનીકલ્લાહ તો સુન્નીભાઇઓને કે આવા મરદુદનાં લખાણો ઉપર કંઇ પણ ધ્યાન ન આપતાં પોતાની શાન્તી જાળવી બેસી રહ્યા છે. અને તેને કુતરા માફક બકવા દીધો છે.

તેના લખાણથી પૂરેપૂરી ખાતરી થાય છે કે જે કુરા-

નોમાં એટલે બેતની તારીફ હતી અને અસહાબીઓની મજીમત ( બુરાઇ ) હતી. તે હ૦ ઉસ્માને બાળી દીધા હતા. હમણાંનું ચાલુ કુરાન ગલત ( ખોટું ) છે. સહી ( ખરૂં ) નથી.

ઓ અહલે ઇસ્લામીઓ, તમો પણ તે બુત પરસ્તોથી વાકેફ થાવ, તે બેઇમાનોએ મશજીદે ઝરારા બંધાવી તેથી આપણે ઠગાવાનું નથી, જ્યારે તેઓ આવા હલકટ વિચાર પબ્લીકમાં પ્રગટ કરાવતાં ડરતા નથી. ત્યારે તેઓ મશજીદોમાં એટલે ઇસ્લામના પેશવાઓને ખુલ્લે મોંઢે ગાળો દેતા હશે તેમાં શું નવાઇ ! બેશક તેઓ ગાળો આપે છે.

શરૂઆતમાં તેઓની મકરબાઝીની મશજીદો જોઈ કેટલાક ઇસ્લામીઓ રાજી થયા પણ જ્યારે તે મકરબાઝીનાં ઘરોમાં ધતીંગો જોયાં ત્યારે ધિક્કાર કરી તે ટોળાથી અલગ થઈ ગયા. જ્યારે અસનાઅશરીઓ અજાન દીએ છે ત્યારે મુસલમાનો પગોમાંથી જોડા કાઢી ઉભા રહે છે; પણ જ્યારે વચમાં " હાદીયના ઇમામના હાદી ઉલ હક " કરી અજાન પુકારે છે ત્યારે તેઓ જોડા પહેરી ચાલતા થાય છે, તેઓની અજાન ઉપર કોઇ કલમો પણ નથી પઢતા. કારણ કે તેમણે જોઇ લીધું છે કે આ ટોળું મુસલમાન નથી નથીને નથીજ.

ઉપર બતાવેલી અરજીના બીજા કેટલાક ફકરા ટાંકવાનો વિચાર થાય છે પરંતુ આ પ્રકરણમાં તેની જરૂર

જણાતી નથી પ્રસંગ આવ્યે હવે પછી લખીશું. આ પ્રકરણ તો કુરાનના ઈનકાર વિષે છે. તેની બીજી એક બે દલીલો આપી હવે બંધ કરશું. કારણ જો કુરાનના ઈનકારની બધી દલીલો લખતોજ જાઉં તો આખી કિતાબ એ એકજ બાબતમાં પૂરી થઈ જાય. બલ્કે એક હજાર પાનાનું પુસ્તક થઇ જાય. અક્લમંદો માટે તો ઇશારોજ જરૂરી છે.

**અસનાઅશરી ખોજાઓના ત્રીજા હાદી મી. કાબા કે જેના તરફથી નુરે હીદાયત નામનું છાપું નીકળે છે. તે ચાલુ કુરાનને અધુરૂં અને જુઠું સમજે છે. પણ સાચું સંપુર્ણ કુરાન તો સામરામાં મહેદીની સાથે દફન થયેલું જણાવે છે.**

નુરે હિદાયત ચલાવનાર મી. કાબા મરી ગયા છે. પણ તેના ખલીફા મી. અલીભાઈ તેનાજ નામે તે ચલાવે છે. તેમાં તેઓ કુરાન વિષે શું લખે છે તે વાંચી જવા કૃપા કરશોજી.

નુરે હિદાયત પુસ્તક ૯ મું અંક ૬-૭ સને ૧૯૨૫ પાનું (૧૮૫) માં ઇસ્લામના ગૌહર નામે લેખમાં ( જેનાં લેખક મી. નીડર જે અસનાઅશરી મુલ્લાં રહેમાની તરીકે મશહુર છે. જેણે ઇસ્લામી સુધારક નામે છાપું કાઢયું હતું. તે બીજાની ત્રની હજ કરવાના ભાડાના તળે રૂ. ૨૫૦૦) ના

આશરાનો રકમ લઇ કાઠીયાવાડમાં ફરી અને જુદી રીતે ઠગલબાજી કરી પૈસા ખાઈ ગયો, અને જણાવ્યું કે હું હજ કરી આવ્યો છું. ખરી વાત એ છે કે ખોજા અસનાઅશરી લોકાની જમાઅત ન ધણીઆતી છે. તેને તેઓના આગેવાન તરીકે મુલ્લાંઓ લુટી પાયમાલ કરી રહ્યા છે, આપણે જો તે મુલ્લાંઓની કારકીર્દી તરફ નજર કરીશું તો બધા ચોરોજ ભેગા થઇ લુટ ચલાવી રહેલા જણાશે.) તે નીચે પ્રમાણે લખે છે. એનો ઉતારો અક્ષરસઃ તમો સમક્ષ રજુ કરૂં છું.

"કુરાને શરીફ હ૦ અલી અ૦ ની પાસેજ સાચું અને સંપુર્ણ હતું અને તે તેમની સીધી ઓલાદમાં ઉતરી આવેલા અમારા મત મુજબના ઇમામે જમાન બારમા ઇમામ મહેદી પાસે હાલ હાલ તેમની સાથે ગેબ થઇ ગયું છે. આ વાતને એકરાર હજી પણ અમો કરીશું. છતાં તે કુરાને શરીફમાં કેટલીક આયતો કાઢી નાખવામાં આવી છે, તેનો ઇનકાર ઇસલામનો કયો ફિરકો કરી શકે છે?"

વાંચક! વિચાર કરો ખાજી ભુજીને તે બુત પરસ્તો ખુલ્લે ખુલ્લો ઇકરાર કરે છે કે સાચું અને સંપૂર્ણ કુરાન હ૦ મહેદીની સાથે ગુમ થઇ ગયું છે. અને હમણાંનું ચાલુ કુરાન અપૂર્ણ અને જુઠું છે એમ તેઓ સમજે છે.

મી. જૈન, આમ છે તો પછી તે સાચું અને સંપૂર્ણ કુરાન તમારા મહેદી પાસેથી કેમ નથી લાવતા? અને તે

પ્રમાણે અમલ કેમ નથી કરતા ? જો ચાલુ કુરાન અપૂર્ણ અને જુઠું છે તો તે પ્રમાણે અમલ કરવાથી તો તમો સીધા જહન્નમમાં જશો. વળી તમારી માન્યતા પ્રમાણે તો ચાલુ કુરાન સાથે તમોને લાગે વળગે પણ શું ? ચોકખું સાબીત થાય છે કે તમો ઈસ્લામી નથી. મુસલમાન પણ નથી નથીને નથીજ.

સિંધના મૌલાના મીરઝુલહસન ખાનસાહેબ વઝીરે આઝમ રયાસતે મીર ખૈરપુર જેમણે કુરાન શરીફની તાવીલ કરી છે અને તેનું છપામણી વગેરેનું ખર્ચ મીરપુર ભટો-બાવાળા ખોજા અસનાઅશરી જમાયતના આગેવાન મીયાં મોહમદ જાફર રહેમતુલ્લા મીસાણીએ આપ્યું છે. આમાં કુરાનની નિસ્બત તેઓ પોતાના વિચાર નીચે પ્રમાણે દર્શાવે છે.

મજકુર પુસ્તકની પ્રસ્તાવનાના પાના (૪) ની ફુટ-નોટમાં તેઓ લખે છે કે " પેગમ્બરે ખુદાના જમાનામાં હ૦ અલી અ૦ ને આખું કુરાન યાદ હતું. વળી અબદુલ્લા બી૦ મસઉદને ( હઝરના અસહાબને ) પણ યાદ હતું પછી હ૦ અલી અ૦ પોતાનું જમા કરેલું કુરાન ખલીફા અબુ-બકરની પાસે તેમની ખીલાફતના જમાનામાં લઈ ગયા અને અબુબકરને કહ્યું કે આ તેનું કુરાન છે કે જેના ઉપર પે-ગમ્બરે ખુદાએ આંગળી ચલાવી હતી. જ્યાં જ્યાં ભૂલ થતી

ત્યાં ત્યાં પેગમ્બરની આંગળી અટકી પડતી માટે લોકોને હુકમ આપો કે આ કુરાન પ્રમાણે ચાલે અને અમલ કરે. ત્યારે ખલીફાઓ જવાબ આપ્યો કે તમારા કુરાનની અમોને જરૂરત નથી."

અય ઇસ્લામીઓ જુઓ આ ગજબ અરબાએ સલાસાનો.

પાછું પાના (૮) માં મીર સાહેબ લખે છે કે "શામાટે આવા સખ્સનું ભેગું કરેલું કુરાન નામંજુર કરવામાં આવ્યું? એહલે સુન્નત જમાયત મહેરબાની કરી આનો જવાબ આપશે?"

મીર સાહેબનો કુરાન વિષે ચોકખે ચોકખો વિચાર નીચે પ્રમાણે છે:—

"અરબાએ સલાસા યાને ત્રણ ખલીફાઓના જમાનામાં કુરાનમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા, (કંઈક કાઢી નાખ્યું કંઈક વધારો કર્યો.) સાચાં કુરાનો આગમાં બાળી નાખવામાં આવ્યાં."

દુનિયામાં જ્યારે કોઇ પણ બિમારીની હવા ચાલે છે (તાવ હો, મરકી હો, પ્લેગ હો, ઇન્ફલુએન્ઝા હો, કે સન્નિપાત હો.) ત્યારે તે બિમારી આખા મુલકમાં સરખી રીતે અસર કરે છે. હડકાયું કુતરૂં ગમે ત્યાંના માણસને કરડે તોપણ તેને હડકાયાપણાની બિમારી સરખી રીતે લાગુ થાય છે. તેવીજ રીતે બુતપરસ્ત અસનાઅશરીઓએ કુરાનનો

ઈનકાર કર્યો. કાફીહો, કુફેનીહો, ઈશ્રીહો, યાકુબીહો, ઇબ્રાહીમ રૂમીહો, અથવા ગમે તે દેશના મુઝતેહદ હો, મુલ્લાં હો, આલીમ હો, કે જાહેલ હો તે બધાઓની એકજ બોલી છે કે "સાચા કુરાન બાળી નાખવામાં આવ્યાં, ચાલુ કુરાનમાં કેટલીક આયતો વધારી દેવામાં આવી અને કેટલીક કાઢી **નાખવામાં** આવી. ચાલુ કુરાનથી કુફ્રના સીતુન (થાંભલા) કાયમ થયા છે. તે અલ્લાહનું કલામ નથી પણ બયાઝે ઉસ્માની છે. સાચા કુરાનની એક પ્રત હ૦ અલી અ૦ પાસે બચી હતી તે હમણાં આ જમાનામાં મહદી સાથે ગારમાં ગાયબ છે." આવી બેશરમ માન્યતા રાખવા છતાં તેઓ પાકા મુસલમાન હોવાનો દાવો કરે છે! પણ તેઓ મુસલમાન–ઇસ્લામી–કેવી રીતે થઈ શકે?

કુરાનના ઈનકાર વિષેનો સવાલ એ ટોળાને વાદવિવાદ વખતે જ્યારે જ્યારે કરવામાં આવે છે ત્યારે ત્યારે અસનાઅશરી મુજતેહદો ગાંસડા પોટલાં બાંધી ચાલતા થાય છે. કારણ કે એ બાબતનો જવાબ તેઓ પાસે બીલકુલ નથી. એહલે સુન્નત જમાતના આલીમો આગળ તેઓ પોતાની દલીલ ટકાવી શકતા નથી. જ્યારે આમ બને છે ત્યારે તેઓ ખલીફાઓને ગાળો આપે છે. છાપાઓમાં ઘણી વખત વાંચવામાં આવ્યું છે કે કંઈક વખત વાદવિવાદ પ્રસંગે અસનાઅશરી મુલ્લાં મુજતેહદોએ ઉશ્કેરાઈ જઇ ખુનરેજી કરી છે તેના પરિણામે તેઓ ફાંસીને લાકડે લટકાઈ ગયા છે. કેટ-

લોકને દેશનિકાલ કરવામાં આવ્યા છે. આ ઉપરથી ગવર્નમેન્ટ સરકાર સુલેહ જાળવવા ખાતર આવા વાદવિવાદની રજા પણ આપતી નથી.

હાલમાં આગ્રાથી કૌકિબેહિંદ નામનું ઉર્દુ છાપું પ્રગટ થાય છે તે તા. ૧-૧૦-૨૪ ના અંકમાં શિયા અસનાઅશરીઓને એક સવાલ કર્યો છે જેનો જવાબ અસનાઅશરીઓની કોમને ફોલી ખાનારા એ કાળી **પાગડીવાળાઓએ** આજ દિવસ સુધી આપ્યો નથી. તે ઉર્દુ લેખનો ઉતારો ગુજરાતીમાં વાંચનારાઓની સગવડ ખાતર નીચે આપું છું. જે વાંચી આપને ખાતરી થશે કે અસનાઅશરીઓ કેવી હલકાઇ સાથે માથું નમાવી બેશરમીમાં જીંદગીના દિવસો પસાર કરે છે.

કૌકીબે હિંદ આગ્રા તા. ૧-૧૦-૧૯૨૪ શિયા અસનાઅશરી ધાર્મિક કાર્ય વાહકો અજવાળું પાડશે?

## અમૃતસર અહેલે હદીસ

ઓફીસની ખબર પત્રીકામાં તા. ૨૬-૬-૧૯૨૪ ના એક વિદ્વાન લેખક અબદુલ હફીજ અબ્દુલ અજીજ મુલતાનથી લખે છે કેઃ-"શિયાઓનો મુજતેહદ ( કોશીશ કરી માર્ગ કાઢનાર ) સૈયદ બરકતઅલી શાહ સાહેબ મરેઠીએ ફરમાવ્યું કે હાલનું કુરાન શરીફ તો ત્રણ ખલીફાઓ (અ-

બુબકર રઝી૦ ઉમર રઝી૦ ઉસ્માન રઝી૦) એ એકઠું કરેલું છે તેમાં કેટલીક આયતો રહી ગઇ છે, અને કેટલીક ખોટી પણ લખી છે. જે કુરાન ઉપર જનાબ અમીર અ૦ અમલ કરતા હતા તે કુરાન શરીફ બીજું હતું અને તેજ ખરૂં હતું. હવે તે કુરાન ગુમ ઇમામની પાસે મોજુદ અને સહીસ-સલામત છે. હાલના કુરાન શરીફમાં જે ભૂલો છે એથી હું માહીતગાર છું (જુઠું બોલવું અજાએ શદીદ છે પણ અસ-નાઅશરીઓએ સવાબે અઝીમ સમજી લીધું છે મજકુર મુજતેહદ મહેદીની પાસે ક્યારે સાચું કુરાન જોવા ગયો હતો? કે જેથી તેને ખબર પડી ગઈ કે ચાલુ કુરાનમાં ખોટી આયતો છે! કેટલીક કાઢી નાખવામાં આવી છે! કે-ટલીક ભૂલ ભરેલી છે! પછી શું જખ મારવા તેઓ ચાલુ કુરાન પ્રમાણે અમલ કરે છે? વળી એજ ટોળાનો ઇકરાર છે કે જે શખ્સ એવી વાત કરે કે મેં હ૦ મહેદીને જોયા છે તે જૂઠો અને બેઇમાન છે તો આ એમાં શું સમજવું?) કિતાબ ફરોઉઅરાની પાનુ (૧૧૫) માં છે કે "કાનન્નાસ અહલ રવાહો બાદન્નબી ઇલ્લા સલાસા" એટલે હ૦ રસુલિલ્લાહ સ૦ વ૦ ની રહલત બાદ (સ્વર્ગવાસ પછી) તમામ સહાબીઓ મુર્તદ થઇ ગયા (ફરી ગયા) જો કે તેમાં એહલેબેત પણ કેમ ન હોય! પણ (૧) અબુજર ગ-ફારી (૨) મીકદાદ બીન અસવદ અને (૩) સલમાન ફારસી ફર્યા નહોતા.

ઉસુલે કાફીમાં છે કે હ. અલી ક. વ. એ પોતાનું એકઠું કરેલું કુરાન અસહાબીઓ આગળ રજુ કર્યું, પણ અસહાબીઓએ તેનો સ્વીકાર કર્યો નહિ ત્યારે તેમણે ફરમાવ્યું કે " હાઝા કિતાબલ્લાહો કમા અન્ઝલલ્લાહો અલા મોહમદ ફકાલુ હાઝા લનાફીહે ફકાલા અમા વલ્લા મા તૌરનહુ બાદ યોમકુમ હાઝા અબદા" (ઉસુલે કાફી પા. ૬૭૧) આ અરબી ઈબારતનો મતલબ એ છે કે હ૦ અલી (અ.) એ ફરમાવ્યું કે આ તે કુરાન હ. રસુલે ખુદા સ. ઉપર ઉતર્યું હતું. અસહાબીઓએ કહ્યુંકે અમોને આ કુરાનની જરૂર નથી. અમારી પાસે જે કુરાન છે તેજ અમારા માટે કાફી છે. તો જનાબ અમીર અ. ગુસ્સામાં આવી ફરમાવ્યું કે, ખુદાની કસમ આજના દિવસ પછીથી તમને અસલી કુરાન જોવાને પણ મળશે નહિ. ( આથી સાબીત થાય છે કે અસનાઅશરીઓ ચાલુ કુરાનને બીલકુલ નકલી કુરાન માને છે. )

ફરઝા કાફી અરોઝા પાનુ ૬૧ અને રઝાલકશી પાનું ૩ અને ૯૩ મુંબાઇમાં છપાએલી છે. જેમાં લખાએલ છે કે " હરફુહુ કિતાબલ્લા વયદલરહા " એટલે અસહાબીઓએ તેને બદલી નાખી. તથા તફસીરે કાફી પાનુ ૪૩ એ તહુરાનમાં છપાએલ છે. તેમાં લખાએલ છે કે " ઈન્નલ કુરાન બયન અઝહરના લયસા બેતમામ હુકમા અન્ઝલા અલા મોહમદ બલફીહે મા હોવા બિલાકમા અન્ઝલ્લા હો

વ મીન હુમા હોવા મ ગયરે વ મહરહો વ ઈન્નહુ હઝફ અનહુ અશિયા કસીરતે મીનહા ઈસ્મ અલ્લાહુ વ મીનહા લફઝા આલે મોહમદ ગયર મરેહ વ ઇનહુ લયસા અલલ તરતોબ અલ મરઝી ઈન્દલ્લાહુ વ રસુલહી વ કોહે કલામુલ મુલહદીન " આ અરબી ઇબારતની મતલબ એ છે કે બેશક જે કુરાન અમારા દરમ્યાનમાં છે તે સંપૂર્ણ નથી. એવી રીતે કે હ૦ મોહમદ સ૦ ઉપર ઉતર્યો હતો બલકે તેમાં એ વસ્તુ છે કે જે સત્યથી વિરૂધ્ધ અને બદલાયેલી છે. અને તે એક અલીનું નામ છે. વળી આલે મોહમદ શબ્દ ઘણા સ્થળેથી કાઢી નાખવામાં આવેલ છે. અને આ કુરાનમાં મુલહદીન એટલે અધર્મીઓનાં વાકયો છે. ખુદા તથા રસુલ સ૦ ની મરજી પ્રમાણે ગોઠવણ થઈ નથી. અને આવી શ્રધ્ધા તથા માન્યતાઓ અમારા મોટા મોટા મશાએખો જેવા કે યાકુબ પેહલીની તથા ઇબ્રાહીમ રૂમી વગેરેની છે.

ઓ છે શરમ મી. ગૈન ! કુરાન શરીફના અક્ષરે અક્ષર સાથે કેવું મળતાપણું રાખો છો ? તમો અલ્લાહુ પાકના કલામને નાશ કરવા વાળા મુર્તદ છો કે નહિ ? વળી તફસીરે કાફી ( તમારી કિતાબ ) મોતબર ( ભરોસો કરવા લાયક ) છે કે નહિ ? જે તમારા કાશી જેવા નગરમાં છપાવેલી છે. જ્યાં કાળી **પાઘડીવાળાઓ** શેરીએ શેરીએ

ભટકતા ફરે છે ત્યાં તો કુરાન શરીફના સાફ મુનકર જોવામાં આવે છે અને તે મુનકર પણ જેવા તેવા નહિ! ગાફુળ અને ઇબ્રાહીમ જેવા, કે જે હુસન અશગરીના શાગરિદ તથા કાફી કુલેનીના કર્તા છે. અને જેને તમો તમારા ધર્મના મોટા થાંભલા ગણો છો. પણ જ્યાં થાંભલો ઢીલો ઢચ હોય ત્યાં બિચારા ગૈન જેવા મહાશય મરે યા માંદા પડે તેમાં શી નવાઈ!

ખરેખર! આવા વક્તા, મુલ્લાં, મોલવી, આલીમો, મુજતેહદો, અલમાશીરહુઓ, વગેરે માટે તમારે શરમાવું જોઇએ જેના માટે આપ નફટાઈની સાથે મોટાઇ માનો છો! અરે! ખુદ તમારી માન્યતાવાળા (૭) ઇમામો માટે પણ તમારે ડુબી મરવું જોઈએ. તેઓની માન્યતા તે તમારા મુજતેહદોની માન્યતા! તમો મુજતેહદોને **આયતુલ્લાહ**નો ખિતાબ આપો છો. યાને મુજતેહદોના કલામને તમો અલ્લાહના કલામ સાથે સરખાવો છો. આની ફીલોસોફી જરા સમજાવશો?

તમારી કિંમત શું? તમારૂં ગજું શું? તમારામાં ઇલમી લયાકત શું? તમો કયા આધારે અમારો મુકાબલો કરશો? અમોએ આપેલ બધી દલીલોને રદ કરવા તમારી પાસે કંઈ પણ પુરાવો છે? તમારી દરેક કિતાબોના પાનાં જે પ્રેસમાં છપાએલ છે. તેનું નામ શિખળે પણ અમોએ

આપેલ છે. હવે એનો જવાબ કયા આધારે તમો આપી શકશો? તમારા જુઠા ડંકામાં એક દલીલ છે પણ તે બીલકુલ ખોટી છે, છતાં ભસ્તા કુતરાની માફક બકવાદ કર્યે ગયા છો. પણ એનો તોલ કોઈપણ સમજદાર વ્યક્તિ કરી શકશેજ નહિ.

કુરાનમાં મુલહ્દીન (અધર્મીઓ) ના વાકયો છે એવી તમારી માન્યતા છે. પરંતુ કુરાનનાં વાકયો ખુદાપાક તરફથી મળેલાં છે કે નહિ? અને જો એમ છે તો ચોકખું સાબીત થાય છે કે તમો જાહિલ, બે સમજ અને ખુદ અલ્લાહપાકને અધર્મી અને મુલહ્દીન સમજનારા છો. આવી નીચ માન્યતાવાળો તમો બુત પરસ્તો સિવાય દુનિયામાં બીજો કયો ધર્મ છે?

હું તો છાતી ઠોકીને કહું છું કે તમારા કરતાં ઢેડ, ભંગી, ચમાર, અને કોળી પણ લાખ દરજ્જે વધારે સારા છે. કારણ કે તેઓ પણ ઈશ્વર માટે આવી નીચ માન્યતા નથી રાખતા! કે ખુદા ભુલી જાય છે યા ખુદા અધર્મી છે! ઈસ્લામીઓ તો અલ્લાહપાકને આદીલજ સમજે છે. આથી ચોકોખે ચોકખું સાબીત થાય છે કે બેશક તમો બુત પરસ્તો ઈસ્લામી તો નથીજ. ખરેખર! તમારૂં ટોળું બે દિન બે મઝહબ, બે પીર અને બે ઈમાન છે.

મી. જૈન તમારી ગુમરાહીની વાતો તો ફક્ત બોઝા અસના

અશરીઓમાંજ ચાલે ! એટલે ઇસ્લામ તો તમોને બે ઈમાન અને કાફરજ સમજશે. તેઓની આગળ તો તમો ભાગતા ફરો છો. અમારી સામે થવામાં જેવી ઉતાવળ કરો છો તેવીજ સુન્નત જમાયત આગળ કેમ નથી કરતા ? જેમ હીજડો પોતાના માવીતરો આગળ નાગો થઇને ઉભો રહે તેમ તમારા લેખકોની આદત છે. બહાર જવાની તેઓમાં શક્તિજ ક્યાં છે ?

શું તમોએ નારએ અસદુલ્લા અલ ગાલેબ પુસ્તક નથી વાંચ્યું ? જે પુસ્તક સૈયદઅલી અકબર શાહ કાદરી નકશબંદી હનફીએ છપાવી પ્રગટ કર્યું છે. જેને આજ વર્ષો વીતી ગયાં છે. તેનો તમોએ જવાબ લખ્યો છે ? મજકુર પુસ્તકમાં તેમણે તમારા **બુત પરસ્ત** ટોળાંને ખાસ ઈસ્લામથી ખારેજ કર્યા છે. તમારા મુજતેહદીનના હવાલા આપી તેમાં જણાવ્યું છે કે અસનાઅશરીઓ આ ચાલુ કુરાનને બયાજે ઉસ્માની સમજે છે. અલ્લાહનો કલામ નથી સમજતા ! છતાં આટલા વરસ સુધી તમો નિદ્રામાં હતા કે સામરાની ગુફામાં સુતા હતા ? શા માટે હાજી નાજી, અજીજ, કાબા, જીમ, ગૈન અને એૈન બાયલાપણું દાખવી નથી બોલતા ? આનું કંઇપણ કારણ બતાવશો ? કારણ શું બતાવવાના હતા તમારો મઝહબજ જુઠો છે તથા તમારામાં બહાર બોલવાની લાયકાત પણ નથી વળી એ કિતાબનું

૨૬ લખવામાં તમો અસમર્થ છો. જેથી કયામત સુધા પણ જવાબ નહિ આપી શકો.

મજકુર કિતાબમાં તમારા ટોળાનું કુરાન શરીફથી ઇનકાર કરવા બાબતનું લખાણ તબીયુલ હાયરીનના ઉર્દુ ઉતારામાં આવી ગયું છે.

નારએ અસદુલ્લા અલ ગાલેબના લેખક સયદઅલી અકબર શાહ હનફી સુન્ની તમારા માટે મજકુર પુસ્તકમાં જે વિચાર દર્શાવે છે તે નીચે મુજબ છે:—

(૧) શિયા અસનાઅશરી ચાલુ કુરાને મજીદને અલ્લાહપાકનું કલામ ન સમજતા તેને બયાઝે ઉસ્માની કહે છે.

(૨) તે લોકો કુરાન શરીફને ફેરફારવાળું સમજે છે અને તે પાંચ રીતે કુરાન શરીફના ફેરફારને માનનાર છે.

(૩) મજકુર સયદ સાહેબ અફસોસની સાથે લખે છે કે જ્યારે કુરાનને મુસલમાન થઇ બયાઝે ઉસ્માની સમજે છે ત્યારેજ ઈસ્લામના દુશ્મનો, આર્ય સમાજીઓ, અને પાદરીઓ ઇસ્લામને ઝલીલ કરી રહ્યા છે. જો શિયા અસનાઅશરીઓ પોતાને ઇસ્લામી નહિ કહેવડાવતે તો ઘણુંજ સારૂં હતું.

(૪) કુરાનના ઇનકાર વિષે તમારા મુલ્લાંઓ, મોલવીઓ, મુજતેહદો, અલમાશીરહુઓ તથા તેઓની કિતાબોનું લીષ્ટ નીચે પ્રમાણે રજુ કરે છે:—

(૧) હદીકએ સુલતાનીઆ પ્રકરણ ત્રીજું.

(૨) આયાતે બયનાત જુ. ૧ ભા. ૧ પાનું ૧૬ મું.

(૩) અલ્લામા તીબ્રસીએ બનાવેલી કિતાબ એહતેજાજ. કાશાન શહેર ઇરાનમાં છપાવેલી પાનું ૧૩૦.

(૪) શિયા અસનાઅશરીઓના પંથની પ્રખ્યાત તફ્શીર, તફ્શીરે અયાશી.

(૫) ઉસુલે કાફી જેને તે લોકો કુરાન શરીફથી પણ વધારે મોતબર સમજે છે જેના લેખક તમામ મોતબર હદીસોના ઇમામ મોહમદ બીન યાકુબ કુલેની છે અને લખનૌના નવલ કિશોર પ્રેસમાં છપાવેલી છે. તેના પાના ૨૬૧–૨૬૨–૨૬૫–૧૪૬–૧૯૮ અને ૬૭૦ માં કુરાનનો ઇનકાર છે.

(૬) કિતાબ મઆલીમુલ ઉસુલ જેના લેખક શિયા અસનાઅશરી **ટોળાના મહાન** આગેવાન હ૦ અલ્લામા શહીદે શાની છે.

(૭) તફ્શીરે શાફી કર્તા મોતાહુદ્દેસીન.

(૮) અલી ઇબને ઇબ્રાહીમ કુમીની તફ્શીર એવી મોતબર છે કે દરેકે દરેક અસનાઅશરી કબુલ કરે છે. મજકુર સાહેબ ખુલ્લા દીલે કુરાને શરીફને બયાઝે ઉસ્માની સમજે છે.

(૯) બીજા મૌલાના મૌલવી દીદારઅલી સાહેબ જેને શાહે ઈરાન તથા સમસ્ત ઈરાન દેશના મુજતેહદો એ **આયતુલ્લા ફીલ આલમીન** ( તેમના કલામ અલ્લાહની આયતો જેવા છે. ) નો ખિતાબ આપેલો. તે સાહેબ પણ પોતાના પુસ્તક ઇમદાદુલ ઈસલામમાં લખે છે કે, " જે કુરાન અમારા હાથમાં છે તે કુરાનમાં કેટલાક અક્ષરોનો, કેટલાક શબ્દોની, અને કેટલીક જગોએ તરતીબની રૂએ તેહરીફ જરૂર થયેલી છે ( તેહરીફનો મતલબ કંઈક કાઢી નાંખવું, કંઇક વધારી દેવું, હેરફેર કરવો એ છે.) ઈમામો અને એહલે બેત જે રીવાયતોને માન્ય રાખતા તે બાબતમાં કંઈ પણ શંકા રાખી શકાય તેમ નથી. અસલી કુરાન આ હાલના કુરાનથી તદ્દન જુદું હોવુંજ જોઇએ. એ સંબંધી તેઓ લખે છે કે "અક્કલની રૂએ એ વાત સંભવિત છે કે હ૦ રસુલે ખુદાએ ઈસ્લામની જાહેર હાલતના રક્ષણ અર્થે પહેલાં ઉતરેલ અસલી કુરાનને ( જેમાં એહલે બેતના નામો હતાં અથવા મુનાફીકોના ખુલ્લાં નામો હતાં) હ૦ અલી અ૦ ને આપ્યો હશે, કેમકે તે મૌલા હ૦ રસુલે ખુદાના ભેદોને જાણનાર હતા એટલે તે કુરાનને અમાનત તરીકે રાખ્યું હશે.

પછી નારચે અસદુલ્લા અલગાલબના કર્તા સૈયદઅલી અકબર શાહ ટીકા કરે છે કે "એ બયાનપરથી એક વાત એ પણ જાહેર થાય છે કે ખુદાપાક તરફથી પોતાના રસુલ સ. પર બે જાતનાં જુદાં જુદાં કુરાન ઉતારવામાં આવ્યા હતાં."

(૧) "તે અસલી કુરાન કે જેને એહલે બેતના ઈમામો પાસે કયામત સુધી સંતાડી રાખવાની આં હ૦ સ૦ પર વહી આવેલી."

(૨) બીજું તે કુરાન કે જેને એહલે બેતના દુશ્મનોએ વખતને અનુસરીને પોતાની મરજીમાં આવે તેવો ફેરફાર કરી લીધો. અને આજ કુરાન હાલમાં બન્ને મઝહબવાળા પાસે મોજુદ છે. અને જે અસનાઅશરીઓ પ્રથમ થઇ ગયા, આ જમાનામાં છે અને કયામત સુધી થશે તે બધા આ ચાલુ કુરાન પ્રમાણે અમલ કરે છે અને કરશે. પરન્તુ જો અસનાઅશરીઓના અકીદા પ્રમાણે આ ચાલુ કુરાન બયાઝે ઉસ્માની છે પણ અલ્લાહનું કલામ નથી તો બધા શિયા અસના-અશરીઓની ઈબાદત, નમાઝ, રોઝા, ઝકાત અને હજ વગેરે નકામું છે. અને તેઓના ઈમામોની (૭ ઈમામો પછી થએલા) ઈબાદત બાતલ થાય છે. કયામત સુધી પણ તે સાચું કુરાન તેઓને નસીબ થશે કે કેમ એ શંકા ભરેલું છે. છતાં બીજી તરફ અસના-

અશરીઓ ઇમામે જમાનને **નાતકુલ કુરાન** સમજે છે. પણ, ખુદાની શાન કે તેમનો ઇમામ ાળચારો સામરાનીગારમાં છુપાઈ બેઠો છે ! ( આમ છે તો તમો ( શિયા અસનાઅશરીઓ ) કયા આધારે દુનિયામાં જીવો છો ? )

આટલા લાંબા લખાણનો ટુંક સાર એટલોજ છે કે જેવી રીતે વધારો ઘટાડો કરેલ કે બનાવટી ઉમેરેલા લખાણ વાળા કબાલા અને સનંદ વગેરેના આધારે કોઇપણ તરફનો દાવો એક અદલ ઇન્સાફવાળા બાહોશ જજની કોરટમાં કદી પણ ટકી શકતો નથી. તેવીજ રીતે મજકુર રિવાયતો જેવી સેંકડો રિવાયતોને સાચી અને સહી માન્ય રાખવા પછી જે કુરાને શરીફ હાલમાં શિયા અને સુન્નીઓના હાથમાં છે, તે **શિયા અસનાઅશરીઓના** મઝહબ પ્રમાણે કયામત સુધી પણ સાચું અને અસલી કુરાન (કલામે અલ્લાહ) સાબીત થઈ શકતું નથી. જ્યારે તેઓ ચાલુ કુરાનને ફેર ફાર તથા વધારા ઘટાડાવાળું સમજે છે. ત્યારે તેઓ ઇમામોની ઇમામત કોઈ દિવસ સાબીત કરી શકવાના નથી.

અગર નારએ અસદુલ્લા અલગાલેબ તથા અસનાઅશરીઓની બીજી કિતાબોની દલીલો સંપૂર્ણ રીતે લખવામાં આવે તો આ પુસ્તક ઘણુંજ મોટું થઇ જાય. અસનાઅશરીઓના જાહેલ મુલ્લાંઓ માટે તો આટલી દલીલો કાફી

સમજુ છું. આનો જવાબ મી. ગૈન જેવા ગુમરાહ તો નહિ આપી શકે પણ તેઓનો કોઈ મુજતેહદ પણ નહિ આપી શકે. તમારા મુજતેહદો સુન્નત જમાયત વાળાઓ આગળ આ બાબત માટે ખુદાના વાસ્તા આપી છુટી જવાના નાહક ફાંફાં મારે છે. એની સાબીતી માટે ફક્ત એકજ દાખલો તમોને આપું છું.

હિંદુસ્તાન અને ઈરાન દેશના શિયા અસ્નાઅશરીઓના માનવા મુજબ ઇમામુલ મુનાઝરીન, અમીરૂલ, મુજતેહદીન લખનૌના જગપ્રસિદ્ધ જનાબ મુજતેહદ હામીદ હુસેન સાહેબે પંજાબના લુધીઆણા શહેરમાં છપાવેલી પોતાની કિતાબ નામે "........" પુસ્તક સાઉલ અહકામ પાનું નવ, વીસ, ચોવીસ, અને અડતાલીસમાં એકજ મતલબને જુદા જુદા શબ્દોમાં જણાવે છે કે, કુરાનમાં ફેરફાર અને તેહરીફ ( વધ ઘટ ) થયેલી છે. એવી રીવાયતો **શિયા અસનાઅશરીઓએ** શા માટે નકલ કીધી. આના કારણમાં તેઓ ગોળ મોળ બયાન કરે છે. અને સુન્ની ભાઇઓને વિનંતી કરે છે કે મહેરબાની કરી આ વાત ઉપર તમે વાંધો નહિ લેજો અને આ સવાલથી દૂર રહેજો.

ઓ ! બુત પરસ્ત ગુમરાહ કોમ ! તમારા મોટા મુજતેહદ કેવી આજીજી સાથે સુન્નીઓ આગળ વિનંતી કરે છે તે તમોએ જોયું ? તેઓ કુરાનના ઇન્કાર વિષેની બાબત કેવી રીતે દરગુજર કરાવવા માગે છે ?

તમારા બીજા પ્રકરણમાં તમોએ જે બકવાદ કર્યો છે તેને હું માથાકુટ સિવાય કંઈપણ વધારે વજન આપી નથી શકતો. જ્યારે તમો બુત પરસ્ત ખોજા અસના અશરીઓ તમારા મુદ્દામાં મોલવીઓ, મુજતેહદો, અલ્લામાશ્રી રહુઓ, એટલુંજ નહિં પણ તમારી માન્યતાના ૨૭ ૧૦ ઇમામો આવી સખ્ત રીતે કુરાનના ઇનકારી છે. ત્યારે તમો અધળા મુસલમાન નથી એ તો નિર્વિવાદ સાબીત થાય છે. તમારા મહેદીએ તમારી સાથે એ ઇમાની કરી ગારમાં છુપાઇ ગયા એ તો ઠીક પણ સાથે સાથે સાચું કુરાન પણ દબાવીને બેસી ગયા છે. (તમારી માન્યતા મુજબ) શાબ્ બેન! આ ઉપરથી તમો પોતે મુસલમાન નથી તેમજ તમારી માન્યતાના ૧૭ ઇમામો પણ મુસલમાન નથી. તમારૂં આખું ટોળું આ હિસાબે તો મરદુદજ ગણાય અગર જો તમે વાદવિવાદ કરવા ચાહતા હો તો નીચે જણાવેલા બે કામો કરી પછીથી મેદાને આવજો.

(૧) પ્રથમ મહેદી સાહેબને વિનંતિ કરી ગુફામાંથી બહાર લાવો, જો તમારી વિનંતિથી સીધે સીધા બહાર ન નીકળે તો તેમને ગાળો આપી ગુસ્સે કરશો તો જરૂર નીકળી આવશે. એમ છતાં પણ જો બહાર ન નીકળે તો જણાવજો કે માણસો અમારા ઉપર હુમે છે અમો રડી રડી મરી ગયા છીએ, તમે આવા બે રહેમ

કેમ થઈ ગયા છો ? અરે ! કંઇક તો દયા લાવો અ
ગાદાર નીકળી અમારી લાજ રાખો.

(૨) જો તેમ છતાં પણ ન નીકળે તો પછી અરજ કરવ
કે હજુર તમો ગયા તે એવા ગયા કે જેવાં બંગાળ
ઓના માથા ઉપરની ટોપી અને ગાય માતાના ઉપર
દાંત ! પણ હમણાં ઇસ્નાઅશરીઓ અમોને મુસલમા
નથી સમજતા. હ. ઉસ્માનવાળા કુરાનની પેરવી કર
ઘણા એક અસનાઅશરીઓ (?) ગયા હવે સાર
કુરાન તો અમોને આપો પછી તમને ગમે તો હજારે
જઈ ત્યાં બેસી રહેજો તમારી જરૂર નથી કારણ
અમોને સમજાવનાર હાજીનાજી, કાબા, અજીજ, અ
મુલ્લાં મુસા જેવા ઘણાએ બેઠા છે.

તે છતાં પણ જો કંઈ જવાબ ન મળે તો હિંમત
કરી ગારમાં ચાલ્યા જજો. (પણ અફસોસ તે ગાર તો બંધ
થઇ ગઈ છે) તેમ ન બને તો ફુરાતમાં ડુબી મરજો પણ
માડાગાસ્કર યા હિંદુસ્તાનમાં મોં ન બતાવશો.

બીજા પ્રકરણમાં તમોએ **ખારજીપણાનો** સવાલ
ઉભો કર્યો છે. તે પણ એવો કે ખારજી ઇસ્લામ ! ન હિંદુ
ન મુસલમાન ! મી. કાબાના પુસ્તકનીજ ફક્ત દલીલ આપી
છે બીજો કંઇ સબળ પુરાવો નથી. પણ તમોએ લખ્યું તે
ઘડીભર માટે કબુલ કરીએ કારણ કે તેજ સવાલ આપણે

મારા મઝહબ અને તમારા ઈમામોના કેવા ભુંડા હાલ
રે છે, તે જરા જુઓ. તમોએ જે દલીલો રજુ કરી છે તે
ીચે મુજબ છે.

૧) ખોજા દર્પણ ભાગ ૫ મો. પાનું [૨૧]..."[ના૦ આગા-
ખાન] પોતે મુસલમાનોની મસજીદમાં પોતાથી ઉતરતા
એટલે કે મુજતેહદનો પણ દરજ્જો નહિ પણ તેનાથી
બીજા નંબરના ઈલ્મ રાખવાવાળા અને પરહેજગાર
માણસની પછવાડે નમાઝ પડે છે. જો તેઓ ઈમામ
હોય તો તેઓ પોતેજ નમાઝ પઢાવે. અને તે પ્રમાણે
જેટલા મુસલમાનો હોય તેટલાએ પઢવી જોઈએ."
આમાં તમો શું કહેવા માગો છો? તમારા માની
લીધેલ ઈમામ તો એક અદના પેશ ઈમામ પાછળ
નમાઝ પઢતા ત્યારે ઈમામ કે જેનો હોદ્દો ખુદાની
આખી બદકત કરતાં ચઢીઆતો છે તેની વાતજ
કયાં રહી?

૨) તમારો બીજો એતરાજ એ છે કે "નામદાર આગા-
ખાને અસનાઅશરી મસજીદોમાં જવાની મનાઇ કરી.

૩) ત્રીજો એતરાજ એ કર્યો છે કે "નામદાર આગાખાન
ઇસાઈઓના દેવળમાં ગયા હતા અને ત્યાં બંદગી
કરી હતી."

૪) ચોથો એતરાજ એ કર્યો છે કે "તમારા જમાતખાનાને

પોતાના નામે કરાવી લીધા તમારા પૈસા ઉપર બેન્કો ચલાવે છે. અને પોતાની ઘરવાળી તથા માતુશ્રીને મુંબઈમાં મુકી પોતે વિલાયતમાં રહે છે.

મી. ગૈન તમો આથી પણ વિશેષ સવાલ પૂછો એ વાતની હું કંઈ તમોને મના નથી કરતો પરંતુ તમોએ નાપાક ઝબાનથી જે ખરાબ શબ્દો વાપર્યા છે તે તમારે કરવું જોઈતું નહતું. જ્યારે તમો ચોકખી નાગાઈ બતાવી પોતાનું હલકાપણું બતાવી રહ્યા છો ત્યારે તમો પણ થોડુંક સાંભળતા જાઓ.

(૧) પહેલા સવાલના જવાબમાં ત્યારે સાંભળો કે તમારી કિતાબ લેઅસો વલમરજાનમાં અથવા બીજી તમારી સેંકડો કિતાબોમાં યા સુન્નત જમાયતની તવારિખોમાં એ વાત મશહુર છે કે જ્યારે યઝીદ પલીતની પાસે જુમાની નિમાઝ વખતે ઇમામ જયેનુલ આબદીન અ૦ આવ્યા, ઈમામ જયેનુલ આબદીન અ૦ ખુતબો પોતાની તારીફ તથા પોતાના દાદા પરદાદાની શાન મુબારકમાં બયાન કર્યો. યઝીદ પલીત તે સાંભળી બળીને ખાખ થઈ ગયો પછી નિમાઝ પડવાનો હુકમ કર્યો, હવે તે વખતે ઈમામ જયેનુલ આબદીન અ૦ એક સાધારણ મુલ્લાં (તે પણ હ૦ અલી અ૦ ને બદ બોલનાર) ની પાછળ નમાઝ પડયા હતા યા નહિ?

અથવા ખલીફા હ. અબુબકર અને હ૦ ઉમરના જમાનામાં નમાઝમાં હમેશાં પેશ ઇમામ તરીકે કોણ ઉભું રહેતું ? હ૦ અલી અ૦ યા બીજા ? અથવા ઇમામ જાફરે સાદીક અ૦ સુધી હમેશાં નમાઝ કોણ પઢાવતું હતું ? જ્યારે ઇમામ જાફરે સાદીક અ૦ ને અબ્બાસીઓએ બગદાદમાં બોલાવી લીધા ત્યારે પેશ ઇમામ કોઇ મુલ્લાં થતો હતો યા ઇમામ અ૦ સ૦ ? જો તમારા આ પલીત સવાલથી નામદાર આગાખાન ઇમામ નથી તો તમો ખારજીઓને હ૦ અલી અ૦ થી ઇમામ જાફરે સાદીક અ૦ સુધી કંઇ પણ વાસ્તો નથી તે પણ તમારાજ કીધા પ્રમાણે ઇમામો કહી શકાય નહિ ! તમો કેવા જાહેલ ! આંધળા ! બેવકુફ ! અને **કમ અકકલ** છો કે નામદાર આગાખાન પ્રત્યેના હસદને લીધે જહન્નમમાં જવાનો સામાન એકત્ર કરી રહ્યા છો. ખેર ! હ૦ અલી અ૦ ની વાત મુકો અને ઇમામ જાફરે સાદીક અ૦ ને રહેવા દો પરંતુ તમારા દાઉદીના પેટે અવતરેલા ઇમામોએ કયારે મસ્જીદમાં પેશ ઇમામ થઇ નમાઝ પઢાવી તે તો સાબીત કરો અને તેઓની પાછળ કોણ નમાઝ પઢતું હતું તે તો બતાવો ? તમારી માન્યતા વાળા ઇમામોએ તો હમેશા કેદી તરીકે ઝલીલ હાલતમાં પોતાની જીંદગી પસાર કરી છે તો પછી તેઓની પાછળ નમાઝ કોણ પઢે ? આથી

સાબીત થાય છે કે મી. ગૈન અને તેના જેવા અધમ વિચારવાળાઓના બાર કે (૭) ઇમામ પણ નથી. તેથી તે બુત પરસ્તો કોઈ પણ ઇમામને માનશે નહિ. કદાચ માનશે તો લાકડાની લાડકવયી દુલદુલ, ઘોડા કે ગધેડાને? તેથી એટલું તો ચોક્કસ થાય છે કે એ અસનાઅશરી ટોળું ઇસ્લામી નથી.

(૨) બીજા સવાલના જવાબમાં નામદાર આગાખાને તમારા ગીબતના ઘરો યાને નામની મસજીદોમાં જવાની મનાઈ કરી પોતાના મુરીદોને ફરમાવ્યું કે "જે તેઓની મસજીદોમાં જશે તેને જમાતખાનામાં આવવા નહિ દેશે." તે બીલકુલ વ્યાજબીજ છે. અને હું તો હજી પણ તમારી મસજીદોને મસજીદે ઝરારાની ઉપમા આપું છું. જેમાં ખુદ અલ્લાહ પાકે પણ જવાની મનાઇ કરી હતી અને પોતાના હબીબને ફરમાવ્યું કે "ફીતનાના ઘરમાં જશો નહિ" (અબુ જેહલની પાર્ટીએ તે ફીતનાના ઘરને નામ તો મસજીદનું આપ્યું પરંતુ ત્યાં કાર્યો બીજા થતા હતા) તેહકીક તમારી મસજીદો નથી પરંતુ નિંદા, ગીબતનાં ઘુણ છે, ત્યાં ફીતના ફીસાદ શરૂમાં આવે છે. ઇસ્લાગીઓને ગાળો આપવામાં આવે છે.

ખુલફાએ રાશદીન અથવા બીજા ઇસ્લામી પેશવાઓને

તમો જે ઇમાનો તમારી કહેવાતી મસજીદોમાં ભુંડા બોલ બોલો છો. એટલેજ એહલે સુન્નત જમાયતવાળાઓને જ્યારે ખબર પડે છે કે આ રાવજીઓ, ખારજીઓની મસજીદ છે. તો પછી ત્યાં પોતાનો પગ પણ નથી રાખતા અને ગમે ત્યાં રસ્તામાં નમાઝનો વખત અદા કરે છે. પરંતુ તમારા ગીબતના ઘરોમાં બીલકુલ આવતા નથી. એટલુંજ નહિ, પરંતુ તમો જ્યારે અઝાન આપો છો. ત્યારે કોઈ પણ ફિરકાનો મુસલમાન તે અઝાન ઉપર કલમો પડતો નથી. એટલા માટે કે તમો રાવજીઓને ઇસ્લામી નથી સમજતા. અને એવાંજ કારણોસર તમારી નામની મસજીદોમાં જવા તથા તમારી સાથે ખાવા પીવાની અમારા ઇમામે મનાઇ કરી એ યોગ્ય સમજનેજ. અમારા ઇમામે જે કર્યું છે તે અલ્લાહપાકના ફરમાન પ્રમાણે છે.

અલ્લાહપાકે આ સંબંધી પોતાનાં ફરમાનો પોતાના પ્યારા નબીને પહોંચાડ્યા તે કુરાન શરીફમાં પણ મોજુદ છે.

૧ તમો તે ફિતનાના ઘરમાં જશો નહિ જે મસજીદે ઝરારાના નામે મુનાફીકોએ બનાવી છે.

૨ અય મોહમ્મદ (સ૦) જે તમારા દીન માટે મશ્કરી કરે છે તેમની દોસ્તી ન કરો. તેઓના જનાઝા સાથે ન જાઓ. ભલે તે તમારાં **સગાં વહાલાં** હોય. બાપ હોય યા ભાઇ હોય !

તમો બુત પરસ્તો ખરેખર ઈસ્લામની મશ્કરી કરવા વાળા છો. દીને ઇસ્લામના સખ્ત દુશ્મન છો. તેથી તમારી સાથે વ્યવહાર રાખવો, તમારા પ્રીતનાનાં ઘરોમાં આવવું એ મહાપાપ છે. અમારા ઈમામે જમાનનું ફરમાન બરહક છે, તમારી મીજલસોમાં આવવું એ મોટો ગુન્હો છે. અમારા ભોળા ઈસ્માઈલીઓને અલ્લાહ પાક તમારી કપટ જાળથી બચાવે અને ખરૂં સમજવાની શક્તિ આપે!

૩ ત્રીજા સવાલમાં તમો અમારા ઇમામ અ૦ માટે એવો એતરાજ કરો છો કે:—"તેઓ ઇસાઈઓના દેવળમાં ગયા." મી. ગૈન, આપ જરા સમજાવશો કે હ૦ મોહમદ મુસ્તુફા સ૦ તથા અમીરૂલ મોમનીન હ૦ અલી અ૦ ઇસાઇઓ અને યહુદીઓના દેવળમાં જતા હતા, અને તેઓને નસિહત કરવા ખાતર ત્યાં તેઓની સાથે મળી જતા હતા. તો પછી આ બાબતમાં ઈમામતને શું એબ લાગી ગયો? ઇમામતને એબ લગાડનાર તો એ બાબત છે કે એક સમાજને કાફર (બે ઈમાન) સમજી તેઓને લાનત દેવી, વળી પાછી તેઓની તાબેદારી પણ કરવી! દુનિયાની લાલચને ખાતર પોતાનું ઈમાન વેચવું? આવાં લક્ષણો ધારણ કરનારજ ઈમામ કહેવાય નહિ.

મી. ગૈન, આની દલીલમાં તમારીજ કિતાબ તોહફએ રજવીયા વાંચો. જેમાં તમારી માન્યતાના ઇમામ રજા

સાહેબનું જીવન ચરિત્ર છે. (જેનાં લેખક પણ અસના-અશરી અને છાપનાર પણ અસનાઅશરી છે.) તેમાં ખલીફા મામુન રશીદ અબ્બાસીને બેઈમાન તેમજ એહુલે બેતના દુશ્મન તરીકે જણાવ્યા છે. પરંતુ એજ ખલીફાને તમારા ગરીબુલ ગુરબા આઠમા ઈમામ કઈ ઉપમા આપે છે?! ઉપરાંત તેમની ગુલામીનો તોક પણ પોતાની ગરદનમાં નાખે છે. (તોહફએ રજવીઆ પાનું ૨૧૮ બાબ બીજો ફસલ ૮ મી લીટી ૨૭ મી અલી મુસે રઝા પોતાના મુબ મુબારકથી ફરમાવે છે કે "પણ આ બારામાં મેં અમીરૂલ મોમનીન મામુનના હુકમની તાબેદારી કરી છે. અને તેમની મરજી મુજબ હું વર્ત્યો છું. ખુદાવંદે કરીમ મારી અને તેમની સંભાળ રાખે. મારા માટે હું ખુદાને ગવાહ રાખું છું, અને તેજ બસ છે. અમીરૂલ મોમનીનને ખુદા લાંબી જીંદગી બક્ષે.")

ઓ મો. ગૈન! અને જુદા ઠેકાણેથી ફુલાઇ જનાર ખોજા અસનાઅશરીઓ! તમારા માની લીધેલ ઈમામ કે જેને તમે ગરીબુલ ગુરબા તરીકે યાદ કરી તમારી આંખોમાંથી આંસુ પણ નથી સુકવતા તે કેવા લોભી અને ગણુસમજુ હતા તે નીચેની વાત ઉપરથી સમજી શકશો.

મામુન ખલીફાએ તેમને પોતાનું હથિયાર બનાવવા ખાતર વલી અહદ (પાટવી) પણું આપ્યું અને સાથે સાથે પોતાની ખુબસુરત કુંવરી ઉમ્મે હબીબાને પણ પરણાવી.

જેથી તમારા માનીતા ઇમામ સાહેબ તેની કપટ જાળમાં એવા ફસાઇ ગયા કે જેની હદજ નહિ. તમારા ઇમામ સાહેબે ખુશીની સાથે એહલેબેતે રસુલ સ૦ ના દુશ્મનને પોતાના અમીરૂલ મોમનીન કરી માન્યા અને જેમ કોઈ નિર્ધનીયા માણસને પાંચ પૈસાની પ્રાપ્તી થતાં તે પોતાના બન્ને હાથ ઉપાડી આપનારના હકમાં દુઆએ ખેર કરે તેમ તમારા ગરીબુલ ગુરબા બન્ને હાથ ઉપાડી મામુનના હકમાં દુઆ કરે છે કેઃ—ખુદા તેને સલામત રાખે ! અલી મુસે રઝા અને મુસા કાઝમે અબ્બાસીયો સાથે મળી જઇ ખાનદાને એહલે બેતનો જે ઘાણ કર્યો છે, તે જો આપણે ઇતિહાસોમાં તપાસી જોઇશું તો આપણે તે બન્નેને દોષિત સમજ્યા વિના નહિ રહીએ.

ખરેખર એ બન્ને બાપ બેટાએ પોતાની નામના કાઢવા ખાતર તેમજ પોતાનું પેટ ભરવા ખાતર હ. ઇમામ ઇસ્માઇલ અ૦ સ૦ ની ઓલાદમાં અને તેમના વંશને નાબુદ કરવા ખાતર જે કાર્ય કર્યું તેમાં ખુદ તેઓનોજ ઘાણ નીકળી ગયો. ખુદ ઇમામ જાફર સાદીક અલે૦ ના કેટલાક ફરજંદો વગર ગુન્હાએ શહીદ થઇ ગયા. વળી મુસા કાઝમના ફરજંદો ( અલી મુસે રઝાના સગા ભાઇઓ ) ના એ અબ્બાસી ખલીફાઓએ ખુન કર્યા. કેટલાક બીચારા ભટકતી હાલતમાં થઇ પહાડોમાં ભટકયા કરતા હતા. આ

વિષેની બધી સાબીતીઓ તમારી કીતાબોમાં છે. કોઈ માણસ ચોર હોય અને તેનું હથીઆર બનવું કે તેના મદદગાર થવું એ ગુન્હો ગણાય કે નહિ ?! જો જરા પણ વિચાર કરશો તો સાફ દીવા જેવું જણાઈ આવશે.

તમો ખોટી રીતે તમારા ગરીબુલ ગુરબા અલી મુસે રઝાનો બચાવ કરો છો. તેમણે જે તાબેદારી સ્વીકારી તેની દલીલ તરીકે **તકીયો** બતાવો છો.

જ્યારે મામુન ખલીફા તરફથી તમારા ઇમામે રઝા સાહેબને ધમકીઓ મળી, ત્યારે તેમણે નરમાશથી ફરમાવ્યું કે, " જો વાત એટલી હદ સુધી પહોંચી છે. તો હવે તમારી માગણી કબુલ કર્યા સિવાય છુટકો નથી. કારણ કે જો હું ઇનકાર કરીશ તો તે મારા નાશનું કારણ થશે. વળી ખુદા પણ ફરમાવ છે કે '**લા તુલ કુબી અયદીકુમ ઇલ તહલુકા,** (તમો તમારા હાથે પોતાને હલાકતમાં નહિ નાખો) તેથી હું તમારો વારસ થવાનું મંજુર કરૂં છું. [ તોહફએ રજવીયા પાનું ૨૧૦ લીટી ૫ ] તેજ વખતે તેવણે પોતાના બન્ને હાથો આસમાન તરફ ઉંચા કરી ખુદાની જનાબમાં અરજ કરી કે, " યા બારે ઇલાહી ! તું ખુબ જાણે છે કે આ બાબતને હું લાચારીથી સ્વીકારૂં છું, અને કતલ થવાના ડરના કારણે માન્ય રાખું છું. ખુદાવંદા ! મારા આ કામ માટે મારી પાસેથી કોઈ પણ પ્રકારનો બદલો લઇશ નહિ."

વાંચનાર ગૃહસ્થો ! આપ જરા વિચાર કરજો કે અલી મુસેરઝા એ કામને પાપ સમજવા છતાં તેમાં સામેલ થાય છે, અને તે બારામાં પોતાનું નમાલાપણું બતાવી ખુદા પાસે દુઆ માગે છે કે તું મને સજા કરીશ નહિ ! ભાઈઓ એ તો નિર્વિવાદ છે કે જે માણસ અજાણતાંથી કોઈ કામ કરી બેસે તો તેની સજામાંથી બચવાને તે અધિકારી થઇ શકે. પણ આ તો મુર્ખતાની અવધીજ છે ! એક મોટા ખાડામાં ઠેકડો મારતાં છતાં તેમાંથી બચવાની ખુદા પાસે અરજ કરવી કે મને બચાવજે ! બળતી આગમાં કુદકો મારતાં છતાં અરજ કરવી કે તું મારૂં રક્ષણ કરજે ! પણ આવી રીતે બચાવ થઈ શકે ખરો ! શું ખુદાવંદે કરીમ જાણી બુજીને કરેલી ભુલોને માફ કરે ખરો કે ?!

મી. ગૈન, એજ આયતને પોતાની હલાકતમાં ન નાખો. શું જનાબ હ. ઇમામ હુસેન અ૦ ને એ આયત યાદ નહોતી આવી ? યા યઝીદ મલુનની પાસે સાચા ઇમામ જેનુલ આબદીન અ૦ જ્યારે કેદી હાલતમાં હતા ત્યારે તેમણે એ આયતનો શા માટે ઉપયોગ નહિ કર્યો હોય ! ? સાચા ઇમામો તો છાતી ઠોકીને ફરમાવતા હતા કે અમો જમાનાના ઇમામ છીએ. સામેવાળા કાફરોને તેના દરબારમાં પણ ધીટકાર અને લાનત આપતા હતા. બાકી તમારા ઇમામ મુસા કાઝમ યા તેમની ઓલાદમાં ઇમામત બારામાં

તો ઠીક પણ રાજદ્વારી બાબતોમાં પણ સાફ ભોધા જેવાજ હતા, તેઓ પોલીટીકલ બાબતોમાં બીલકુલ બે સમજ હતા આ બધું તમારી કિતાબોથી સાબીત થાય છે. વળી તમારા હાજીનાજી પણ મારી વાત સાથે મળતા થાય છે કે "મા સુમ ઈમામ થા નથી, ન તો ઓરતોની ખુબસુરતી ઉપર લોભાય ન પૈસાની લાલચમાં લપટાય." ( રાહેનજાત કિતાબ ૨૧ મી હિસ્સો ૪ થો. )

હ૦ રસુલે ખુદા મોહમ્મદ મુસ્તુફા સ. જ્યારે પેગમ્બર થયા અને હિદાયત કરવા લાગ્યા, ત્યારે કાફરો તેમને લલચાવવા લાગ્યા કે "તમે આવી હિદાયત ન કરો, તમને જોઇએ તે ખુબસુરત છોકરી સાથે લગ્ન કરાવીએ, આપને અમારા બાદશાહ બનાવીએ." હઝરતે તેઓની કોઇપણ માગણી કબુલ કરી નહિ તેથી કાફરો આપને દુઃખ દેવા લાગ્યા, પત્થરો મારવા લાગ્યા, અને એ સિવાય ઘણી ઘણી તકલીફો આપવા લાગ્યા છતાં આપ તો હિદાયતજ કરતા હતા. જો આપ ખરા પેગંબર નહતે તો ખુબસુરત છોકરી તથા બાદશાહત કબુલ ન કરતે? શા માટે જુલમ સહન કરતે? કારણ ફક્ત એજ છે કે અલ્લાહુતાલાએ પેગંબર અને ઈમામોને પાક પાકીઝા મા'સુમ બનાવ્યા છે, જો મા'સુમ નહોય તો તેમનું દીલ મજબુત ન રહી શકે અને લોભ લાલચમાં ફસાઇ પડે. આં હઝરતને લોભ પણ કેવો આપેલો? ખુબસુરત ઓરત અને બાદશાહતનો! કે જેને

માટે માણસો જાન આપે છે પણ પેગંબરો યા ઈમામો આવી લાલચોમાં ફસાતા નથી. તેઓ જુલમ સહન કરે પણ ધર્મને મુકે નહિ, કોઈના ફરેબમાં પણ આવે નહિ.

જો તમારા મૌલાના હાજીનાજીના આ બાબતનાં લખાણો ઉપર ભરોસો કરશો તો દિવાની જયોત માફક જોઇ શકશો કે તમારા અલી રઝા બન્ને બાબતોમાં નાપાસ થયા છે. એટલે કે વલી અહદપણું સ્વીકારવામાં તથા ઉમ્મે હબીબાના પ્રેમમાં ફસાઇ દીન-ખુદા-મુકી બેદીન મામુનને અમીરૂલ મોમનીન તરીકે સ્વીકાર્યા હતા.

તમારા અહેબા લેખકો નામદાર આગાખાન અંગ્રેજોના દેવળમાં ગયા તે મોટું પાપ કરી નાખ્યું એમ સમજે છે. પણ તમારી માન્યતાના ઈમામો કાફરોને અમીરૂલ મોમ-નીન તરીકે માને, તેઓની ગુલામી કરે, અને પોતાનું નમાલાપણું બતાવે તેથી કંઇ પણ હરકત નથી ! શાબાશ છે. તમારી અક્કલને ! વળી એજ તમારા ઇમામની શાનમાં તેમના પેરવ તેમને ગઝલો સંભળાવે વળી ઈમામ તેને દુઆ કરે ( આનો મતલબ જરા સમજાવશો કે ? ) મજકુર તોહફએ રજવીઆ પાનું ૨૧૪ માં લખેલ છે કે અબ્બાસ ઇબને હસને અલવીએ લંબાણથી ઈમામની શાનમાં અશ-આર સંભળાવ્યા તે પછી છેલ્લી બે લીટીમાં મામુન તરફ ઈશારો કરીને કહ્યું કે "**લાબુદ દલીલા સીમાન શામ-**

**સીન વ કમરીન ફ્અન્તી શમસુન વ હાઝા ઝાલી કુલ કમરૂ.** અર્થ:—ઇનસાનની રાહત અને લાભ અર્થે સુર્ય અને ચંદ્રની જરૂર છે. ઓ મામુન! તું સુર્ય છે અને આ બુઝુર્ગવાર (અલી મુસે રજા) તમારા માટે ચંદ્ર સમાન છે.

શાબાસ શાયર સાહેબને! કે મામુન સુર્ય અને મુસેરજા ચંદ્ર! તમારા ઇમામમાં જો કંઇ પણ હોત તો તે શાયરને હુઆએ ખેર આપવાને બદલે તેને કેહતે કે ઓ નાદાન! તું આ શું બકે છે? પણ જેમ એક ભુખ્યા માણસને રોટો ટુકડો આપતાં રાજી થઇ જાય તેમ તમારા ઇમામને નામનું વલી આહદપણું મળ્યું અને સાથે સાથે ખુબસુરત છોકરી મળી, તેથી તે હુકુમતના જોરે પોતાના ગરીબ ભાઇઓની મિલકત દબાવી બેઠા અને પોતાના સગા બાપના દીકરાઓને ભટકતી હાલતમાં કરી નાખ્યા. આ બધું તમારી કિતાબ તોહફ્એ રજવીઆ વાંચવાથી તમો સારી રીતે જાણી શકશો.

૪ તમારા ચોથા એતરાજના જવાબ ધ્યાન પૂર્વક વાંચી તેનું મનન કરજો અને ભવિષ્યમાં આવી નાદાનીયતની કલમ ચલાવતાં સો વખત વિચાર કરજો, તમારા એતરાજના લીધે મારે તમારી રૂપરેખા દેખાડવી પડી છે. અગર આ જવાબથી અસનાઅશરીભાઇઓ ગુસ્સે થાય તો તેઓ મારા ઉપર ગુસ્સે નહિ થતાં તમારા ઉપર ગુસ્સે થશે. કારણ કે

જો તમે આવા નાદાનીયતના સવાલ ન કરતે તો મારે જવાબ પણ ન લખવો પડતે.

જવાબમાં પ્રથમ હું તમોને જણાવું છું કે તમો પણ પોતાને ઇમામીઆ ફીરકાના કહેવડાવો છો. ઇમામી-ઓની એવી માન્યતા તમારી પાસે મોજુદ છે કે જમા-નાના ઇમામ ઇનસાનોની જાન માલ અને ઔલાદના હાકેમ છે. જો આમ છે તો અમારા ઇમામે જમાનના નામે જમા-યતખાનાં થયાં તો શું થઇ ગયું ? અરે નાદાન મી. જૈન ! તે મૌલા જમાનાના ઇમામ અમારા જાનમાલ અને ઔલા-દના હાકેમ છે, જે હલાલજાદો ઇસ્માઇલી હશે તે તો હાજર ઇમામ સર સુલતાન મોહમદશાહના નામ મુબારક ઉપર પોતાની જાન કુરબાન કરશે. બાકી હરામીઓને માટે આ સવાલ નથી. હરામી માણસો બીજાના દીલોમાં વહેમ નાખવાના ઇરાદાથી શેતાન ઇબલીશના આડતીઆઓનું કામ કરે છે. આવા માણસોની ચાલાકીથી અલ્લાહપાક બચાવે. !

ગલકે ખુદા ઉપર ઇમામની કેવી હુકુમત વાજીબ છે. તે સંબંધી તમો પોતાની કિતાબોથી વાકેફ હોત તો જમાયતખાના નામદાર આગાખાનના નામ ઉપર થવા બાબતનું એતરાજ નહિ કરતે. આ સંબંધી તમારી કિતા-બોની દલીલ જુઓ " ઇમામ જેનુલ આબદીન અ૦ મે હદીસ ફરમાવી કે નેક બખ્ત તે ઇનસાન છે કે જે પોતાના

ઇમામને પોતાની જાનમાલ અને ઓલાદના માલીક સમજે છે." આ હદીસથી તમો જો વાકેફ હતે તો એવો એત રાજ કરવા તૈયાર થતે નહિ.

કિતાબ લેઅસૌલવલ મરજાન વાંચી જુઓ તેમાં એક જગાએ જણાવેલ છે કે માવીઆએ ઇમામ હસન અ. સાથે સુલેહ કર્યા પછી એક વખતે માવીઆનો પચાસ ઉંટનો માલ [ જે મીસ્ત્ર મુલકથી આવતો હતો તે ] ઇમામ હુસેન અ૦ એ લઈ લીધો. માણસોએ કહ્યું કે આ તો પરાયો માલ ગણાય ત્યારે આપે ફરમાવ્યું કે " હું જમાનાનો ઇમામ છું. મારી હકુમત દરેક ચીજ ઉપર છે " આ સંબંધી માવીઆએ ઇમામ હુસેન અ૦ ને લખ્યું કે તમોને જે જોઈએ તે મારી પાસેથી લીધા કરો પણ આવી રીતે જબરજસ્તી કરવી વાજબી નથી.

તમારી કિતાબોમાં આવી અનેક દલીલો છે. અને તે મશહુર છે. જેથી તે ઉપર લખવાની જરૂર જોતો નથી. પરીબર ! હજરત ઇમામ હુસેન અ૦ અને ઇમામ જેનુલ આબદીન અ૦ નો પાક નુર ( ખુદાઇ પાવર ) તે અમારા ઇમામે જમાનમાં છે તેથી તેઓ અમારા જાનમાલ અને ઓલાદના હાકેમ છે. આમ છે, તો જમાયતખાનાં તેમનાં નામનાં થાય તેમાં કંઈ મોટી વાત નથી. તમારી મસજીદો ઉપર કોણ કેટલો હક ધરાવે તેનું કંઇ પણ નિર્ણય નથી.

આ સંબંધી થોડા એક દાખલા નીચે આપું છું. આપ સમજુ છો, તેથી આ સંબંધી વધુ શું લખવું ?

(૧) રાજુલામાં શેઠ જીવાભાઈ જમાએ કોર્ટમાં કેસ કરી મજકુર પાર્ટીને મસજીદમાં આવવાનું બંધ કર્યું. જો તે મસજીદ ખુદાનું ઘર હતે તો આમ થતે ? કદાપિ નહિજ. જ્યાં મસજીદ ગરાસ જેવી હોય ત્યાં તેનો માલિક જીવાભાઈ જમા લેખાય તેમાં શું નવાઈ ? કોઈ સુન્નીઓની મસજીદના આવો દાખલો આપી શકશો ? કદાપિ નહિ.

(૨) મી. મોહમદ હાસન ચમન કહે છે કે "હું અસનાઅશરી છું." છતાં તમોએ જાહેર ખબરદ્વારા તેને નાત બહાર કર્યો. મસજીદમાં આવવાનું બંધ, તેની સાથે ખાવું પીવું બંધ ! આ થઈ તમારી બીજી દલીલ. શું તમો મસજીદોને આવીજ રીતે જાગીર મીલકત સમજો છો ?

(૩) **પેમ્બા ચાકે ચાકે**ની મસજીદને વેરાન કરી એક આગેવાન ગૃહસ્થ તેની આવેલ રકમ હજમ કરી ખુબ આનંદ કરે છે. !

(૪) મહુઆનો મામલો હજુ સુધી તમોએ વાંચ્યો જણાતો નથી. તો મહેરબાની કરી મોહીમે કોઝકાનમાં તમારી

મસજીદોના અહેવાલ વાંચો. જરૂર તમારી આંખોનાં પડદા ખુલી જશે.

(૫) કરાંચી સિંધી અસનાઅશરી જમાયતમાં કોઇ કચ્છી અથવા કાઠિઆવાડી સામેલ થાય તો તેની પાસેથી ગુલામી ખત લખાવી લેવામાં આવે છે કે "તમારા કબ્રસ્તાનમાં, જમાતી સામાનમાં યા કોઈ પણ ચીજમાં હક્ક નથી." શું આની તમોને ખબર છે?

મી. ગેન! તમોએ તમારા........(?) પુસ્તકમાં લખ્યું છે કે "હાથે કરીને પોતાનું સર્વસ્વ લુટાવી રહ્યા છો! અને પરતંત્રપણે જીંદગી અને બંદગી ગુજારી રહ્યા છો આવી જીંદગાનીને હેફ અને ફીટકાર છે!" પણ તમોજ ઈન્સાફ કરો કે આ હજાર હૈફ અને ફીટકાર કોને સજાવાર છે? તમોને કે અમોને? ઈન્સાફી વાંચકો તો તમો બુત પરસ્તોનેજ લાખો કરોડો લાનત આપશે. ઈસ્માઈલીઓનું શિક્ષણ તો પાક રસુલે ખુદાના તરીકા મુજબ છે. યહુદી હો! નસારા હો! હિંદુ હો! અગ્નિ પૂજક હો! ગમે તે હો પણ તે અમારા ધર્મમાં આવે તો દરેકને માટે એકજ કાનુન. હજાર વરસનો ખાનદાની ઈસ્માઈલી હોય અને એકજ દિવસનો નવો ઇસ્માઇલી હોય, પણ તે બન્ને કાયદા પ્રમાણે સરખીજ સત્તા ચલાવી શકે. તમારા શેતાની ટોળામાં ધણી કોણ છે? સરદાર કોણ છે? કોઈજ નહિ

પછી ફરીયાદ કોને કરો ? ચોરની મા ખુણામાં રડ્યા કરે તેવી તમારી ગત છે.

મી. ગૈન ! સાચા ઇમામો તો હજરત ઇમામ હુસેન અ૦ ની માફક શીર તેમજ શરીરના માલિક છે. અને તે મુજબ જો અમારા જમાનાના ઇમામ અમોને ફરમાન કરે કે "તમારા ઘરો મારા નામે કરી આપો." તો જે ઇમામના આશક (સુલેમાન મીકદાદ અબાઝર અને માલીકે અજર જેવા)હશે તેતો એ ઇમામના પવિત્ર ફરમાન ઉપર પોતાની જાનફીદા કરશે. જે સાચા ઇમામો હોય તેઓ પોતાનાં મુરીદોની અજમાયશ ખાતર કોઈ કોઈ વખત આવાં ફરમાન પણ કરે. બાકી જુઠા ઇમામ ( એટલે ગેતના દુશ્મન અને મહા પાપી ખલીફા મામુન રશીદને પોતાનો અમીરૂલ મોમનીન સમજે તેના હુકમમાં દુઆએ ખેર કરે અને પોતે લાલચોમાં લપટાઈ મોજમજાહ કરે તેવા ) કેવી રીતે પાવર ચલાવી શકે ? કેવી રીતે પોતાના અનુયાયીને હુકમ કરી શકે ? જે પોતાના બાપ બચ્ચાંઓને મદીનામાં રખડતાં મુકી મામુન રશીદના વલી અહદ થઈ બેઠા, તેણે કંઇ ભુલ કરી નહિ; પણ જો નામદાર આગાખાન વિલાયત જાય તો તેમણે ગુનેહ કર્યો ગણાય. એ કઈ માન્યતા ? હવે તમોજ કહો કે શરમાવું અમારે જોઇએ કે તમારે ? ખરેખર ! જો કંઇ પણ સમજ શક્તિ ધરાવતા હો તો તમો બુત-પરસ્તોએ ડુબી મરવું જોઈએ.

ચાલુ પ્રકરણતો તમારા કુરાન વિષેના ઇનકાર બાબતનું છે. આ સંબંધી વાંચકો વાંચી પણ ચુકયા. ગૈન મહાશય ત્રીજા પ્રકરણમાં લખે છે કે ચાલુ જમાનાનું પ્રચલિત કુરાન કદી ખોટું હોઇ શકેજ નહિ. વળી પાછા પાના ૨૪ માં પોતે શંકા પેદા કરે છે કે " અને કુરાનના પૃષ્ઠો એકઠાં કરતી વખતે બીજા ખલીફા **સત્તા ધારી** હતા તો તે વખતે જેમ નવી પદ્ધતિસર કુરાનને ગોઠવ્યું તેમાંથી એવાજ કારણે એટલે બેતની તારીફની આયતોને કાઢી નાખવામાં આવી હોય તો પણ બનવા જોગ હતું. ત્યારે કુરાનને એકઠું કરતી વખતે એવી ફજીલતોની આયતો ઓછી કરી નાખ-વામાં આવી હોય " વળી જુઠા ડંકાના પાના ૨૫ માં લખે લખે છે કે "અસલ પદ્ધતિસર જે કુરાન હતું અથવા છે. તેનો પ્રચાર કરવો મસલેહતથી ઉલટું હશે, અને તેજ કારણે એ કુરાન ખરા ઇમામે જમાન પાસે હોવું જોઇએ. શુરા તથા આયતો ગોઠવવી જોઇએ તેમ ગોઠવેલ નથી તે કુરાન જોવાથીજ જણાઇ આવે છે."

અહીં મી. ગૈન કુરાન શરીફ માટે શંકા પેદા કરી સાચા જુઠા કુરાનને સાબીત કરે છે. છતાં તેઓ બકવાદ કરે છે કે " તમારા ફલાણા ફલાણા માણસોએ કોર્ટમાં કુરાનનો ઇનકાર કર્યો ! " વળી તેઓ શાનતો પણ આપયા ચુકતા નથી. પણ જો ઇનસાફની દ્રષ્ટિએ જોવામાં આવે તો આવી

લાનતોના હક્કદાર તેઓજ છે. હું પણ કુરાનના ઇનકારીને લાનતો દેતો જાઉં તો આખી કિતાબ લાનતોથીજ ભરાઈ જાય. કુરાનના ઇનકારીની નામવલીમાં તેઓની માન્યતાવાળા ઇમામ રજા સાહેબ, હસન અસગરી સાહેબ અને તેમના ખાસા સાગરીદ વગેરેનાં નામો આવે છે! વળી કુરાનના ઇન્કાર વિષેની કિતાબમાં મહેદી સાહેબે પણ સહી કરી આપી છે! એટલે હું કોને કોને અને કેટલી કેટલી લાનતો આપું તે સમજી શકતો નથી. શા માટે લાનતો લખી મારી કલમને અપવિત્ર કરૂં? મી. જૈન વગેરેનું કુરાન પ્રમાણેનું ચાલવાનું એક તકીઆ છે. તકીયો એટલે ખોટું બોલવું, ફરેબ કરવો! જ્યાં વધારે જવાબ ન આપી શકાય, જ્યાં જ્યાં મુંઝાઇ જવાય ત્યાં ત્યાં મસલેહતે ફસલેહત અડાવી દેવી! એજ તમારૂં કર્તવ્યને? ખરેખર! સુન્નીભાઈઓ તમોને ધુતકારે છે અને કહે છે કે તમારી જુદી ઇબાદતથી તમો જહન્નમમાં જશો. કારણ કે કુરાનને ફેરફાર વાળું સમજવા છતાં તેના ઉપર અમલ કરવો એ બે ઇમાની છે.

કુરાન શરીફનું વાંચન તો યહુદીઓ પણ કરતા હતા. હમણાં સેંકડો આર્ય સમાજીઓ કુરાન શરીફના હાફીજ છે. પરંતુ તેઓ કુરાન પઢયા પછી ઇસ્લામીઓને હેરાન કરે છે. આવા લોકોને ખુદ કુરાન શરીફ લાનત કરે છે. આ મુજબજ તમારી પણ હાલત છે તમો કુરાન પઢયા

તેથી શું થઈ ગયું. મી. જૈન, તમારી માન્યતા મુજબ તો હ૦ અલી અ૦, ઇમામ મોહમદ બાકર અ૦, ઇમામ જાફરે સાદીક અ૦ અને તમારી માન્યતાના મુસા રઝા તથા અસગરી એ સર્વે જણાએ આ ચાલુ કુરાન શરીફને વધઘટ વાળું સમજ્યું છે. ( નૌઝબીલ્લાહ ) જો કુરાનના ઇનકારીને તમો લાનતો આપો છો તો પરોક્ષ રીતે મજકુર બધા સાહેબો ઉપર લાનતો થાય છે. શું તમારૂં કર્તવ્ય વ્યાજબી છે ? ધીક્કાર હોજો તમોને, તમારી આખી કોમને ! અને તમો બુત પરસ્ત ટોળાને ! લાખો લાનતોના તોક તમારી ગરદનમાં આવી પડે છે. તેનું મુખ્ય કારણ તમારા અલ્લામા મુજતહેદોજ છે. જેઓએ તમોને ગરબાદ કરી નાખ્યા છે.

મી. જૈન, તમો તમારા જુઠા અંકોના ૩૪ માં પાનામાં છેલ્લે ઇમાનદારી બતાવવાનો ડોળ કરો છો. અને લખો છો કે " અસનાઅશરીઓ કુરાને મજીદમાં કમી જાસ્તી થવાના કાયલ નથી અને કહેવામાં આવે છે કે શીઆ અસનાઅશરીઓ માને છે કે અસહાબોએ કુરાનના દશ શીપારા ઉડાવી દીધા અને કેટલાક શિઆઓ સુરએ હુસેન, સુરએ ફાતમા, સુરએ અલી પડયા કરે છે. આ બધી જાહેલોની ગપ છે. પ્રથમથી તે આજદીન સુધી કોઇ પણ સત્ય શોધક અસનાઅશરીએ તેવો અકીદો રાખ્યો નથી."

વાંચક ! આ પ્રમાણે ઉપર તમો ઇતબાર કરી શકશો ?

મી. ગૈન એજ પુસ્તકના પાને ૨૪-૨૫ માં પોતાને હાથે જ કબુલ કરે છે કે કંઈક નીકળી ગયું છે. કંઈક કાઢી નાખ્યું હશે, સંપુર્ણ કુરાન મેહદી પાસે છે. વળી પાછા ઉપર મુજબ જણાવે છે કે કુગી જાસ્તીના અમો અસના-અશારીઓ કાયલ નથી. આનો અર્થ શું ? શું લોકોને ભરમાવવા ખાતરજ આમ નહિ લખાતું હોય ! ?

શું બિચારા મગજ શક્તિવાળા લેખકો મરી ગયા ? અને આવા જાહેલ લેખકો રહી ગયા ? નહિ. મગજ શક્તિ ધરાવનાર વ્યક્તિઓ હજુ મોજુદ છે સાથે સાથે જેઓને આગળ પાછળની ખબર પણ નથી તેવા જાહેલ લેખકો પણ પોતાને લેખક તરીકે ખપાવવા મથે છે ! આ જગ્યાએ મને એક ઉર્દુ કડી યાદ આવે છે કે " મર ગયે શાયર, એક ઉલ્લુકા પઠ્ઠા રેહ ગયા " મી૦ ગૈન મને તો લાગે છે કે આ ઉર્દુ કડી તમોને બરાબર બંધબેસતી છે. કારણ માત્ર એટલુંજ કે તમારા લખાણનો કંઈ ઢંગ ધડો નથી. આની સાબીતીમાં તમારા જુઠા ડંકાનું પાનું ૨૪-૨૫ અને પાનુ ૩૪ વાંચી જુઓ.

મી. ગૈન, તમારી કાફી કિતાબ પ્રમાણે અને ઇમામ જાફર સાદીક અ૦ નાં કોલ મુજબ ખુદા તરફથી અસલી કુરાનમાં સત્તર હજાર (૧૭૦૦૦) આયતો હતી. આ હિસાબે કુરાન શરીફના ચાલીસ નહિં પણ સાડી બાત્રીસ શીપારા થવા

જોઈએ. સુન્નીભાઈઓ જે એતરાજ કરે છે તે ખરો છે. તેને તમો રદ કેમ કરી શકતા નથી ?

મુશાહદે ફાતમા, મુશાહફેઅલી આ કિતાબે અલી તમારી માન્યતાઓ મુજબ બરાબર છે. તેમાંથી કુરઅ ફાતમાને છુપી રીતે અસનાઅશરીઓ પઢતા હોય ! સુન્નીભાઈઓ કંઈ જુઠું નથી બોલતા.

મી૦ જૈન, તમારી જબાનનો કોઈપણ ઈતબાર કરે નહિ. તમોએ લખ્યું તેથી કંઈ તમારી અસનાઅશરી સમાજ સાચી લેખાય નહિ ! જો તમારી કોમ તમોને સાચા માનશે તો તમારા મુજતેહદોની કિતાબો કે જેમાં તમારી માન્યતાના ઈમામોની દલીલો છે, તે ઉપર મીંડું વળી જશે. તેઓ બધા જુઠા થઈ જશે. જો તમો તમારા બધા મુલ્લાં મોલવીઓ, આલીમો, મુજતેહદો, તથા તમારા ઈમામ રઝા, હુસન અશગરી અને મેહદી એ સર્વેના કોલને જુઠા કરશો તો તમારૂં બુત પરસ્ત ટોળું કરડબુર થઇ જમીન દોસ્ત થઈ જશે. કારણ કે તમો તમારા જુઠા ડંકાના પાના ૩૪ મા કુરાન શરીફમાં કમી જાસ્તી થવાના અમો કાયલ નથી એમ જણાવો છો. જ્યારે એઓ બધા ઈકરાર કરી ચુક્યા છે કે કુરાનમાંથી કંઈક નીકળી ગયું છે. કંઈક નવું ઉમેર-વામાં આવ્યું છે. હરફોની ફેરબદલી થઈ છે. ખુદાના રસુલના ફરમાન પ્રમાણે ગોઠવણ થઇ નથી. હવે તમેજ કહો

કે તમો સાચા કે તમારા આગેવાનો સાચા ? આનો ફેંસલો અસ્નાઅશરી સમાજજ કરશે.

તમારા ઉપરનો ઈલ્ઝામ એક રીતે ઉતરે તેમ છે. તમો એ બાબત વિષે મુનાજરો કરવા માટે તૈયાર થાવ (ફેંસલો કરનાર સુન્ની મુજતેહદ હોવા જોઇએ) અથવા ઇમામ જાફર સાદીક અ૦ પછીના તમારા ઇમામો તથા મુજતેહદોની જે જે દલીલો કરવામાં આવે છે તેને માટે ખુલ્લા શબ્દોમાં લખી નાખો કે તે કિતાબો, તે મુજતેહદો, અને તે ઇમામોને અમો નથી માનતા. તમોએ જેમ અમોને વગર કારણે લાનતો આપી છે. તેટલી નહિં તો તેના ચોથા ભાગ જેટલી પણ લાનતો તેઓને આપશો તો અમો સમજીશું કે તમો કુરાન શરીફના ઇનકાર કરવાવાળા ટોળા માંહેના નથી. હવે જોવાનું માત્ર એટલુંજ કે તમો તમારા તકદીરનો ફેંસલો તમારા હાથે શું કરો છો !

# પ્રકરણ ૩ જું.

## અસનાઅશરીઓ અવતારને કબુલ કરે છે. છતાં એવીજ માન્યતા ઇસ્માઈલીઓની હોય તો બેવકુફી કરી તેઓની મજાક કરે છે.

ચોથા પ્રકરણમાં તો જુડા ડંકાના લેખકે પોતાના પેટની બળતરા કાઢી છે. જે વાંચવાથી હસવું આવે છે. અસલથી એક વાત મશહુર છે કે " કમજોર કો ગુસ્સા બહોત " આ મુજબજ જ્યારે સવાલ જવાબમાં ન પહોંચાય ત્યારે ઉશ્કેરાઈ જઈ ગાળો દેવી એ ઉજ્જડ કહેવતને બરાબર બંધ બેસતું આવે છે. આવીજ હાલત ની. જૈનની થઇ છે. પરંતુ અક્કલમંદ માણસો તો સમજી જઇને તે મુર્ખની મુર્ખતા ઉપર અફસોસ કરે છે.

મેં મી. ગૈનને સતપંથ પ્રકાશ દ્વારા લખ્યું હતું કે તમોને આ કુરાને શરીફ પાળવાનો હક્ક રહેતો નથી. કારણ કે તમારી માન્યતા મુજબ તો ફેરફારવાળું છે. જ્યાં સુધી તમારો ગેબ ઇમામ ગારમાંથી સાચું કુરાન લઇ આવે અને તેમાંથી તમોને રોઝા, નમાઝ વગેરે બતાવે તેજ સાચી કહેવાય, પણ ત્યાં સુધી તમારી હાલની ઇબાદત તમારીજ માન્યતા પ્રમાણે જુઠી થાય છે. તો શું આને કુફ્ર ન કહેવાય? મારા આ સવાલના જવાબમાં તેમણે પોતાનો ઉભરો કાઢ્યો છે. તે જરા વાંચી જવા કૃપા કરશો.

મી. ગૈન જુઠા ડંકાના પાને ૩૫ માં લખે છે કે "અમારા બારમા ઇમામ **સાહેબે જમાન** પાસે અસલી કુરાન છે. તેની સાબીતી તમારા ઇમામોએ આપી છે તમારી માન્યતા કુરાન પ્રમાણે નથી, તમો કુરાનને માનતા નથી, તમારી મુસલમાની કયા પ્રકારની છે. તમો નિરંજન નિરાકાર ખુદાને આકાર માનો છો. તમારી માન્યતા છે કે સુવર અને કાચબામાં ખુદા અવતર્યા. આથી તમોને કુરાન પાળવાનો હક્ક નથી. અમોને તો કુરાન પાળવાનો હક્ક છેજ અને તે હક્ક પાળી રહ્યા છીએ. એ પણ એક અજબ છે કે જે કુરાન પ્રમાણે વર્તે અને ખુદા પરસ્ત હોય તેનેજ કુરાન પ્રમાણે ચાલવાનો હક્ક નથી! પણ જે મનુષ્ય પરસ્ત, મુશરીકી માન્યતાવાળા સુવર પરસ્ત, કાચબા પરસ્તોને કુરાન પાળવાનો હક્ક હોય! તે શું અફ્રેદ જુઠાણું

નથી ? અમો ખંભો ઠોકીને કહેવા તૈયાર છીએ કે અમારા ખરા ઈમામ મહેદી અ૦ પાસે હ૦ અલી અ૦ પાસેથી વારસાથી મળેલું ઈલ્મ અને અસલ કુરાન છેજ તેથી અમે તેને શરીફુલ કુરાન કહીએ છીએ. પણ તમે જેને ઈમામ માનો છો તે નામદાર આગાખાન પાસે તે કુરાન છે કે નહિ ? અને જો છે તો શા માટે છુપાવી રાખે છે ? શું તમોને જાહેલીયતના મોતે મરવા દેવા માટે તેમ કરે છે ! તમો સુવર પરસ્તી કરો છો, કાચબા પરસ્તી કરો છો તો આવી પરસ્તીશ ઈસ્લામી બચ્ચો કરે ખરો ! જવાબ આપજો.

(પાનાં ૩૫-૩૬-૩૭-૩૮ નો ટુંક સાર)."

વાંચક ! વિચાર કર, મારો સવાલ શું અને તેનો જવાબ શું ? મારા સવાલનો કેવો ઉલટી રીતે જવાબ આપે છે ? જો તેમની પાસે સચોટ દલીલ હોતે તો આમ ફાં ફાં શા માટે મારતે ? હું જણાવું છું કે તમારી માન્યતા મુજબ અસલી સાચું કુરાન મહેદી પાસે હોય તો તે લાવો તેના હુકમ પ્રમાણે અમલ કરો. આ ચાલુ કુરાન પ્રમાણે તમો જે નમાઝ, રોઝા અદા કરો છો તે કામના નથી. તેના ખુલાસામાં મી. જૈન ગુસ્સામાં આવી જઈ કહે છે કે અમો ખંભો ઠોકીને કહીએ છીએ કે અસલી કુરાન અમારી માન્યતાના બારમા ઈમામ પાસે છે. અને નકલી કુરાન પ્રમાણે ચાલવાનો અમારો હક્ક છે. તેમણે અમારા ઉપર

જે આરોપ મુક્યા છે. કે તમો અવતારને માનો છો અને મકબરા પરસ્તી, કાબઆ, મગર. તથા ગુર પરસ્તી કરો છો. પરંતુ આ ઇલઝામનો જવાબ હું શાન્તી પુર્વક તમોને આપું છું. ઇન્સાફ પસંદ વાંચકો તેનો ઇન્સાફ કરશે.

ઇસ્લામી બંધુઓ. મી. જૈન એ ધર્મને માને છે તેમાં નવ ભાગ જુઠું બોલવું પણ છે. અને તેઓ માટે તેઓના આગેવાનોએ જન્નતના દરવાજા ખોલી રાખ્યા છે. એક ભાગ સાચું બોલવું તે પણ જાહેર બાબતમાંજ **( તકમીલત તઅલીકીલ હાયરીન )** તેઓ ગમે તેવા કર્મો કરે તો પણ જન્નત તેઓનાજ બાપની છે. પછી શા માટે ગુલી બાજીઓ અથવા ઇન્સાફકીઓ ઉપર જુઠા તોહમતો ન ચડાવે? રોજે મહશર (ક્યામત) નો તો તેઓને બીલકુલ ડર નથી, તેની વાનગી દાખલ થોડાક નમુના આપું છું.

[૧] શાફી નજાત કિતાબ ૨૭ મી હિસ્સો ૩ જો પાનું ૯૬ સન ૧૩૨૭. લખનાર હાફીનાઝ. હદીસ નંબર ૧૮૨૫ ની ( કં૦ રસુલ ખુદા સ૦ પાસેથી મેળવી છે કે? ) "આપે ફરમાવ્યું કે શરાબ પીનાર જો બીમાર થાય તો તેને જોવા જાઓ નહિ, અને મરી જાય તો તેના જનાજા સાથે જાઓ નહિ, જો ગવાહી આપે તો તેની ગવાહી કબુલ કરો નહિ. જો શાદી કરવા ચાહે તો તેને દીકરી આપો નહિ. જો અમાનત રાખવા ચાહે તો તેને અમાનત સોંપો નહિ."

ખરેખર ! આ હદીસ હાજી સાહેબે સાચી લખી છે પણ જ્યારે શરાબી અશનાઅશરીઓમાં આ હદીસથી કોલાહલ થયો અને હાજીનાજી ઉપર આ સંબંધી ટીકા કરવા લાગ્યા હશે, ત્યારે પાછા હાજી સાહેબ ફેરવીને પાઘડી બાંધી બેઠા. એઓ પેટ ખાતર રસુલ તો શું પણ ખુદાના કોલને પણ ઉલટો કરી નાખવા પાછી પાની કરે નહિ! તેમણે રાહે નજાતના પાંચમા અંકમાં પાને ૧૪૮ માં ( સને ૧૩૨૭ ) આ સંબંધી લખ્યું છે કે " ગયા ત્રીજા અંકમાં હદીસ નં. ૧૮૨૫ મી આવી તેમાં શરાબ પીનાર વિષે જે બયાન છે તેના સંબંધમાં એ ખુલાશો કરવો જરૂરી છે કે જે એહલે બેતનો દોસ્ત શરાબી હોય અથવા તો જીના કરતો હોય અથવા નમાઝ ન પઢતો હોય તો તે ગુન્હેગાર તો છેજ. પણ તે મરી જાય તો તેને ગુસલ કફન આપી નમાઝ પઢીને દફન કરવો જોઇએ. " ( રસુલે ખુદા સ૦ ના કોલને ફેરવી નાખવાનો હાજી સાહેબને હક્ક હશે ? અથવા ગારવાળા મહેદી સાહેબ આ સંબંધી રાતના વખતે આવી કહી ગયા હશે ? )

જો હાજી સાહેબ પોતા તરફથી કોઇ બાબત લખતા હોય તો તો ઠીક ! પણ પેગંબરો અને ઇમામોના કોલ ટાંકી જુઠું બોલવું એ તેઓનું ફરમાન છે એમ જણાવી ને પવિત્ર પ્રતિમો અને નબીઓને બદનામ કરે છે.

રાહે નજાત કિતાબ ૧૭ મી હિસ્સો ૪ થો પાનું ૧૧૧ માં જણાવે છે કે "રસુલે ખુદાએ ફરમાવ્યું કે મારા પછી જ્યારે બીદઅત કરનારાઓને જુઓ ત્યારે તેઓથી બેજારગણું જાહેર કરજો અને તેઓને ઘણુંજ બાદ બોલજો. એવાની ગીબત કરવી એ જાએજ બલકે લાઝીમ અને વાઝીબ છે. તેઓને બાતલ કરવા માટે તેઓની ઘણી મઝમત (નિંદા) કરજો અગર જરૂરત પડે તો તેઓ ઉપર બોહતાન (તોહમત) મુકીને પણ વાત કરજો." (વાંચક બિરાદરો. બિદઅત કોને કહેવી? તે તો આપ સમજતાજ હશો. છતાં હું આપને જણાવીજ દઉં કે તાઝીઆ બનાવવા. ઘોડા કાઢવા, ઘાસની દુલદુલો બનાવવી, પંજા ઝંડા કાઢવા વિગેરે વિગેરે તદન બીદઅતજ છે.)

એજ કિતાબ પાના ૧૦૯ માં લખ્યું છે કે "શિયા અસનાઅશરી મજહબથી વિરૂધ્ધ તેમજ કાફર હોય તો તેઓની ગીબત કરવી જાએજ છે."

એજ કિતાબ પાનું ૨૦૦ માં લખે છે કે "જે જગાએ જુઠ ન બોલવાથી ફસાદ (તકરાર) થતો હોય અથવા પોતાને કંઈ નુકશાન થતું હોય અથવા પોતાની ઈજ્જત અને જાજો માલ જતાં હોય, એવે વખતે જુઠું બોલવું જાએજ બલકે વાઝીબ છે." વળી એજ કિતાબ પાને ૩૪૧ માં લખે છે કે "કોઈને એકથી વધુ ઓરતો હોય તો

દરેકને કહે હું તને બધાં કરતાં વધારે ચાહું છું. તો એ પણ જાએજ છે. પણ જરૂરત કરતાં વધારે ખોટું ન બોલે. ( કેવું ઇમાનદાર ટોળું ! ) જાણવું જોઈએ કે જે જે જગાએ ખોટું બોલવાની રજા આપેલી છે તે તે ઠેકાણે બાકોબ ચોકખુ જુઠું બોલે નહિ. પણ ત્યાં તકીઆની દગલ બાજીથી વાત કરે. (કેવા સરસ રસ્તા ? ! ) ”

રાહે નજાત કિતાબ બિસમી હિસ્સો પહેલો બીજે પાનું ૪૦ માં લખે છે કે “ કેટલાક કહે છે કે ખુદાએતાલા ગફુરો રહીમ છે. એટલે બેત અ૦ સફાયત કરીને બક્ષાવી આપશે. આ વાત જો કે ખરી છે પણ એ વખતે કે ઇન્સાનથી ભુલના કારણે અથવા કોઇ ખાસ સ્વાદના કારણે, અથવા શેહવત (કામ) ના જોસમાં ગુન્હા થઈ ગયા હોય તો તેજ વખતે માફ થશે. ” કોઈએ ઇમામ અલેહીસ્સલામને પુછયું કે આપ જીના કરનારને કાફર કહેતા નથી તેનું શું કારણ છે ? તો આપે ફરમાવ્યું કે ‘ જીના કરનાર શેહવત વગેરેના કારણથી એ ખરાબ કૃત્યમાં ફસાય છે. તેથી ગુન્હા થાય છે. પણ તે ગુનેહા નમાઝ નહિ પઢનારના કરતાં હલકા છે.

રાહે નજાત કિતાબ ૨૦ મી હિસ્સો ૬ ઠો પાનું ૧૫૩-૧૫૪ માં લખે છે કે “એક વખત હજરત ઇમામ મોહમદ બાકરઅલી અ૦ મે મક્કાની મુસાફરી કરી, ત્યાં એક

વખત હજરતે પોતાના ગુલામને કોઇ કામ કરવાનો હુકમ ફરમાવ્યો. પણ તેણે તે કામ કર્યું નહિ. તેથી હજરતે ફરમાવ્યું, ખુદાની કસમ હું તને મારીશ. પણ તેમને મારતા જોયા નહિ. પૂછવામાં આવ્યું કે યા હજરત, આપે સોગંદ ખાધા છતાં શા માટે માર્યો નહિં ? આપે ફરમાવ્યું કે માર મારવા કરતાં રેહમ કરવી વધારે સારૂં છે આવી બાબતમાં કસમ તોડવાની હરકત નથી. ”

“સૈયદ અસરીએ ઇમામ રજા અ૦ ને પૂછયું કે કોઈ સુલતાન કોઈ સખસને તેની ઓરતને તલાક આપવા વિષેના કસમ ખવડાવે અને તે કસમ ખાય તો શું હુકમ છે ? આપે ફરમાવ્યું કે એવે વખતે કસમ ખાઇને તલાક ન આપવામાં કંઈ ગુનેહા નથી. એટલે કે એ વિષે ખોટી કસમ ખાવામાં હરકત નથી. વળી પૂછવામાં આવ્યું કે કોઈ હાકેમનાં બીકથી માલ બરબાદ ન થાય તે માટે ખોટા કસમ ખાય તો કંઇ હરકત છે ? તો આપે ફરમાવ્યું કે તેમાં કંઈ ગુનેહા નથી. વળી પૂછવામાં આવ્યું કે જે પ્રમાણે પોતાનો માલ બચાવવા ખોટા કસમ ખાય એજ પ્રમાણે પોતાના ભાઈનો માલ બચાવવા ખોટા કસમ ખાય તો કંઇ હરકત છે ? તો આપે ફરમાવ્યું કે આવા ખોટા કસમ ખાવા જાએજ છે. ઝરારાએ હ૦ ઇમામ બાકરઅલી અ૦ ને પૂછયું કે અમો માલ લઇ જઈએ છીએ અને દાણવાળા દશમો ભાગ માગે છે. અને દાણનો માલ નથી, એવી કસમ ખાતાં શુરૂ કરે છે.

તો તેવે વખતે કસમ ખાવા કે કેમ ? આપે ફરમાવ્યું કે એ કસમ ખુરમા (ખજુર) કરતાં વધારે મીઠાછે. તકીઆને સબએ જુઠી કસમ ખાવી પડે તો હરકત નથી.

મી. ગૈન ! તમોને કસમ છે જાવરાવાળી હુસેન ટેકરીનો, અને કસમ છે મોહરમમાં બનતા હાથી, ઘોડા, અને દુલદુલોનો, [વાંચક ! તમે અજબમાં પડી પુછશો કે ખુદા રસુલના કસમ મુકી આવા કસમ શા માટે આપો છો ? તો હું જવાબમાં કહીશ કે એવા જુડાઓને ગમે તેવા કસમ આપીએ તો તેઓને ખુરમા જેવા મીઠા મધ લાગે છે. તેથી ભારે કસમ આપવાથી શો ફાયદો ? મી૦ ગૈન અને તેના સાથીઓ માટે તો આવાજ કસમ ઘટીત છે. ) જ્યારે તમારા મઝહબમાં, કાફરોની અને અશના અસરી મઝહબમાં, ન હોય તેની ગીબત કરવી જાએજ છે ત્યારે સાબીત થાય છે કે તમારો મજહબ ઇસ્લામના બે.તેર ફીરકાથી જુદાયદો છે, આથી તમારી ગણત્રી ફરીકેઅનમાં ક્યાંથી આવે, ફરીકેઅન અથવા ઇસ્લામ ધર્મમાં જે પાક કિતાબ કુરાન મજીદ છે તેમાં તો અલ્લાહ પાક ફરમાવે છે કે " હે ઇમાનદારો એક બીજાના ધર્મની મશ્કરી ન કરો, ગીબત અને નિંદા કરવી એ મુએલાભાઇનું માંસ ખાવા જેવો મોટો ગુન્હો છે. " તમો તમારા ધર્મમાં ગીબત કરવી જાએજ સમજો છો. પણ અલ્લાહ પાક તો

કાફરોના બુતોને પણ બુંડું ન બોલવા ફરમાવે છે. ક્યાં ખુદાઇ ધર્મ તાલીમ! અને ક્યાં તમારા મર્દુદ ધર્મના સિધ્ધાંત! શું તમારા લખ્યા પ્રમાણે પવિત્ર પેગંબરોનો આ ઇમામોનો એવો હુકમ હશે કે માણસો ઉપર જુઠી આળ ચઢાવી તેઓની ગીબત કરો? હરગીજ નહિ.

ઇમામો, નબીઓ આવી હિદાયત કરેજ નહિ. તમારા આગેવાન હરામ ખોર મુલ્લાંઓની બદમાશી સિવાય બીજું કશુંએ નથી. તમારા હદીસોના બયાન કરનારાઓ હમેશાં ઇમામો અને નબીઓના નામે સેંકડો હજારો જુઠી હદીસો બનાવતા. હતા એવી હદીસો રજુ કરનારાઓ ઉપર ખુદ ઇમામો એ પણ લાનત કરી છે. વાંચો, નારએ અસદુલ્લા ઉલ ગાલબ પાના ૨૬ થી ૩૪.

ભાઈ ગૈન, જો તમારામાં કંઇપણ ઇનસાનપણું હોતે તો પીર સદરૂદ્દીન અ૦ ના જ્ઞાન શરીફના ઉપર અથવા તે પવિત્ર રેહનુમાની રહનુમાઈ માટે હલકા બોલ ન વાપરતે. શું તમો કોઇપણ ઠેકાણે એકાદ પાઠમાં પણ બતાવી શકો તેમ છો કે તેમના હજારો જ્ઞાનોમાં જુઠ બોલવા વિષે અથવા નિંદા ગીબત કરવા વિષે અથવા છળ-કપટ કરી છળેલ વિષે અથવા જનાકાર થોડા બાસડાં બાદ છુટી જશે એ વિષે એક પણ મશલો છે.! કદાપિ નહિં.

પીર સદરૂદ્દીન અ૦ તો ખુલ્લી રીતે પોતાના પવિત્ર

ફરમાનમાં નીચે પ્રમાણે તાલીમ આપે છે. જરા આંખ ઉઘાડીને બુદ્ધિનો ઉપયોગ કરી તેનાથી વાકેફ થાવ.

એક તીલ જુઠ બોલીએ ભાઈ,
જાયેગી સારા ભવકી કમાઈ;
એક તીલ જુઠ જો બોલશો,
તો પડશો દોજખ માંહી.
નિંદ્યા કરશો તો નરકી થશો,
રહેશો શાહથી દુર જી;
અમારી તમારી કોઇની નહિ ચાલે,
નિંદ્યા નર્ક દ્વાર જી.
જુઠા આળ ચઢાવે જોઇ,
મહા અધમ ચંડાળજ તેઇ.

પાંચ ગુનાહોનું તો ક્યામતમાં જરૂર પુછાણું થશે. ને ગુનાહો ગમે તેવા દાન પુન્ય કરે તો પણ તે ગુનાહો માફ નહિ થાય.

(૧) બીજાને મારી નાખવો (૨) આતમ હત્યા કરવી. (૩) ગાય હત્યા કરવી. (૪) પરસ્ત્રીનો સંગ કરવો (૫) જુઠું આળ ચઢાવી નિંદ્યા કરવી.

અલ્લાહો અકબર, જે તાલીમ પવિત્ર કુરાને શરીફમાં અરબી ભાષામાં છે તેજ તાલીમ તે સદરૂદ્દીન સાહેબની

રચેલી કિતાબોમાં ( સિંધી, ગુજરાતી, પંજાબી અને હિંદી ભાષામાં ) છે.

ઓ, અસનાઅશરી નામ ધારણ કરનાર બુતપરસ્ત કોમ! ખુદા જાણે છે કે અખલાકી બાબતોમાં તમારા જુઠા ધર્મ કરતાં ઢેડ, ભંગી, ચમાર, ભીલ, કોળી, હિંદુ, યહુદી, મજુશી, અને અગ્નિપુજકો લાખ દરજ્જે ઉત્તમ છે. તમારો ધર્મ તમને અધોગતિએ લઈ જનાર છે. તમારી કેવી બે ઈમાન તાલીમ છે! તબર્રા બાજીમાં ઈસ્લામીઓને અને ખુદાની ખલ્કતને લાનતો આપવામાં સવાબ. અફસોસ! ખુદાની ખલ્કતને ભુંડા બોલ બોલી પોતાની જબાનને હલકી બનાવી જહન્નમ તરફ શા માટે જાઓ છો? અલ્લાહુતાલા પોતાની પવિત્ર કિતાબમાં ફરમાવે છે કે "**લાનતુલ્લા હે અલલ કોમે ફાસકીન લાનતુલ્લાહે અલલ કોમે કાઝબીન.**" આનો અર્થ તો આપ સારી રીતે સમજી શકો તેમ છો. એટલે આપ સમજુને વધુ શું લખવું?

વાંચક! મી૦ ગેન મહાશયને તો જુઠું બોલવાનો, જુઠાં આળ ચઢાવવાનો, અને બોહતાન મૂકી કોઈને બદનામ કરવાનો પરવાનો મળી ગયેલો જણાય છે. આ સંબંધીની હકીકત આપ વાંચી ચુક્યા છો. તેઓ અમારા ઉપર એ ઈલજામ મુકે છે કે "તમો સુવર પરસ્ત, કાચબા પર-

સ્ત, મગર મચ્છ પરસ્ત, અર્ધો ભાગ :સિંહ અને અર્ધો ભાગ મનુષ્ય પરસ્ત છો. ” પરંતુ એવી જુઠી તોહમત મુકવાનો તો તેઓના ધર્મનો જુનો પુરાણો સિધ્ધાંતજ છે. તેઓ આવા જુઠા આક્ષેપો ફકત અમારા ઉપરજ નહિ પણ સુન્નત જમાયતના મુસલમાનો ઉપર પણ મુકયા કરે છે. આની એક દલીલ આપ સમક્ષ રજુ કરી તેનો જવાબ આપીશ.

મી૦ ગૈન અને તેમના મઝહબ ઉપર ચાલનારાઓને દોજખ અથવા કયામતનો બીલકુલ ડર નથી. તેઓ તો ગમે તેવું કરે તો પણ જન્નતમાંજ જવાના ! મૌલાના હાલી સાહેબનો કોલ કેવો સરસ છે તેઓ જણાવે છે કે:—

“ કરે ગૈર ગર બુતોંકી પૂજા તો કાફીર,
કવાકિબમેં જો માને કરીશમાં વોહ કાફીર.

જુકે આગપર મારે સીજદા વોહ કાફર,
જો માને બેટા ખુદાકા વોહ કાફર,

મગર મોમનીન પર કુશાદા હે રાહેં,
પરસ્તીશ કરે શોકસે જીસકું ચાહે. ”

આબાદ આ મીસરા મુજબજ મી૦ ગૈન અને તેમનું બુતપરસ્ત ટોળું વર્તતું જણાય છે. પોતે ગમે તેવાં કામ કરે છે. છતાં બીજા મુસલમાનોને ફતવાઓ દેના

જાય છે. જાહેર શરીયત વિરૂધ્ધ વર્તન કરી ઇસ્લામને ખાકમાં મીલાવી છિન્નભિન્ન કરી નાખે છે. છતાં તેઓ પોતાના માટે સ્વર્ગના સાતે દરવાજા ખુલ્લા માને છે. ફક્ત આજ કારણે કે:—

હુસેનકે ગમમે જો એક આંસુ બહાએગા,
ઘર લાખ મોતિયુંકા કયામતમેં પાયેગા,
હોજાય અગરચે જુલમ કે દરિયામેં વો ગર્ક,
દોજખસેં પાર હો કર જન્નતમેં જાયગા."

આવા એક આંસુના ભરોસે જન્નતમાં જનાર ગમે તેટલાં પાપ કરે, પાપી લખાણો કરે તેમાં ખુદા અને તેના રસુલની બે ઇજ્જતીનો ખ્યાલ કયાંથી રાખી શકે ? કોઇ પણ ફીરકા ઉપર દ્વેશ રાખી પોતાની જઇફ **રીવાયતોનો** આશરો લઇ પોતાનું કાર્ય સિધ્ધ કરવા તેઓ જરા પણ પાછા પડતા નથી, તેઓ સુન્ની ભાઇઓ ઉપર તેમની હદીસોની કિતાબ નામે બુખારીના આધારે હુમલો કરે છે. ( ચૌદમી સદી પુસ્તક બીજું અંક ચોથો પાનું એકસો ચોપન, ઇસ્લામને કલંક લગાડનાર, આપણા પેગંબર સ૦ ઉપર વ્યભિચારની તોહમત, લેખક અધિપતિ મી૦ અસીર. ) ભાઇ જાફરઅલી ગુલામ હુસેન અસીર ઘણા સારા માણસ છે. તેમની કલમ પણ ઘણી સારી છે, નાની ઉમ્મર હોવા છતાં ઘણું સારૂં મગજ ધરાવે છે. મેં મી૦ હાજીનાજી.

કાણા વગેરેની કલમ જોઇ છે તે કરતાં આ ભાઇ ઘણા મજાના છે, છતાં અસનાઅશરીઓમાં ફક્ત એક તેહઝીબ (સભ્યતા) નીજ ખામી છે. મજકુર ચૌદમી સદીના અંકમાં આ ભાઈએ જે લેખ લખ્યો છે તે વાંચવાની કોઈ પણ જરૂરજ નથી. બુખારીની વાત બુખારીમાંજ રહેવા દેવી હુતી. ભાઇ અસીરના આ લેખની નકલ કરતાં મારી કલમ થરથરે છે. પણ ન છુટકે તેના મુદ્દા લખવા પડે છે.

"(૧) પેગંબરે ખુદા રસુલ સ૦ મે બગીચામાં એક ઓરતને બોલાવી અને મેંહાર આપ્યા સિવાય તેની સાથે ભોગ કરવાની ઇચ્છા બતાવી, તેણીએ ના પાડી તેથી જબરજસ્તી કરવાની ઇચ્છા કરી. તે સ્ત્રીએ ખુદાની પનાહ ( રક્ષણ ) માગી ત્યારે રસુલે ખુદાએ તેને છોડી દીધી. આ બાબત ઉપર આર્ય ધર્મના બાની મી. ભોખારામ રામસીંગ બી. એ. ની ટીકા લખી છે. જેની નકલ કરવાની મારામાં શક્તિ નથી.

[૨] નમરૂદે જે તીર આકાશ તરફ છોડયું હતું, તે અલ્લામીયાંના પગમાં વાગ્યું.

(૩) કયામતને દિવસે અલ્લાહ પાક મોટી ઇજાર પહેરીને તખ્ત ઉપર બેસશે. તે એટલો જાડો હશે કે તેનું માંસ આજુબાજુ ચાર ચાર આંગળ લટકતું હશે.

(૪) તેની દાઢીના વાળ સફેદ અને નુરાની હશે.

(૫) તે દર શુક્રવારે કોઇ જવાન સ્ત્રી કે પુરૂષના સ્વરૂપમાં દુનિયાની સહેલ કરવા આકાશ પરથી નીચે આવે છે.

(૬) કયામતને દિવસે પેલા નમરૂદના તીરથી થએલો જખમ ફીરસ્તા અને લોકોને બતાવશે અને એટલું તો રડશે કે તે જોઈ લોકો પણ રડવા લાગશે.

(૭) જ્યારે નર્ક પુકારશે કે મારૂં પેટ ભરાયું નથી, હજુ કોઈને મોકલ, તો અલ્લામીયાં પોતાનો એક પગ નર્કમાં નાખી દેશે.

ઇસ્લામ અને કુરાન જે ખુદાને નિરંજન નિરાકાર અને સર્વ તસવીરથી પવિત્ર બતાવે છે. તેને જહુન્નમી બનાવતાં તે મુસલમાનોને વાર લાગી નહિ."

વાંચકો! મજકુર આખા લેખમાં હજુ તો ઘણી ટીકા છે. પણ તે લખવાની કંઈ પણ જરૂર નથી. આનો જવાબ ઘણા સુન્નીભાઇઓ આપવા વાળા બેઠા છે. પણ આવી ટીકા કરી અસનાઅશરી મુલ્લાંઓ ઇસ્લામને છિન્ન ભિન્ન કરી રહ્યા છે અને સવાબ સમજી ઇસ્લામની હલકાઇ, પર ધર્મીઓ આગળ પેટ ભરી ભરીને કરી રહ્યા છે. એ તો જાણીતુંજ છે કે કોઈ પણ સુન્નીભાઈનો ખુદા માટે કે રસુલ સ૦ માટે આવો અકીદો નથી. આતો કોઇ જઇફ હદીસ ઉપર લંબાણ કરી કાગનો વાઘ બનાવી લીધો છે.

જ્યારે સુન્નીભાઇઓ આવા લેખો વાંચે, ત્યારે અસનાઅશરીઓની, તેઓની હદીસોની, માન્યતાના છ ઈમામોની, અને મુજતેહદ ઉલ્માઓની મીટિ પલીદ કરી નાખે તેમાં શું નવાઇ! છતાં પણ સુન્નત જમાયતવાળા ભાઇઓ હ૦ પંજેતન પાક અ૦ અને તેમના પછી ઇમામ જાફર સાદીક અ૦ સુધી બધાઓનો મર્તબો ઠીક જાળવે છે. પરંતુ આપણને અસનાઅશરી કિતાબોથી માલુમ થાય છે કે તેઓએ સુન્નીભાઈઓની નિંદા, ગીબત, સાફ નાગાઇથી કરેલ છે. જોઈ લેજો તેમની ઉદારતા! અને સભ્યતા!

જ્યારે સુન્નત વલ જમાયત જેવી મહાન સમાજ ઉપર બેહુદીના સાથે લખાપટીમાં ઉતરી પોતાનું નખોદ વાળતા તે બુતપરસ્ત અશનાઅશરીઓ હુમલો કરતાં જરા પણ પાછું વાળી જોતા નથી. ત્યારે ઇસ્માઇલીઓ ઉપર જુઠાં આળ ચઢાવવા અને ઈસ્માઇલી ઇમામોને ન છાજતા બોલ કાઢવા એ તેઓને મન તો આશાન છે! (?) અને તેથીજ સતપંથના સોટાનો માર ખાવાના કારણ રૂપ તેઓ પોતેજ છે. હવે " અશનાઅશરીઓના જણાવવા મુજબ ઇસ્માઈલીઓ અવતારને માને છે અને સુવર પરસ્ત તથા કાચબા પરસ્ત છે. " તેનો જવાબ વાંચવા તરફ આપ સાહેબોનું ધ્યાન ખેંચું છું.

મી૦ ગૈન! તમો પણ ખોજાનાજ દીકરા છો. વળી

તમોને ધર્મ બદલાવ્યે થોડો વખતજ થયો છે. આપ પણ પીર સદરૂદ્દીન સાહેબના બનાવેલ જ્ઞાન શરીફથી વાકેફ છો અમારા પાક મુર્શીદોએ જે હિદાયત કરી તે ફીતરતની સાથેજ અને તે દ્વારા અમોને ઇસ્લામનો રસ્તો બતાવ્યો. તે વખતે અમારા અને તમારા બાપદાદાઓ હિંદુ સનાતન ધર્મના અનુયાયી હતા. તેઓ મચ્છ, કચ્છ વારાહ, નરસિંહ વગેરેને માનનાર હતા. બુધ્ધા અવતાર પછી નિકલંક અવતાર થશે. ચોથા કળીયુગમાં બ્રહ્માનો અવતાર થશે એવી એવી તેઓની માન્યતા હતી.

પીર સદરૂદ્દીન અ૦ ઇરાનમાંથી ઘણી તકલીફો સાથે મુસાફરી કરી જનાબ ઇમામ **ઇસ્લામ શાહ**ના જમાનામાં તેમનાજ હુકમથી હીદાયત કરવા હિંદુસ્થાનમાં આવ્યા હતા. તેમણે પ્રથમ હિંદુ ધર્મનો અભ્યાસ કર્યો અને સનાતન ધર્મની માન્યતા જોઇ તેમણે આપણા બાપ દાદાઓને સમજાવ્યું કે " તમો સાચા છો, તમો મચ્છ, કચ્છ, સુવર, નરસિંહ, પરશુરામ, રામ, કૃષ્ણ ઇત્યાદિને માનો છો. તે માન્યતા ખરી હતી, પણ તે પ્રથમના ત્રણ વેદ અને ત્રણ યુગ વહી ગયા તેના માટે હતી. હાલમાં આ ચોથો યુગ છે. ચોથા યુગના ગુરૂ બ્રહ્મા કોણ? નિકલંક અવતાર કોણ? જાપ કયો? દાડ કયો? પાટ કયો? વેદ કયો? એ તમો જાણો છો? પીર સદરૂદ્દીનના આવા સવાલથી આપણા બાપદાદાઓ મુંઝાઇ ગયા! જ્યારે પીર સદરૂદ્દીને

તેનો ખુલાસો સમજાવ્યો ત્યારે તેઓએ તેમની મુરીદી કબુલ કરી અને છેવટે અરજ કરી કે હે ગુરૂ મહારાજ! અમો માર્ગ ભુલી ગયા છીએ. તો કૃપા કરી અમોને માર્ગ બતાવો.

પીર સદરૂદ્દીન સાહેબે તેઓને હીદાયત કરી જ્ઞાન શરીફ હિંદી જબાનમાં બનાવી આપ્યાં કે જે બોલી આપણા બાપ દાદાઓ સમજી શકતા હતા. આ જ્ઞાન શરીફમાં ફરમાવ્યું છે કે આ કળીયુગના ગુરૂ બ્રહ્મા તે નબી મોહમદ મુસ્તુફા રસુલ સ૦ છે. દશમો અવતાર કે જેની તમો રાહ જુઓ છો ( અવતાર વગર જમાનો ખાલી રહેતો નથી ) તે અવતાર ઇમામે જમાન જનાબ અમીરૂલ મોમનીન હ૦ અલી અ૦ છે. અને હાલમાં તેમની ગાદીના વારસ જનાબ ઈમામ ઈસ્લામ શાહ છે. ઇમામની ગાદી એટલે તેની ઓલાદ કયામત સુધી જારી રહેશે. ત્યાર બાદ પીર સદરૂદ્દીન સાહેબે તેઓને ( આપણા બાપ દાદાઓને ) " લા એલાહ ઇલલલ્લાહ મહોમદ રસુલીલ્લાહ " નો પાક કલમો પઢાવ્યો.

હિંદુ ધર્મની માન્યતાનું પીર સદરૂદ્દીન સાહેબે જે ખંડન કર્યું છે. તેના થોડાક નમુના અત્રે રજુ કરૂં છું.

" ત્રણ ત્રણ વેદ ન ધ્યાવો મુનીવર ભાઇ<br>
કાંએ ખોવો પૂર્વ જન્મની કમાઈ

વરત્યા વેદ જે પીંઢ પારીન
સે ન લોહન મોક્ષદ્વાર.
ગંગા બનારસ મત જાઓ રે ગોદાવરી
રામ ભજન અણ કેસા."

મજકુર જ્ઞાને શરીફમાં પીર સદરૂદ્દીન સાહેબે ચોકખું ફરમાવ્યું છે કે જેઓ ત્રણ વેદ પ્રમાણે ચાલે છે તેઓ પોતાની કમાઈ ગુમાવે છે, જેઓ પ્રાચિન જમાનાની વાતો ઉપર ચાલશે તેઓની મોક્ષ ગતિ નહિ થાય. ઉપરાંત ફરમાવ્યું છે કે ગંગા, બનારસ, ગોદાવરી એ તીર્થો કરવાની હવે કાંઇ પણ જરૂર નથી. અને શ્રીરામ નામના જાપની પણ મનાઈ કરી છે. જ્યારે આમ છે ત્યારે રામની પહેલાં થઇ ગયેલા મચ્છ, કચ્છ, વારાહ, અને નરસિંહની અમો પરસ્તીશ (પૂજા) કરીએ છીએ એ વાત કેવી રીતે માની શકાય? જો સુજ્ઞ વાંચકો બરાબર ઇનસાફ કરશે તો તેમાં મી. ગૈનનું ફક્ત ટાયલાપણુંજ જોઈ શકશે. મી. ગૈનના ટોળાંના અસલી સિધ્ધાંતજ એ છે કે અશનાઅશરી સિવાય બીજા ધર્મોની ગીબત કરવી જાઓજ છે. એટલે તેઓ ગમે તે ધર્મને ગમે તેવું બોલે! એમાં નવાઈ જેવું કંઈજ નથી! ખુદા તેમને સદ્બુધ્ધ આપે!

પીર સદરૂદ્દીન સાહેબે અમોને ચોકખું ફરમાવ્યું છે કે પ્રથમના ત્રણ યુગ અને તેના ત્રણ વેદ પૂરા થઈ ગયા છે. આ કળીયુગમાં અથર્વવેદ (કુરાન) નો વારો છે.

" અથર્વ વેદ નારાયણે ભાખ્યારે, અથર્વ વેદ તે ભણીએ કુરાનરે. " આમાં તેઓ સાહેબ ચોકખુ ફરમાવે છે કે અથર્વ વેદ એ ખુદાનો કલામ છે. અને તેજ કુરાન શરીફ છે. એટલે કે અથર્વ વેદના ફરમાન કુરાન શરીફ જેવાજ છે. આ કારણોને લઇનેજ બ્રાહ્મણો યા આર્ય સમાજીષ્ટો અથર્વ વેદને જાહેર કરતા નથી.

" કળમાં ભુલ્યા બ્રાહ્મણ જોશીરે,
તે તો વરતીયા વેદને ચારે રે.

પઢી પઢી પંડિત ભુલ્યા, જેણુ.
ઇલલ્લાહ કા ભેદ ન પાયા.

આમાં પીર સદરૂદીન સાહેબ ચોકખું ફરમાવે છે કે આ કળીયુગમાં બ્રાહ્મણો અને જોશીઓ ભુલી ગયા છે. તેઓ જુની વાતોને પકડી રહ્યા છે. મોટાં મોટાં પુસ્તકો વાંચે છે પણ એક અલ્લાહ ( ઇલલ્લાહ ) ના ભેદની તેઓને ખબર નથી.

" અલ્લાહ એક ખસમ સબુકા, દુનિયા ઉસકી સારી;
અવિચળ નામ ખુદાવિંદ ભણીએ, ઓર સબ મિટીયાં કેરી બાડ.
નબી મોહમદ પુજો ભાઈ તો તમો પામો એહી ઇમાન.
મુશરક મન તો કાફર કહીએ; મોમન દીલ કુરાન. "

ખરેખર અલ્લાહ પાક એક છે, તે સારી ખલ્કતને પેદા કરનાર છે, તે અજર અને અમર છે; બીજી સર્વ ચીજો નાશ પામનાર છે. મોહમદ સ૦ તેના તરફના સાચા પેગંબર છે, જો તમો તેમને સાચા પેગંબર તરીકે ઓળખશો તો તેના વસી, ગાદી વારસ, ઇમામે જમાન હ૦ અલી અ૦ અને તેમની આલ પાકને ઈમામ તરીકે પ્રાપ્ત કરી શકશો. ખુદાની જાતમાં શિર્ક કરનાર મુશરીક છે. મોમીનોના દીલ પ્રકાશિત છે જેમ કુરાને શરીફ રોશની આપનાર છે તેમ મોમીનોના દીલોમાં પણ એવી રોશની છે.

અલ્લાહો અકબર ! પીર સદરૂદીન સાહેબે હિંદી જબાનમાં તોહિદનું એવી ફસાહતની સાથે બયાન કર્યું છે કે આજ દિવસ સુધી કોઇ પણ જાતના વાદવિવાદ કે મહેનત સિવાય હજારો માણસો ઈસ્લામ કબુલ કરી રહ્યા છે. તેઓ સાહેબના શિક્ષણે આખા હિંદુ સમાજને હચમચાવી દીધો છે. ( પંડિત મદનમોહન માલવીયા અને લાલા લજપતરાય જેવા હિંદુ લીડરો પ્લેટ ફોર્મ ઉપર ઉભા રહી હિંદુઓને ઉદેશી કહે છે કે, 'હિંદુઓ ખબરદાર થાઓ ! થોડા વખતમાં આગાખાનીઓએ ત્રણ લાખ હિંદુઓને મુસલમાન બનાવી દીધા છે. જો થોડો વખત આ મામલો ચાલુ રહ્યો તો દુનિયાની સપાટી ઉપર એક પણ હિંદુ નજર નહિં આવે' ) કારણ માત્ર એજ કે તેમનું શિક્ષણ એવું ઉચ્ચ કોટીનું છે કે

તેમના સિધ્ધાંતો ઘણી આશાની સાથે સમજમાં આવી જાય છે.

મી. ગૈન! તમારા ટોળાની તારીફ છાપાઓમાં કેવી રીતે આવે છે? ફલાણા ઠેકાણે શિયા સુન્નીઓમા મારા મારી! ફલાણા મુનાજરામાં સુન્ની મુજતેહદનું અસ નાઅશરી સૈયદ જમીનદારે પીસ્તોલથી કરેલું ખુન! અને તેના પરિણામે કોર્ટમાં ચાલતો કેસ! અને છેવટે પાંચ સાત શિયા આલીમોને થએલી ફાંસી! કોઇ દેશપાર અને કોઇને કેદની શિક્ષા! ઉપરાંત કોઇ સાલ નાટકોના પણ વખાણ આવે છે! ખલીફાઓની હકુમતમાં એહલે બેતની થએલ અવદશા તમો નાટકો દ્વારા રજુ કરો છો આજ તમારી તારીફ કે? તમો ઇસ્લામી આગેવાનોના શિકલો બનાવી તેઓને પત્થરા મારી, લાનતો આપી પદીથી ખાળી નાખો છો! મતલબ કે તમો ઇસ્લામીઓની નિંધા કરવી તેજ રામજી આવાં લાનની કામ કરી રહ્યા છો. ઇસ્લામને વધારવાનું કામ તો બાજુએ રહ્યું પણ શેય તાન ઇબલીશ માફક ઇસ્લામને બરબાદ કરવાનો સામાન તૈયાર કરી રહ્યા છો! શરમ છે. તમારી હાલતને! અને શરમ છે તમારી નાપાક તાલીમને! ખરેખર! જ્યારથી તમારૂં ટોળું શરૂ થયું છે ત્યારથી ઇસ્લામને હાનિકારકજ નીવડયું છે. અને તેને એવું છિન્નભિન્ન કરી નાખ્યું છે, કે

ઇસ્લામમાં સંગઠનની તુટેલી ગાંઠ ફરી બાંધવી મુશ્કેલ થઈ પડી છે.

મી૦ જૈન! કોઇ તવારીખ બતાવી શકશો? કે જેમાં **અસ્નાઅસરીઓએ** ઇશાયતનું કામ કરેલ હોય! અથવા બીન મુસલમાનોને મુસલમાન બનાવ્યા હોય? હરગીજ નહિ. તમોએ જો કંઇ પણ ઇશાયત કરી હોય તો તે ફીતના ફિશાદના ઇરાદાથી, બેન ભાઇથી, ઓરત મરદથી. ભાઇ ભાઇથી, અને પુત્ર બાપથી જુદા પાડયા. ઇસ્લામીઓમાં વેર ઝેર પેદા કરી સંકડો ઘરો, પાડોશીઓ અને ગામડાઓ તારાજ કરી નાખ્યાં. આવી તાલીમ માટે તમારી સમાજને શરમાવું જોઈએ. હવે આ સંબંધી વધુ ટીકામાં નહિ ઉતરતાં જે ધર્મમાં એક અલ્લાહ માટેની તાલીમ હોય તે ધર્મ ઉપર તમારા જુઠા આક્ષેપો કદી ટકી શકવાના નથી.

અલબત! પીર સદરૂદ્દીન સાહેબે જે કામ કર્યું છે: તે ફીતરત (તરકીબ) ની સાથેજ તેમનાં પવિત્ર જ્ઞાનોમાં જુની માન્યતાઓ તવારીખ રૂપે દેખાડી છે. (જેવી રીતે કુરાન શરીફમાં શદ્દાદ, નમરૂદ, અને ફીરઓનના અહેવાલ લખેલ છે તેવી રીતે.) કુરાન શરીફને દરેક મુસલમાન સવારના વખતે સવાબ સમજી પડે છે, અને વાંચવાથી સવાબ અઝીમ થતો સમજે છે. હવે તમારાજ જેવો કોઈ નાદાન

ઉઠી એવો એતરાજ (આક્ષેપ) કરે કે તે એહ્લાલ કુરાન શરીફમાં શા માટે જોઇએ? વળી આને લઇને તમો કોઈની પણ પરસ્તીશ થની સમજો એમાં શું નવાઈ!

પીર સદરૂદીન સાહેબે અમોને મોટામાં મોટી એ શિખામણ આપી છે કે "તમો પોતાનો હાથ ઈમામે જમાનની દામનમાં મજબુત રાખજો અને હાજર ઇમામના ફરમાન પ્રમાણે ચાલજો."

"ફરમાન માનો તો ફેરા ટળે,
પીર શાહ કહેતાં ઉતરીયે પેલે પાર."

અર્થાત્ ઈમામે જમાનના ફરમાન પ્રમાણે ચાલશો તો તમારા ફેરા ટળી જશે. અને તમોને બેહીસ્ત (સ્વર્ગ) માં ભેગા મળશે.

અમારા પવિત્ર ઈમામે જમાન જંગબારની પહેલી મુસાફરીમાં કરેલાં મુબારક ફરમાનો તરફ જરા જુઓ. તેઓ સાહેબ ફરમાવે છે કે "તમો નવ (૯) અવતારની વાતો ન વાંચો. હવે ફક્ત દશમા અવતાર હ૦ અલી અ૦ નું જીક્ર કરો. હ૦ હસન અ૦ તથા હુસેન અ૦ ની તારીફ કરો. મારી તથા મારા જદ (વડવાઓ) ની તારીફ વાંચો." ફરી ફરમાવ્યું કે "કાન ગુજસ્ત, બિગો મુર્તુજા અલી." એટલે કે કાન (કૃષ્ણ)ની વાતો પુરી થઈ હવે હ૦ અલી અ૦ નું પવિત્ર નામ લો.

પેગંબરે ખુદા રસુલ સ૦ હદીસ શરીફમાં ફરમાવે છે કે **"અનામીન્નુરીલ્લાહ વલ ખલ્કો કુલ્લો હુમ મિન્નુરી"** અર્થાત હુ અલ્લાહના નુરથી છું. મૌ. જૈન! આ હદીસ મુબારક તમારી કિતાબો એહવાલે માસુમીન, તાબુતે હુસેન, હદીકે શિયા. તથા બીજી ઘણીએ કિતાબોમાં છે. તે વાંચી જરા ખાત્રી કરી લ્યો. આં હજરત ફરમાવે છે કે હું અલ્લાહ પાકના નુર મુબારકમાંથી પેદા થયો છું અને તમામ ખલ્કત મારા નુરમાંથી પેદા થઈ છે. આથી સાબીત થાય છે કે દરેક ચીજમાં નુરે મોહમદી છે એમ આપણે કેમ ન સમજીએ! આનો ખુલાસો આપ આપશો કે?

તમારી કિતાબો પ્રમાણે તો કેટલાક વરૂઓ પણ શિયાને અલી હતા, એમ જણાય છે. એક વરૂ જે ખાનદાની હતો તે તો હ૦ અલી અ૦ ની બેત કરવા મદીનામાં પણ આવ્યો હતો. શું આ બીના તમોએ રાહે નજાતમાં વાંચી નથી? જો ન વાંચી હોય તો મહેરબાની કરી હાજીનાજીએ લખેલ રાહે નજાત પુસ્તક ૨૧ મું અંક બાર (૧૨) મો પાનું (૩૨૫) ઊપર જરા નજર ફેરવી જજો. એમાં લખ્યું છે કે "અબુલ્લાહા મકામહુઓ કશફુલ યકીન નામની કિતાબમાં અમ્મારે યાશીરથી રીવાયત છે કે 'એક દિવસ હું મદીનાની ગલીઓમાં હ. અલી અ. ની

પાછળ પાછળ જતો હતો ત્યાં મેં જોયું કે એક વરૂ આવ્યું જેનું માથું કાળું અને અંગ સફેદ હતું. અને લાંબા લાંબા ઘણા વાળ હતા તે દોડતું દોડતું હ૦ અલી અ.. હ૦ ઈમામ હસન અ૦ અને હ. ઇમામ હુસેન અ. હતા ત્યાં આવ્યું. મજકુર વરૂ પોતાનું મોઢું મારા ઉપર ઘસવા લાગ્યું અને આગલા પગથી હ. અલી અ. તરફ ઇસારા કરવા લાગ્યું આ વખતે હ. અલી અ. મે અરજ કરી કે ખુદા આને વાચા આપ. ( તમારી કિતાબોમાં છે કે ઇમામ સર્વ જાનવરોની બોલી સમજે છે પણ તે આ ઉપરથી ખોટું ઠરે છે ) વરૂએ કહ્યું અસ્સલામો અલયક, યા અમીરૂલ મોમનીન. આપે ફરમાવ્યું. વ અલયકુમસલામ, તું ક્યાંથી આવ્યો છે? ક્યાં જાય છે? ( શું ગેબના ઇલ્મથી આપ નહિ સમજી શક્યા હોય? ) વરૂએ અરજ કરી કે કાફરે બદકીરદાર ( દુષ્ટ કર્મો કરનાર કાફરો ) નાં ગામમાંથી નબીએ નેક કીરદાર ( ભલાઈ કરનાર નબી અ. ) નાં ગામમાં આવ્યો છું. આપે ફરમાવ્યું શું કામ છે? ( શું મોલા મુશ્કીલ કુશા તેના ઇરાદાને નહિ સમજી શક્યા હોય! )

વરૂએ અરજ કરી હું બીજી વખત આપની બયત કરવા માટે આવેલો છું. આપે ફરમાવ્યું, શું તેં પ્રથમ બયત કરી છે? તેણે કહ્યું હા. (શું હ. અલી અ.! આપ એનાથી

અજ્ઞાત હતા ? ) એક વખત આશમાન ઉપરથી એવો અવાજ આવ્યો કે બધા ભેગા થઇ જાય તેથી અમો સર્વે બની ઇસરાઇલના ઘરો પાસે ભેગા થઇ ગયા. ત્યાં આગળ સફેદ અલમ અને લીલા ઝંડા ખોડવામાં આવ્યા અને સોનાનો એક મીંબર રાખવામાં આવ્યો. ત્યાર પછી હ૦ જીબ્રઇલ અ૦ તેની ઉપર જઇ છટાદાર પુતબો પઢયા જેથી અમારાં દીલ રડવા લાગ્યાં ( "જીબ્રઇલ અ૦ ને પેગંબર સિવાય કોઇ જોઇ શકતું ન હતું. છતાં વરૂઓની વચ્ચમાં ભાષણ કર્યું અને વરૂઓ તેને જોઇ શક્યા એ કેવી રીતે ? ) અને અમારી આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં ત્યારે તેવણ સાહેબે અમોને કહ્યું. અય ! હેવાનો તમે જાણો કે ખુદા તાલાએ પોતાના હબીબ મોહમદ સ૦ ને પોતાની પાસે બોલાવી લીધા છે. અને તેઓની વફાત (મરણ) બાદ હ૦ અલી અ૦ ને તેઓના વસી મુકરર કર્યા છે. માટે તમો બધા તે હ૦ ની બયત કરો. આ વખતે અમો સર્વેએ કબુલ કર્યું. ( બરોબર ! જો અસનાઅશરી મઝહબનો પાયો આકલ ઉપર હોતે તો આવી બેવકુફી ભરેલી વાતો લખી પોતાની હાંશી નહિ કરાવતે ! નારએ અસદુલ્લાના કર્તાએ ચોકખી મજાકજ કરી છે કે ખુદા તાલાએ હ૦ અલી અ૦ ની બયત જીબ્રઇલના હસ્તક વરૂ પાસેથી લીધી ! આ કરતાં જો જીબ્રાઇલને ખલીફાઓ પાસે પયેજ કરવા અને બયત લેવા મોકલતે તો આટલી મારા

મારી નહિ થતે ) આપે ફરમાવ્યું કે તું જીન્નાતમાંથી છે, વરૂએ કહ્યું, ન હું જીન્નાતમાંથી છું, ન ઇનસાનમાંથી છું, [ તમારા લખવા મુજબ તો ઇમામની પાસે જે કોઇ જાય તો તેની તેને ખબર પડે છે કે એનું નામ ફલાણું છે અને ફલાણી કોમનો છે. જ્યારે હ. અલી અ. વરૂઓને પુછે કે તમે કઇ કોમના છો! ત્યારે તમારાજ અકીદા પ્રમાણે તેઓ હ. ઇમામ ન હતા એમ જણાઇ આવે છે. શું આ બીના ખરી છે ? ] પરંતુ હું શરીફ છું. આપે ફરમાવ્યું કે તું શરીફ કેવી રીતે છે? તેણે કહ્યું શરીફ એટલા માટે છું કે હું આપના શીયામાંથી છું. એટલુંજ નહિ પણ મને મારા વડવાઓથી ખબર મળી છે કે અમો એ વરૂની ઓલાદના છીએ જેને યાકુબ અ. ની ઓલાદના છોકરાઓ પકડી ગયા હતા. અને જેના ઉપર યુસુફ અ. ને મારી નાખવાનું તોહુમત મુકયું હતું.

એજ કિતાબમાં, એજ લેખના નીચે એક ઉંટ મોમીનનો એહવાલ મજા જેવો છે! જેના વાળ પ્રસાદી તરીકે દરેક અસનાઅશરીના ઘરમાં હશે. ખબર પડતી નથી કે આવા ખાનદાની ઉંટ, વરૂ, સુવર, કુતરા બિલાડા, ગધેડા, ભેંસ, ઘેટા, ચકલા ચકલીઓ કેટલી સંખ્યામાં હશે? મૌલાના હાજીનાજી જ્યારે જાહેર કરશે ત્યારે તે જણાશે. અસનાઅશરીઓનો અકીદો જ્યારે જાનવરોમાં આવે છે ત્યારે કોઇ ખાનદાની મચ્છ, કચ્છ, વારાહ, નરસિંહ ઇત્યાદિમાં

હિંદુઓની માન્યતા પ્રમાણે ખુદાઇ જલવો [પ્રકાશ] આવી જાય તો તેમાં શું હરકત છે? જનાબ અમીરૂલ મોમનીન હ. અલી અ. મે મચ્છનું રૂપ લીધું હતું અને વાઘના રૂપમાં થયા હતા તે તો હુમલાંનો નવો ધર્મ કબુલ કરે છે, પછી આવી મારા મારી શા માટે?

મોઅજીઝા મુર્તઝવી લેખક હાજી ગુલામઅલી હાજી ઇસ્માઇલ, અસનાઅશરી પ્રીન્ટીગ પ્રેસમાં તારીખ ૨૪ મી જીલહજ સને ૧૩૨૫ આ પુસ્તક છપાયે હજુ પચીસ વર્ષ પણ પુરાં થયાં નથી. મજકુર કિતાબમાં પાને ૧૬૧ માં ૩૬ મો મોઅજીઝો આવી રીતે લખે છે.

" ...........જ્યારે નુહ અ. ની કિસ્તી ભમરમાં આવી પડી ત્યારે નુહ અ. ગભરાવા લાગ્યા. બનવા કાળે પાક પરવર દીગારના હુકમથી એક પહાડ જેટલી મોટી માછલી આવી અને કિસ્તીને પોતાની પૃછડી વડે ખેંચી લઇ જઇ જોડી નામના પહાડ ઉપર પહોંચાડી દીધી. આથી નુહ અ. ઘણા ખુશી થયા જાહેરમાં તે માછલી હતી. પણ બાતીનમાં તે શેરેહક્ક હતા, હૈદરે કર્રાર, ગૈરે ફર્રારે મદદ કરીને હજરત નુહની કિસ્તી પાર ઉતારી."

વાંચક! મી. ગૈન મહાશય જે સુધરેલા ધર્મમાં ગયા છે. તે તો અવતારને માને છે એમ આ ઉપરથી સાફ

જણાય છે. તેઓ મહાશય મારૂં આ લખાણ વાંચી બો એ ધર્મને મુકી દેશે તો તેમાં અજબ થવા જેવું નથી!

નુરે ઈમાન કિતાબ ૧૧ મી હિસ્સો ૫-૬ રબીઉલ અવ્વલ સને ૧૩૨૩ ના પાને ૮૬ માં હાજીનાજી 'ગુલજારે કરબલા હિસ્સા ૪ થા બાબ ૧૪ માં લીટી ૩૨ મી' માં લખે છે કે " મૈને કહા, યેહી હુસૈન કે જીસકે પાસ શેર બેઠા હૈ, કહા, હાં તું જાનતા હૈ કે યેહ શેર કૌન હૈ. મૈને કહા, નહિ, કહા યે પિદરે બુજુર્ગવાર ઉસ્કે હૈદરે કર્રાર હૈ. પસ મે વહાંસે રોતા હુઆ ફીરા. " ( કેવા જાહેલ! કે હ. અલી અ. ની વફાત બાદ પણ તેમને વાઘના અવતારમાં લાવે છે! )

આ હિસાબે હ૦ અલી અ. વાઘના અવતારમાં શાહે નજફથી નીકળી કરબલામાં આવી રોજ શહીદોની લાશો સંભાળતા હતા! વાઘના અવતાર માટે મેરાજના અશઆરમાં અસનાઅશરી કહે છે કે:—

" મેરાજમેં કોઈ ન થા, વહાંભી તો અલી થા,
યો શેર નહિ થા, અસદુલ્લા અલી થા,
ઔર પરદયે ખાલીકમેં ભી વલ્લાહ અલી થા. "

અર્થાત મેરાજમાં બીજુ કંઇ ન હતું ત્યાં અલી. અ૦ હતા, રસ્તામાં જે વાઘ મળ્યો તે અસદુલ્લા ઉલ ગાલીબ હ, અલી અ૦ હતા, પરદાની અંદર ખુદા નહિ પણ અલી અ૦ હતા.

મી. ગૈન ! જરા વિચાર કરો. માછલી અગર વાઘ અને પણ એ હેવાની શીકલતો ખરીને ? આ બન્ને વાતને તમો કબુલ કરો છો. અને મેં તેની સાબીતીમાં તમારી કિતાબોનાં નામ પણ આપ્યાં છે, જો હિંદુ ધર્મવાળા એકાદ જાનવરનું વધારે નામ લઈ તેને ઈશ્વરી અવતાર માને તો તમો હાય વોય શા માટે કરો છો ? શું તમો અવતારની બાબતમાં હિંદુઓથી ઉતરતા છો ? અથવા તેવી માન્યતા નથી ધરાવતા ? નુરનું મુન્તકલ થવું (નુરનું ખોળીયું બદલવું.) એ તમારો ચોકખો અકીદો છે. આમ છતાં જો ઇનકાર કરતા હો તો વાદવિવાદ કરવાની હિંમત કરો. હું તો ફક્ત એકજ ઇશારો કરૂં છું કે તમારીજ માન્યતા છે કે હ. આદમ અ. ની પેદાશ પહેલાં કેટલાય હજાર વર્ષ ઉપર હ. અલી અ૦ ઇબ્રાહીમના ઉસ્તાદ હતા.

હ. અલી અ. એક લાખ ચોવીસ હજાર પેગંબરોની મદદ કર્યા પછી મચ્છા અવતારમાં, કયાંક વાઘની શિકલમાં, અને કયાં કેવી રીતે કંઈક કંઈક અવતાર ધારણ કર્યા તે બાબતનો ઇનકાર તમો કરી શકો તેમ નથી. અને એમજ છે તો નાહક શાહી અને કાગળો બગાડી ભોળા અસના અશરીઓની હાંસી ન કરાવજો ! હાજીનાજીની કિતાબ નામે હકીકિશિયામાં સવીમી ખાતુનના એહવાલ વાળા લેખમાં તમોએ 'નુર અવતાર લેતું હ. અલી અ૦ સુધી અને

હ. અલી અ૦ થી મહેદી સુધી કેવી રીતે જાય છે.' તે બતાવ્યું છે. માટે જવાબ લખવામાં ઉતાવળ ન કરજો.

છેવટે તમો ગંભો ઠોકીને ઈકરાર કરો છો કે સાચુ સંપૂર્ણ કુરાન હ. મહેદી પાસે ગારમાં છે. આ ઘણી સારી વાત છે. જો તમો આનો પણ ઇનકાર કરતે તો હું તમોને માથું, છાતી, પીટાવીને પણ કબુલ કરાવવા તૈયાર બેઠો છું. તમો અલ્લાહના કલામના મુનકર છો. એ બીના ઘણી સ્પષ્ટતાથી સાબીત થાય છે.

# પ્રકરણ ૪ થું.

## પરસ્તીશ એટલે શું? હેવાન પરસ્ત અને કાફર કોણ? તેનું સ્પષ્ટીકરણ.

વાંચક બિરાદરો! પ્રથમ એ સમજવાની જરૂર છે કે, કાફર કોને કહેવાય? કાફર એટલે ખુદા સિવાય તેની જગ્યાએ બીજાને માનનાર, અથવા જડ વસ્તુઓમાં કે, પોતાને હાથેજ બનાવેલી મૂર્તિઓ ઉપર આસ્થા રાખી તેને પુજાનું સ્થાન બનાવનાર, અને આવી વસ્તુઓને પોતાની હાજતો પુરી કરનાર તથા અપાવનારની ઉપમા આપવી. તે કાફરપણું.

પહેલા પ્રકરણમાં આપ વાંચી ચુકયા છો, કે ઇસ્મા-ઇલીઓ તો એક અલ્લાહ પાક અને તેનાં મઝહર-તેનું નુર ધરાવનાર નબી યા ઇમામે ઝમાન,-સિવાય કોઇને નથી માનતા. અમારા મઝહબમાં ઇસ્લામના અસલી તરીકા

પ્રમાણે નતો કબરોને માનવાનું છે. નતો કબર પરસ્ત કરવાની છે. નતો કોઇ મક્કાર, ચાલાક અને સોણદા બાજ ભમતા ભટકતા ભુતોને માનવાનું છે. નતો કોઇની રાહ જોઈ બેઠા છે, ન તો કોઇ હાથે બનાવેલ લાકડાઓની ચીજ ઉપર ઇમાન રાખે છે, અલ્લાહ પાક અમો ઇસ્માઇલીઓને આવી જહાલતશી બચાવે ! મી. ગૈન અમોને સુવર પરસ્ત અને માછલી પરસ્ત કહે છે, તે તેમની બે ઇમાની સિવાય બીજું શું હોઈ શકે ? તમોએ કોઈ દિવસ ઇસ્માઇલીઓને આવી પરસ્તીશ કરતાં જોયા છે ? કે ખાલી શૈતાનુલ રજીમનો પાઠ ભજવી બતાવો છો ?

આપ વાંચકો સમક્ષ મી. ગૈનનાં માની લીધેલા ધર્મનો ફોટો ખેંચી રજુ કરૂં છું. એ તેમનાં ધાર્મિક પુસ્તકોનુંજ ચિત્ર સમજી લેવું. તેમાં તેમણે ખુદા સિવાય ઇસ્લામની અસલી પેરવીથી ઉલટી રીતે નજાતનાં દરવાજા ખોલી નાંખ્યા છે. ! કદાચ તેઓને જન્નત ન મળી, તો તો દોઝક તો તૈયાર છે. આ રહ્યું તેનું રેખા ચિત્ર.

૧ મોહર્રમ મહિનામાં પોતાના હાથે કાથ, કાગળ વાંસડા ઈત્યાદિ એકત્ર કરી એક રોઝાની સિકલ બનાવે છે. એક ઇમામ હુસેન અ. ના નામે અને એક અલી અસગરનાં નામે.

૨ શાહ કાસમના નામે જુઠો જનાજો બનાવી તે ઉપર લાલ લોહી (રંગ) છાંટી આસપાસ તેલ લગાવી અણ ઘટતો દેખાવ રજુ કરે છે.

૩ કોઇનો ઘોડો માંગી લાવી તેની આસપાસ તીર, તલવાર, અને ઢાલ બાંધી તથા કોઇ પણ પ્રકારે તેનો લાલ રંગ બનાવી ઇમામ હુસેન અ. ની ઝુલ જનાની ઉપમા આપે છે. આજ ઘોડો બીજેજ દિવસે પોતાના અસલી માલીક ( હિન્દુ કે મુસલમાન, ઢેઠ યા ચમાર જેનો હોય તેનો ) ના હાથે ચાબખાનો માર ખાય છે.

૪ બીબી શકીનાના નામે કોઈ પણ એક છોકરો ઓરતોનાં લુગડાં પહેરી ખંભા ઉપર ખાલી મશક નાખે છે.

૫ લુંટો ઉપર ચકલાની હલકી ઓરતોને આઠ આના કે રૂપિઓ આપવાનું કરી વગર પલાણે બેસાડે છે. અને તે ઓરતોને ઇમામ અ. ની બીબીઓની ઉપમા આપે છે. (નૌઝબિલ્લાહ વળી તે ઉંટની મોહર એક કમીના મોવાલીનાં હાથમાં આપે કે જે ખરાબ લુગડે અને ખરાબ હાલતનો હોય, આવા માણસને દીન દુનિયાનાં સરદાર ઇમામ જૈનુલાબદીન અ૦ ની ઉપમા આપે છે. !

૬ કોઈ એક ઠેકાણે છબીઓ કાઢે છે, જેમાં એક મુસલમાનને યઝીદ બનાવે છે. બીજો ઇમામ હુસેન (અ૦) થાય છે, કોઇ સાંઢણી સવાર મદીનાનો કાસદ બને છે, આ મુજબ કોઇ કેવો તો કોઈ કેવો સર્વાંગ લઈ નાટકો ભજવે છે.

૭ ઘોડા, ઝુલા, લાકડાનાં પંજા, સદા, હાથી, અને

ઉંટ બનાવે છે. અને એક મેદાનમાં આતશ કદાહ ઉભે
કરી તે ઉપર મજકુર ચીજોને સાત આંટા ખવરાવે છે
એટલે કે તેનો તવાફ કરાવે છે.

મજકુર બાબતો માટે ન તો ઇસ્લામમાં ઇજાજત છે
ન તો અલ્લાહ કે અલ્લાહ પાકનાં રસુલનું ફરમાન છે
તેમ છતાં જેઓ મજકુર પેરવીઓ કરે છે. તેઓજ મુશ
રીક અને કાફર છે, તેમાં શું નવાઇ? આવા હજારો ફ
વાઓ અહેલે ઇસ્લામનાં મુજતેહદીનનાં તમારા ( મી.
ગૈન અને તેમનાં બુતપરસ્ત ટોળા) માટે મોજુદ છે
જ્યારે આમ છે, ત્યારે કાફર તમો કે અમો! તેનો ઇન્સા
વાંચકોજ કરશે. મી. ગૈન! પોતાના હાથે એક ચીજ
બનાવી તેને પોતાની હાજતો પુરી પાડનાર સમજવું, એ
નામજ પેરવી, અને તમો ઘોડા, ગધેડા, ઉંટ, દુલદુલ
પંજા, સદા અને તાઝીયા પરસ્ત છો જેથી તમો ચોકખે
ચોકખા...............છો. આમાં આપને કંઈ શંકા રહે છે
તમો મજકુર મુર્તિઓની પરસ્તીશજ નહિ, પણ
ઇસ્લામનાં સિધ્ધાંત વિરૂદ્ધ તેમાં એટલી બધી શ્રદ્ધ
રાખો છો કે, તેને જોઇ જોઇને રોતા પણ થાકતા નથી
અને પરિણામે બેહિસ્ત, જન્નત અને હુરો મેળવવાન
તમો આશા બાંધી બેઠા છો, આ સર્વ બાબતો મોઢાન
નહિં, પણ તમારી કિતાબોનાં આધારેજ લખું છું. જરા
મહેરબાની કરી અક્કલને કામમાં લાવી તેની ખાત્રી કરશે

" નુરે ઈમાન " કિતાબ ૨૦ મી. પાનું ૨૦-૨૧ મું માં આ મુજબ લખાએલું છે.

" તાબુત ઉઠાનેકા સીલા ફખ્રકી રાહત, દુલ્દુલકો બનાનેકી જઝા નાકએ જન્નત, શક્કાઈકે ઈનઆમમેં કૌશરકી હકુમત, દૌલત હૈ યેહ સબ તાઝીયેદારીકી બ દૌલત, આગાહકે લીએ તૌક પહેનતે હુંય. તો કયા હુય ? લોહ તૌક નહિં, દાયરએ હિફઝે ખુદા હુય. "

મેં ઉપર જે સાત બાબતો લખી તેને તમો બુત પરસ્તો કબુલજ કરો છો. અને બતાવો છો કે, આમ કરવાથી અમારી નજાત થશે. વધુમાં આવા કામ કરનારાઓને પણ જુઠા દિલાસામાં બાંધી માર્યા છે. પણ જો જરાક અક્કલને કામમાં લાવને તો આવી નિમૂળ વાતો ઉપર જરૂર અફસોસ કરતે.

[૧] " નુરે ઈમાન " કિ. ૧૫ મી પાનું ૩ જું. હ૦

રસુલે ખુદા સ. ની હદીસનો તરજુમો.

" રહેમતુલ આલમીન જનાબે સય્યદુલ મુરસલીનને ફરમાયા, જો મોમીન મસાએબ મેરે નુર ઔર મઝલુમે હુસેન અ. કે સુને ઔર રોએં યા ઝીકે મસાએબ કરે, યા મજલીસે અઝાએ હુસેન અ. મેં બેઠે, યા અહેલે અઝાકી ખીદમત કરે, ગોયા ઉસને અર્શે ખુદાપર ચાલીસ

મરતબા મેરી, અલી બીન અબી તાલેબ અ. કે સાથ જીયા-રત કી, યાને ચાલીસ મેઅરાઝકા ઉસકો સવાબ હોગા.

**ફાયદા**—રસુલે ખુદા સ. અ. વ. કો તો ઉમરભર એકહી મરતબા મએરાઝ હાંસીલ હુઇ, મગર જો માતમી હુસેન અ. કી ખિદમત કરે યાને ચુલમ ટોપી ભરદે. ઉસકો ચાલીસ મએરાજ હાંસીલ હોવે."

આ વાત ઉપર કોણ કેટલો ભરોસો કરે ? જ્યાં ગમે તે સંજોગોમાં રોવા ઉપરજ સવાબનો આધાર સમજી બેઠા હોય, ત્યાં રોવા સિવાય બીજું શું હોઇ શકે ? આ તો મહેનત ઓછી અને સવાબ ઘણો એ હિસાબે વાત છે. પરંતુ નથી સમજી શકાતું કે આમાં તેઓએ શો ભેદ રાખ્યો હશે ! બિચારા અબુઝ અને ભોળા ટોળાને અંધારામાં રાખવાને કે બીજો કોઈ ? !

(૨) " નુરે ઇમાન " ફિ. ૧૫ મી પાનું ૨૭ મું. લખ્યું છે કે:—

" ખુદા તઆલાએ હ. મુસાને ફરમાવ્યું કે અય મુસા ! આગાહ હો, કે જો કોઇ ઉસ મઝલુમ કે શહીદકી મુસીબત પર રોએં યા રૂલાવે યા કસ્દ રોનેકા રખે. ઉસપર આતશે જહન્નમ હરામ કરૂંગા. "

હ. મુસાના જમાનામાં ક્યાં હતી રોવા પીટવાની

વાતો ! અલ્લાહ પાક ઉપર તોહમત મુકી જુઠા મઝહબની જુઠી રીતે તારીફ કરી રહ્યા છો. આ સિવાય બીજું શું છે ? ફકત રોવાનો ઇરાદો કરે, તો તેને માટે જન્નત હલાલ જહન્નમ હરામ ! આ કઇ કિતાબને આધારે !

(૩) "નુરે ઇમાન" ફી. ૧૭ મી પાનું ૫૦ માં લખ્યું છે કે:—

"એક યહુદી મરી ગયો, તે મહા પાપી હતો તેને તેની કોમ પણ દફન કરતી નહતી. તેની લાશને રઝળતી મુકી દીધી, હ. અલી અ. મે મુલ્લાં એહમદ અરદબેલીને કહ્યું કે તું તે યહુદીની લાશને મોમીનનાં તરીકાથી ગુસલ, કફન કરી દફન કરી નાખ. મુલ્લાંએ અરજ કરી કે યા મોલા ! તે પાપીને તેની કોમ પણ કાફર સમજે છે. હ. અલી અ. મે ફરમાવ્યું કે તે એક દિવસ જંગલમાં મુસાફરી કરતો હતો, એ વખતે તેને બહુજ તરસ લાગી, જેથી તેણે તે વખતે ઈમામ હુસેન અ. ની પીયાસ [તરસ] ને યાદ કરી, તેથી તે જન્નતી છે."

સુબ્હાન અલ્લાહ ! કોઈ અમલે ખેર યા ઇબાદતની જરૂર નથી. ઇમામની પીયાસ યાદ કરો અને જન્નતી થઈ જાઓ. ! પણ સાહેબ ! તમો તે પાક ઈમામોને નામે આવી વાતો લખતાં કંઈ પણ વિચાર નથી કરતા ? જેમ મગજમાં

આવે તેમ હાંકેજ રાખો છો ! પવિત્ર ઈમામોનાં નામ આપી તમો શું કરવા ઇચ્છો છો ?

(૪) " નુરે ઇમાન " કિ. ૧૭ મી પાનું ૧૬૮ માં બિહારૂલ અનવારનાં નામે લખે છે કેઃ—

" ઔર જીસ વક્ત રોનેવાલા મેરી મુશીબતપર મજલીસે માતમ વ અઝાસે ઉઠતા હે તો ઉસ વક્ત કોઈ ગુનાહ ઉસપર બાકી નહિં રહેતા. બલ્કે એસા પાક પાકીઝા હોજાતા હે, કે ગોયા ઉસી વક્ત શીકમે માદરસે તવલ્લુદ હુવા હે. "

ભાઈઓ ! હમેશાં ગુનાહનાં કામ કરી પછી મિજલસમાં જઈ, ગુનાહ બખશાવી લેવા ! આ તો બદમાશોને ઉત્તેજન દેવાનો રસ્તો ખુલ્લો કરી નાંખવા જેવું છે. ખુદા ખેર કરે.

[૫] " નુરે ઈમાન " કી. ૧૮ મી પાનું ૩૩ મું " અમાલી બિહારૂલ અનવાર " કર્તા મોલાનાં મોહમદ બાકર મજલીસી " માં લખે છે કે, " ઈમામે જાફરે સાદિક અ૦ મે ફરમાવ્યું કે ખુદા રહેમત કરે હમારે શિષ્યોપર કે જો રોતે હુંય. ઔર મજલીસે અઝાબ બરપા કરતે હુંય. ઔર તાઝીયાદારી કરતે હુંય. "

ઇતિહાસોથી સાબિત થાય છે કે, તાઝીયાદારી તો

તૈમુર લંગનાં જમાનાથી શરૂ થઇ છે. ઈમામ જાફરે સાદિક અ. નાં જમાનામાં આવી કોઇ પણ રશમ ન હતી. ખરેખર ઇમામોનાં પવિત્ર નામે જુઠી હદીશો બનાવી બુત-પરસ્તીનાં કામને ઉતેજન આપ્યું છે.

[૬] "નુરે ઈમાન" ફી. ૧૮ મી પાનું ૧૦૫ "ઝવાહીરૂલ અખબારમેં મનકુલ હય કે રોઝે કયામત જબ મલાએકકા હિસાબ વ કિતાબ હોગા, ઔર સબ સબકે આમાલે નેક વ બદ તોલે જાએંગે. તો એક શખ્શકે ગુનાહોં કા પલ્લા ઉસકી નેકીયું કે પલ્લેસેં ગીરાંતર હોગા. પસ મલાએકાએ અઝાબ ઉસકો પકડકે જહુન્નમકી તરફ લેજાનેકા કસ્દ કરીંગે. ઉસ વક્ત અલ્લાહ તઆલાકી જાનિબસે ઈર્શાદ હોગા. અય ફિર-સ્તો ! ઉસેં છોડ દો. ઉસકા એક અમલે ખેર હમારે પાસ હય. જીસકો તુમ નહિ જાનતે. ઔર વોહ અમલે નેક યે હય કે, જબ યેહ બંદા પાની પિતાથા. તો મેરે હુસેન પર દરૂદો સલામ ભેજતા થા. ઔર ઉસકે કાનિલો પર લાનત કરતા થા. ઈસકો બેહિસ્તમેં દાખિલ કરો."

મઆઝ અલ્લાહ, આ બુત પરસ્તો ખુદાને પણ જાહેલ સમજે છે, પહેલે ગુનેહગારને ફિરસ્તા જહન્નમ તરફ લઈ જતા હતા. તે પણ ખુદાનાં હુકમથી. પણ ખુદા

પાકને તેની એક નેકી યાદ આવી જતાં પાછા ફિરસ્તાઓને બોલાવી, ફરમાવ્યું "એ માણસને મુકી દો." એ જ્યારે પાણી પીતો, ત્યારે દરૂદ પડતો હતો, અને દુશ્મનોને લાનત આપતો હતો,! અત્રે સવાલ પેદા થાય છે કે, અલ્લાહ તઆલાએ તેને પ્રથમ શા માટે જહન્નમની તરફ મોકલ્યો ? અને હુકમ કર્યા પછી તેની નેકી તેને યાદ આવી ગઈ ? ભાઇઓ ! અસનાઅશરીઓની ખુદા માટે આવી માન્યતા છે. તેઓ એ કબુલ પણ કરે છે કે, ખુદાને બદા થાય છે, યાને તે ભુલી જાય છે. આ બધી ફિલોશોફીનો યોગ્ય નિર્ણય કરવા હું વાંચક વર્ગને સોંપી દઉ છું.

(૭) "નુરે ઇમાન" કી૦ ૧૮ મી પાનું ૧૯૭ "કિતાબે અમાલીમાં રિયાન બીન શબીબથી રિવાયત છે કે અય શબિબ, મુશીબતે ઇમામ હુસેન અ૦ વોહ મુશીબતે ઉઝમા હુય કે વકતે શહાદત ઉન હજરતકે ચાર હજાર ફિરસ્તે બઇરાદયે :નુસરત ઉસ જનાબકે વારીદે જમીને કરબલા હુવે. મગર અફશોસ વોહ મલાએકા ઉસ વક્ત પહોંચે કે હજરત શહીદ હો ચુકે થે. પસ વોહ ફીરસ્તે મજાવરે કબ્રે ખુદા હુર ઉસ મઝલુમ કે હુવે. અય ! શબીબ ! ઇસ કદર રોનેકે હક સુબ્હાનહુ તઅલા તમામ ગુનાહ તેરે બખશેગા. સગીરા હો, કબીરા હો, થોડે હો યા બહોત હો, અય ઇબ્ને શબીબ ! અગર તું ચ્હાતા હે,

કે ખુદાસે મુલાકાત કરે, ઇસ હાલસે કે ઉસ વક્ત મુજ પર કોઈ ગુનાહ નહો. પસ ઝીયારત બજાલા તું ઇમામે હુસેન અ૦ કી. "

ફિરસ્તા રંગડતા ફરે છે, કે, ખુદાના કબજામાં છે? જો ખુદાનાં હુકમમાં રહે છે, તો પછી ખુદાવંદે આલમીને ઘણીજ ગફલત કરી ગણાય કે ઇમામ હુસેન અ૦ પાસે તેમનાં કતલ થવા પછી મોકલાવ્યા! અથવા તેઓને ટાઈમસર મોકલ્યા હતા. છતાં મન્ઝીલ દુર હોવાથી વખત ચુકી ગયા! બરંગાર આનો ખુલાસો તો મોલાના હાફીઝ નાજી સિવાય કોણ કરી શકે? મારામાં તો તાકાત નથી કે હું આવી ગાંડી વાતો સમજી શકું. સગીરા ગુનાહ એટલે સાધારણ ચોરી, લુંટ, મારફાડ ઇત્યાદિ, કબીરા ગુનાહ એટલે કોઇનું ખુન કરવું, પરાઇ ઓરત સાથે હરામકારી કરવી, અમાનત ખાઈ જવી. ફિતનાની આગ સળગાવવી ઇત્યાદિ. એ બધા નાના મોટા ગુનાહો કયા કુરઆન પ્રમાણે અથવા તો કયા રસુલની શરીઅત મુજબ માફ થઇ શકે છે? ઇસ્લામીઓનો તો આવો તરીકો નથી, બાકી બુતપરસ્તોનો હોય, તે તો અલીમુલ ગેબ જાણે!

પાક સાફ થઇ અલ્લાહની મુલાકાત કરવી હોય તો ઇમામ હુસેન અ૦ ની ઝીયારત કરો, આ સંબંધી આપ જરા ખુલાસો કરશો? કે અલ્લાહ પાક ઇમામ અ૦ ની

ઝરીમાં બેઠેલા છે કે, ત્યાં અલ્લાહની મુલાકાત થશે? અથવા બીજે સ્થળે કેવી રીતે? અમો ઈમામ અ૦ નાં મરતબાને સારી રીતે જાણીએ છીએ, પરંતુ જ્યાં આવા આવા ગપગોળા ચલાવવામાં આવતા હોય, ત્યાં ત્યાં અમારે લાચારીથી આપ સમક્ષ મુદ્દાઓ રજુ કરવા પડે છે.

## "કબર પરસ્તીકે અહેવાલ ઔર ઇમામ હુસેન અ૦ કી કબ્રકી મીટીકા મોઅજીઝા."

### "જીન બાતુંકો સરાએ મોહમદી હરામ કહેતી હૈ, અસનાઅશરીઓંકે પાસ વોહ બાતેં હલાલ હય."

(૧) "નુરે ઈમાન" કિ૦ ૧૯ મી પાનું ૬ ઠું શેખ મુરતઝા નજફી અલહીર્ર રહેમાન, હ૦ સાદીક અ૦ સે રિવાયત હય કે "હમારે આકા હ૦ ઇમામે હુસેન અ૦ કો ખુદાને કયા મરતબા દીયા હય! કે ઉન હજરતકી જ્યારતમેં કીતને હજ મકબુલ ઔર ઉમરાએ મબરૂકા સવાબ હૈ," આ પછી એક રિવાયત હ૦ આએશાના નામે લખી છે કે, " પેગમ્બરે ખુદા સ૦ હ૦ ઈમામ હુસેન અ૦ ની સાથે પ્યાર કરતા હતા, પછી પેગમ્બરે ખુદા સ૦ એ ફરમાવ્યું કે, 'અમારા હુસેન (અ૦) ની કબરની જે જયારત કરશે, તેને નવ હજનો સવાબ મળશે, ને હજ પણ કેવી કે જેવી મારી હજ."

જ્યારે આગ છે ત્યારે મક્કામાં ધક્કા ખાવાની શી જરૂરત છે ? જો નવે હુજનો એક તડાકે લાભ થતો હોય તો વધારે ખરચો કરી હયરાન શા માટે થવું ? મહેરબાની કરી આનો ખુલાસો કરજો.

(૨) "નુરે ઇમાન" કિ૦ ૧૭ મી પાનું ૧૨૧. "અમાલી બિહારૂલ અનવારમેં મનકુલ હય કે, એક મરતબા જનાબે સાદીક અ૦ બિમાર હુવે. પસ હજરત ને કીસી ખાદિમસે ફરમાયા, કે કીસી શખ્સકો ઉજરત દેકર કબરે મુતહરા ઇમામે હુસેન અ૦ પર ભેજદે. તાકે વોહ વાસ્તે મેરી શહેત (તંદુરસ્તી) કે દુવા કરે."

આ વાત કોઇ પણ ઇમામીયા ફીરકામાં આવે તેમ નથી. શું ઇમામ જાફરે સાદીક અ૦ માં ઇમામતનું નુર નહતું ? અથવા ઇમામ હુસેન અ૦ વાળી તાકાત તેનામાં નથી ? આવી જુઠી રિવાયતને ઇમામીયા ફીરકાનું એક નાનું બાળક પણ કબુલ કરી શકે નહિં, તે ઇમામે ઝમાનનાં આવા નમાલા બોલ હોયજ નહિં. કે, જે કબરની પાસે એક માણસને મોકલી પોતાની બિમારી માટે સફા માંગે. ! મને અફસોસ તો આવી જુઠી રિવાયતો બયાન કરવાવાળા ઉપર થાય છે. કે જેમણે બેઇમાની કરી જુઠી રિવાયતો દ્વારા ઇમામીયા ફીરકાને બદનામ કર્યું છે. કદાચ જો આમ હોય તો ઇમામ અ૦ આખી સૃષ્ટિનો માલિક છે. સુરજ, ચંદ્ર

તેનાં તાબામાં છે, તે જે ચાહે તે કરી શકે છે, ખુદાઈનો ચલાવનાર છે, આખા દિવસનો રિપોર્ટ જમીન તેને આપે છે. તે ગૈબનું ઇલ્મ જાણે છે, એવી તમારી માન્યતા કદી પણ ટકી શકે તેમ નથી, ઉપરાંત આવી સિફતો પાછી ઇમામ અ૦ માટે ક્યાં રહે છે! મને ખબર પડતી નથી કે અસનાઅશરીઓ શું કહેવા માગે છે? અને આવી રિવાયતો લખવાનો તેનો શું મતલબ છે? હું હવે તેઓ સમક્ષ બે સવાલો રજુ કરૂં છું, તેનો યોગ્ય નિર્ણય મળશે એવી આશા છે.

(૧) જો આ રિવાયતને સાચી માનશો, તો ઇમામ જાફરે સાદિક અ૦ માં તમારૂં ઇમાન રહેશે નહિ, ઇમામ અ૦ કોઈ દિવસ કબર પરસ્તી કરેજ નહિં. આ વાત તેમની શાન મુબારકથી ઉલટી છે, શું ઇમામમાં એવી શક્તિ નહોતી કે કબર પાસેથી તંદુરસ્તી માગે! શું તેઓ જમાનાના ઇમામ નહિં હતા? અથવા તેમનામાં હનાબ ઇમામ હુસેન અ૦ વાળું પાક નુર ન હતું? જે ખુદાઈ તાકાત ઇમામ હુસેન અ૦ માં હતી, તેજ જમાનાના ઇમામમાં આવી ગઈ. આમ છતાં ઇમામનાં શરીરની માટી પાસેથી દુવા માગે તે કોઇ પણ ઇમાનદાર કબુલ કરે ખરો કે?

(૨) જો તમો આ રિવાયતને જુઠી સમજશો, તો

તમો સર્વે અસનાઅશરીઓએ મોલાના મહમદ બાકર મજલીસી જેવા માટે ધિક્કાર આપવો પડશે. કારણ કે તેણે બિહારૂલ અનવારમાં જુઠી હદીસ લખી, વળી આજ કારણે તેમનો કોઇ પણ કોલ; ફેલ સાચો નથી, તે એક ગપોડીયો માણુસ હતો. એમ તમારે કબુલ કરવું પડશે, ખુદ ઈમામ જાફર સાદિક અ૦ મે બીજા કેટલાક હદીસો બયાન કરનારાઓ ઉપર લઆનતો કરી છે, અગર હાલમાં તમારી માન્યતાનાં કોઇ ઈમામ હયાત હોતે તો જરૂર પોતાના દાદા ઉપર જુઠી તહોમત નાખનારને લઆનત આપતે, પરંતુ " વોહ દીન કહાં કે...............? " તમો તો મુજતેહદોના વેચાએલા ઢોર માફક છો. જે તેઓએ લખ્યું, તે તમોએ કબુલ કર્યું. ખુદાપાક તમોને નેક ગદ સમજવાની શક્તિ આપે.

મજકુર બને બાબતોમાંથી તમો કઇ બાબત સ્વિકારો છો? તે જોવાનું રહ્યું.

(૩) નુરે ઈમાન કિ૦ ૧૭ મી પાનું ૧૨૨. "ઔર ફરમાયા જનાબે ઈમામે મુસાએકાઝમ અ૦ ને, જો મોમન જ્યારત બજા લાએ કબ્રે ઇમામે હુસેન અ૦ કી, તો હક સુબ્હાનહુતઆલા ઉસકે ગુનાહે ગુજસ્તા ઔર આયંદા બખશેગા."

આ હદીસ પણ મને તો સાફ જુઠી જણાય છે. અથવા તો હ૦ મુસા કાઝમની જહાલિયત છે. ગુનાહ કરી કોઈ

માણસે અલ્લાહ પાકની પાસે તોબાહ કરે તો તો તે માફ થઇ શકે, પણ આ તો કબ્રની ઝ્યારત કર્યાથી ગુનાહો માફ થઇ જાય છે! શું આ બીના બેઇમાનીનું સર્ટીફીકેટ લેવા જેવી નથી લેખાતી? ઉમરભર ગુનાહ કરે, અને ઝ્યારત બજા લાવે તો તે સઘળા માફ! આવી તાલિમ ઇસ્લામમાં તો જણાતી નથી. પરંતુ કાંઇક કાફરોનાં ધર્મમાં પણ હશે કે કેમ, એ શંકા છે, છતાં અસનાઅશરીભાઇઓ આવી હદીસો એકત્ર કરી અલ્લાહ પાકના ઉપરનું ઇમાન ઓછું કરવા માગે છે, કે હ. ઇમામ હુસેન અ. ઉપરનું ઇમાન વધારવા માગે છે? તે કંઇ સમજી શકાતું નથી.

નુરે ઇમાન કિ. ૧૭ મી પાનું ૨૨-૨૩ "હક સુબ્હાન હુ તઆલા હરએક ઝવ્વારનાં અર્કમાંથી (૭૦૦૦૦) સીત્તર હજાર મલાએક પેદા કરે છે. જે કયામત સુધી તેના હકમાં મગફેરતની દુવા માગશે."

"ઇમામ જાફર સાદિક અ. મે ફરમાવ્યું છે કે, જે માણસ શરઇ ઉઝર સિવાય ઇમામ હુસેન અ. ની કબરની ઝ્યારત ન કરે. અને જો તે મરી જાય, તો તે માણસ નાકસુલ ઇમાન [ઇમાનનો કાચો] અને નાકસુલ દીન (ધર્મનો કાચો) છે."

"ઇમામ જાફર સાદક અ. મે ફરમાવ્યું કે જે મુસલમાન હજ કરે પણ ઇમામ હુસેન અ. ની કબરની

જ્યારત ન કરે તો તેણે ખરેખર ખુદાને પણ મુકી દીધો. દરેક મુસલમાન ઉપર ઈમામ હુસેન અ. ની જ્યારત ખુદા તરફથી વ્યાજબી છે."

"જો શખ્સ હજની નવમી તારીખે કરબલામાં હોય, તેને હજાર હજનો સવાબ મળે છે. તેણે હજાર ગુલામ આઝાદ કર્યા, અને હજાર ઘોડા જહાદ માટે આપ્યા, અને તેનું નામ સીદ્દીકો (સાચા) માં દાખલ થશે. અને સબે અરફા ખુદા તઆલા પ્રથમ ઈમામ હુસેન અ. ના જવ્વારો તરફ નજર કરે છે. અને પછી હાજીઓ તરફ જુએ છે. તેનું કારણ માત્ર એટલું છે કે હાજીઓમાં હરામીઓ પણ સામેલ થાય છે. જ્યારે કરબલામાં તે દિવસે યાને નવમી રાત્રે હરામી પહોંચી શકતો નથી."

"ઈમામ જાફર સાદક અ. એ ફરમાવ્યું કે જે માણસ આસુરાની રાતરે ઈમામ હુસેન અ. ની કબર પાસે મોજુદ હશે તેને નીચે મુજબ ફાયદા મળશે."

(૧) "કયામતમાં તે અલ્લાહપાકની મુલાકાત કરશે."

(૨) "તેને બે હજાર હજનો સવાબ મળશે."

(૩) "તેને બે હજાર ઉમરાનો સવાબ પ્રાપ્ત થશે."

(૪) "તેને બે હજાર જહાદનો સવાબ મળશે, ગોયા રસુલ [સ.] ની હિમાયત કરવાનો સવાબ."

પ્રિય વાંચકગણ ! જરા ધ્યાન પૂર્વક સાંભળજો. રના લખાણથી આપણને જાણવાનું મળે છે કે, ખુદા તઆ હમેશાં નવા નવા ફિરસ્તા પેદા કરે છે પણ તેઓને ળે કશે કયાં ? આસમાનની જગ્યાતો ટુંકી પડશે તો ભાવનગરમાં મોકલાવશે કે શું કરશે. !

કબરની જયારત ન કરવાથી કેટલાએક અસ્ અશરીઓ નાકસુલ દીન-ઇમાનથી મર્યા છે. પરંતુ શર મોહમદીમાંતો હુકમ નથી. કે કબરો ઉપર માથા પછા છતાં ખુદા તઆલાએ એ કામ વ્યાજબી કર્યું. એની શાબિ શી ? હાલના ચાલુ કુરાનમાં તો આ બાબત મળતી ન પરંતુ જો મહેદી વાળા કુરાનમાં હોય તો તો જુદી વાત છે.

જ્યાં અલ્લાહ પાકને જીસમજ નથી, ત્યાં મ કરબલા તરફ અને પછી હાજીઓ તરફ નિગાહ કેવી ર કરશે ? હાજીઓમાં હરામી હશે ! અને ઝવ્વારોમાં હરા નહિં હોય, એ તો ફકત ઇસ્લામીઓનાં દિલ દુઃખાવવ ખાતર તમારા બેઇમાન રાવીઓની ચાલબાજી છે. મ બ્ય લથી તો કરબલામાં ત્યાંના મુતવલીઓએ મુત્તા મ સારી સારી જવાન છોકરીઓ રોકી રાખી છે, અને તે હજારો હરામી છોકરા છોકરીઓ ત્યાં મોજુદ હોય તે શી નવાઇ ? હવે જો આવા કર્તુતો કરનાર ઝવ્વાર થાય તેને માટે કેમ ? મોલાના હાજીનાજી ! મહેરબાની ક

દાખલા દલીલો સાથે સમજાવજો. જ્યારે તમારો ઉસુલી મસલો અલ્લાહ પાકના દિદારનો મુનકર છે. તો કયામતમાં ખુદા પાકની મુલાકાત કેમ કરશો ! બાકી બે હજાર હજ, બે હજાર ઉમરી, બે હજાર ઘોડા, અને બે હજાર જહાદ, એ તો ખાલી પુલાવ, અને ગમે તેટલું ઘી નાખો, એવી વીગત છે. આવા મસલા ઇસ્લામમાં તો નથી.

નુરે ઈમાન કિ. ૧૮ મી પાનું ૧૫૭ માં લખ્યું છે કેઃ-

(૧) " ઈમામ હુસેન અ. ને પહેરવા માટે જીબરાઈલની નરમ અને સુંવાળી પાંખનો પોશાક હદીયા તરીકે ખુદા તઆલાએ મોકલાવ્યો હતો. "

(૨) " ઈમામ હુસેન અ. ની કબરની જગ્યાએ હ. આદમ અ. થી, હ. મોહમ્મદ મુસ્તફા સ. સુધી તમામ નમન કરી ગયા છે. " (જયારત કરી છે.)

(૩) " ઇમામ હુસેન અ. ની કબર આસપાસ બાર માઇલ સુધીની જમીન કાબાએ મોઅઝમાં કરતાં પણ વધારે ફઝીલત ધરાવે છે, શાહે નજફ કરતાં પણ વધારે અફ્ઝલ છે, "

(૪) " કરબલાની માટીની તસ્બીહથી તસ્બીહ કરવાનો સવાબ સીતેરગણો વધારે છે. એ ખાકે પાકની તસ્બીહ અમસ્તા ફેરવવામાં પણ તસ્બીહ પઢવા જેટલો સવાબ છે. "

(૫) " માઝઅીલ ઝમલની રિવાયતમાં વારીદ છે કે, એ પાક માટી ઉપર સીઝદો કરવાથી સાતે પડદા દુર થઇ જાય છે, યાને આસમાનનાં સાતે ભાગ ઉપરથી પસાર થઈ જાય છે. "

(૬) " એ પાક માટીપર સીઝદો કરવાથી સાતે જમીનમાં નુર ફેલાય છે, પછી કરબલામાં સીઝદો કરે યા ત્યાંની માટીનો ગારો કરી તેની મોહર બનાવી તેના ઉપર ગમે તે ઠેકાણે સીઝદો કરે તો પણ એવોજ ફાયદો પ્રાપ્ત થાય છે, બિમારને સીફા માટે થોડીક ખાક ખવરાવે તો પણ કંઈ હરકત નથી. "

૭ " એ માટી જેની પાસે હશે તેને કોઈપણ જગ્યાએ બીક નહિં લાગે, તેને માન મળે છે. જો વેપારની ચીજોમાં રાખે તો બરકત મળે છે. તેને નુકશાન ન આવે. "

૮ " કબરમાં એ માટી રાખવાથી મૈયતને અઝાબ થતો નથી. મનકુલ છે કે, એક ઓરત ઝીના [બદફેલી] કરાવતી હતી. અને તેથી બચ્ચાં થતાં હતાં. તે તેને બાળી નાખતી હતી. જ્યારે તેણી મરી ગઇ અને તેણીને કબરમાં દફન કરી ત્યારે જમીને તેણીના મૈયતને બહાર ફેંકી દીધી. લોકોએ બીજી વખત દફન કરી, તો તે વખતે પણ જમીને બહાર ફેંકી દીધી. અને આ પ્રમાણે કેટલીક વખત થવાથી લોકો જમાનાનાં ઇમામ પાસે

(હશે કોઈ હ. મુસે રઝા જેવા.) જઇ અરજ કરી તો આપે ફરમાવ્યું કે તેણીની કબરમાં ખાકે શીફા રાખો. આ મુજબ કરવાથી જમીને તેણીને બાહેર કાઢી નહિં."

૯ "કરબલાની પાક જમીનમાં દફન થવાથી હિસાબ આપ્યા વિનાં જન્નતમાં દાખલ થવાય છે."

૧૦ "જ્યારે મલાએક જમીન તરફ આવે છે. ત્યારે હુરાંઓ કહે છે કે, અમારા માટે તબરૂક લાવજો. જ્યારે મલાએક પાછા જાય છે. ત્યારે કરબલાની માટી લઇ જાય છે. તેમાંથી થોડીક હ૦ રસુલે ખુદાને આપે છે. બીજી પોતાની પાસે રાખે છે."

૧૧ "એ પાક જમીનમાં હ. ઇમામે હુસેન અ. ની શહાદત પહેલાં બસોહ નબી, બસોહ ઇમામ, બસોહ અસ્ત્બાત, દફન થયા છે. અને તે મોતબર રિવાયતમાં વારીદ છે."

૧૨ "થઈ ગએલા દરેક નબીઓ જ્યારે કરબલામાં ગયા છે. ત્યારે તે માટીને સુંઘી પછી ઉપાડીને પોતાના અંગ ઉપર ચોળેલ છે."

આ બાર મસલાનું જો જુદું જુદું વિવેચન કરૂં તો મારી આ બુક અહિંજ પુરી થઇ જાય. આ બધી વાતો ખુદા અને તેના રસુલનાં નામે એ બેઇમાનોએ ઘડી કાઢી છે ન તો કુરાનમાં આવા મસાએલ છે, ન તો રસુલ

સ૦ નું ફરમાન છે. પહેલા મસઅલામાં ઇબ્રાહીમની નરમ પાંખનાં પોશાક વિશેની વાત કેટલી વજુદ વગરની છે! શું હ૦ ઇબ્રાહીમ અ૦ કોઈ મુરઘી, બા બતક યા શાહમૃગ છે, કે જે થોડી થોડી પાંખ અમુક અમુક વખતે ઉતારે છે! આ મસલો ઇસ્લામથી બિલકુલ વિરૂદ્ધ છે. બીજો મસલો નબીઓ ઉપર તોહમત લગાવનારો છે. તેઓ કરબલાની જમીનની જ્યારત કરવા ગયા. તે વાત જુઠી છે. નબીઓએ અલ્લાહ સિવાય કોઈની જ્યારત કરી નથી, ત્રીજા મસઅલામાં તો સાફ જહાલિયત બતાવી છે. કાઅબતુલ્લાહ કરતાં કરબલાની જમીનનો મરતબો મોટો જાણ્યો છે. પરંતુ કુરઆન આ વાતનો ઇન્કાર કરે છે. ચોથા મસઅલાથી તો હસવું આવ્યા વગર રહેતું નથી, કેટલી બધી અંધ શ્રદ્ધા છે! જો હૃદય-મન અલ્લાહ તઆલાની તરફ ન હોય તો તસ્બીહ ભલે ખાકે સીફાની હોય કે લાકડાની હોય. બન્ને બરાબર છે. આમાં તો કરબલાનાં વેપારને વધારવાની દલાલી સિવાય વધારે કશુંએ નથી, ખાકે શીફાની ઠીકરી ઉપર સીજદો કરવો એ તો હરામ છે. એક નાનો બુત આગળ રાખી સાતમે આસમાને કોઈ નથી ગયું. અને તમો પણ જવાના નથી. શું મસ્જીદોની જમીન નાપાક છે? કે કરબલાની મોહર રાખી નમાઝ પઢો છો? મને આ જગ્યાએ એક શાએરનો કોલ યાદ આવી જાય છે.

" તસ્બીહ બદસ્તે ઝાહેદ. ચશ્મશ બમાલ મરહુમ;
ઇ કાફેરાના મુસલીમ દીદમ, ન દીદે બુદમ."

બાકે સીફાની તસ્બીહ હાથમાં રાખી મ્હોડેથી અલ્લાહ કહે, પણ નીયત મરી ગએલાઓના માલમાં છે. તે માણસ કાફર છે. મુસલમાન નથી.

" બ જમીંપે સીજદા કરદમ, ઝ જમીં નીદા બર
" આમદ."
" કે મારા ખરાબ કરદી, બ સીજદએ રીયાઇ."

જો રીયાકારીનો સીજદો કરે તો જમીન પુકારશે કે, અય મરદુદ! તેં મને ખરાબ કરી નાંખી. છતાં આપ બતાવી શકશો કે, તમો મજકુર મસલાઓ આગી શું કરવા માગો છો? તમો તો રાત્રિ અને દિવસ બેહિસ્ત અને નજાતનાં બસ સ્વપ્નાંજ જોઇ રહ્યાં છો. પણ જરા બુદ્ધિ ચલાવશો? અને જણાવશો! કે તે શું કોઇ મહુવાનો બાડો છે કે, જ્યાં બે ધડક ચાલ્યા જશો?

સાતમો મસલો જુઠો છે, જો એવી ખાસિયત તે માટીમાં હોય. તો મહેદી સાહેબ શા માટે ડરીને ભાગી ગયા? અથવા અસ્નાઅશરી વેપારીઓને બરકત શા માટે નથી થતી? આઠના મસલાથી તો તમો ઇસ્લામથી અને ખુદા—રસુલ [સ૦] થી ખારીજ થાઓ છો. શું કોઇ પણ લુચ્ચા, બદમાશ, હરામી, બે ઇમાન, પરાઇ રકમ હજમ

કરનાર, ઝીનાં કરનાર, અથવા શરાબીને કબરમાં માટી નાખી દફન કરીએ તો તેને અઝાબ થતો નથી? **બસ, ઇસ્લામમાં જે ખુદાનાં આદિલપણાની શરત છે. તે પણ આથી તો ખલાસ થઇ જાય છે.** (નૌઝબિલ્લાહ:) શું તમારા જણાવ્યા મુજબ તે જનાકાર ઓરતની મૈયત સાથે માટી નાખવાથી તે છુટી ગઇ હશે? કદાચ તમારા અકીદા પ્રમાણેના ઈમામો તમારા લઆનતી કામની સલાહ આપતા હોય તો ભલે, પરંતુ તૌબાહ કરો, ઈમામો આવા પાપીઓ માટે દયા કરેજ નહિં. પરંતુ તમોએ ઘડી કાઢેલ મસલો તો ફક્ત મુતાની મુશીબતમાં ગીરફ્તાર થએલી ઓરતનાં દિલાસા માટે હોય, તો તમો જાણો. નવમા મસલાએ તો તમો બુત પરસ્તોને પુરેપુરા કાફર બનાવી નાખ્યા છે. કરબલામાં જે દફન થાય તે હેસાબ આપ્યા વગર સીધો જન્નતમાં જાય, આ શું બતાવે છે? મી. ગૈન! તમારા આગેવાનોના કહેવા ઉપર જો ભરૂસો કરશો તો સીધા જન્નતમાં નહિં પણ જહન્નમમાંજ જશો. આવી રીતની નજાતની વાતો માણસોને દગલબાઝ કરવા તરફ ઘસડી જાય છે. કોઈની અમાનત ક્યાડો, કોઈની ઓરતને ખરાબ કરો, અથવા કોઇની નિંદા કરો, અને આ બધામાંથી છુટવા માટે કરબલામાં જઇને મરો અથવા વસીયત કરી નાખો કે મારી માટીને કરબલામાં દફન કરજો. ભલા આપ બતાવી શકશો કે આની ફીલોસોફી શું

છે? પરંતુ યાદ રાખજો, કે ખુદા તઆલા આદિલ છે, તે જરૂર ઇન્સાફજ કરશે. જેવા તમારા કામ હશે. તેવી તમોને જઝા કે સઝા મળશે. દશમાં મસલામાં તો બિલકુલ નાદાનિયતજ કરી છે. અને તે મુજબ ફીરસ્તા તથા હુરાઓને માટી પરસ્ત જણાવે છે. ખુદ રસુલે ખુદાને પણ તેમાં સામિલ કરે છે. અગિઆરમા મસલાથી તમો તમારાજ દીનને બાતિલ કરો છો. જ્યારે રોઝે અલસ્તમાં ઇમામ બારજ હતા અને તેરમાનું નામ નથી. ત્યારે બસોહ ઇમામ નબીઓને બુત પરસ્ત ઠેરાવવાની પેરવી કરી છે. પરંતુ તમો જાણો છો કે અલ્લાહના પેગમ્બરો સર્વ વાતોથી પાક છે. જો તેમ જાણતા હોતતો તેઓ માટી લઇ અંગમાં ઉપર ચોટે એ માનવા જોગ છે ખરૂં?

હવે મેહેરબાની કરી જરા ઇમાનદારીથી એક સવાલનો જવાબ આપજો. જ્યારે કરબલાની ખાખ કબરમાં નાખવાથી બેહિસ્ત મળે છે. ત્યારે તમારા ઇમામ સાહેબ હારૂન રશીદની સાથે કબરમાં સુતા છે. તેથી હારૂન જન્નતી છે કે નહિં? જો જન્નતી નથી એમ જણાવતા હો તો ઇમામ રઝામાં, ઇમામ હુસેન અ૦ જેવી તાકાત ન હતી? અથવા તો તેઓ ઇમામ ન હતા? આનો ખુલાસો કરતાં તમારે ખુબ વિચાર કરવાનો છે. તમારા મસલામાં જણાવ્યા મુજબ જો કોઇ યહુદી અથવા કાફર કરબલામાં મરી જાય,

તો તે બધા જન્નતી સમજવા ? શું તેઓ વગર શિઆ જન્નતમાં જશે ?

(૪) નુરે ઈમાન કિતાબ ૧૯ મી પાનું ૧૨૫ ... છે કે, "ઇમામ હુસેન અ. ની મુશીબત પર રોવા- અને એ હજરતની જીઆરત કરવાનાં કારણથી તમા ગુનાહો માફ થઇ જાય છે. એટલુંજ નહિં, પણ એ પછ થનાર ગુનાહ પણ માફ થઈ જાય છે. બલ્કે ઝીઆર- મા બાપ, સગાં વહાલાં તેમજ દોસ્તોનાં ગુનાહ પ માફ થાય છે."

આ એતેકાદથી તદન ઈસ્લામથી ખારેજ અને મુશ રીક થઈ જવાય છે. આ મસલાને માનનાર મુશરીક અ ખુદાની હસ્તીને નહિં માનનાર નાસ્તિકોનો તરીકો છે જ્યારત કરી પછી ગુનાહ કરવાની છુટ આપી દીધી છે ખુદાનું આદિલપણું રહેવા દીધું નથી. એકના બદલામ મા બાપ, સગા વહાલાં, અને દોસ્તો પણ બેહિશ્તમાં જા એ કેમ ? આવા મસલા લખનાર ખરેખર કાફર ફિરકાન હોવા જોઇએ.

(૫) નુરે ઈમાન કિતાબ ૧૯ મી પાનું ૧૨૭, માં લખ છે કે, "જેમકે ઝવ્વારોની ફઝીલતમાં વારીદ થયું છે કે તેઓને કયામતના દિવસે કહેવામાં આવશે કે, તમાર મરજી પડે તેઓનો હાથ પકડી બેહિસ્તમાં દાખલ કરો.

બિચારા ખુદાને પણ શું તે બુત પરસ્તો ધક્કો મારી અદાલતથી ઉઠાડી મુકશે? શું તેની પાસેથી બેહિસ્તની તમામ ચાવીઓ બળજોરીથી લઇ લેશે? શું તેઓ પોતાના દોસ્તોને અથવા ગમે તેને લઇ જશે? વાંચક બિરાદરો! આ બિનાં ઉપર જરા વિચાર કરો. કે આ તરીકો કાફરો નો છે યા નહિં? આપ વાંચી ચુક્યા અને તે ઉપરથી સમજી પણ ચુક્યા કે, જાનવર પરસ્ત, લાકડા પરસ્ત, અને શરાએ મોહમદીથી ઉલટા કોણ છે ખરેખર કહેવાતા અસનાઅશરીઓ એ બુત પરસ્ત ટોળું છે, અને તેને લઈ ને આ "સોટાનો માર" તેમને માટે વ્યાજબીજ છે.

મારા આ ચાર પ્રકરણ વાંચ્યા પછી તે બુતપરસ્તને કોણ મુસલમાન કહેશે? અથવા તેના માની લીધેલ મુસા કાઝમ પછીનાં ઇમામોને ઇમામ કોણ સમજશે? શું મી૦ ગૈન કે જે મોલવી મુજતેહદો પર નાઝ કરે છે, તેને ઇમાનદાર કહેશે? બિલકુલ નહિં. તે ટોળું તો ઈસ્લામથી ખારેજ છે. ઇસ્લામ ધર્મનું દુશ્મન છે. કારણ કે શરીઅતને મટાડનાર અને જહન્નમી રસ્તો બતાવનાર છે. એટલે હું તો ખાત્રીથી કહું છું કે, તેઓ ઈસ્લામી યા મુસલમાન નથી, નથી ને નથીજ, તેઓ ગીબત કરનાર ઇબલીશનાં સંગાતીજ છે.

## પ્રકરણ ૫ મું.

## અસનાઅશરીઓએ કરેલા એતેરાઝનાં સચોટ જવાબ, અને સચ્ચાઇ (?) ના ડંકાનો સત્યાનાશ.

ખોજા કોમ, પછી તે અસનાઅશરી હો યા ઇસ્માઇલી, પ્રથમ તો બધા ભેગાજ હતા, અને એકજ મઝહબ ઇસ્નાઅશરીને માનતા હતા, આ વાતથી તમો યા કોઇ પણ વ્યક્તિ ઇનકાર કરી શકે તેમ નથી, આ વાત સત્ય હોવા માટે તમારી કિતાબની એકજ દલીલ પુરતી સમજું છું. મર્હુમ મી. કાબા, કે જે તમારા ટોળામાં મશહુર હતા. અને જેઓ થોડા વખત ઉપરજ ગુજરી ગયા છે. તેમની હયાતિમાં તમારા મોટા મુર્શિદ યા નાયબે ઇમામની ગરજ

સારનાર ખલકે મહેદી સાહેબ શુભ હોવાથી તેનો ચાર્જ સંભાળનાર હતા. એમ કહીએ તો પણ ચાલે. તેમણે હસન બીન સબ્બાહ નામે પુસ્તક સને ૧૯૦૭ માં બીજી વખતે છપાવ્યું હતું. તેમાં પાને ૧૫૭ માં લખે છે કેઃ—

"ખોજા લોકોની અસલ ઉત્પતિ સુન્નીમાંથી થઈ હતી, એમ જે માનવામાં આવ્યું હતું. તે ખરૂં નથી, વળી મુંબઇમાં પ્રસિધ્ધ થએલી ગુજરાતી ચોપડીમાં ખોજા ધર્મની નિંદા કરી છે, તે પણ ખરી નથી. વળી હિન્દુ મુસલમાન મિશ્ર મતનાં ગીનાનો એજ શિઆ લોકોનો મત છે, એમ જે માનવામાં આવે છે, તે પણ ખરૂં નથી, ખોજાને માટે સતપંથ એ નિરાળો જ પંથ છે, એવી કેટલાકની સમજણ છે, તે પણ ખરી નથી, પણ **મુંબઇની હાઈ કોર્ટમાં કેશ ચાલતાં ખોજાઓનો અસલ ધર્મ શિઆ ઇમામી ઇસ્માઈલી ઠરેલ છે, એજ ખરી વાત છે.**"

"હસન બીન સબ્બાહ" નામે પુસ્તકની પ્રસ્તાવનામાં પાને ૩ જે એજ લેખક લખે છે કે, "અલમોતમાં સ્થાપન થએલી નિઝારી શાખાએ પોતાના દાઇઓ અને નકીબો મોકલી પોતાનો ધર્મ ફેલાવવાને બળવાન પ્રયત્નો કીધાં છે. અને તે પ્રયત્નોને લઇ હિંદુસ્તાનમા પણ લાખો લોકોને જેવાંકે ખોજા, મુમનાં,

શુપ્તી, સાજી, સવાઇ, અને મેઘવાળ ઇત્યાદિ કોમોને યુક્તિસર બોધ કરી પોતાનાં ધર્મમાં સામેલ કીધા છે."

અફસોસ! પોતાનાં મુરશીદ જેવાનાં કોલથી ફરી મી. ગૈન જેવા, ઈસ્માઈલી ઈમામોને અસનાઅશરી લખવા મનાવવાની વ્યર્થ કોશિશ કરી રહ્યા છે. વળી ડુબતો માણસ તણખલો પકડે! તે હિસાબે પાછી દલીલો પણ દેવા લાગ્યા છે. હું મી. ગૈનને તેની ચોખવટ માટે ભલામણ કરૂં છું કે, મહેરબાની કરી 'કાબા તિમિર ભાસ્કર' વાંચો 'અખબારે ઈસ્લામ.' મુંબઈ તા. ૧૬ મી જુલાઇ ૧૯૧૪ જેમાં મી. કાબાનાં દીન પ્રતિદીન બદલાતા ખ્યાલો નો સારો રીવ્યુ લીધો છે. તેવીજ રીતે 'હકીકતુલ મુસાવાત'માં મોલાનાં હાજીનાજીએ મર્હુમ માટે સારામાં સારો ચિતાર આપ્યો છે, યાને તેને અસનાઅશરી અને ઈસ્માઇલી ધર્મનાં દુશ્મન તરીકે સાબિતીની સાથે બતાવી આપ્યું છે.

મી. ગૈન, કાબાનું અનુકરણ કરનાર છે. પણ કાબાની માફક પોતાનાં વિચારો એક જગ્યાએ એકઠા કરી શકતા નથી, આવી ટેવ તે બુત પરસ્ત ટોળાના બધા લેખકોની છે, મી. ગૈનનાં જુઠા ડંકામાંથી સવાલો રજુ કરી તેના જવાબો લખું છું. તે ઉપરથી ઈન્સાફ પસંદ વ્યક્તિઓ જરૂર ઇન્સાફ કરશે.

**સવાલ પહેલો:—**

—પાનું ૪૨, " પણ ખરૂં લેખજો કે, ગેબ થવું આમજી ભામજી જેવાનું કામ નથી, એ તો ખરા ખુદાઈ પાવર ધરાવનારા ઇમામોજ ગેબ થઇ શકે છે, જો તમારા ઈમામમાં સચ્ચાઈ હોય તો ગેબ થઈ દેખાડે. તેમાં ગેબ થવાની શક્તિ નથી. "

**જવાબ:—**

ભાઈ ગેન ! ગેબ થવું એ ઇમામની શાનગુજારકથી ઉલટું છે, બલકે તે આમજી ભામજીનુંજ કામ છે. અલ્લાહનો સાચો પ્રતિનિધી, શા માટે ભાગે ? શા માટે ગેબ થાય ? અલ્લાહ પાક તેને પોતાની હુજત બનાવે શા માટે ? ભાગી-જનાર ગેબ થનાર, ઇમામ દુનિયામાં હોય તોયે શું ? અગર ન હોય તોયે શું ? જો ઇમામજ ન હોય, તો પછી ઇમામીયા ફિરકાના શા માટે કહેવરાવીએ ? વળી તેમ હોય તો ઈમામતનાં ઉસુલને માનવાની શી જરૂર છે ? ભાઇ ! તમો લખો છો કે, તમારો ઈમામ ગેબ થઇ દેખાડે. પણ એ તો તમારી હઠ ધર્મી છે, તમારા ઈમામ દરીયામાં ડુબકી મારી યા ફાંસી ખાઇ મરી ગયાં તો શું બીજાઓને એમ પણ કહેવું કે, તમારા ઇમામમાં સચ્ચાઇ હોય તો તેમ કરી દેખાડે ! ના, મી. ગેન ! તમારોજ ઇમામ ભાગી ગયો તેજ બસ છે. અમારે આવી જહાલીયતની સચ્ચાઈ બતા-

નવી નથી, જો અમો અમારા ઇમામને ગૈબ કરવાની સચ્ચાઇ દેખાડવા જઈએ તો અમારે કાફરપણાની જીંદગીઓ મરવું પડે, ઇમામ ગૈબ હોવાની જહાલત ભરેલી માન્યતા તમોનેજ મુબારક હો. જો તમોને એ મિનિટ ગુમ થવા વાળો ઇમામ જોતો હોય તો એવા એક નહિં પણ અનેક પ્રોફેસરો બતાવું, એકનું નામ તો છે, પ્રોફેસર હાશાનંદ આર્ય સમાજી કે જે ઇસ્લામનો દુશ્મન છે. અને માણસોના જમ ઘટામાંથી ચાર કલાક સુધી ગુમ થઇ શકે છે, પરંતુ તમારે પ્રથમ તપાસ કરવી જોઇએ કે, મહેદી સાહેબ પેદા થયા હતા યા નહિં. ગૈબ થયા છે કે ખાલી માથા ફોડ છે? મરી ગયા છે કે જીવતા છે? આસમાનમાં છે કે જમીનમાં છે? લીલા પંખીઓ મહેદીને આસમાનમાં ઉપાડી ગયા પછી કઇ તારીખે કયા સનમાં પાછા લાવ્યા? અને તેમને ક્યાં મુકયા? હમણાં તેમની શું હાલત છે? સુખી છે કે દુઃખી? ભાઇ! આખર પણ તમારા ઇમામ માણસ હતા, તો માણસ તરીકે તેમને ધોબી, હજામ, બબરચી, વગેરેની જરૂર પડતી હશે. તો તેમની હાજતો પુરી થાય છે કે નહિં? તેમનાં માટે ખાવા પીવાની શું સગવડ છે? તે તમારો એકલો અટુલો ઇમામ દુનિયાની નજરથી ગૈબ થઇ ત્યાં શું કરે છે? દુનિયા તેને જોઇ શકતી નથી, કારણ કે તે દુનિયાથી અલગ છે, તો પછી અલ્લાહ પાકના રાજા ફરમાન દુનિયાને કેમ પહોંચાડશે? અને શું ફાયદો

થશે ? ભાઈ ગૈન ! ફોકટ ધર્મી ન કરો. આવી વાતો ઉપર જીન્દગી બરબાદ ન કરો એક તો બિચારો પેદા પણ થયો નથી, અને દુનિયામાં તેની હસ્તી પણ નથી, તો પછી ગૈબ ક્યાંથી થાય ? વળી વધુમાં એ પણ સમજાવશો કે હ. અલી અ. થી હસન અસગરી સુધી તમારી માન્યતાનાં જે જે ઇમામો થયા તેઓમાં ગૈબ થવાની તાકાત હતી યા નહિં ?

**સવાલ બીજો:—**

પાનું ૪૩, "તમો સેંકડો ખુદાની માન્યતા રાખવા વાળા મુસલમાનીનો દાવો એક સેકન્ડ પણ કરી શકો છો ખરા ? તમો ખુદાને સાકાર રૂપમાં માનનારાઓ અમો ખરા ખુદાને માનનારાઓ પ્રત્યે બોલીજ કેમ શકો ? બતાવી શકો છો કે, ખુદાએ કુરાનની જગ્યાએ સાકાર રૂપમાં દેખાવ આપ્યો હતો ?"

**જવાબ—**

જે માણસ પોતાની લાયબ્રેરીથી અજાણ હોય તે શા માટે આવા સવાલો હાથમાં લે છે ? અથવા સુન્ની મુસલમાનો આગળ પોતાની ગજાની ચાલાકી બતાવવાની નિયતથી આ સવાલ કરે છે ? એ નાદાનોને એવો વિચાર શા માટે નથી થતો ! કે અમારા મઝહબથી કોઈ વાકેફદાર ગરદન પકડશે તો અમારી પોતાની ફજેતી થશે.

આ સવાલ ઘણાં વર્ષથી અમારા મીશનરી સાહેબ ઇસ્માઇલી સતપંથ પ્રકાશમાં લખી રહ્યા છે. જેનું નામ ખુદાઇ જલવો છે. તેમાં છેવટે મૌલાના હાજીનાજીને તથા તમારા જુઠા ડંકાને પ્રગટ કરનાર અલી ભાઈને ખુલ્લી ચેલેન્જ આપી કે સુન્ની મુજતેહુદોની આગળ વાદવિવાદ કરો. જો સુન્ની ભાઇઓ તમોને હ૦ અલી અ૦ ની માન્યતા વિષે કાફરના ફતવા આપે, તે તમો જુઠા. અને તે અંગે તમારો જુઠો મઝહબ મુકી ગમે તે મઝહબમાં ચાલ્યા જાઓ. અગર તે લોકોએ એવા ફતવા આપી, કે હ. અલ્લા અ. માટેની અસ્નાઅશરીઓની માન્યતા શરીઅતની હદમાં છે. અને તેથી તેઓ તોહીદમાં કંઇ પણ ફરક નથી થતો તો હું તમારા મઝહબમાં આવીશ." પરંતુ તમારા પેટભરૂ મુલ્લાંઓ વાદવિવાદના નામથી ભડકે છે, ભાગતા ફરે છે, આથી સાબિત થાય છે કે, તમો ખુદ ખુદાને શરીરવાળો માનનારા છો. આની થોડીકજ દલીલો આપીશ.

અમારો અકીદો તમારા કરતાં બિલકુલ નિરાળો છે, જેથી શરીઅતમાં પણ ફરક નહિં આવે. અમો ઇસ્માઇલી અલી અ. યા કોઈપણ ઇમામનાં શરીરને ખુદા નથી કહેતા જેઓ શરીરને ખુદા સમજે તે મલઉન કાફર છે. પણ અલબત પંજેતન પાક અ. માં અલ્લાહપાકનું નુર મુબારક જે નુર નિરાકારી નિરંજન છે, તે નુરનો કોઈ માં યા બાપ

નથી. વળી તે કોઇનો જણેલો નથી. નથી તેને કંઈ ઓલાદ. જો ઇસ્માઇલીઓ શરીર પરસ્ત હોત તો તમારી માફક કોથળીમાં આટો નાખી જ્યાં જ્યાં ઇમામોનાં શરીર દફન થયાં છે, ત્યાં ત્યાં ધક્કા ખાતા ફરતે, પરંતુ અમારા હાદીએ અમોને એવી કબરો ઉપર ધક્કા ખાવાની સાફ મનાઈ ફરમાવી છે.

" એ તખ્તે જે નર આવે, તેને શ્રેવો મોરાભાઈ, "

અર્થાત્—જે ઇમામતની ગાદીએ આવે, તે જમાનાનાં ઈમામને માનજો, ખરેખર તે ઇમામે ઝમાન નાતકુલ કુરઆન. શરીકતુલ કુરઆન સિવાય તેઓની કબરો સાથે અમારો કંઇ પણ સંબંધ નથી.

## તમો અવતારના કાએલ છો, અને મુજસ્સીમ ખુદાને માનો છો. ઉપરાંત ઈમામ સુક્ષ્મ શરીર ધારણ કરે છે. એ પણ તમારી માન્યતા છે. તેની થોડીક દલીલો.

(૧) 'હકીકતુલ મુસાવાત' પાનું ૧ લું (હાજીનાજી)

" જો મુરતઝા રસુલોંકી પેગંબરી નહિં,
વોહ બંદએ ખુદા નહિં, જો હૈદરી નહિં. "

"જો અલીયુન મુરતઝા પેગમ્બરોની સાથે ન હોત તો તેઓ પેગમ્બરી ચલાવી ન શકતે. જે માણસ હૈદરી નથી, તે ખુદાનો બંદો નથી." ( ત્યારે શું તાજીયા અથવા લાકડાની દુલદુલનો બંદો છે ? ]

આથી સાબિત થાય છે કે, હુ૦ અલી અ૦ હરેક જમાનામાં દરેક નબી સાથે મૌજુદ હતા. તેમનું નુર મુન્તકીલ થતું રહ્યું. યાને અવતાર ધારણ કરતું રહ્યું.

હદીસે શીઆ' પાનું ૫૭ ( હાજીનાજી ) "જ્યારે ખુદાએ હુ૦ આદમ અ૦ ને બેહિસ્તમાં રહેવાનો હુકમ આપ્યો, ત્યારે અમો તેઓની સુલબમાં મૌજુદ હતા. પછી જ્યારે હજરતે નુહ અ૦ કિશ્તીમાં સવાર થયા, તો તે વખતે પણ અમો તેઓની પીઠમાં મૌજુદ હતા. જ્યારે હુ૦ ઈબ્રાહીમ અ૦ ને આગમાં નાખ્યા, ત્યારે અમો તેઓની પીઠમાં મૌજુદ હતા. એ પ્રમાણે હક તઆલા અમોને એક પીઠથી, બીજી પીઠ તરફ મોકલતો ગયો. એટલે સુધી કે, અમોને અબ્દુલ મુત્તલીબની સુલબમાં મૂકીને અમારા એ નુરના બે ભાગ કર્યા. મને અબ્દુલ્લાહની સુલબમાં, અને અલીને અબુ તાલિબની સુલબમાં જગ્યા આપી, મને નબુવત અને રિસાલતથી અને અલીને સેહ સવારી અને ફસાહતથી મુમતાજ કર્યા. અને અમારા માટે પોતાના અસમાએ હુસનામાંથી બે

નામ કાઢ્યા, ખુદાનું નામ મહમુદ છે. અને હું મોહમદ છું. અને તે 'અલ્લાહ' છે. અને આ 'અલી' છે." હદીકે શીઆ પાનું ૩૧. "એ નુરે મુકદ્દસને હજરતે આદમ અ૦ ની પીઠ મુબારકમાં સાકીન કર્યું, એ પછી હ. આદમ અ૦ ની સુલબથી હ. નુહ અ૦ ની સુલબ સુધી આવ્યું કેટલે એજ પ્રમાણે હમેશાં પાક અસલાબોમાં એક સુલબથી બીજા સુલબમાં ઉતરતું ગયું. પછી તે નુરને અબદુલા બીન અબદુલ મુત્તલીબની સુલબથી જાહેર કર્યું."

મી. ગૈન! ઉતરતું ગયું અને અવતાર લેતું ગયું, તેમાં કેટલો ફરક છે? મોલાનાં કલબી સાહેબ કે જે તમારા મુજતેહદ છે. તેઓ કહે છે કે, "મેં હ૦ મોહમદ સ૦ ની પાંચસોહ માતાઓ ગણી છે." આ હિસાબે કેટલા અવતાર થયા? એક લાખ ચોવીસ હજાર વખત તો નક્કી નક્કી અવતાર લીધો છે. જરા સબુર, બાર ઇમામમાં પણ મુન્તકલ થયો હતો? તમારી માન્યતા પ્રમાણે તમો એક લાખ ચોવિસ હજાર અને બાર ખુદાને માનો છો. પણ મોલાનાં અલી હાએરીએ હાજીનાજીનાં જવાબમાં જે અવતાર પાત્ર લખ્યા છે. (જે હદીકે શીઆ પાનું ૬૯ માં લખાએલ છે.) તેમાં ઓગણ પચાસ ખુદા ગણ્યા છે. હવે આ હિસાબે તમો બુત પરસ્તોનાં ખુદાઓની ગણત્રી તમેજ નક્કી કરજો. જો તમોને ધુળ, ઢેફાં લખવાનું મન થાય તો

તે કરતાં હું તમોને ખુલ્લી ચેલેંજ કરૂં છું કે મારી સાથે વાદવિવાદ કરવા માટે તૈયાર થાઓ, જો તમો આમ કરો. તો તો સુન્નીભાઈઓ આગળ તમોને કાફર બનાવતાં ઘણી સગવડ થઈ જાય. આ વિષે હું વધારે લંબાવવા ઈચ્છતો નથી. જો કિતાબોની દલીલો આપતો જાઉં તો બે હજાર પાનાં ભરવાં પડે.

(૨) 'બિહારૂલ અનવાર' પાનું ૫૧૮ મોહમદ બાકર મજલીસી "અબાઝર ગફ્ફારીથી રિવાયત છે કે, પેગમ્બરે ખુદા સ૦ એ ફરમાવ્યું કે અર્શની ચોમેર ફરતા નેવું હજાર ફરિસ્તાઓ એવા છે કે, જેઓ હ૦ અલી અ૦ સિવાય બીજા કોઈની ઈબાદત કરતા નથી, જીબ્રઈલ, મીકાઈલ, અને અસરાફીલને નીમવામાં આવ્યા છે કે, તેઓ હ૦ અલી (અ૦) સિવાય બીજા કોઈની તાબેદારી કરતા નથી." (એક ખુદાની ઈબાદત, બીજી અલી અ૦ ની. જીબ્રઈલ અ૦ નબીઓ ઉપરનાં ફરમાનો અલી અ૦ નાં લાવે છે, તો ખરો ખુદા કયો ? )

(૩) 'હદીકે શીઆ' પાનુ ૪૦ મું. "હ૦ રસુલે ખુદા સ૦ એ ફરમાવ્યું કે, હક તાલાએ બેહિસ્તનાં દરવાજા ઉપર રાતા યાકુતનો હલકો બનાવ્યો છે. અને સોનાના તખ્તા ઉપર જડેલો છે. જ્યારે એ દર વાજા ઉપર એ હલકો પછાડે છે. ત્યારે તેમાંથી 'યા

અલી' 'યા અલી' નો અવાજ આવે છે." ['અલી હુઝ ઝમીંગર, અલી આસમામેં, કેમ આ ખરૂં છેને ? )

(૪) 'બિહારૂલ અનવાર' પાનું ૪૯૨ "અબુઝરથી રિવાયત છે કે, હ૦ અલી અ૦ મે ફરમાવ્યું છે કે, હુંજ અલ્લાહનું મ્હોડું છું, અને અલ્લાહનું પડખું છું, હુંજ અવ્વલ છું, અને હુંજ આખર છું, હુંજ જાહેર છું. અને હુંજ બાતેન છું. હુંજ આખીર પૃથ્વીનો માલિક છું. અને હુંજ સબીલિલ્લાહ છું." આ વાત માટે મોલાના હાજીનાજી પણ ઈકરાર કરે છે. [ રાહે નજાત ] "અએનલ્લાહ, યદુલ્લાહ, વજહુલ્લાહ, લિસાનુલ્લાહ, કલામુલ્લાહ, જમ્બુલ્લાહ, યાને ખુદાની આંખો, ખુદાનાં હાથ, ખુદાનું મ્હોડું, ખુદાની ઝબાન, ખુદાનું કલામ અને ખુદાનું પડખું તે હ૦ અલી અ૦ છે." [આમ છે ત્યારે અલ્લાહ અને અલીમાં ફરક શો ? )

(૫) 'હદીકે શીઆ' પાનું ૪૦ "હ૦ રસુલે ખુદા સ૦ મે ફરમાવ્યું કે, મને હક તઆલાએ ફરમાવ્યું કે, જેણે મુરતઝાનો હક ઓળખ્યો, તે પાક અને ખુશ થયો અને જેણે તેનાં હકનો ઇન્કાર કર્યો. તે મલઉન અને નુકશાન પામનાર થયો. હું મારી ઇજ્જતની કશમ ખાઈને કહું છું કે, જે કોઇ અલીનો ગુનાહ કરશે, તેને જહન્નમમાં દાખલ કરીશ; જો કે તે મારી ઇનાયત કરશે,

અને જે કોઇ તેની ફરમાં ખરદારી કરશે, તેને બેહિસ્તમાં દાખલ કરીશ; જો કે મારી ના ફરમાની કરશે." [ મી. ગૈન ! બરાબર ઈન્સાફ કરજો. કે આ ઉપરથી અલ્લાહ વધે કે હ. અલી અ૦ ? )

આ એકજ વાત સુની ભાઈઓ આગળ કબુલ કરાવી આપો તો તમોને હું મોં માગ્યું ઇનામ આપીશ. એટલુંજ નહિં, પણ હું તેજ વખતે તમારી સાથે તાજીયા ઉપાડવા લાગી જઇશ. કારણ કે જ્યારે ખુદ અલ્લાહ ફરમાવે છે, કે મારી ઇતાયત કરશો, પણ અલીને નહિં ઓળખો તો જહન્નમમાં નાંખીશ માટે અલી અ૰ નો ગુનાહ કરશો નહિં. તો પછી અલ્લાહ મીઆંને માનવાની શી જરૂર ? સમજુને ઇશારોજ પુરતો છે, માથા ફોડ તો નાદાન સાથેજ હોય. ]

(૬) 'બિહારૂલ અનવાર' પાનું ૫૪૪—" બોરીદા અસ્લમી રઝી૦ થી રિવાયત છે કે, મેઅરાજમાં નબી સ૦ એ દુવા કીધી, ત્યારેજ હ. અલી અ. ત્યાં આવી પહોંચ્યા. કેમકે હ. અલી વગર સાતે આકાશો અને સાતે જમીનોના બારણાં ઉઘડતાં નહતાં. અને જનાબ નબી સ૦ અને હ૦ અલી અ૰ સાથે સાથેજ મએરાજમાં ફરીને દરેક ફિરસ્તાને, તેનાં રહેઠાણને અને બીજી બધી ચીજોને જોઇ." ( હાજી સાહેબ નો ફરમાવે છે

કે, હ૦ અલી અ૦ પએગમ્બરે ખુદાથી પહેલાં ત્યાં પહોંચી ગયા. અલ્લાહ પાક જ્યારે રસુલ સ૦ ની સાથે હમકલામ થયા તો અવાજ હ. અલીનો નીકળ્યો, ખીર ખાતી વખતે હાથ અલી અ. નો નીકળ્યો.)

'બહારે મિજાલસ' જીલદ ૧ લી નંબર ૪ હીજરી સાન ૧૩૩૮ ઑગષ્ટ ૧૯૨૦ માં લખ્યું છે કે:—

નહિં અર્શી સમાંથે, નમલક થે, ન ફલક થે;
કુછ બાત નથી જાહેર જ્યાંથે તો અલી થે. ૧

મએરાજ કે દીન પરદો અલ્લાહ નબીમેં,
થે દસ્તે ખુદા બનકે જબાંમેં તો અલી થે. ૨

જબ મકતબેં મેંજાદમેં ખામોશ થા આગીરોદ,
જબરીલકે ઉસ્તાદ વડા થે તો અલી થે. ૩

મએરાજકા અહેવાલ સાહાબાને જો પુછા:
ફરમાયા નબીને કે, વહાંપે તો અલી થે. ૪

લે ફીરસ્તા અર્શ ડીયા, સઅર નબીને:
દેખા તો યે દેખા કે, જહાં થે તો અલી થે. ૫

મી. જૈન! હજુ કંઇ બાકી કસર રહી છે? યાદ રાખજો, આમકારી યાને સાચા અલી અલાઈ થવું પડશે. યા તો અલી અ. ની દામન મુકવી પડશે. હવે શી મરજી છે?

દહીં, દુધ બન્નેમાં હાથ રાખવાની ગુંજાશ રહી નથી. ગમે તે રસ્તો ઇખ્તિયાર કરજો. બાકી સુન્ની ભાઈઓ આવી વાતોથી તમોને કાફર, મુનકર, અને તોહીદનાં દુશ્મન સમજશે.

(૭) 'રાહે નજાત' કિ. ૩૧ મી હિસ્સો ૪ થો, પાનું ૨૧૫–૨૧૬ માં હાજીનાજી લખે છે કે,—" જન્નત અને જહન્નમનાં દરવાજા ઉપર હ. અલી અ. નું નામ લખેલું છે. જ્યારે પયગમ્બરે ખુદા મએરાજમાં જઈ પાછા આવ્યા, ત્યારે ફરમાવ્યું કે, જન્નતમાં ઘણે ઠેકાણે ખુદા, મારૂં, અલી, ફાતેમા, હસન, અને હુસેનનું નામ લખેલ હતું. સૂર્યનો જે ભાગ આસમાન તરફ છે. તે ભાગમાં લખેલ છે કે, " **અલ્લાહ નુર સમાવાત** ' યાને 'અલ્લાહ આસમાનનું નુર છે,' સૂર્યનો જે ભાગ જમીન તરફ છે, તેમાં લખેલ છે કે, **મોહમદન વ અલીયુન નુરે અર્ઝીન** " યાને 'મોહમદ અને અલી જમીનનું નુર છે.' ચંદ્રમા કે જેમાં કાળું ધાબું લખાણ જેવું દેખાય છે, તેમાં પણ એમજ લખેલ છે. " ( આપણને જમીનવાળા નુરની કેટલી જરૂર છે ? કારણ કે આપણે જમીન ઉપર રહીએ છીએ. આસમાનમાં રહેતા નથી. હાજી સાહેબ ! જરા ખુલાસો કરશો કે ? )

(૮) ' બિહારૂલ અનવાર ' પાનું ૫૧૧ " એક રાવી નબી અ. થી રિવાયત કરે છે કે, આપે ફરમાવ્યું, કે

યા અલી ! કેટલીક એવી અફ્‌જલ ચીજો છે, કે જે તમારા માટે છે. અને મારા માટે નથી, ફાતમા જેવી ધણીયાણી, હુસન હુસેન જેવા ફરજંદ, ખતીજા જેવી સાસુ, મારા જેવો સસરો, જાફરે તયાર જેવો ભાઈઅને ફાતમા બીનતે અસદ જેવી માતુશ્રી. ”

(૯) કિતાબે ‘મનાકિબે કુકરા’ માં સયદ રઝી અલેહી રહેમાન લખે છે કે, હ. અલી અ. નું મુબારક નામ જગ્યાં જુઓ ત્યાં લખાએલ છે, તેથી અજબ થવાનું નથી.” ( પણ મી. ગૈન જેવા હ. અલી અ. નાં મુનકર અજબ થાય તો એમાં શક નથી.] હ. અલી અ. નું નામ જ્યાં જ્યાં લખાએલ છે. તેનું લિષ્ટ,

(૧) જન્નતનાં દરેક પડદા ઉપર, [૨] જન્નતનાં દરેક ઝાડ ઉપર, (૩) જન્નતનાં દરેક ઝાડનાં દરેક પાતરાં ઉપર, (૪) જમીન તથા આસમાન ઉપર, (૫) સુરાદેકાત્ત અર્શ ઉપર, (૬) આસમાનોની ઈતરાફ [ આજુબાજુ ], (૭) જમીનોની ઈતરાફ, (૮) લોહે મેહફુઝપર (૯) અસરાફીલનાં કિપાર ઉપર, [૧૦] જીબ્રઈલની પાંખ ઉપર (૧૧) સૂર્ય અને ચંદ્ર ઉપર, [૧૨] અર્શનાં અર્ક ઉપર, (૧૩) હુરોનાં જમણું ગાલ ઉપર, [૧૪] સરસાઈલની બન્ને બાજુ ઉપર, (૧૫) ખુદાનું ફરમાન જે ફીરસ્તો લાવ્યો કે “ યા મોહમદ ફાતમાની શાદી અલી સાથે કરી આપો

નુરને નુર સાથે મીલાવો." તેની પાંખ ઉપર હ૦ અલી અ૦ નું નામ લખેલ હતું. તેની સાથે ખુદાએ વધુમાં ફરમાવ્યું હતું કે, એ બન્નેનાં નિકાહ અર્શ ઉપર મેં પઢી નાંખ્યા છે, ( ખુદા પાક મુલ્લાં કાજીનું કામ પણ જાણે છે ખરો. )

હ૦ અલી અ૦ નું નામ જ્યાં જુઓ ત્યાં લખેલ અરે મી. ગેન ! તેનું નામ તો 'રુથ' નાં જીગરમાં પણ તરાએલું છે, વળી તેની ઝબાન ઉપર પણ, આથી તે ાં નામનું રાત દિવસ જીક્ર કરે છે. પછી તમારા જેવા અલી અ૦ નાં મુનકર ભલેને જખ મારે.

મોલાના દબીર લખનવી સાએરોનો ઉસ્તાદ, કે જેમણે ા મરશીયા બનાવી તમોને નાહક રોવરાવી તમારો ગ્ કાઢી નાંખ્યો છે. એઓ શું ફરમાવે છે ? તે જરા જુઓ.

" નકાસે અઝલ મુન્તકીસે નકશે ખ્રીલ હરઆમ,
પેદા હુઈ મખલુક અલા ફ્રીતરતે ઇસ્લામ;
એ નૈન કે દો એન હૈ, ઓરી દીનીકે દો લામ,
દો યા હુઇ માકુશ તો અબરૂકા સર અંજામ.
લો દેખલો રૈઝે અઝલે લમ યઝલી કે,
હર ચેરએ આદમ પે, હૈ દોનામ અલી કે,"

મોલાનાં દબીર સાહેબનાં એતેકાદ પ્રમાણે મોમીન, નાખ્રીક, કાફર, યહુદી અને અગ્નિ પૂજક જે જે ખુદાની

ખલકત છે, તેને સર્વનાં ચહેરા ઉપર હ૦ અલી અ૦ નાં બે નામ લખેલ છે. એ મારા મહેરબાન મી. ગૈન ! મારી સાથે વેર ભાવથી જોશો નહિં. વળી બાકર મીજલસી યા દબીર, યા સયદ રઝી, અલહીરેહેમાં અને હાજીનાજી જેવા ઉપર કાફરનો ફતવો ન આપજો નહિં તો યાદ રાખજો કે શીયાને અલી જેઓ લખનો, કરબલા અમરોડા અને આગ્રામાં એવા એવા પડયા છે કે, જેનાં તરફથી તમોને સોસવું પડશે.

[૧૦] "ઇમાલીયુત તુસી" નામની કિતાબમાં છે કે, હ૦ અબ્દુલા બીન મસઉદે જનાબ નબી સ૦ ને પુછયું કે, 'આપનાં મુકાબલામાં હ૦ અલી અ૦ નો કેટલો દરજ્જો છે ?' ત્યારે આપે જવાબમાં ફરમાવ્યું કે, 'અલ્લાહ પાકનાં મુકાબલામાં જેટલો મારો મરતબો એથી અબજો ગણો મારા કરતાં હ. અલી અ૦ નો દરજ્જો મોટો છે.' બિહારૂલ અનવાર જીલદ ૯ મી, પાનું ૩૮૬ ).

(૧૧) તોહફએ નાજી જે મૌલાનાં હાજી સાહેબે લખી છે. તેમાં હ૦ અલી અ૦ જીબ્રઇલનાં ઉસ્તાદ કેમ થયા ? તે વિશે આખો કિસ્સો લખેલો છે. તેમાં જણાવ્યું છે જે, "કરોડો વરસ આલમે નુરમાં લા મકાન ઉપર ઇન્સાની લિબાસમાં હ૦ જીબ્રઇલને હ૦ અલી અ૦ મે ઇલમ શીખવાડયું. જીબ્રઇલ અ૦ મે તાઅઝીમ ન કરી તો

તેના તરફ ગઝબની આંખે જોવાથી ત્રીસ હજાર વરસ મુશીબત ભોગવી. જીબ્રઈલ અ૦ એ કહ્યું, અયે મારા ઉસ્તાદ! મને તારૂં નામ તો બતાવ! તો ફરમાવ્યું કે, 'હું શીરે ખાલકે અકબર છું તું એ વાત માટે ન પુછ.' અલ્લાતાલાએ પણ કંઈ દાદ ન આપી, ભોગ બિચારા જીબ્રઈલનાં તેને કયાંએથી પણ દાદ ન મળી! આ કીસ્સો સતપંથ પ્રકાશમાં પણ આવી ગયો છે, મને લાગતું હતું કે, આ બાબતથી મૌલાનાં હાજીનાજી પાઘડી ફેરવી બાંધશે. પણ આ બાબત માટે તો તેઓ સાહેબ મક્કમ છે. હકીકતુલ મુસાવાત પાનું ૨૭૧ લીટી ૨૦ મી માં લખે છે કે, "શીયાનાં ૯૫ ટકા બલ્કે નવાણું ટકા ભાગ હ૦ અલી અ૦ ને જીબ્રઈલનાં ઉસ્તાદ જાણે છે. પણ સુન્નત જમાયત પણ એમજ જાણે છે." (એક આલિમે એ વાતનો ઈન્કાર કર્યો છે) આ મુજબ શેઠ સાહેબ મોહમદ જાફર તથા મુલ્લાં સાહેબ મી. અઝીઝ વિગેરે ગાલી યાને અલી અલાઈ થાય છે. અને એ મુજબજ મોલાના હાજીનાજી, ઘણાં આલિમો અને લાખો શીયાઓ અલી અલાઈ ગણી શકાય મૌલાના સાહેબ! આ બારામાં આપને કંઈ શંકા રહે છે!

જનાબ અલામએ કન્તુરી સાહેબે હ૦ અલી અ૦ માટે એવી શંકા પેદા કરી કે, "જો હ૦ અલી અ૦ જીબ્રઈલ અ૦ નાં ઉસ્તાદ હતા, પણ જીબ્રઈલ અ૦ તો સર્વ નબીઓ હ૦ મોહમદ સ૦ નાં પણ ઉસ્તાદ હતા.

જીબ્રઈલ અ૦ નો ઉસ્તાદ અલ્લાહ પાક છે. જે જીબ્રઈલ અ૦ નો ઉસ્તાદ હ૦ અલી અ૦ ને સમજશે તે બરાબર અલી અલાઈ થઇ જશે."

મૌલાનાં હાજીનાજી જ્યારે સચ્ચાઈ ઉપર કમ્મર બાંધે છે. ત્યારે તેઓ પણ જબરા છે. તેમણે હકીકતુલ મુસાવાતમાં લખ્યું છે કે, મજકુર આલિમને હ૦ અલી અ૦ ની મારફત નથી, તેની નજર ટુંકી છે. શાબાશ, મરહબા, જઝા કલ્લાહ; હાજી સાહેબ તમોને!! જો તમો આવી હિમત રાખ્યા કરો તો બધા આલીમો તમારા પગ ધોવા ભાવનગરમાં ચાલ્યા આવે. અને તમોને ખએરૂલ ઝાકરીન તો શું પણ બુત પરસ્તોનાં પીર સાહેબ પણ બનાવી દીયે. પણ અફસોસ, મૌલાનાં હાજીનાજીમાં આત્મ બળ નથી. મનનાં ઢીલા પોચા છે. એજ હાજી સાહેબે મી. હમીરને જવાબ દેતાં હ૦ અલી અ૦ નાં અવાજને એક ગાનારી વેશ્યાનાં અવાજની સરખામણી આપી દીધી. ખુદા તમને સદબુદ્ધિ આપે. બીજું શું?

(૧૨) બિહારૂલ અનવાર પાનું ૪૪૧ ઇમામ અબુ અબ્દુલ્લાહને હ૦ જાફરે સાદીક અ૦ મે ફરમાવ્યું કે, "બેશક એ વાત સાચી છે, કે મક્કાની પાસે તાયેફ (એક સ્થળનું નામ) માં ઘણી ખરી વખતે અલ્લાહપાક અને હ૦ અલી અ૦ વચ્ચે ખુસપુસ ખુસપુસ ધીમેથી વાતો થતી, અને જીબ્રઇલ

અ૦ તો અલ્લામીયાં અને અલી અ૦ ની વચ્ચે જરા બેસી જતા હતા." પાછું એજ કિતાબનાં પાનાં ૧૧૧૧ માં બીજી એવીજ રિવાયત છે કે, "તાયેફ, તબુક, અકબા, હોનેન, અને ખૈબર એ પાંચ જગ્યાઓએ આપે અલ્લાહમીયાંની સાથે એ-વીજ રીતે વાતો કીધી છે, ખૈબરમાં તો લોકોની વચ્ચે ઉભા રહીને સેંકડો માણસોની નજર આગળ આપ અલ્લાહમીયાં સાથે વાતચિત કીધી."

(૧૩) બિહારૂલ અનવાર જીલ્દ ૯ મી પાનું ૪૧૨ "ઈમામ મુસા કાઝમથી રિવાયત છે કે, નબી સ૦ એ ફરમાવ્યું કે, હું અને અલી બન્ને એકજ બાપની પીઠમાંથી નીકળ્યા છીએ."

(૧૪) હ૦ નુહ અ૦ નાં જમાનામાં જ્યારે દુનિયામાં મોટું તોફાન થયું, ત્યારે હ૦ અલી અ૦ (કે જે આલમે અરવાહમાં નુરી હાલતમાં હતા.) ને આકાશપરથી મોકલવામાં આવ્યા. અને ફરમાવ્યું કે, તમો જઈ હ૦ નુહના વહાણને બચાવો. એટલામાં એક મોટો ભયંકર જીન આવ્યો. અને તે વહાણને ડુબાડવા લાગ્યો. જેથી તરત ઝુલફિકારથી તેનો હાથ કાપી નાંખ્યો. હજારો વર્ષ પછી તે જીન હ૦ રસુલ સ. ની પાસે કંઈ કામે આવ્યો, ત્યારે હ૦ અલી અ૦ ને જોઈ તે પુછવા લાગ્યો કે આ જવાન કોણ છે? આપે ફરમાવ્યું કે, એ મારા ભાઈ, મારા વસી,

મારા પછી ગાદીએ બેસનાર મારા ખલીફા છે. પણ તને પુછવાનું શું કારણ છે? તેણે કહ્યું કે, યા રસુલિલ્લાહ! એ જવાને હજારો વર્ષ ઉપર મારો હાથ કાપ્યો હતો, (કિતાબે શહાદત પાનું ૪૭ જીલદ ૧ લી.)

(૧૫) હ૦ અલી અ૦ મે ખુતબો ફરમાવ્યો કે, "જમીનોના રસ્તા કરતાં આસમાનોનાં રસ્તાઓથી હું વધારે વાકેફગાર છું." એક માણસે અરજ કરી કે, હમણાં જીબ્રઇલ ક્યાં છે? આપે એક પલકવારમાં જમીન અને આસમાન તરફ નજર ફેરાવી ફરમાવ્યું કે, તું જીબ્રઈલ છે. કારણ કે બીજે કોઈ ઠેકાણે નજરે પડતો નથી. તરતજ જીબ્રઇલ પંખી બની ઉડી ગયા. મતલબ કે એક પલકમાં હ૦ અલી અ૦ આખી સૃષ્ટિમાંનાં એક રજકણને પણ જોઇ શકતા." (કિતાબે શહાદત પાનું ૮૮)

(૧૬) જનાબ નબી સાહેબની દરબારમાં હજારો ફિરસ્તાઓને ઉતરતા જોઇ બધા અસહાબો ગભરાઈ ગયા. આપે તેઓને (ફિરસ્તાઓને) પૂછયું, કે તમો કેમ આવ્યા છો? તેઓએ અરજ કરી, અમારામાં હમણાં બે પાર્ટીઓ થઈ ગઈ છે. અને એવી તકરાર ઉત્પન્ન થઈ છે કે, કદાચ તલવારથી કતલ ચાલે. અમને ખુદા પાકે હુકમ દીધો છે કે, અમે આપનાં વસીને લઇ જઈએ. કારણ કે ત્યાં સુધી અમારી તકરાર મટે તેમ નથી. પેગમ્બરે ખુદાએ

સઘળા અસહાબોને પુછયું, કે તમારામાં કોઇ એવો છે કે, આકાશમાં જઇ એ તકરાર મટાડે. અને જરૂર પડતાં તલવારથી ફીરસ્તાઓનાં ડોકાંઓ ઉડાવી દે. સઘળા-ઓએ ના પાડી. પણ હ૦ મોલા મુશકીલ કુશા જુલફિકાર લઇ એક ફિરસ્તાની પાંખપર બેસી આકાશ તરફ ઉડી ગયા. ત્યાં જઈ કેટલાક ફિરશ્તાઓને કતલ કર્યા અને તેઓના લોહીનો વર્ષાદ વરસ્યો, જેથી કરી મદીનાનાં રસ્તા લોહીથી ભરાઇ ગયા. હ૦ અલી અ૦ મે કેટલાક ફીરશ્તા-ઓને અગાઉથી નીમી રાખ્યા હતા. તેઓની કોશિશથી મસ્જીદે નબવી મજકુર લોહીનાં છાંટાઓથી બચી ગઈ. હારી ગએલા ફીરસ્તાઓએ મોઢામાં તણખલા લઇ આપની માફી માગી ત્યારેજ બચ્યા!! (કિતાબે શહાદત. પાનું ૫૬)

ભાઇ ગૈન! તમારી કિતાબની આ દલીલથી દુનિયા ભરનાં મુસલમાનો શું કહેશે? તમો વાદવિવાદ કરી શકશો? શું ખુદાવંદ પાક પરવરદીગાર આસામાનમાં બેઠા બેઠા ત્યાંના ફિરસ્તાઓની લડાઈ પતાવી ન શકયો? કે હ૦ અલી અ૦ ને ત્યાં જવાની જરૂર પડી. શું બીજો કોઇ અલ્લાહ છે? કે જે ફીરસ્તાઓનાં મામલાને પતાવી શકતો નથી? શું તોહીદનાં બણગા આવી રીતેજ ફુંકો છો? કંઇ શરમ આવે છે કે? નહિં? શું ફિરસ્તાઓને આપણા જેવું પંચભુતનું શરીર છે? અને તેઓમાં હસદ દુશ્મની

પણ હશે ? કે તેઓમાં ઝગડો પેદા થયો ? વળી એ પણ બતાવશો કે ફક્ત મદીના શહેરનાજ રસ્તા લોહીથી ભરાઈ ગયા ? શું મદીનાના ઉપલાજ ભાગમાં લડાઈ ચાલી હશે ? કે બીજે કયાંએ છાંટા પણ નથી પડયા ? કદાચ તમો ગભરાટમાં પડી આ વાતનો ઇનકાર કરો. માટે પ્રથમ રાહે નજાત જોવાની કૃપા કરશો. મોલાના હાજીનાજી આ વાતને સત્ય માને છે. હવે તમો ઇન્સાફ કરજો, કે તમો સાકાર રૂપને માનો છો યા નહિં ? વળી તમો અવતારનાં કાએલ છો કે નહિ ? જો તેમ નથી તો પછી તમો કયા ખરા ખુદાને માનો છો ? તે બતાવવા જરા મહેરબાની કરજો.

(૧૭) બિહારૂલ અનવાર જીલ્દ નવમી પાનું ૪૩૯. “ હ૦ અલી અ૦ જ્યારે યમન દેશનાં હાકેમ થઈ ગયા. ત્યારે જીબ્રઇલ અ૦ આપના ઉપર આસમાનમાંથી જુદું કુરઆન લાવ્યા હતા. ”

(૧૮) સલમાન રઝીથી રિવાયત છે કે, “ હ૦ અલી અ૦ મે ફરમાવ્યું કે, **માણસ મરી ગયા પછી જાનવરનો યા પંખીનો અવતાર લે છે.** ” [ બિહારૂલ અનવાર જીલ્દ ૯ મી પાનું ૬૩૬ )

(૧૯) કિતાબે શહાદત, પાનું પર-પ૩-પ૪ “ હ૦ અલી અ૦ ને ત્યાં હ૦ જીબ્રઈલ અ૦ જંગલમાંથી લાકડા વીણી લાવી ચુલો સળગાવતા. પાણીમાં લોટ મેળવી રોટલી

રાંધતા. જોઇતી વસ્તુઓ ટોપલા કે ખુમચામાં ભરી પોતાના માથા ઉપર મુકી આપની પાસે લાવતા. લોટ દળવાને દાણાની ચક્કીમાં નાંખી જીબ્રઈલ (અ૦) પોતે ઘંટી ફેરવતા. હ૦ અલી (અ૦) અથવા તેમનાં ઘરવાળાઓનાં ખાસડાં ફાટી જતાં તો તેને સીવી આપવાની પણ જીબ્રઈલ (અ૦) ની ફરજ હતી."

નારએ અસદુલ્લા ઉલ ગાલેબવાળા સૈયદઅલી અકબર શાહ આ મસલો લખીને ટીકા કરે છે કે, "ખુદા બચાવે આવા કુફ્રપણાંથી. કોઇ પણ ફિરસ્તાની અને ખાસ કરીને જે ફિરસ્તો રસુલ હોય, તેની બે અદબી સુન્નત જમાએત વાળા કુફ્ર ગણે છે."

ભાઈ ગેન! તમારા ધર્મની ફીલોસોફી વાંચી હસવું આવે છે. તમારી આવી માન્યતા છતાં કયો ઈન્સાન તમોને મુસલમાન યા ઇસ્લામી સમજશે? ખરેખર તમો ખુદા પરસ્ત નથી. પણ અલ્લાહનાં દીનને બરબાદ કરનારા મુશરીક છો. જો તમારામાં સચ્ચાઇ યા ઈન્સાનપણું હોય તો એ કિતાબને પ્રગટ થયે આજ આઠ વર્ષ થઈ ગયાં છે. છતાં હજુ સુધી શા માટે ડરપોકપણું બતાવી બેઠી રહ્યા છો? તમો ઘરમાં જગડા કર્યા કરો છો. પણ બહાર બોલવાની તો હિમત નથી, શું તમોને કંઇ પણ શરમ આવતી નથી? કે એજ અલીયુન મુરતઝા અમીરૂલ મોઅ-

મનીન, ઈમામુલ મુત્તકીનની આવી આવી ફઝીલતો બયાન કર્યા છતાં તે મોલા મુશ્કીલ કુશાની બદગોઇ, નિંદા પણ તમારા મુજતેહુદો કેવી નાલાએકીથી કરે છે ! !

અલામા મુલ્લાં બાકર મજલીસીએ બીહારૂલ અનવારમાં અને અલ્લામએ તીબરસીએ એહતજાજમાં [ એટલે એત જન્નતે ખાતુનનાં દુ:ખોનું વર્ણન ] મજકુર જુલ્મોનાં રોદણાં રડી રહ્યા પછી લખ્યું છે કે, " જનાબે ફાતમા રઝી૦, હ૦ અલી અ૦ ની આવી બે પરવાહી જોઇને ઘણાંજ ગુસ્સે થયાં, અને તેમને ઘણાંજ ધિક્કાર સાથે કહેવા લાગ્યા કે, જેમ માના પેટમાં બચ્ચું સંતાએલું હોય, તેમ તમે પર્દાનશિન થઇ બેઠા છો. અને નિરાશ થઈ જનારાઓ તથા બિકણ નામરદોની પેઠે ઘરમાં નાશી આવ્યા છો. આખી દુનિયાનાં બહાદુરોને તો તમોએ કતલ કરી ભોંય પર ફેંકી દીધા. પણ આજે આ હીજડાઓને તમે તમારી પીઠ દેખાડી છે, અબુ કહાફાનાં દીકરાએ ( અબુ બકરે ) મારા બચ્ચાંઓની ખોરાકી પોશાકીનાં સાધનોને લઈ લીધા છતાં તમે પોતાની જગ્યાએથી જરાએ ખસતા નથી."

કિતાબુલ એબ્તે સાસમાંથી અલ્લામએ મજલીસીની બિહારૂલ અનવારનાં કિતાબુલ ફીતન અધ્યાયનાં પાને ૧૦૧ માં અબ્દુલ બીન સીનાને જનાબે ઇમામે જાફર અ૦ થી એક રિવાયત એવાજ જુલ્મોની લખી છે. જેમાં લખ્યું છે કે, " ચાલીસ રાતો અને ચાલી દહાડા સુધી હ૦ જનાબે

અમીર અ૦, હ૦ ફાતમા રદી૦ ને સવારીપર બેસાડી દરેકે દરેક મોહાજીર અને અનસાર તથા સહાબાને ઘેર લઈ ગયા. કે, રખેને તેમાંનો એકાદ તો પોતાના નબી સ૦ ની દીકરીપર દયા ખાઇ તેમનો હક એહલે બેતનાં દુશ્મનો પાસેથી અપાવવાની કંઈક કોશિશ કરે. પણ તે કઠણ દિલવાળા દિલો ઉપર હ૦ ફાતમા રદી૦ ના રડવા તથા કાલાવાલા અને આજીજીની જરા પણ અસર થઈ નહિં. "

શું જન્નતે ખાતુને આ વાત તાનાજની (મેણા ટોણાં) નાં શબ્દો અસભ્યપણે અમીરૂલ મોઅમનીનને કહ્યા હશે? હરગીઝ નહિં. એ બધી વાતો અલી અ૦ અને એહલે બેતે રસુલના દુશ્મનોએ ઉપજાવી કાઢેલી અને બે ઇમાની ભરેલી છે. આ બુતપરસ્તો આલે રસુલનો આવી રીતે હલકી પંકિતનો હાલ બતાવી શું કરવા માગે છે? તે કંઇ સમજી શકાતું નથી. જનાબ ઇમામ હુસેન અ૦ નાં વાકયને પણ આવીજ જુઠી રિવાયતોથી બદનામ કરી નાંખ્યું છે. આવી જુઠી રિવાયતો અને જુઠા કિસ્સા સાંભળી સાંભળી તમો રોવા લાગશો તો શું તેથી તમારી નજાત થશે? તમો બેહિસ્તમાં જશો? કદાપિ નહિં. પણ ઉલટું આવી જુઠી રિવાયતો બયાન કરવાથી અહેલે બેતે રસુલ સ૦ નાં ઘરનાં દુશ્મન થાઓ છો. અને જન્નતે ખાતુન ઉપર જુઠી તહોમત નાંખવાથી ઇન્સાહઅલ્લાહ તમો દોઝકે હાવિયામાં અને અઝાબે સદીદમાં પકડાશો.

## પ્રકરણ ૬ ઠું

### "હ૦ ઇમામ ઇસ્માઇલ અ૦ સાચા ઇમામ હોવાની અસનાઅશરી મુજતેહદોની કિતાબથી સાબિતી અને અસનાઅશરીઓની માન્યતા તથા સચ્ચાઇનાં ડંકાનું પોકળપણું."

જ્યારે નુરે હિદાયતમાં અમારા પવિત્ર ઇમામ હ૦ ઇસ્માઇલ અ૦ ઉપર એ લોકોએ હલકટ હુમલો કર્યો કે. "હ૦ ઇસ્માઇલે શરાબ પીધી, અને તેથી છાકટો થઇ ગયો આને લઇને ઇમામે જાફરે સાદિક અ૦ મે તેને પોતાની ઓલાદમાંથી રદ કર્યો, અને વારસાથી ખારીજ કર્યો." આવી રીતે તે બુત પરસ્તોએ નાલાએક ઝબાન વાપરી લડાઇનું મુળ કારણ ઉપસ્થિત કર્યું. ત્યારે તેનો કંઇક જવાબ આપવા મારે તત્પર થવું પડયું.

અલ્લાહુપાકની કુદરત અજબ છે. તે પોતાના પવિત્ર અને માસુમ ઇમામની બે ઇજ્જતી કેમ શાંખી શકે? અમો ઇસ્માઈલી એ પવિત્ર ઇમામને માનવાવાળા છીએ. અને તેમનાં ઉપર થએલ હુમલાનો જવાબ આપીએ, તે પહેલાં તો મજકુર ટોળાનાં આલિમોએ તેમનાં પત્રકારોને એ પાપી પુસ્તક રીવ્યુ માટે મોકલ્યું હતું. તેઓએ મજકુર પુસ્તક છપાવનાર મી. નુરમાહમદ ઘેલાની, પ્રગટ કરનાર મી. કાબાના ખલીફાની અને લેખક મી. ગેનના ઉમેદો માટીમાં મેળવી દીધી, જનાબ ઇમામ ઇસ્માઇલ અ૦ ની પાક ઇમામતની પ્રથમની એજ સાબિતી.

## ઇસનાઅશરી સચ્ચાઈના ડંકાનું તેઓનાજ છાપાએ લીધેલ રીવ્યુ.

મી. જાફરઅલી 'ચૌદમી સદી' પુસ્તક ૪ અંક ૯-૧૦ માં લખે છે કે; "અમને આશા છે કે, શેઠ નુરમાહમદ ઘેલાભાઈ બીજો ડંકો આવો ડંકો નહિં પણ ઇસ્લામ ધર્મનો ગગન ભેદી ડંકો બજાવવા પાછળ પોતાનાં પૈસા ખરચશે." (મી. જાફઅલી આ ડંકાને ઇસ્લામી ડંકો નહિં, પણ શૈતાની ડંકો સમજતા હોય એમ જણાય છે.)

બાઈ મોહીબ 'અસનાઅશરી' પુસ્તક ૭, અંક ૧૦ મા માં લખે છે કે, "ઉપયોગી વાતોને નેવે મુકી નિરર્થક વાદવિવાદમાં વખતનો વ્યય કરવો એ તો સુધરેલા મતનાં

ઇચ્છી ન શકે. પણ જ્યાં સુધી બન્ને કોમ ન સમજે ત્યાં સુધી એ વાત ન બને."

મોલ્લાના હાજી ગુલામઅલી 'રાહેનજાત' કિ૦ ૩૪ મી અંક ૧૧ મા માં લખે છે કે, "જે છાકટાપણાની તહોમત હ૦ ઇસ્માઇલ ઉપર મી. ગૈન નાખે છે, તે જવાબે ઇલ-ઝામી તરીકેની છે. બાકી એવી માન્યતા તેની ન હોય, **અસનાઅશરીઓ મજકુર બાબતોને ગલત જાણે છે. હ૦ ઇમામ જાફરે સાદીક અ૦ મે તેમને ઓલાદમાંથી બાદ કર્યા નથી. અને તે વાત જુઠી છે."**

એ સચ્ચાઇના? ડંકાને કયાંએથી પણ આવકાર ન મળ્યો. ખુદ સમજુ અસનાઅશરીઓ પણ તે પુસ્તકને વજુદવાળું સમજતા નથી, એટલે એ બિચારા ત્રણે સાહેબો ની મહેનત બરબાદ થયા જેવું થયું છે, મી. ગુગસ અને મજાએબુલ ઇસ્લામની ડાયરીઓમાં ઇમામ ઇસ્માઇલ માટે જે સાચા વિચાર દર્શાવ્યા છે. તે ન જણાવતાં માત્ર ઇલ-ઝામ લખી તેઓએ પોતાની આકબત બગાડી છે. તેઓએ પસ્તાવું જોઇએ. અને શરમાવું જોઇએ. મજકુર સાહેબ લખે છે કે, "હ૦ ઇસ્માઇલને જ્યારે ઇમામ જાફરે સાદીક અ૦ મે પોતાના વસી કર્યા, ત્યારે હ૦ ઇસ્માઇલ ઇસરારે ઇમામતને લીધે ફરમાવવા લાગ્યા કે મને જમીન અને

આસમાનની ખબર પડે છે, મારી સાથે ફિરસ્તાઓ વાતો કરે છે. મારા ઉપર કેટલાક છુપા ભેદ જાહેર થઈ ગયા છે. ત્યારે મુસા કાઝમને માનનારા એમ કહેતા કે ઇસ્માઈલ શરાબ પીએ છે. અને તેથી કરી કદાચ આવી આવી ગાંડી વાતો કરે છે. ઈમામ જાફરે સાદીક અ૦ મે તેને પોતાની ઓલાદમાંથી ખારેજ કર્યા છે." મઝાએબુલ ઇસ્લામનાં કર્તા લખે છે કે, "હ૦ ઇસ્માઈલ પોતાનાં નાના ભાઈ મુસાને હરવખત નસિહતો કરતા હતા તને છુપી રીતે પૈસાની મદદ કરતા અને સમજાવતા હતા." હ૦ ઇસ્માઈલ માટે તમોએ જે ભુંડા બોલ કાઢયા છે, તે તમારા એ જમાનાનાં આગેવાનોની બે ઇમાની છે. હમણા પણ તે નાપાક રૂહો એહલે બેતની આવીજ દુશ્મની ચાલુ રાખે છે. મી. હાજીનાજી ઉપર તો તમારૂં ઈમાન છે. તે મૌલાનાં ખએરૂલ ઝાકરીન પણ છે. ઇલ્મી લિયાકાતમાં ખોજા અસનાઅશરીઓનાં મુર્શિદ છે. તેમની વાત ઉપર ભરોસો કરી જહાલીયતને છોડશો, કે હજુ જહન્નમ તરફ ઘસડાવાની મરજી છે? તમારી ખુશીમાં આવે તે રસ્તો ગ્રહણ કરો.

હ૦ ઇમામ ઇસ્માઈલ અ૦ ની ઇમામત તમારીજ કિતાબોમાં સૂર્યની માફક રોશન છે. પણ તે ઈમામનો હક કેવા તરકટો રચી દગલબાજી સાથે ઉડાવી દેવામાં આવ્યો છે, તેનો વાંચકો ઈન્સાફ કરશે. આટલા

દિવસ સુધી તો ખોજા કોમ એ ખબર હતી, અને તમારા મુલ્લાં લોકો પણ તે વાતોથી તમોને અજાણ રાખતા આવ્યા. પરંતુ કુદરત પોતાનું કામ કેમ ચુકે? મ્હોડે વ્હેલે પણ તમારા ભોપાળાં નીકળ્યા ખરા. તમો એક હકદાર ઇમામનો હક ઉડાવી દઈ એક દાસી પુત્રની તરફેણ કરવા લાગ્યા તેનાં તમારો બિલકુલ ઘાણુ નીકળી ગયો.

મુસા કાઝમની ઇમામત કાએમ કરવા માટે તમોએ ન કરવાનાં કાર્યો કર્યાં. તમો અલ્લાહ પાકને ભુલી જનાર —જાહેલ લખતાં પણ ન શરમાયા. પણ જે વાત પાક પરવર દિગારને નામંજુર હોય, તે દુનિયામાં થોડા વખત માટે પણ નજ રહી શકે. એક બે પાંચ પેઢી સુધી કારખાનું તો ચલાવ્યું, અને ગાડું ગબડાવ્યું. પણ અંતે નાબુદ થઈ ગયું! ભલા, આપ સમજાવશો કે ખુદાની હુજ્જત, ખુદાનો પ્રતિનિધી અને ખુદા તરફનો હાદી ગુમ થઈ જાય ખરો કે?

તુમ છુપાઓ હુજ્જતે હક, વોહ છુપહી શકતા નહિં,
રફતા રફતા યું જમાનેકો ખબર હો જાયગી.

તમોએ એ ઇમામ અ૦ ને છુપાવ્યો, તેથી તમામ ઇસ્લામી ફિરકા તમારી મજાક કરી રહ્યા છે, અને ખુદાને બદા થવાનાં તમારા અકિદા ઉપર લાનત મલામત કરી રહ્યા છે.

ખુદાને બદા થાય છે, ખુદા ભુલી જાય છે, ખુદા જાહેલ છે, ખુદાને સર્વ વાતોની ખબર નથી, એવો તમોએ અકીદો ઈખતિયાર કર્યો. તે ફકત મુસા કાઝમની મહોબ્બત ખાતરજ, પણ મહેરબાન, તોબાહ કરો. અલ્લાહ પાક જેને નાબુદ કરવા ચાહે, તે શું દુનિયામાં ટકી શકે? ખરેખર મુસા કાઝમ અને તેની ઓલાદ ખુદાઈ ગઝબમાં પડી પોતાની હૈયાતી બે આબરૂ સાથે પુરી કરી. અંતે નાબુદ થઇ ગયા. એનું કારણ શું? કારણ માત્ર એટલુંજ કે એક હકદારનો હક પચાવી પાડવાનાં કારણે તેમને આ બદલો મળ્યો. અને તે એક સાચા ઈમામનો મોઅજીઝોજ છે.

હ૦ મુસા કાઝમ પોતાનાં સગા ભાઈ સાથે પણ બેવફા થયા. તેનું કારણ ફકત તેમની માતુશ્રીજ છે.

તુખ્મ તો અછા થા પર સર ઝમીં અછી ન થી,

બેશક તેઓ ઈમામ અ૦ નાં ફરજંદ હતા. પણ માતુશ્રી...........કુટુંબનાં હતાં. અને તેને લઇને આમ બને એમાં નવાઇ પામવા જેવું શું? આ ઉપરથી કેટલાક અસના-અશરીઓને ગુસ્સો તો જરૂર આવશે, પણ તેમણે મહેરબાની કરી પ્રથમ મી. અઝીઝનું લખેલ'રદ્દે ઈમામે મૌજુદા વાંચી જવું, તેમણે અમારા પવિત્ર ઇમામ ઉપર જ્યારે આવોજ હુમલો કર્યો છે, ત્યારે તમારે પણ તેનાં જવાબ રૂપી સોટાનો માર ખાવા તૈયાર રહેવું જોઇએ. ગભરાવાની શી જરૂર?

# અસ્નાઅશરી મુજતેહદનો હ૦ ઇસ્માઈલના ઈમામતનો ઇકરાર.

મૌલાના બાકર મજલીસી, મોલાના શેખ સદુક સાહેબ અને મોલાના મોહકદીન તુસી, એ ત્રણે સાહેબ અસનાઅશરીઓમાં એવા મોતબર છે, જેવા હસનઅસગરી અને મહેદી સાહેબ, તે ત્રણે જણાનો કોલ ઇમામોના કોલ જેવો છે. જેણે તેઓના કોલનો ઇનકાર કર્યો, તે અસનાઅશરી મઝહબથી ખારેજ થાય છે.

બદાના નાપાક મસલાને ૩૪ વર્ષ સુધી અસનાઅશરીઓએ છુપાવ્યો. પણ અસનાઅશરી સુન્નીઓને પોતપોતામાં તકરાર થતાં એ વાત રોશનીમાં આવી, હવે એ અકીદાને લીધે સુન્નીભાઇઓ તેઓ ઉપર લાનત મલામત કરી રહ્યા છે. અને તેઓને સાફ કાફર સમજે છે. આ સંબંધીનો થોડાક ઉતારો આપ વાંચકો સમક્ષ રજુ કરૂં છું. તે જરા ધ્યાનથી વાંચી જજો.

મુકદ્દમાં તફસીર આયતે ખિલાફત, પાનું ૧૩ માં લખે છે કે, "જબ યેહ ચાલાક લોગ (યાને શીયા અસનાઅશરી) બેવકુફોકો અપની જાલમે ફસાનેકે લીએ ઇ પેશીનગોઈ ઈમામું કે નામસે નકલ કરતે હંય. કે લો અબ ઈતને દિનોમેં તમામ રૂએ ઝમીંનપર શીયા અસનાઅશરીયુંકી હકુમત હો જાયગી. જો શખ્સ ઈસ

મઝહબમેં હોગા, ખુબ એશ કરેગા. ઔર યેહ પેશીન-ગોઇયાં જબ જુઠી નીકલ જાતી તો, કહેતે હંય, સાહેબ! હમ કયા કરે? ખુદાકો બદા હો ગયા હૈ."

જો એજ ઉર્દુ કિતાબનો તરજુમો ગુજરાતીમાં કરીશું તો વાંચકોને કંટાળો આવશે, માટે તેને બદલે 'શીયા ધર્મના ભેદ ભરમ' નામે જે ગુજરાતી બુક મુંબઈમાં છપાઈ છે. તેનો ઉતારો કરીશ. કારણ કે ખોજા કોમમાં કેટલાક ઉર્દુ જાણતા નથી, તેથી ગુજરાતીમાં આપવું ઠીક પડશે.

## બદાની માન્યતાની શી જરૂર હતી?

ખરી હકીકત આ છે કે, જ્યારે ઈસ્લામનાં ચતુર શત્રુઓએ શીયા ધર્મનું બંધારણ કર્યુ હતું. અને પોતે જાણતા હતા કે, કોઈ મનુષ્ય આ ધર્મનો સ્વિકાર કરશે નહિં. માટે તેઓએ તરેહ તરેહના ઉપાયો તેના પ્રચાર માટે કર્યાં હતા. પાપના કામોનો રસ્તો મોકળો કરી આપ્યો. તેમાં મુત્તાઅ (જે એક સુધરેલી હરામકારી છે.) અને લિવાતન ( સૃષ્ટિ વિરૂધ્ધનું કાર્ય ) દાખલ કરવામાં આવ્યા આ મતલબની ઘણી રિવાયતો આજે પણ બહોળા પ્રમાણમાં શીયા અસનાઅશરીઓનાં ધાર્મિક પુસ્તકોમાં મોજુદ છે. સાથે સાથે દુનિયાની લાલચો તરફ પણ ધ્યાન ખેંચ્યું. આ સંબંધેની પણ સેંકડો રિવાયતો પણ મળી

આવે છે, ઘણુંજ નજીકનાં સમયમાં દુનિયાનો પાસો ઉલ-ટાઇ જશે. અને અમુક જબરદસ્ત સલ્તનત અને દેશ શીયા અસનાઅશરીઓને મળશે, એવી માન્યતાઓ દાખલ કરી દીધી, જ્યારે તે સમય આવી પહોંચતો અને ભવિષ્ય વાણીઓ સાચી ન્હોતી પડતી ત્યારે શીયા અસનાઅશરીઓ કહી ઉઠતા કે ખુદાને બદા થઇ ગઇ. આનો એક દાખલો લખ.નોમાં પ્રગટ થએલો.

ઉસુલે કાફી પાનું ૨૩૨ "ઇમામ બાકર અ૦ થી રિવાયત છે કે બચિત ખુદા પાકે ઇમામ મહેદીનાં જાહેર થવાનો હીજરી સન ૭૦ મુકરર કર્યો હતો. પણ જ્યારે હુસેન અ૦ શહીદ થઈ ગયા, ત્યારે અલ્લાહનો ગુસ્સો દુનિયામાં વસનારા ઉપર ઉતરી પડયો, અને તે કામને હીજરી સન ૧૪૦, પર મુલત્વી રાખ્યું હતું. આ ખબર તમોને અમે કહી, અને તમોએ તે બહાર પાડી દીધી, જેથી તે ભરમ ફુટી ગયો, તેથી અલ્લાહ પાકે હવે કોઇ વખત તે પછી અમોને બતાવ્યું નથી, અબુ હમજા રિવાયત કરનાર કહે છે કે, મેં આ હદીશ માટે ઇમામ જાફરે સાદિક અ૦ થી પુછયું, તો તેણે જવાબમાં કહ્યું કે હા, એમજ કહ્યું છે."

શીયા ધર્મના ભેદ ભરમની આ ચોપડીને છપાયે આજે ત્રણ વર્ષ થઈ ગયાં. છતાં અસનાઅશરી ખોજા

મુલ્લાંઓએ એ ચોપડીનાં રદમાં એક અક્ષર પણ આજ સુધી લખ્યો નથી, નથી તેઓમાં લખવાની હિંમત! આ ઓછી શરમની વાત છે? જો સતપંથ પ્રકાશમાં કોઈ લેખ વાંચે છે, તો તેઓને પગથી માથા સુધી આગ લાગી જાય છે. મોલાનાં હાજીનાજી હિદાયતની ડીંગ મારે છે, ત્યારે મી. કાબાનાં ખલીફા તો ગાળો આપતાં પણ અચકાતા નથી. વળી મી. અઝીઝ તો એહલે બેતે રસુલને નાબુદ કરવા કમર કસે છે. પરંતુ પચાસ પાનાની નાની નાની જેવડી ચોપડીનો જવાબ દેવા તેઓ બધાયે અસમર્થ થયા છે. તેનાં પ્રગટ કર્તા સુન્ની હનફી ભાઇ અલીમોહમદને પોલીસ કમીશ્નર આગળ ઘસડવાની ધમકી આપવી એ તો નબળાઈનું કાર્ય છે. જેવી રીતે અમારી સામે હિમત કરો છો, તેવી રીતે તેમની આગળ શા માટે નથી કરતા? ઇસ્માઇલીઓ આગળ તમો કહો છો કે, ચાલીસ કરોડ મુસલમાન અમારા ગારવાળા મહેદી સાહેબને માને છે, પરંતુ સુન્નીઓ તો તમારા ધર્મને જુઠો સમજે છે. તમારા ધર્મનાં ભોપાળાં કાઢે છે. અને તમોને હરામકાર અને સૃષ્ટિ વિરૂધ કાર્ય કરનારા સમજે છે, ઉપરાંત ખુદાને જુદા થવા વિષેનાં તમારા અકિદાથી કાફર સમજે છે. અને એ વાત પણ ખરી છે, કે જે ખુદાને ભુલી જનાર સમજે, તે તો ચોખો કાફરજ છે. શું આ વાત તમો કબુલ નહિં કરો?

તમારા ઉસુલે કાફીનાં કહેવા મુજબ ઈમામ બાકર અ૦ અને ઇમામ જાફરે સાદીક અ૦ નાં કોલ જુઠા પડયા. ઈમામ હુસેન અ૦ શહીદ થયા. તેથી ખુદાનો ગુસ્સો તેમના પછાડી રોવાવારાઓ ઉપર કેમ ઉતરે? જો હીજરી ૭૦ માં મહેદી પ્રગટ ન થયા, તો તે વાત સને ૧૪૦ પર બાકી રહી, જો સન ૭૦ યા ૧૪૦ માં ઈમામ મહેદી પેદા થતે, તો બારમા ઇમામ જે સને ૨૫૫ માં જન્મ્યા, યા ગારમાં ગુમ થયા, એવું જે તમો જણાવો છો, તેને લીધે ઇમામતનો સીલસીલો કાયમ રહેતે નહિં, પણ પાંચમા યા છઠા ઇમામ મહેદી તરીકે પ્રગટ થતે. શું આ બધો ફેરફાર સંબંધ ધરાવવા ખાતરજ કરી નાંખ્યો છે કે કેમ? ખરી વાત એ છે કે, એ બદાનાં બદનામ મસલા તમારા મુજતેહદોએ ફકત સાચા ઈમામ હ૦ ઇસ્માઇલનાં હક લુટવા ખાતર તૈયાર કરી પોતાની આકબત બગાડી છે, તે સિવાય બીજું કંઈ પણ નથી, શીયા (અસનાઅશરી) ધર્મનાં ભેદ ભરમ પાનું ૨૦૩, " અસનાઅશરીઓની માન્યતા છે છે કે, ખુદા અજ્ઞાન છે, તેને બદા થાય છે, તે સર્વજ્ઞ નથી, અને તેને લીધેજ તેની ઘણી અગમચેતીઓ (ભવિષ્યવાણીઓ) ખોટી ઠરે છે, અને તેને પોતાનો મત બદલવાની જરૂર પડે છે. ઉસુલેકાફી પાનું ૮૪ માં એક ખાસ પ્રકરણ બદા માટે બાંધેલું છે, અને તેમાં ખુદાને બદા થાય છે,

એની ઘણી દલિલો આપી છે. અને એવી માન્યતા દરેક નબી અને ઇમામો તથા ઈમામોને માનનારાઓની હોવી જોઈએ. પાનું. ૪ ”

આ રિવાયતથી સાબિત થાય છે કે, તેમના માટે બદા કેવો અગત્યનો મસલો છે! તેનો અર્થ જાણવા માટે આરબી ડીક્ષનેરી તરફ નઝર કરવી જોઇએ. અરબી ભાષામાં બદાનો અર્થ અજાણી ચીજનું માલુમ થઈ જવું, એ થાય છે, અને એજ અર્થમાં આ શબ્દ કુરાન શરીફમાં અનેક જગ્યાએ વપરાએલો છે, છતાં અસનાઅશરીઓનાં વિદ્વાન લેખકોએ ખુદા અજ્ઞાન છે, એવોજ અર્થ કરી બેસાડયો છે.

“ઈજાલતુલ ગુરૂર’ નામક ચોપાનીયાનાં લેખક બદા સંબંધી લખતાં જણાવે છે કે, “અહિંયાં બદા શબ્દ બે રીતે વપરાય છે. એક અલેફ સાથે અને બીજો હમજા સાથે, શીયા અસનાઅશરીઓ અલેફવાળા બદાને માનનાર છે, જ્યારે હમજાવાળા બદા ન માનવાથી નુકતેચીની થવાનો સંભવ રહે છે. ખરેખર એજ સખ્ત ભુલ છે અને અજ્ઞાન પણ છે. હમજાવાળા બદાનો અર્થ ‘શરૂ થવું’ એમ થાય છે. જેમાં કાંઈ પણ નુકતેચીની થઈ શકતી નથી, આ ઉપરથી શીયા અસનાઅશરી વિદ્વાનોનો ભરમ ખુલ્લો થઈ જાય છે. ”

## બદાનાં બનાવો.

બદાના બનાવો શીયાઓ ( અસનાઅશરી ) નાં ધાર્મિક પુસ્તકોમાં ઘણાં છે. પણ અહીંયાં માત્ર એજ લેવામાં આવ્યા છે.

(૧) ઈમામ જાફરે સાદીક અ૦ મે ખબર કીધી કે, 'અલ્લાહ તઆલાએ મારા પછી મારા દીકરા ઇસ્માઈલને ઈમામ માટે ચુંટયો છે.' તેમની કિતાબોમાં ઇમામની નિશાનીઓ જે લખેલ છે, તે નીચે મુજબ છે.

(અ) 'ઈમામ સ્ત્રીની જાંગમાંથી પેદા થાય છે.'

(બ) 'તેના માથા ઉપર "તમ્મત કલેમતો રબકા સીદ્દક વ અદલા" આયાત શરીફ લખેલી હોય છે.'

(ક) 'હ૦ રસુલે ખુદા સ૦ મે મોહર બંધ કરી જે બાર પરબીડીયાં હ૦ અલી અ૦ ને આપ્યાં હતાં, અને જે ખુદા તરફથી ઉતર્યાં હતાં, તેમાંનુ એક ઇમામ પાસે તેનાં પોતાનાં નામનું હોવું જોઈએ.'

આને અનુસરી એ બીનાં જરૂરી છે કે, હ૦ ઇસ્માઇલ જાંગમાંથી પેદા થયા હશે, એમનાં માથા ઉપર મજકુર આયાત લખેલી હશે. અને તેમનાં નામનું એક પરબીડીયું લખેલું હશે. પણ અફસોસ કે ખુદાને આ વાતની ખબર નહતી કે ઇસ્માઈલ ઇમામ થવા લાયક નથી ! જેથી ખુદાને ફરીથી જાહેર કરવું પડયું હતું કે, 'ઇસ્માઈલ ઇમામ નહિં

થશે, પણ મુસા કાઝમ ઈમામ થશે.' આ સંબંધી અસના-અશરીઓનાં માનવંતા અમીરૂલ મુજતેહદીન જનાબ ફઝીલત મઆબ મુલ્લાં બાકર મજલીસી સાહેબે પોતાની કિતાબ બિહારૂલ અનવારમાં રિવાયત કરી છે. અને તેની નકલ મોહકદીન તુસીએ કિતાબ નકદુલ મસલમાં કરી છે. જે એ અરબી ઈબારતનો મતલબ એ થાય છે કે, 'ઈમામ જાફર સાદીક અ૦થી રિવાયત છે કે, તેમણે ઇસ્માઇલને પોતાનાં પ્રતીનિધિ તરીકે નીમ્યા હતા. પણ ઈસ્માઇલથી કોઈ એવી વાત જાહેર થઇ ગઇ, કે જે તેમને રૂચતી આવી નહિં. તેથી તેમણે ઇસ્માઇલને બદલે મુસા કાઝમને પોતાનો પ્રતિનિધી બનાવ્યા હતા.' આનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું હતું કે 'અલ્લાહને ઈસ્માઈલની બાબત બદા થયો તો' (ખુદાની ભુલ થઈ ગઈ હતી.)

એક બીજી હદીશનાં શબ્દો, કે જેને શેખ સદુકે પોતાનાં ચોપાનીયા 'એતકાદીયા' માં ઉતાર્યા છે. આ અરબી ઇબારત **'મા બદલ્લાહે ફી શઈએ કમાં બદાલહુ ફી ઇસ્માઈલે.** એ મુજબ છે, આનો મતલબ એ છે કે, "અલ્લાહને એવી બદા કદી પણ થઈ નથી. જેવી મારા દીકરા ઇસ્માઇલ બાબત થઈ છે." જેઓ પવિત્ર ઈમામોનાં નામે આવી જુઠી રિવાયતો બયાન કરે, અને ખુદા પાક માટે આવા શબ્દો વાપરે તેઓ ખરેખર ખુદાપાકનાં મહાન ગુનેહગાર બને એમાં નવાઇ શી?

(૨) ઈમામ તકીએ ખબર કીધી કે મારી પછી મારો દીકરો મોહમદ ઈમામની પદવીએ આવશે.' પણ ખુદાને એવી ખબર ન હતી કે, મોહમદ પોતાનાં બાપની હૈયાતીમાં મરણ પામશે. જ્યાં આ બનાવ સામે આવ્યો, ત્યારે ખુદાને પોતાનાં મતમાં ફેરફાર કરવાની જરૂર પડી અને નિયમ વિરૂદ્ધ (ઈમામત મોટા દીકરાને મળવી જોઇએ તે) જઈ હુસન અસગરીને ઇમામ બનાવવામાં આવ્યા. ઉસુલે કાફી પાનાં ૨૦૪ માં લખેલ છે કે, "અબુલ હાશમ જાફરીથી રિવાયત છે કે, તેઓ ફરમાવતા હતા કે, હું અબુલ હુસન એટલે ઈમામ તકી પાસે બેઠેલો હતો, જ્યારે તેમનાં દીકરા મોહમદની વફાત થઈ હતી. હું મનમાં વિચાર કરી રહ્યો હતો, અને કેહેવા માગતો હતો કે, મોહમદ અને હુસન અસગરીનો અહેવાલ મુસા કાઝમ અને ઈસ્માઈલ (ઈમામ જાફર સાદકનાં દીકરાઓ) જેવા થવાનો છે. કારણ કે તેઓ બંનેની હકીકત પણ આ બંનેની માફક હતી. હુસન અસગરીની ઈમામત મોહમદનાં મરણ કેડે થઈ હતી. ઈમામ તકીએ મારી તરફ ફરી ફરમાવ્યું, અબુ હાશમ! અલ્લાહને અબુ જાફરનાં મરણ બાદ અબુ મહમદની બાબતમાં બદા થઈ જે વાત અજાણ હતી, તે જાણીતી થઈ ગઇ. જેવી રીતે અલ્લાહને ઈસ્માઈલ પછી મુસાની બાબતમાં બદા થઈ હતી, અને જેણે અસલ હકીકત જાહેર કરી

દીધી હતી, તેવીજ રીતે. આ બીનાં છે જો વિચારી જોવામાં આવે તો જણાશે કે ખોટું કામ કરનારા તેને પસંદ કરશે."

જ્યારે બદાનો નાપાક મસલો અસનાઅશરીઓએ પોતાની કિતાબમાં લખ્યો ત્યારે એહલે સુન્નત વલ જમાત અને આખા ઈસ્લામની તરફથી તેમને લાનત મલામત થવા લાગી. અને તેથી કરી ઘણાં આલિમો ફાં ફાં મારી બદા શબ્દનો અર્થ ફેરવી નાંખવાની કોશિશ કરવા લાગ્યાં. અને બદા એટલે બદલી નાંખવું. એવો અર્થ કર્યો. પણ તેમાં ફાવ્યા નહિં. પછી તેઓનાં મુજતેહદ મોલાના મોલવી દીદારઅલી સાહેબે ઈકરાર કર્યો કે, ખરેખર બદાનો અર્થ ખુદા અજ્ઞાની છે, ખુદા જાહેલ છે, એવો થાય છે. તેમણે લખેલ કિતાબે ઉસુલ પાનું ૨૧૯ લખનૌમાં છપાએલ જેમાં લખ્યું છે કે, "બદા એ લાયકે નથી કે તેને કોઈ માન્ય રાખે. કારણ કે તેનાંથી ખુદા પાકનું અજ્ઞાની હોવું સાબિત થાય છે." મજકુર કિતાબમાં એ પણ લખેલું છે કે, "શીઆ અસનાઅશરીઓમાં મોહુક દીન તુસ્રી સિવાય કોઇ બદાનો ઇનકાર કરનાર થયો નથી."

હવે ખુદા ખાતર તમોજ વિચાર કરો, કદાચ જો તમારા આગેવાનો એ બદાની માન્યતાથી હાથ ઉપાડે, યાને ખુદાને ભુલી જનાર અને અજ્ઞાન ન સમજે તો જનાબ ઈમામ ઈસ્માઈલનો હક તમારીજ કિતાબોથી સાબિત થાય છે કે

'નહિં ? ઇમામ જાફરે સાદીક અ૦ મે ખુદા પાકનાં હુકમથી હ૦ ઇમામ ઇસ્માઇલને ઇમામત માટે નસ [ વસીહત ] કરી હતી, પણ પછીથી ખુદા તઆલાએ પોતાની ભુલ સુધારી એવું માનનારા મીજલસી સાહેબ, શેખ સદુક અને મોહક દીન તુસી જુઠા નથી ? તમારા હાજીનાજી ઇમામ ઇસ્માઇલને પાક પાકીઝા લખે છે, પણ કહે છે કે, હ૦ ઇસ્માઇલ પોતાનાં બાપની હયાતિમાં વફાત કરી ગયા. આ બિના તમારા આગેવાનોની જુઠી રિવાયતો, જુઠા કિસ્સા, જુઠી હદીશો, અને મનનાં ખોટા ખ્યાલો વડેજ લખાએલ છે. એ સિવાય બીજું કાંઈ નથી, જ્યારે તારીખે ફીરસ્તામાં ખુલ્લી રીતે લખે છે કે, "**ઇમામ જાફર સાદીક અ૦ કે જમાને તક ઉસને પહેલે અપને બડે બેટે ઇસ્માઇલકો વલી એહદ કીયા. ઓર રિવાયતે શાહી યે હય કે, ઈસ્માઇલ અપને બાપકે બાદ અઝ વફાત ઝીંદાહ થા, ઔર જો અસ્લ નસલે અવલ હંય. લિહાજા ઇસ્માઈલ ઈમામ હય, બાદઝ ઇસ્માઈલકે બેટા ઉસકા મોહમદ ઇમામ હૈ. ઔર અલવિયા મગરીબ તમામ ઉસકી નસલસેં હય. ઈસ્માઈલ વાલિદ તરફસેંભી હુસેની થા.** '

આ તારીખી સનંદથી ખુલ્લી રીતે પુરવાર થાય છે કે, હ૦ ઇમામ જાફર સાદીકની બાદ હ૦ ઈમામ ઇસ્માઇલ

હયાત હતા. અને તેમને પ્રથમ નસ કરેલ હતી, તેથી ઇમામતનો તાજ તેમની નસલમાં કાએમ રહ્યો. વળી હ૦ ઈસ્માઈલની માતા પણ હુસેની ખાનદાનનાં હતા. જ્યારે મુસા કાઝમ કનીઝનાં પુત્ર હતા.

હ૦ ઇમામે ઇસ્માઈલ અ૦ શીરીઆ તરફ નીકળી ગયા. તેમનાં વાલીદનાં ફરમાન મુબારક પ્રમાણે બની અબ્બાસીઓનાં કેટલાક જાસુસો તેમની પછવાડે લાગ્યાં. તેમને કેટલાક વખત સુધી લશ્કર મોકલી પકડાવવાની પણ ધમાલ ચાલી છે. આ બધી વાતો શું ખોટી છે? એટલુંજ નહિં, પણ હ૦ ઇમામ ઇસ્માઈલને પકડાવી તેમને શહીદ કરાવવામાં પણ તેમનાં ભાઇ મુસા કાઝમનો હાથ હતો. કારણ કે તે ખુદ બની અબાસીઓ સાથે મળી ગયા હતા. અને પોતાનાં ભાઇનાં દુશ્મન થયા હતા. પણ અલ્લાહ પાકનાં મુબારક નુરને કોણ બુઝાવી શકે! એવી ઉમેદો રાખનાર ખુદ પોતેજ ખલાસ થઈ જાય, આપણે જોઇ રહ્યા છીએ કે, હસન અસગરી પછી એ ખાનદાન ખેદાનમેદાન થઇ ગયું છે. અલહમ્દોલિલાહ, ઇમામ ઇસ્માઈલ અ૦ ની ઓલાદ પેઢી દર પેઢી હશ્રનાં દિવસ સુધી કાએમ રહેશે, અને કાએમ છે, તે તો હમણાં તમો આંખોથી પણ જોઇ રહ્યા છો. અને એજ તમારા જીગરમાં કાંટાની માફક ખટકી રહ્યું છે. મુસા કાઝમ કે જેણે પોતાના સગાભાઈની

દુશ્મની કરી જે શરમ ઉપજે એવી વર્તણુંક ચલાવી અને તેમણે તેમનાં ખાનદાનની આડે આવેલ આ બધું આપણે ઈતિહાસોથી જાણી રહ્યા છીએ, છેવટે અલ્લાહુપાકે તેમની કોઈ ઉમેદ પુરી કરી નહિં. ઉલ્ટું તેમને બની અબાસીઓનાં તાએદાર થવું પડયું. અને તેઓને પોતાનાં અમીરૂલ મોઅમનીન લેખવા પડયા, ઉપરાંત તેઓને દીન (મઝહબ) પણ હાથ આવ્યો નહિં. બાકી કંઈ હાથમાં આવ્યું હોય, તો તે ફકત બાદશાહોની ખુબસુરત છોકરીઓ સાથે અમન ચમન કર્યા તેજ, પરંતુ આખર દમે તે બધું છોડીને ચાલતા થવું પડયું.

અમારા પવિત્ર ઈમામ આગાશાહ હુસનઅલીનાં નામે તમારા લેખો જે લખે છે, તે વાત બિલકુલ જુઠી છે. તેમનાં નામે જે કિતાબોની દલિલો કરો છો તે તે બિનાં ઉપર કોઈ પણ વ્યક્તિ ભરોશો લાવી શકે તેમ નથી, કારણ માત્ર એટલુંજ કે, ઈરાની મુલ્લાંઓએ બે ઇમાની કરી તે પવિત્ર ઈમામનાં નામે કિતાબો બનાવી છે, અને એ તો તમારા ધર્મનો મુળ સિધ્ધાંતજ છે કે, કાફરોની તથા જે અસનાઅશરી મઝહબમાં ન હોય, તેવા મુસલમાનોની નિંદા કરવી, અમારા ઇમામને નામે નિંદા કરવી વાજીબ સમજી તે મુલ્લાંઓએ પોતાની આકબત બગાડયા સિવાય બીજું શું કર્યું છે? જો ઈમામ આગાશાહ ખલિલુ-

ફલાહઅલી ઇસ્માઈલી ઈમામ ન હતા તો તમારા બે ઈમાન ઈરાનીઓએ તેમને ગુનાહ વગર શા માટે શહીદ કર્યા ? એટલાથી નહિં સંતોષ પામતાં તેમની લાશ મુબારકનાં ટુકડે ટુકડા શા માટે કરવામાં આવ્યા ? તેઓએ તે નામદાર ઉપર એવો જુલ્મ ગુજાર્યો, જેવો યઝીદીઓએ હ. ઇમામ હુસેન અ૦ ઉપર ગુજાર્યો હતો. ઇરાનમાં લાખો માણસો હસન ઉલ હુસેની યાને ઇસ્માઈલી ઇમામોને માનનાર મૌજુદ છે. પરંતુ તેઓ બિચારાઓની હર વખત કત્લ ચલાવવામાં આવે છે, એટલુંજ નહિં પણ તેઓનાં બાળબચ્ચાંઓને તલવારની તીણી ધારથી ઝુબ્બેહ કરવામાં આવે છે. આ બધું શા માટે ? જો અમારા ઈમામો અસનાઅશરી હોત તો આવો જુલમ તેમનાં ઉપર થતે ખરો ? આ બાબતો દરેક માણસ સમજી શકે તેમ છે. અમારા ઈમામ આગાશાહ હસનઅલી જો અસનાઅશરી હોત તો તેઓનાં ઉપર જુલ્મ કરી તેઓની માતૃભુમિમાંથી શા માટે હાંકી કાઢવામાં આવત ? તમારા ઈમામ અલી મુસે રઝા ઉમે હબીબાનાં પ્યારને લીધે તેનાં બાપને અમીરૂલ મોઅમનીન માનવા લાગ્યા, તેમ જો અમારા ઈમામ કરતે તો તે પણ સુખી દિવસો ઈરાનમાં પસાર કરી શકતે, પણ સાચા ઇમામો ન તો કોઈની પરવાહ કરે, ન પોતાનું નમાલાપણું બતાવે, અને ન તો એવો કુફ્રનો કલમો

પડે. અમારા મજકુર ઈમામ સાહેબ દેશ છોડી વિદેશમ આવ્યા, લાખો દુઃખો સહન કર્યા. પણ પોતાની ઇમામત ન મુકી. આવા પવિત્ર ઇમામ ઉપર તમો જુઠાં આળ ચડાવો. તે કોઇ પણ ઇન્સાન માની શકે ખરો ? જે કોઈ સરદાર કહે કે હું ગુલામ છું, કોઈ બાદશાહ કહે કે હું રૈયત છું. પણ આ વાતો કોઇ પણ વ્યક્તિ માની શકે નહિં તેવી રીતે તે ઈમામ હતા, આલે ઈમામ હતા, અને દીની બાદ શાહ હતા. એટલે એક બાદશાહ તરીકેજ રહ્યા. તેમણે કોઇ દીવસ તમારા મરી ખપી ગએલા ઇમામોને નથી માન્યા. નથી તેઓનો વાસ્તો દીધો. તેમજ નથી તેઓની તાબેદારી કરી. આને માટે સન ૧૮૬૬ મા મુંબઇની હાઇકોર્ટનાં મહાન વિદ્વાન જજ સર જોશફ આરનોલ્ડ પોતાનાં જજમેન્ટમાં કહે છે કેઃ—

**“હસન અલા જીકરીઆ સલામ જે મીસર દેશના ફાતમી ખિલાફતનાં કુટુંબનાં મુસ્તન શીરબલ્લાહનાં દીકરા શાહ નિઝારની ઓલાદનાં હતા. તેમની નસલ સાતમાં ઇમામ ઇસ્માઇલથી છે. તે મુસ્તન શિરબલ્લાહને હસન બીન સબ્બાહનાં વખતમાં આલમોત ગઢ ખાતે લાવ્યા હતા. અને જેને જીકરીઆ સલામ કહે છે કે, તે તેનાં વડવા થાય. એ ફાતમી ખિલાફતનાં હ૦ અલી અને હ૦ ઈસ્માઈલથી ઉતરતા આવતા જીકરીઆ સલામની**

ઓલાદથી નામદાર આગાખાન ઉતરી આવેલા એમ ઈતિહાસ ઉપરથી સાબિત થાય છે. જીકરીયા સલામના આલમોતનાં કિલ્લાનાં પાયા આગળ રમજાનની તા. ૧૭ મીએ બંદગીની જગ્યાએ મુસલ્લા ઉપર ઉભા રહીને 'ઈસ્માઇલી ઇમામ ખુદાની તરફથી આવેલો ખલીફો છે.' એમ જાહેરાતમાં મુક્યું.' સર જોશફ કહે છે કે, "કાયદેસરપણું પૂર્ણ રીતે સાબિત થયું છે, કે મોહમદ હુસેન હુસેની ઉર્ફે નામદાર આગાખાન અથવા જેને સરકારી દસ્તાવેજોમાં તેનાં લકબ અને ખિતાબથી હીઝ હાઇનેસ આગાખાન મહેલાની કરીને લખવામાં આવે છે. તે ઈસ્માઈલીઓનાં જાહેરાત પામેલા ઈમામ અને પેઢી દર પેઢી ઉતરતા આવેલા સરદાર થાય છે. અને ઇમામતનાં હાલનાં હૈયાત મસ્નદ ધરાવનાર અને ચલાવનાર છે. અને ખુદાનાં મોકલેલા હ૦ અલીથી સાતમા ઇમામ જે જાફર સાદીકનાં વડા દીકરા ઈસ્માઈલ થાય, તેની ઓલાદનો હક ધરાવનાર છે."

આવા ઐતિહાસિક હેવાલ આગળ તમારા વાહિયાત લ્વાંઓની ફીકર શું? તેઓ તો ફક્ત સવા પાંચ આના

માટે પણ પચાસ જુઠી હદીસો તૈયાર કરી આપે. તેઓને પેગમ્બરે ખુદા અથવા ઇમામોનો ડરજ ક્યાં છે? વળી તેઓ ખુદાને આદિલ પણ ક્યાં સમજે છે? તેઓને ન તો ખુદા, ન તો ઇમામ, અને ન તો રસુલ પુછી શકે છે. બસ દુનિયામાં એક આંસુ મીજલસમાં બહાવશો, અથવા નવહા અથવા સલામ સોજ સાંભળી આંખમાંથી આંસુ કાઢશો, તો જન્નત તમારીજ છે. પછી ખુદા પાકની ગરજ શા માટે? કબરમાં મુકતી વખતે મુડદાંનું પડખું પકડી કહી દેવું અને સમજાવી દેવું કે ફલાણાનાં દીકરા મુનકર નકીરને આમ કહેજે. આવા આવા જવાબ આપજે. બસ, આમ કહેવાથી તે મરેલો ખબરદાર થઈ જશે. એટલુંજ નહિં પણ ઉલટો તે મુનકર નકીરને જવાબ આપી તેને લાજવાબ કરી દેશે તમો દુનિયામાં ગમે તેમ વર્તો, તમારા માટે નજાતનાં ઘણાં દરવાજા ખુલ્લા પડ્યા છે. અને જ્યારે આમ છે, ત્યારે તમો ખુદાને ભુલી જનાર જાહેલ અને અજ્ઞાન સમજો તેમાં નવાઈ પામવા જેવું શું? જીવતાઓને તો નબી, ઇમામો સમજાવે છે, તેઓને નસિહત કરે છે, પરંતુ મુવેલા માણસનો ખંભો હલાવી તેને શિખવાડવું એ કામ બુતપરસ્તો સિવાય બીજા કોનું હોઈ શકે? દુનિયામાં આવો ધર્મ તો ફકત તમારોજ છે. ભલા આપ સમજાવી શકશો કે, મુવેલો માણસ તમારી નસિહતોને કેવી રીતે ખ્યાલમાં રાખતો હશે? શાબાશ છે, તમારી ફીલોસોફીને!!!

તમારા પુસ્તકોને આધારે હ૦ ઇમામ ઇસ્માઇલની ઇમામત કાએમ છે, છતાં તમારા મુજતેહદોએ બેઇમાની કરી ખુદાને બદા થાય છે, એટલે કે ખુદા ભૂલી જાય છે, તેવું લખી પોતાની આકેબત બગાડી છે, ન તો મુસા કાઝમની ઈમામત રહી, ન તેનું ખાનદાનીપણું રહ્યું.

"નહ રશ્કે સજન દિલદાર મિલા,
ન ઈધર કે રહે ન ઉધર કે રહે;"

તમોએ બંને જહાન પોતાનાં હાથથીજ ગુમાવ્યા છે, ઓ બુતપરસ્તો! ખુદા ખાતર તમારા દીલમાં વિચારો, કદાચ તમો ભુલી જશો, તમારા મુજતેહદીન ભુલી જશે, તમારા ઉલ્માઓ ભુલી જશે, પણ ઇમામો, નબીઓ, યા અલ્લાહ પાક કેમ ભુલી જાય? આ પ્રકરણ વાંચી સાચા દિલથી તોબાહ કરી લેજો. અને અલ્લાહ પાકનાં સાચા ઈમામ હ૦ ઈસ્માઈલને માની લઈ બદા જેવા હલકટ અકીદાનો ઈનકાર કરજો, ખુદા તમોને સદબુધ્ધી આપે. બીજું શું કહું?.

# પ્રકરણ ૭ મુ

## મી. ગૈનની સૈતાની શંકાનું નિવારણ.

મી. ગૈન! તમોએ સચ્ચાઈને છોડી દઈ ફક્ત ઇસ્માઈલીઓને વ્હેમમાં નાંખવાની કોશિષ કરી છે. જે નબી યા ઈમામને તેના ઘરવાળા ન માને તે નબી યા ઇમામ જુઠા છે. એ માન્યતા તમો જો ખરી માનતા હો તો, તમારે નબીઓ, ઈમામો, અને ઇસ્લામથી હાથ ઉઠાવી કોઈક નવો આર્ય સમાજીસ્ટ જેવો ધર્મ કબુલ કરવો પડશે, બીજા નબીઓ અને ઈમામોને માનવા યા ન માનવા પણ તમારા માનીતા ઇમામ રઝા સાહેબને તો મુકવાજ પડશે. તમો જેવો અમારા ઈમામ ના૦ આગાખાન ઉપર એતેરાઝ કરો છો, તેનાં જેવો બલ્કે તેથી વધારે એતેરાઝ અલીમુસે રઝા ઉપર તેઓનાં સગાભાઇઓએ કર્યો હતો. જે તમોએ

તોહફએ રઝવીઆમાં વાંચ્યું હશે, અલી મુસે રઝા પોતાનાં ભાઈઓનો હક કેવી રીતે પચાવી પાડયો? તેનો સમ્પૂર્ણ હેવાલ તમારી કિતાબોને આધારે આપીશ. ખુદાવંદતઆ-લાએ જો તમો બુતપરસ્તોમાં એક રતી ભાર જેટલી પણ ઇમાનદારી રાખી હશે, તો તો જરૂર અલી મુસે રઝાને છોડીજ દેશો. પરંતુ. જો ઈમાનદારી નહિંજ હોય, તો પછી તેનાં બદલામાં દુલદુલો યા ઘોડા યા હાથી બનાવી તેને માનતા રહેજો. નબીઓ યા ઈમામને શરૂઆતમાં સતા-વનાર જુઠા માનનાર તેઓનાં કુટુંબીઓજ હતા. બલ્કે ઘરનાં માણસોજ હતા તેની દલીલો:—

(૧) હ૦ હાબીલને તેનો ભાઇ કાબિલ નહિં માનતો હતો. અને અંતે તેનું ખુન પણ કર્યું.

(૨) હ૦ નુહ અ૦ ને તેમની ઘરવાળી માનતી ન હતી અને તેમનો દીકરો તેમની સાથે હોડીમાં પણ બેઠો ન હતો.

(૩) હ૦ લુત અ૦ ની પાસે જ્યારે કોઈપણ મહેમાન આવતાં ત્યારે તેની ઘરવાળી જઈને કાફરોને કહી આવતી અને હ૦ લુત અ૦ ની દુશ્મની રાખતી હતી.

(૪) હ૦ મોહમદ મુસ્તફા ખાતમુલ મુરસલીનને તેમનાં ઘરવાળાંઓએ ક્યાં માન્યા હતા? આપની સાથે તેમનાં ખાનદાને જે સખ્ત વિરૂધ્ધતા દાખવી તે તો

કિતાબોમાં મશહુર છે. ઉપરાંત તમો અસનાઅશરીઓ પેટ ભરીને તેમની ઘરવાળી હ૦ આઇશાની નિંદા કરો છો.

(૫) બની હાશમ, બની ઉમીયા અને બની અબ્બાસીઓ એકજ બાપના કુટુંબ તરીકે હતા, છતાં બની હાશમ અને બની ફાતમીઓ સાથે બની ઉમીયાઓ અને બની અબ્બાસીઓએ કયાં સલુક કર્યો છે? અને તેઓને હકનાં ઇમામ તરીકે કયારે માન્યા છે?

મી. ગૈન! આ પાંચ દલીલો તમારી શંકાનાં નિવારણ માટે બસ નથી? હું તો આવી ઘણી એક દલીલો આપવા ઇચ્છા રાખું છું. પરંતુ લંબાણ થઈ જવાનાં કારણે આટલીજ દલીલો આપી સંતોષ માનું છું. અને ખુદા પાસે દુવા ગુજારૂં છું કે, આટલી દલીલોથીજ તમારી શંકાનું સમાધાન થઇ જાય.

તમોએ તમારા જુઠા ડંકાનાં પા. ૪૪-૪૫-૪૬ માં હાજી બીબીનાં કેશની જુબાની લખી છે. તેમાં લખ્યું છે કે, "આગાખાનનું કુટુંબ અસનાઅશરી છે. હું અસનાઅશરી છું. મીરજા કુચક તથા બીજા કોઈ કાકાઈ, મામાઈ, ભાઈઓ અસનાઅશરી છે. ના૦ આગાખાનનાં માતુશ્રી અસનાઅશરી છે." ઈત્યાદિ.

મી. ગૈન! આ જુબાની ઉપરથી ના૦ આગાખાન ઇસ્માઇલી ઈમામ નથી તે કેવી રીતે સાબિત કરો છો?

અમો તો આ બીનાંને ઈમામ અ૦ નો એક જબરદસ્ત મોઅજીઝો સમજીએ છીએ. કે, તેવણુ નામદાર સખ્ત દુશ્મનોમાં રહેવા છતાં પણ સલામત રહે છે. આ મિસાલ જુલ્માતમાં આબેહયાત જેવી છે. જો તમો તમારી હઠ ધર્મી કરી કહો કે, જેનાં સગાં વ્હાલાં વિરૂધ્ધ હોય તે ઈમામ, ઈમામ નથી; તે નબી, નબી નથી; તો પછી તમારા-ગરીબુલ ગુરબા અલી મુસે રઝા માટે શું વિચાર કર્યો? તેનાં ભાઈઓએ તેને માન્યા નથી, તો તેને પણ ઈમામતથી ખારેજ કરજો.

બીજાઓની માન્યતાવાળા પેશવાઓ માટે ગમે તેમ બોલવું, તેઓની દરેક વાત ઉપર એતેરાઝ કરી બેસવું. પોતાની માન્યતા ગમે તેવી હોય, છતાં પણ તેઓ માટે ખુદાનાં હુકમને યા તકીયાને, યા મસીયતને અડાવી દઈ છટકી જવું, એ તમારા ધર્મની મુખ્ય માન્યતા છે. અમારા ઈમામે ઘોડા રાખ્યા, અને ઘોડાઓને શરતનાં મેદાનમાં મોકલાવ્યા. તે ઉપર તમો નાલાયકી ભરી રીતે ઘણીજ જુઠથી ટીકાઓ કરવા લાગ્યા એટલુંજ નહિં. પણ સાથે સાથે વજુદ વગરની ફતવાઓ પણ આપવા લાગ્યા. પણ પોતાના પગ નીચે તો જોતા નથી. તમારા માની લીધેલ ઈમામ અલી રૂસે રઝા કુતરા રાખે, મુરઘાં રાખે, મેંઢાં રાખે, અને રમતગમતમાં વખત પસાર કરે, તો તમારે

ત્યાં એ બધું તકીયાની આડમાં હલાલ થઇ જાય. ઘોડાઓની રમત તો પ્રાચિન કાળથી બાદશાહી ખાનદાની રમત છે. જ્યારે મુરઘાં, મેંઢાઓ અને કુતરાઓની રમતને તો હલકી વર્ણનાં મોવાલીઓજ પસંદ કરે છે. આ વાત હું કંઈ મન ઘડત કરતો નથી. પણ તમારી કિતાબ તોહફએ રઝવીયા પા. ૧૭૨ માં એજ વિષે ઉલ્લેખ આવી જાય છે. જ્યારે મુસા કાઝમ હારૂનનાં જુલ્મથી શહીદ થયા, ત્યારે ઇમામ રઝા દુશ્મનથી પોતાનો બચાવ કરવાનાં હેતુએ એક કુતરો, એક મેંઢો અને એક મુરઘો **ખાનગી** વેચાતા લઇ ઘેર આવ્યા. ( ખાનગી પછીથી મી. મોહમદ જાફરે થોડીક જગ્યા ખાલી રાખી છે. પરંતુ આપ જાણતાજ હશો, કે, ખાનગી શબ્દ બદચાલ ઓરતો માટેજ વપરાય છે. ) જ્યારે ખલીફા હારૂન રશીદને આ બાબતની ખબર આપવામાં આવી ત્યારે તેણે જવાબમાં કહ્યું કે, ઘણીજ અજબની વાત છે. કે જે માણસ કુતરા, મેંઢા, અને મુરઘી વગેરે રમતની ચીજો લે, તે માણસ ઇમામતની દાવેદારી કેવી રીતે કરી શકે ? મી. જૈન ! તમારા ઇમામ સાહેબની આવી સિફત હોવા છતાં તમોને કંઈ પણ શરમ આવે છે કે નહિં ? શાહબાશ છે તમોને અને તમારા ઇમામોને ! ! ;

હું તમારી માફક ખોજા દર્પણ કે જે એક નાસ્તીક મી. કાબાની લખેલ છે. તેવી દલીલો નથી આપતો, પરંતુ

તમારી માન્યતાનાં પાકા અસનાઅશરીઓનીજ દલીલો આપુંછું, કે જેથી કરી તમો સામે કંઈ પણ બોલી ન શકો. બલ્કે લા જવાબ થઈ જાઓ. આ સંબંધી થોડીક દલીલો વધુમાં આપવા માંગું છું. તે જરા ધ્યાનપુર્વક વાંચી લેજો.

" તોહફએ રઝવીઆ " પાનું ૧૦૩ બાબ ૨ જો. ફસલ ૨ જી થી પાનું ૧૩૦ સુધીમાં લખાએલ બીનાનાં થોડાક ઉતારા.

પાનું ૧૧૦. અને બીજી મુશીબત આપનાં ભાઈ-ઓની અવગાઇ હતી. " આ સંબંધી ખુલાસાવાર લખવામાં આવ્યું છે. )

પાનું ૧૧૧ "સન ૧૮૬ માં હારૂન રશીદે મદીના ઉપર ચડાઈ કરી. ત્યારે ઈસા અલ જલદીએ આખા ગામને લુંટી લીધું, જ્યારે ઇમામ રઝાનાં ઘરની જડતી લેવાનું ઈચ્છયું ત્યારે તેમણે ઘણું સમજાવ્યું. અને કહ્યું કે, હું મારા પોતાના ઇમાનથી સઘળો સામાન પોતાને હાથે ઉતારી લઇ આવું છું. આટલું કહી બધો સામાન લાવી ઈસાને આપ્યો. "

આ બે દલીલોથી સાબિત થાય છે કે, અલી મુસે રઝાનાં ભાઈ તેમનાંથી અણગમો રાખતા હતા. વળી પોતાનાં ઘરનો સામાન પોતાનાજ હાથે ઈસાને આપી દીધો. અને

ઇમામતનું કંઈપણ જોર નહિં બતાવ્યું તથા એક સાધારણ ધમકીથી ડરી ગયા. તેથી પણ સાબિત થાય છે કે, તે ઈમામ ન હતા. અને એક વાણીયા ભાઇ જેટલી પણ તેમાં હિંમત ન હતી. કોઈ પણ માણુસ આપણી પાસેથી કોઇ પણ સામાન જબરદસ્તીથી લેવા આવે, તો આપણે આપણામાં જેટલી હિંમત હશે, તેટલી લડાઈ કરીશું કે નહિં ? અને લડાઈ કરવા છતાં તે લઈ જાય તે એક જુદો સવાલ છે. પરંતુ ચુપકીથી તો નજ આપી દઇએ.

પાનું ૧૧૨, "કોઈ નાસબીએ જન્નતે ખાતુનની શાન મુબારકમાં ભુંડા બોલોથી લેખ પ્રગટ કર્યો, મઝકુર લેખ મોહમદ ઇબ્ને જાફર સાદીક અ૦ નાં હાથમાં આવવાથી તે કંઈ પણ નહિં બોલતાં ઘરમાં દાખલ થઇ હથિયાર બાંધી બહાર આવ્યા. અને પોતાના માટે બયત લેવા લાગ્યા. લોકો બયત કરવા લાગ્યા. અને તેઓને અમીરૂલ મોઅમનીન તરીકે માનવા લાગ્યા. તથા એ નામથી પોકારવા લાગ્યા."

આથી સાબિત થાય છે કે, મુસે રઝા સાહેબને જન્નતે ખાતુનને ગાળો મળવાથી કંઈ પણ ગેરત ન આવી. સબબ કે તેનો તે પાક બીબી સાથે કંઇ વાસ્તો ન હતાં. પરંતુ જનાબ મોહમદ ઇમામે જાફરે સાદીક અ૦ જે એક ખરા સૈયદ ફાતમી ખાનદાનનાં હતા. તે તલવાર લઈ આવ્યા

અને પોતાને માટે બયત લઈ અમીરૂલ મોઅમનીન નામ રાખી લીધું. અલબત તેઓ ઇમામ ન હતા. તો પણ તેમને ફાતમી ખાનદાનની ગેરત (શરમ) આવવાથી આ કાર્ય કર્યું.

પાનું ૧૧૩ "બની અબ્બાસીઓનાં જુલ્મ બની હાશમી ખાનદાનના સુરવીર સૈયદો ખમી ન શકતા. તેઓ બની અબ્બાસીઓની તાબેદારી કરવા કરતાં મરવું વધારે પસંદ કરતા. પણ અલી મુસે રઝા તેઓને મનાઇ કરતા હતા કે બની ફાતમીની ખિલાફતનો જમાનો હજુ દુર છે."

આપણે સાધારણ બુધ્ધીથી વિચાર કરીશું, તો જણાઈ આવશે કે અલી મુસે રઝા અંદર ખાનેથી બની અબ્બાસીઓ સાથે મળેલા હતા. તેથી પોતાનાં ગુણની ખાતર બીજાઓને મનાઇ કરતા કે લડાઇ ન કરો. તેઓની સાથે મળીને ચાલો. આ ઉપરથી સાબિત થાય છે કે, તેમનામાં યા તો હિંમત ન હતી, યા પોતાનાં મતલબ ખાતર એમ કહેતા હતા. વાંચક નીચે લખેલી હકીકત જરા ધ્યાન પુર્વક વાંચી જો જો. અસનાઅશરીઓનાં સાતમા માની લીધેલા ઇમામ કેવા બે ઇન્સાફ હતા? ઇમામ તો શું પણ એક સાધારણ માણસ કે જેનાં દિલમાં કંઇપણ અદલ ઇન્સાફ હોય તે પણ પોતાની ઓલાદ સાથે આમ કરી ન શકે. તેમણે સર્વ મિલ્કત એક અલી મુસે રઝાને આપી, બાકી બે ગુનાહ બચ્ચાંઓને ગેર ઇન્સાફ કર્યો છે. આમ છે,

તો પછી ઇમામમાં આદિલપણાનો જે ગુણ છે, તો તે આવે કયાંથી ?

મુસા કાઝમે જે વસીયતનામું કર્યું હતું. તેની મતલબ.

તોહફ્રૂએ રઝવીઆ પાનું ૧૧૫ " આએ વસીયતનામું મારા ફરજંદ ઇમામ અલીએ રઝા અ૦ માટે લખુંછું કે જેઓ હમણાં સુધી તેઓની સાથે છે.અને જો મારા ફરજંદો તેઓની તાબેદારીમાં રહે તો ભલે. તેઓને પોતાની સાથે રાખવાની ઈજાજત બક્ષે અને જો તેઓની નાફરમાનીનાં સબબથી તેમજ કોઇ મસલતથી પોતાની સાથે રાખવા નહિં ! માંગતા હોય તો તેઓને પોતાથી જુદા કરે. અને આ બાબતમાં તેમને–ઇમામ રઝા અ૦ ને–ઇખ્તીયાર આપવામાં આવે છે, નહિં કે તેમનાં ભાઈઓને, અને મેં મારી તમામ મિલ્કત અને જે કંઈ પણ વકફ્રિયાત વગેરે મારા કબજામાં છે તે તથા મારા અહેલો અયાલ બાલબચ્ચાંનાં માલિક આ વસીયત નામાની રૂએ તેમનેજ–ઇમામ રઝા ને–ઠેરાવેલ છે. અને મારાં સઘળા ફરજંદો જેઓનાં નામ ઈબ્રાહીમ, અબ્બાસ, કાશમ, અને મોહમદ છે. તેઓનાં અને તેઓનાં બાલબચ્ચાંનાં માલિક પણ તેમનેજ ઠરાવ્યા છે. તેમજ હ૦ ઇમામે જાફરે સાદીક અ૦ની વકફ ફરમાવેલી મિલ્કતની આવક તેમજ તેમની ખાસ અંગત મિલ્કતની આવક જે મને તવલીયતનાં હક તરીકે મળે છે. તે સર્વ હું મારા

ફરજંદ અલી રઝા અ૦ ની માલીકીમાં ઠેરાવું છું. તે બારા
જે તેઓની મરજી હશે. તેમ કરી શકે છે. અને તે દ
વસ્તુઓનાં તે એકલાજ માલિક છે. આ સઘળી તે
પોતાની મરજી મુજબ કોઇને બક્ષીશ કરી શકે છે. તેમ
વેચી શકે છે. અથવા સદકો કરી ગરીબોને આપી શકે
તેઓ સિવાય તે બારામાં કોઈ પણ બીજાને મારી ઓલ
દમાંથી દખલ દેવાનો હક નથી. જેવી રીતે તે મિલ્ક
ઉપર આજ સુધી મારી સત્તા રહેતી આવી છે. તે મુજ
તેમની સત્તા રહેશે. તેમજ મારા એહલો અયાલ અ
મારી દરેક ચીજ ઉપર જેવી રીતે હાલ મારી સત્તા ચ
છે, તેવીજ રીતે તેમની સત્તા રહેશે. અગર તે ચાહશે
તેમનાં ભાઇઓ કે જેઓનાં નામો મેં ઉપર લખ્યા
તેઓને સાથે રાખશે. અને નહિં ચાહશે તો પોતા
જુદાં કરશે. તે બારામાં તે કદી ઠપકા પાત્ર ગણાશે નહિ

વળી આ બાબતમાં કોઈને પણ પુછવાનો કે વાં
લેવાનો હક નથી, તેમજ મારી ઓલાદ પણ મને
બારામાં પુછી શકતી નથી, મારી ધણી કનીઝો એવી
કે, જેઓ સાહેબે ઓલાદ છે. જો તેઓ શરીઅતનાં પાબ
રહી મારા ઘરમાં રહેવા ચાહશે. તો તેઓને તેઓનો ચા
ખર્ચ જે મારી હૈયાતિમાં આપું છું. તે તેઓની હૈયા
સુધી મળ્યા કરશે. અને જે જશે, તે પાછી મારા ઘર

દાખલ થઇ શકશે નહિં. (આથી સાબિત થાય છે કે, મુસા કાઝમની પાસે મોગલોનાં જેવું મોટું જનાનખાનું હોવું જોઇએ. એક તો નિકાહવાળી ઓરતો અને બીજી કનીઝોનો ઘણો મોટો રસાલો રાખતા હશે.) નિકાહોનાં બારામાં અમો અમારા ફરજંદ ઇમામ રઝાને પુરતી રીતે સમજણ આપી ચુકયા છીએ. પણ વધારે સાવચેતી માટે વસીયતનામામાં વિસ્તારીને લખેલ છે. (કદાચ ભુલી ન જાય. કારણ કે ઇલ્મે લદુન્નીનાં માલિકોને લખીનેજ આપવું જોઇએ! સુબ્હાન અલ્લાહ! તમારી કઇ વાતોને માનવી!) નિકાહનાં બારામાં હ૦ ઇમામ રઝા અ૦ અને ઉમે એહમદ આપની હરમે મોહર્રમ બેઉ શરીક છે. (છોકરાઓ ખુશીથી કંઇ ગોટાળો કરે, તો તેની માતા તેમને સમજાવે. એ કારણથીજ કે?) એ બંને સિવાય બીજા કોઇને વસિયતનામું ખોલવાનો હક નથી."

મજકુર વસીયતનામું ઘણુજ લંબાણથી લખાએલ છે. પરંતુ ઉપર તો તેની ટુંક નોંધ કરી છે. છેવટે આ વસીયતનામાનાં કારણમાં જણાવે છે કે, મુસા કાઝમની મરજી એ હતી કે, તેની દરેક ઓલાદ ઇમામ રઝાનાં તાબામાં રહે તેમજ ઇમામની તાબેદારી દરેક ઉપર વાજીબ હોવાથી ખાસ ઇમામનું નામ જણાવી પોતાનાં જાનશીન અને પોતાની મિલ્કતનાં માલિક બનાવી પોતાનાં ફરજંદોને દરેક રીતે તેમની ફરમાંબરદારી કરવાને જણાવી આપ્યું,

કારણુ કે, તેઓની ઓલાદમાંનો નાનો હોય કે મોટો તે આ માન્યતાને ખુદાઇ બક્ષીશનો દાવો કરે નહિં. વળી આ વસીયતનામું લખવાની બીજી મસલત એ હતી કે, પોતાનાં તમામ શીઆઓને પોતાના ઇમામને ગોતવાની કે ઓળખવાની મુશ્કેલી પડે નહિં. પરંતુ મુસા કાઝમની ઓલાદે એ વસિયતનામાં ઉપર કંઇ પણ અમલ કર્યો નથી. આના માટે પાનું ૧૧૮ માં તેનો હેવાલ આપે છે.

"અહમદ ઇબ્રાહીમ અને અબ્બાસ હ૦ મુસાએ કાઝમ અ૦ નાં ફરજંદોએ એ વસિયતનામાની કોઈ શરત ઉપર અમલ કર્યો નહિં. અને તેઓનાં બાપે જે વેંચણી કરી હતી તેનાં ઉપર નારાજ થઇ મદીનાનાં કાઝી પાસે ફરીઆદી માંડી, અલી મુસે રઝાએ ઘણાં સમજાવ્યા પણ તેઓએ માન્યું નહિં. કાઝીએ આપને બોલાવી જવાબ આપવાને કહ્યું, પછી આપ વસિયતનામું લઈ આવ્યા. શાહેદીમાં ઈસ્હાક હ૦ ઇમામે જાફરે સાદીક અ૦ ને લાવ્યા તે ત્રણ જણા ઉમે. એહમદ મુસા કાઝમની ઘરવાળીને ગવાહીમાં લાવ્યા જે અલી રઝાનાં માતા હતા. જ્યારે બાઇ કાઝીની પાસે કોરટમાં આવ્યાં ત્યારે અલી રઝા ઘણા ગમગીન થયા. છતાં સબુર કરી ચુપ રહ્યા. હ૦ ઈસ્હાકે તેઓને ધમકાવી કહ્યું, કે તમારી અવળી મતી તમોને અહિં સુધી ખેંચી લાવી. તમો પરદેનશીન બીબીને કાઝીની

કચેરીમાં લઇ આવ્યા. તમોને તમારા ખાનદાની ઇજ્જતનો બિલકુલ ખ્યાલ રહ્યો નહિ ? પછી દાઉદને ચુકાદો અલી રઝાનાં ફાયદામાં આપ્યો, તેથી ઇમામ રઝાનાં ભાઇઓ ઇબ્રાહીમ, ઝયદ, અને અબ્બાસ પશેમાન થઇ ઘર પકડીને બેસી રહ્યા નહિ. પરંતુ મદીનાથી બહાર નીકળી પડયા. ”

કિતાબે સાફી સરએ કાફીમાં લખેલું છે કે, પછી ઇમામ રઝા અ૦ મે પોતાના દાવેદાર ભાઈઓને બોલાવી ફરમાવ્યું, ‘ભાઈઓ ! હું તમારી ચાલુ કફોડી હાલતથી ખુબ વાકેફ છું. અને એ પણ જાણું છું કે, તમોએ જે મારી સામે દાવા કર્યો, તે તમારી જરૂરીયાત અને ચાલુ ખર્ચ તેમજ તમારા ઉપર લોકોનું જે લેણું છે, તેને પહોંચી વળવા અશક્ત હોવાથી તમોએ આ પગલાં ભર્યાં.’ પછી પોતાના નોકરને બોલાવી હુકમ કર્યો કે, હાલમાં જેટલા પૈસા તેઓને જોઈએ તેટલા આપ. પણ તેનાં ભાઈઓએ લેવાથી ઇન્કાર કર્યો. આપ અમોને શું આપશો ? અમોને ઘણાં પૈસાની જરૂરત છે. આપે ફરમાવ્યું. કે, તમો માગો. જેટલું નાણું માંગશો તેટલું આપીશ. વળી ખુદાની કસમ તમો મારી હાલતથી ખુબ વાકેફ છો. કે હજુ સુધી મને કોઇ ઓલાદ નથી. તેમજ તમારા સિવાય બીજો કોઇ વારસ નથી. તો તમારા ધારવા પ્રમાણે જે કંઇ મારી પાસે છે એ તથા હવે પછી જે થશે તે સઘળાનાં વારસ

તમો ડરશો. બાપની વફાયત પછી ( મિલ્કતમાં ) મેં કોઈ ફેરફાર નથી કર્યો !

આ સાંભળી અબ્બાસ વધુ છેડાઈ ગયા. અને કહ્યું કે "આપનું કહેવું અમો કદી પણ માનવાનાં નથી. આપની તાબેદારી અમારા ઉપર વાજીબ નથી. અને આપને જે કંઈ બુઝર્ગી મળી છે, તે ફક્ત આપણા પિદરે બુઝુર્ગવારની અમારા પ્રત્યેની ઓછી મહેરબાનીના સબબથી છે, અને તેમ કરવામાં તમોએ ભુલ કરી છે. વળી આપ યાદ રાખશો કે, સફવાન ઈબ્ને યયાને કે જે કુફામાં છે. તેને અમો બરાબર ઓળખીએ છીએ. અગર જો હું જીવતો રહ્યો તો જે કંઈ માલ તેની પાસે આપે મોકલેલ છે. તે પૈ પૈ તેનાં કનેથી વસુલ કરીશ, તેમજ તેને તથા તમોને બદનામ કરીશ."

મી. ગેન ! તમારી કિતાબમાંનું તમારા માની લીધેલ ઈમામ સાહેબ માટેનું આવું લખાણ વાંચી તમારે કબુલ કરવુંજ પડશે કે, ન તો મુસા કાઝમ ઇમામ હતા, ન તો અલી રઝા ઈમામ હતા. મેં તો ફક્ત ટુંક ટુંક નોંધ લીધી છે. જો તમોને ભરોસો ન હોય તો મહેરબાની કરી મજકુર તોહફએ રઝવીયા પુરેપુરી વાંચી ખાત્રી કરી લેજો.

જ્યારે મુસા કાઝમને તેના છોકરા ભુલ કરનાર અને ગેર ઈન્સાફ કરનાર સમજે છે. તો તે ઇમામ કેવી રીતે

હોઇ શકે ? ખરેખર મુસા કાઝમે પોતાનાં બચ્ચાંઓને નિર્દયતાથી રખડાવી માર્યા સિવાય કંઇ પણ કર્યું નથી. અલી રઝાને તેનાં ભાઈઓ દગલબાઝ સમજતા હતા. અને તેથીજ તેની તાબેદારી પોતાનાં ઉપર વ્યાજબી સમજતા ન હતા. અલી રઝાએ દગલબાજી કરી કેટલીક મિલ્કત ઉચાપત કરી બીજા મોમનો પાસે રાખેલી, જેનાં માટેજ અબ્બાસે કહેલું કે, અમો તમને ખુવાર કરીશું, મજકુર મિલ્કત તે મોમન ખાઈ ગયો. પણ અલી રઝાને તેમાંથી કંઈ હાથ ન આવ્યું. દગલબાઝીનાં પૈસા દગલબાઝીમાં ગયા.

એ તો ચોક્ખી વાત છે કે, મુસા કાઝમ કરોડોની મિલ્કત ફકત ગરીબુલ ગુરબાને આપી ગયા. ખબર નથી પડતી કે, આવા તવંગર માણસને તમો ગરીબુલ ગુરબા શા માટે કહો છો? વળી તેની મુશીબત બયાન કરી તમો હાયવોય કરી શા માટે રૂવો છો? હા, હાયવોય કરવાની તો તમારામાં એક પુરાણી આદત છે. તમો જાણો છો કે, અલી મુસે રઝા સાહેબ જેવી કોઈએ મઝા નથી કરી? તે મામુન ખલીફાનાં વલી એહદ થયા. તેની છોકરી ઉમે હબીબાનાં ખાવિંદ થયા. અને મુસા કાઝમની સર્વ મિલ્કતનાં તેઓ એકલા માલિક થયા. આ બધું હોવા છતાં તમો ગરીબુલ ગુરબા, ગરીબુલ ગુરબા કહ્યે જાઓ તેને માટે શું સમજવું? અલી મુસે રઝાએ પ્રથમનાં ઇમામોની સુન્નતો

ને તો છોડીજ દીધી હતી. ગધેડા ઉપર બેસવું, જાડા લુગડાં પહેરવાં, સુકા રોટલા ખાવા, અને ગરીબોને જોવા જવું. ( રાહેનજાત ઉપરથી ) એ તો અલી રઝા કરતાજ નહોતા. તો પછી તેને કયા આધારે ગરીબુલ ગુરબા સમજવા ? તેમણે ખલીફા મામુન રશીદને પોતાનાં અમીરૂલ મોઅમનીન સમજી લીધા, તેમાં શું થઈ ગયું ? થવાનું શું હતું ? નાક કટા તો કટા, મગર ઘી તો ચટે. તેમને તેમનાં બાપ તરફથી એવી રીતનાં માલીક બનાવ્યા હતા, કે તેઓ મિલ્કતની ચોરી પણ પહોંચી શકે. વળી તેમનાં માતુશ્રી કોર્ટમાં જાય, તેનું પણ કંઇ નહિં. ઉપરાંત તેઓનાં ભાઇઓ તથા તેઓનાં બાલબચ્ચાંઓનાં માલિક પણ બનેલા. એટલે તેમની સામે જે થાય તે બધા કાફર.

પરંતુ નામદાર આગાખાન સામે કોર્ટમાં કેસ માંડે, અને તેમનાં માતુશ્રી કોર્ટમાં સાક્ષી આપવા જાય, તે ગુનાહનું કામ, તેમનાં નામે જમાતખાનાઓ થાય એ ખરાબ વાત. આ કયા હિસાબે ? તમો તમારા પગ નીચે તો જુઓ. શરમાઓ જરા શરમાઓ ! ! ! તમારી માન્યતાનાં ઈમામ ગમે તેમ કરે, સારા સારાં ઉમદાં કપડાં પહેરે, ઉનામ ખોરાકો ઉડાવે, રમતગમતમાં મશગુલ રહે, મુરઘાં, મુરઘી, મેંઢાં, કુતરાં ઇત્યાદિ રાખે, તો તેવી બાબતોથી તેમનાં ઉપર જરા પણ પાપ નહિં. તે ગમે તેવા

વેચાણુ કરે, તો તેનાં માટે તે જાએજ. બાકી તમા
નાપાક નજરમાં નામદાર આગાખાન સારાં લુગડાં પહે
વિલાયતની બેંકોમાં પૈસા રાખી તેનો વહિવટ ક
અને પોતાની જીંદગી સુખ અને સાદાઈમાં પસાર કરે, 
ગુનેહગાર! મી. જૈન! મને ફક્ત તમારી શરમ ભરેલી ટી
ને માટે અને તમારી નાપાક કલમને માટે સદહજાર અ
સોસ થાય છે. આ સિવાય બીજું શું કહું?

આલી મુસે રઝા જેવા. દસ્તાવેજી ઈમામ તમો
મુબારક રહે. શું બીજા કોઈ ઈમામે આવી રીતે બીજા
ઈમામ બનાવેલ છે? જો બનાવ્યા હોય તો તેની કં
સાબેતી છે? હરગીઝ નહિં. ઈમામો પોતાનાં વર્સ
જાનશીન માટે ફક્ત અલ્લાહનાં અમર પ્રમાણેજ અમ
કરે છે. તેઓ છળકપટ કરતાજ નથી. છળકપટ કરના
ઇમામ હોયજ કેવી રીતે? મજકુર વસીયત નામું તે
વાણીયા ભાઈઓની વસીયત સિવાય બીજી કંઈપણ કિંમ
રાખતું નથી.

મુસે રઝાને અલ્લાહ પાકમાં નાઉમેદ થએલા તમે
કેવા દેખાડો છો? અલ્લાહપાકમાં નાઉમેદ થવું, એ કુફ્ર
છે. અને એજ કુફ્રનો કલમો તમારા માની લીધેલાં ઇમા
મનાં મોમાંથી નીકળે છે. તેઓ પોતાનાં ભાઈઓને કહે
છે કે, "આપ જાણો છો કે, હજુ સુધી મને કંઈ ઓલાદ

અગર ઓલાદ ન થઇ તો મારી બધી મિલ્કતનાં માલિક થશો." તમો ઈમામનાં બારામાં ગૈબનું જાણવા સંબંધી જે લાંબી ચોળી વાતો કરો છો, જણાવો છો કે, ઈમામોને સાતે જમીન, સાતે આસ- ઈત્યાદિની ખબર પડે છે. આમ થાય છે અને તેમ છે, ઈ. ઈ. છતાં અહિંયા તો તમો પોતેજ તમારા ને નિરાશ થએલા જણાવી લાચાર બતાવો છો. હવે જણાવશો કે, તમારીજ માન્યતા પ્રમાણે અલી મુસે ઈમામ હોઈ શકે ખરા ? હરગીઝ નહિં, એક સાધા- મુસલમાન જેટલી ખુદા ઉપર શ્રધ્ધા રાખે છે, તેટલી અલી મુસે રઝામાં શ્રધ્ધા જણાતી નથી. જો તેઓ હોતે તો તેમનામાં એટલી શ્રધ્ધા જરૂર હોત કે સુધી ઈમામને ફરજંદ થાય નહિં. ત્યાં સુધી પોતાનો ાડતો નથી. આટલી સાબિતિઓ છતાં શું તમો હજુ હઠ ધર્મી કરી અલી મુસે રઝાને ઈમામ તરીકે પકડી ા ખરા કે ? જો વધુ સાબિતીઓ જોઈતી હોય તો આગળ વાંચો.

મજકુર કિતાબને પાને ૩૪૦, માં અલી ઈબ્ને હમ- અલી રઝાને પુછયું હતું કે, "પેગમ્બરે ખુદાનો કે, ઈમામને જ્યાં સુધી ઓલાદ ન થાય, ત્યાં સુધી ફાત થતી નથી. તે હદીસને આપે સાચી માની છે ?"

આગળ જતાં એવો વધારો કર્યો છે કે, મહેદી બારમાને ઓલાદ થશે નહિં. પાછું ગેબતે કુબરામાં રાહે નજાતનાં પાના ઉથલાવીશું તો મહેદી સાહેબના પુત્ર, પૌત્ર અને પ્રપૌત્ર એમ પાંચ સાત પેઢીઓ નજરે પડશે! આ ઉપરથી જણાય છે કે, ખરેખર તેઓનાં ગોટાળાઓની કંઇ ખબર પડતી નથી. પોતાના જુદા મઝહબને ટકાવી રાખવાને ખાતર ઘણાં થાંભલા લીધા—પણ કંઇ વળ્યું નહિંવળી એજ કિતાબમાં ઇબ્ને હુમજાએ અલી રઝાને પુછયું કે, ઇમામને ઇમામજ ગુસલ કફન કરે છે. પરંતુ જ્યારે તમારા બાપે વફાએત કરી ત્યારે તમો મદીનામાં હતા. આનું કેમ? જવાબમાં તેમણે કહ્યું, "ઇમામ હુસેન અ૦ ને ઇમામ જૈનુલાબદીને, કયાં ગુસલ કફન કર્યું હતું?" જયારે તેઓછે પુછવામાં આવે છે કે, મહેદીને ઓલાદ નથી, તો તેને ગુસલ-કફન કોણ કરશે? તો જણાવે છે કે, ઇમામ હુસેન અ૦ અવતાર લઇને દુનિયામાં પાછા આવશે, ઉપરાંત જણાવે છે કે, તે શહીદ છે, માટે તેને ગુસલ-કફનની જરૂરત નથી. ગી. ગૈન અને આલીમો અગડમ બગડમ કરી આડી અવળી વાતો લખ્યે જાય છે. પરંતુ અક્કલમંદ માણસો તો જરૂર વિચાર કરશે કે, આ બધું ફાંફાં મારવા સિવાય બીજું કંઇ નથી.

હશશામ બીન ઇબ્રાહીમે કહ્યું, કે "અલી રઝા કરતાં મારી કનીઝ સારો ઇલ્મ જાણે છે." પાનું ૩૩૮.

ખરેખર તેઓમાં જ્ઞાન તો કંઈ નહતું. પરંતુ દુનિયામાંના બાહોશ માણસો જેવી સમજ શક્તિ અથવા લાયકાત પણ તેઓમાં નહતી. ઉપરાંત તેઓને કોઈપણ વ્યક્તિ ઈમામ તરીકે માનતી નહતી.

અસનાઅશરીઓ વાતો કરે છે કે તેઓને તો ભુત, વર્તમાન અને ભવિષ્ય, એ ત્રણે કાળની ખબર પડતી હતી. પરંતુ આ વાત સાફ જુઠી છે, તેઓની કિતાબોથી પણ આ વાત સાબિત થતી નથી. જો એમ હોત તો તેમનું મરણજ કેવી રીતે થતે? મામુન રશીદ અને તેઓનો ઈમામ અલી રઝા ભેગા બેસી અંગુર ખાતા હતા. તેમાં એક અંગુર ઝેરવાળું અને બીજું નિશાની કરેલું ઝેર વગરનું હતું. મામુન રશીદ ઝેર વગરનું અંગુર ખાતો હતો, જ્યારે અલી રઝા ઝેરવાળું ખાતા હતા. અને એને લઈનેજ એમનું મરણ નીપજ્યું હતું. જો તેમને ત્રણે કાળની ખબર હતી, તો તેઓ એટલું પણ ન સમજતે કે હું અંગુરદ્વારા ઝેર ખાવું છું? જો તેમને માનનાર કદાચ એમ કહે છે કે એ તો જાણતા હતા. પરંતુ જાણી જોઈને ખાધા હતા તો આ જગ્યાએ પયગમ્બરે ખુદાની હદીશ શરીફ ( મસારે કુલ અનવાર ભાગ ૧ લો હદીશ નં. ૫૧ ) માં ફરમાવે છે કે, "જે કોઈ જાણી જોઈ પોતાનું મોત કરશે. તે દોઝકમાં પાછો જીવતો થઈ વારે ઘડીયે મરશે." તે તથા કુરાન શરી-

ફની આયતોને શું ભુલી ગયા હુતા ? તેઓ તો એમ જણાવતા હુતા, કે મામુન રશીદને મેં એટલા માટે અમીરૂલ મોઅ-મનીન કરી માન્યા કે જો હું એમ ન કરતે તો મારી જાન જોખમમાં હુતી.

મી. ગૈન ! તમારી આગળ હુવે બે સવાલ રજુ થાય છે. એક તો એ કે તમારા માની લીધેલા અલી મુર્તુઝાને ગેબનું ઇલ્મ ન હતું. બીજું એ કે જો તેમને ગેબનું ઈલ્મ હતું. તો પછી પએગમ્બરે ખુદાની હદીશ શરીફનો ઇન્કારનો ગુન્હો તેમને લાગુ પડે છે. આપ આ બંન્નેમાંથી જે પસંદ કરો તે તમોને બોલતાં બંધ કરવાને પુરતું છે.

ઈમામનાં સગાં વહાલાં જો બેદીન હોય, તો તે ઇમામ યા નબીને તેજ-દીન ઉપર સમજવા. આ બાબતોનો રદ લખ્યા પછીજ હાઉ બીબીવાળા કેશમાં હાથ નાંખજો અથવા તો નામદાર આગાખાનને અસનાઅશરી સમજજો. તમો જુઠી રીતે હુમલો કર્યા સિવાય બીજું કંઈ પણ કરતા નથી. પરંતુ તે હુમલાઓનાં જવાબ મારે તમારી કિતાબોનાં આધારેજ આપવાનાં છે. જો તમારામાં ઇન્સાનિયત હોય અને જો તમો ઈન્સાફને થોડા અંશે પણ પસંદ કરતા હો, તો આવો બકવાશ હુવે પછી કોઈપણ દિવસ કરશો નહિં. વહાલા દોસ્ત મી૦ ગૈન ! જો તમારામાં હિમત હોય તો મેદાનમાં આવી વાદવિવાદ કેમ કરતા નથી ? કિતાબોમાં

જુઠી બાબતો લખી મારવી, તેમાં શું ઇન્સાનપણું છે ? તમો નામદાર આગાખાનનાં સગાં વહાલાં અસનાઅશરી હોવાને લીધે તેમને પણ અસનાઅશરી સમજવા કોશિષ કરો છો. પરંતુ તમારા પગ નીચે તો જોતા નથી ? અલી મુસે રઝાનાં ભાઇઓ તેમની સામે થઈ ગયા. તો તેને લીધે શું તમો તેમને પણ બારઝી સમજશો ? જરા તોબાહ કરો તોબાહ !

# પ્રકરણ ૮ મુ

## " ઇમામ અલા જીકરીયા અ૦ ઉપરના આક્ષેપોનો સચ્ચોટ રદીયો. "

## " અસ્નાઅશરીઓ શરિયતનાં પાબંદ નથી, તેની સાબિતિઓ. "

આ પ્રકરણ ફક્ત એટલાજ માટે જુદું લખવાની જરૂર પડી છે, કે મી. ગૈન, અમારા મોલા જનાબ ઇમામ અલા ઝીકરીયા અ૦ ઉપર જુઠી તોહમત મુકે છે કે, " તેણે શરીયતનો તોક તમારી ગરદનમાંથી કાઢી નાંખ્યો" આ વાતને વારે ઘડીયે હડકાયા કુતરાની માફક ભસ ભસ કરી પોતાનાં પાપી પુસ્તકમાં લખ્યે ગયા છે. પરંતુ વાંચક વર્ગ તો આ અગાઉ તેમનાં ધર્મની ખુબિઓ વાંચી ગયા છે. અને તેઓ એટલું તો જરૂર સમજ્યા હશે, કે સરાએ

મોહુમ્મદીને મટાવનાર કોણ છે? હવે પછીનાં પ્રકરણોમાં તેઓના મહેદી જે શરીયત લાવવાનાં છે, તેની બીનાં આવશે, એટલે આપ તેનો તોલ સારી રીતે કરી શકશો. મી. ગૈનને એ સાબિત કરવાનું હતું, કે ચાલુ જમાનામાં શરીયતથી વિરૂધ્ધ કોણ વર્તન કરી રહ્યું છે, પરંતુ તેમ ન કરતાં ફક્ત એમજ લખી માર્યું કે, તમારા ઈમામે તમારા ઉપરથી શરીયત કાઢી નાંખી છે, આ શું અક્કલમંદપણું કહેવાય?

શીઆ ઇમામી ઇસ્માઇલીઓએ કયું કામ શરીયતથી વિરૂધ્ધ કર્યું છે? તે તમો બનાવી શકો તેમ છો? શું તેઓ કબ્રોનાં પુજારી છે? શું તેઓએ એકાદ ઈમામવાડો બનાવી તેમાં તાઝીયાહ, દુલદુલ, ઘોડા, પંજા, અને સહાઓને પોતાનાં માબુદ સમજી તેમાં પુરી રાખ્યા છે? શું તેઓ કોઇ ઇસ્લામીઓ ઉપર તબર્રા અને લાઅનતો કરી લાનતનાં અધિકારી થયા છે? શું તેઓ મુતા જેવી નીચ હરામકારીને હલાલ સમજે છે? શું તમો કોઇપણ ઇસ્માઇલી ઇમામનો એવો કોલ બતાવી શકશો? કે જેમાં તેમણે ફરમાવ્યું હોય કેઃ—

(૧) ઓરતની યોની ઉપર બોસા દેવા હલાલ છે, (આ કામ કુતરાઓ સિવાય બીજા કોનું હોઇ શકે?)

(૨) ઓરતની યોનિમાં આંગળીઓ કરવી જાએજ છે.

(૩) ઓરતની સાથે સંસારિક કામ કરતી વખતે બિસ્મીલ્લાહ કરીને શરૂ કરવું. જો તેમ ન કરવામાં આવે તો તેની સાથે શેતાન પણ કામ કરે છે, ( આ મસલાથી બીન અનુભવી કેટલા એક અસ્નાઅશરી શેતાની બચ્ચા તમારામાં પેદા થયા હશે વારૂ .

(૪) ઓરતની પીઠ તરફથી સંસારીક કામ કરવું વાજીબ છે.

ભલા, આપ બતાવી શકો તેમ છો, કે આવી હેવાની સિફતો તમારામાં છે કે અમારામાં ? આવી સર્વ સિફતો જે તદન શરીયત વિરૂધ્ધ છે, તે તમારામાં હોવા છતાં તમે કયા મોઢે કહેવા નીકળ્યા છો કે, તમારા ઈમામે તમારા ઉપરથી શરીયતનો ભાર ઓછો કરી નાંખ્યો છે ? જે ભાઈઓને અસ્નાઅશરી શરીયતનાં નમુના વાંચવા હોય, તેમણે નીચે લખેલી કિતાબો વાંચવાની જરૂર તસ્દી લેવી.

(૧) કિતાબ તકમુલત તંબીયુલ હાયરીન ( ઉર્દુ ) (૨) તંબીયુલ હાયરીન, (૩) શીયા ધર્મના ભેદ ભરમ, (૪) જામે અબ્બાસી. (૫) 'સત્ય' નામની બુક જેનાં કર્તા મી. ચમન ખુદ અસનાઅશરી છે. (૬) આદાબેમુજામેઅત લેખક મી. હાજીનાજી, [૭] શહાદતનો સીધો અર્થ, લેખક મી. ચમન (૮) તોહફતુલઅવામ (ઉર્દુ).

મી. ગૈન ! ઈસ્માઈલીયો તો હમેશાં શરીયતના પાબંધ રહી, આગળ વધવાની કોશિશ કરે છે. તેઓ શરીયતની સાથે એ પણ જરૂરી સમજે છે, કે તરીકત, હકીકતમાં આગળ વધી, મારફતે ઇલાહીને પ્રાપ્ત કરવું. પરંતુ ફકત નકામા મસલાઓમાં ઉમર બરબાદ કરવી તે કંઈ ઈસ્માઇલીઓનું કામ નથી. તે તો તમનેજ સોંપવામાં આવ્યું છે, ભાઇ ગૈન ! તમારી શરીયતની પાબંધીની શી શી વાતો કરૂં ? પવન નીકળી જવાથી અલ્લાહની ઇબાદત બાતલ થઈ જાય, એવી તમારી માફક અમારી માન્યતા નથી. વળી મી. ચમનનાં કહેવા પ્રમાણે તમારા નર્ક કુંડ ( હોજ ) માં વઝુ કરવાથીજ નમાઝ થાય, એવી નકામી વાતો ઉપર અમારૂં ઈમાન નથી, આથી વધુ ખુલાસો તો કેટલાક બહાર પાડું. ? ! સમજુને ઈશારો કાફી નથી ?

અલહમ્દો લિલ્લાહ અમો ઈસ્માઇલીઓ હલાલ ને હલાલ, અને હરામ ને હરામજ સમજીએ છીએ. પરાઈ ઓરતોને પોતાની મા બેન સમજી નિકાહ સિવાય મુતા કરી તેઓ સાથે સંસારીક કામ કરવું તે જહન્નમીનું કામ સમજીએ છીએ. મૈયતને દફન કરવું. જનાજાની નમાઝ પડવી અને જ્યારત કરવી લાજમી સમજીએ છીએ. કોઇની નિંદા યા ગીબત કરવી, તે દોઝખીયોનું કામ સમજીએ છીએ, વળી પેગમ્બરે ખુદા સ૦ મે ઈશાઅતનું જે કામ

ઇસ્લામીઓ ઉપર ફરજયાત કર્યું છે, તે કામ પ્રથમથીજ ઇસ્માઈલીઓએ કર્યું. છે, કરતા રહ્યા છે, અને કરતા રહેશેજ. હજારો લાખો ગેર ઇસ્લામીઓને મુસલમાન બનાવી કલમે તૈયબા પડાવી પવિત્ર કર્યા છે, અલબત, એટલું તો અમો જરૂર કબુલ કરીશું કે અમો તમારી કમીની ચાલચલગતોને નથી માનતા. બલ્કે તે તમારા રિવાજોને જહન્નમી રિવાજો સમજીએ છીએ. તમોને અમો મુસલમાન નથી સમજતા. તમો ઇસ્લામીઓમાં મતભેદ પડાવનાર શેતાન માફક છો, એમ સમજીએ છીએ.

મી. ગેન! આ તમારી શરીયત કે શેતાનિયત? પરાઇ રકમ હજમ કરી જ્યારત કરવી, એ કયા કુરાનનું, કઈ હદીશનું, અને કયા ઇમામનું ફરમાન છે? તમોએ તમારા એનાલનામામાં શું લખી માર્યું છે? તે કંઈ ધ્યાનમાં છે? તમોએ કિતાબ ૧૬ મી હીસ્સો ૧ લો પાનું ૨૬ મામાં સવાલના ૧૬ મા જવાબમાં લખ્યું છે કે, જો મુસલમાનનું કરજ હોય તો તે અદા કર્યા પછી મિજલસ, જ્યારત, નેકીનાં કામો અને કબ્રોની જ્યારત કરવી, પણ જો કાફરનું કરજ હોય તો તે બાકી રહેવા દેવું. અને મજકુર કામો પ્રથમ કરવા. આનો અર્થ શો! મી. ગેન! જો દુનયાના માણસો તમારી આવી કિતાબોથી વાકેફગાર હોય, તો તમારી સાથે લેવડદેવડ પણ કરવી બંધ કરે, એ જાણો

છો ? તમારી આવી માન્યતાથી તમો કઈ નેકી કમાવા માગો છો ? તે સમજવું અશક્ય છે.

શરીયતની અંદર જે જુઠા વ્હેમો ઘુસી ગયા હતા, તેનાંથી અમોને અમારા ઈમામ અલા ઝીકરીયા સલામે સ્વતંત્ર કર્યા, અને અમોને હિદાયત કરી કે, તમો ખુદાની ઈબાદત ચોકખા દિલથી કરો. હુરો ગીલમાંનની મોહબત ખાતર ઇબાદત કરવી, એ વિષય વાંચ્છનાં ધરાવનારાઓનું કર્તવ્ય છે. દોઝખનાં ડરથી ઇબાદત કરવી, તે ગુલામોનો રસ્તો છે. પરંતુ અલ્લાહના સાચા બંદાઓ તો એક અલ્લાહુપાકને ઈબાદત કરવા લાયક સમજી તેના દિદાર મેળવવા માટેજ ઇબાદત ગુજારે છે. આવી પવિત્ર ઈબાદત અમોને અમારા ઇમામ બતાવે તેથી તમારા જેવા મુર્ખ અને અજ્ઞાની લોકો એવો અનુમાન કરી બેસે, કે તમારા ગળામાંથી શરીયતનો તોક કાઢી નાંખ્યો. તે ઉપર કયો સમજુ વર્ગ ભરોસો કરશે ? અમારા ઈમામો તો પવિત્ર ફરમાન પેગમ્બરે ખુદાનાં હુકમ મુજબજ કરે છે. અને આની દલીલ માટે તમારીજ કિતાબ વાંચોને ! ! ! અને પછીજ વિચાર કરી લેજો ! કે અમારા ઇમામનું ફરમાન પેગમ્બરે ખુદાનાં ફરમાન મુજબ છે કે નહિં ? અને જો તમોને જણાય કે તે મુજબ નથી, તો બેલાશક તમો ભસ્યા કરજો અને જો તેઓ બંને હજરતનાં ફરમાનો મળતા હોય તો

પછી તમો તમારી જહાલીયત ઉપર માથું કુટી રોયા કરજો. આ સિવાય તમારાથી બીજું શું થઇ શકે તેમ છે?

રાહે નજાત કિ. ૨૦ મી, અંક ૧૧ મો, પાનું ૨૮૬ માં જુદી જુદી હદીશો પઇકી હદીશ નં. ૧૬૧૮ મીનો તરજુમો લખ્યો છે કે, "હજરત રસુલે ખુદા સ૦ મે ફરમાવ્યું કે ઇબાદત કરનારા ત્રણ પ્રકારનાં છે. પહેલાં લાલચથી ઈબાદત કરે છે, અને એ ઇબાદત લાલચુઓની છે. તેઓ આખરતની બિહિશ્તની લાલચનાં સબબથી ઇબાદત કરે છે. બીજા ખુદાનાં અઝાબનાં ખૌફથી ઇબાદત કરે છે. અને તેઓનો હાલ ગુલામનાં જેવો છે. કે જેઓ શેઠની બીકથી કામ કરે છે. ત્રીજા ખુદાની મોહબ્બતનાં સબબથી ઇબાદત કરે છે. અને એ ઇબાદત બુઝુર્ગોની છે. અને એજ લોકો કયામતનાં દહાડે નિર્ભય થનારા છે."

મી. જૈન! રાહેનજાત ઉપર કોઈ દિવસ નજર નાંખી છે? જો નાંખી હોય તો અમારા ઇમામ અલા ઝીકરીયા અ૦ નાં ફરમાનને શરીયત વિરૂધ્ધ કેવી રીતે જણાવી શકો? ખુદ પેગમ્બરે ખુદા સ૦ ફરમાવે છે કે, બેહિસ્ત અને હુરોની લાલચથી ઈબાદત કરનાર હવશી છે. હવશી ઇન્સાનની ઈબાદત ધિક્કારને પાત્ર છે. આ હદીસ પોતાની કિતાબમાં લખનાર તમારા પુરાના હાજીનાજી રાત દિવસ એવી એવી વાતો લખ્યા કરે છે કે, જેથી તેનું તથા તેનાં

ચેલાઓનું મોઢું પાણી પાણી થઈ જાય. તેઓ તો રાત્રિ દિવસ હવશી વાતોમાંજ મશગુલ રહ્યા કરે છે. કે હુરો હજારો ફુલ પહેરશે, તો પણ તેનું અંગ દેખાશે. યા ખુદા! તું મને તે જગ્યાએ દુનિયામાંનીજ ચાર ઓરતો આપજે. અને બાકીની ત્યાંની આપજે. આવી ઈબાદતને રસ્તે ચડાવનારને તમે કયા વિશેષણથી સંબોધશો? શું તે જગ્યાએ ખુદા કોઇની ઓરતો કોઇને આપી દેતો હશે? શું ઇમામ હુસેન અ૦ ના ગમમાં એક આંસૂ પાડનાર હવશીઓને માટે ખુદાવંદ તાલ્લાએ રાંડોનાં તબેલા ભરી રાખ્યા હશે?

પેગમ્બરે ખુદાની આ હદીસ શરીફ તરફ જરા ધ્યાન આપો. તેઓ સાહેબ ફરમાવે છે કે, "દુનિયાની તલબ રાખનાર હીજડા છે, જન્નતની તલબ રાખનાર સ્ત્રી જેવા છે. અને ખુદા પાકની તલબ રાખનાર ખરો મર્દ છે." પરંતુ તમારા જેવા બુતપરસ્ત હવશનાં હિર્સમાં ફસેલાઓને આવી ફિલોસોફી ભરેલી વાતો કેમ પસંદ આવે? કદાચ મારફતે ઇલાહીને પ્રાપ્ત કરનારાઓની વાતો લગીરા તો તો તે તમોને હજમજ નહિં થાય. કારણ કે એ તો પેલી કહેવતવાળું થઇ જાય કે, "હીરાની પરિક્ષા...........
.......આગળ કેવી?"

"માંદાને મિસ્ટાન ન જીરવે, અને વિમન કરે તે નર શોહી."
એવી હાલત થઇ જાય. સુન્નત જમાયતનાં એક આલિમ

અને ઓલિયામાં ગણાએલા એક કામિલની બેત તરફ નઝર કરો.

"નમાઝ પડન તે કમ ઝનાનાં, રોઝા રખણા તે સીફાં ગરધી રોટી;
હાજી હજ ઉવે જાવન જે કાએર ગરધા રોટી.
વલવલ કલમા ઉવે પડન, નિયત જીનાંધી ખોટી;
આંખે બાઉ સુલતાન પકડો ઉસ, ઇશ્કનું જીને પકડી
ઇશ્કધી ચોટી."

પણ આવી વાતો તમારા માટે ક્યાંથી હોય? ન તો તમો રમઝે ઇલ્લાહીને સમજી શકો છો. તમારા જેવા શેહવત પરસ્તો માટે તો મી. ચમને 'સત્ય' માં જે શએર લખ્યો છે, તે બરાબરજ છે.

"કબ હક પરસ્ત હુય, જાહેદ સુસ્ત પરસ્ત હુય;
હુરાંપે મર રહેં હુંય, શે'વત પરસ્ત હુંય."

આ શું તમોને બંધ બેસ્તી વાત નથી કે? તમો તો ઘણાં ઇન્કાર કરો, પરંતુ તમારી કિતાબોજ તમોને ઇન્કાર કરવાથી રોકી શકે તેમ છે.

અમારા મુરશીદ પીર સદરૂદીન સાહેબ પોતાના પવિત્ર કલામમાં ફરમાવે છે કે:—

" શરીયત હક કરી જાણીએ, તો તુરત તરીકત પાયે
હકીકત દીલમાંહે નકશીએ, તો મારેફત મીલી જાયે."

આનો અર્થ તમો શું કરી શકો ? તમો આને આધારે એમ કહી શકો તેમ છો, ખરા કે ? અમો શરીયતનાં પાબંધ નથી ? પરંતુ ખરી વાત તો એજ છે કે, તમો બુત પરસ્તોજ શરાએ મોહમદીનાં દુશ્મન છો. તમારી આંખોમાં કમળાનું દરદ થએલું છે. અને તેને લઈને તમો જગતને પીળું પીળું ભાળો છો. તમારા રાહેનજાત કિતાબ ૨૦ મી, હીં૦ ૧૨ મો પાનું ૩૩૧ માં એવું જણાય છે કે, તમારો ગુપ્ત ઇમામ મહેદી નવી શરીયત, નવા સાચ્ચ કુરઆન અને મુસહફે અલી બહાર લાવશે. પરંતુ એ તો એ ગિનાને અનુસરતુંજ છે કે " વોહ દીન કહાં કે મીયાં કે પાંઉમે..........?

## પ્રકરણ ૯ મું.

### "શૈતાની હુમલાને સજ્જડ ફટકો."

### અશઆર.

તુમારે ઝુલ્મ કરનેપે વફાએ હમને કી બરસોં;
હમારે સબ્ર કરનેપે ઝફાએં તુમને કી બરસોં;
અરે એ ગૈન ગુમરાહ બંધ કર તેરી ઝબાંકો અબ,
ન બન ફીરઓન ખુદાસે ડર, ખતાએં તુમને કી બરસોં.
ન બન દુશ્મન ખુદા કે નુર વ આલે પયગંબર કા,
સિલા ઈસ્કા જહન્નમ હૈ, ઝફાએ તુમને કી બરસોં.

તમારી જુલ્મી કલમ ઉપર ઇસ્માઈલીઓએ અત્યાર સુધા જેવી સબુરી કરી છે, તેવી બીજો કોઈ પણ ફીરકો કરી શકે નહિં. તમે લોકોએ ઇસ્માઈલી ઈમામોની, ઈસ્માઈલી ધર્મનાં સિધ્ધાંતોની ઇસ્માઈલી જમાયતની, ઈસ્માઈલી

કાયદાઓની અને ઇસ્માઇલી રહેણી કરણીની નિંદા કરવામાં કંઈપણ પાછી પાની કરી નથી, એટલુંજ નહિં, પણ તમો એ તમારા પાપી પુસ્તકનાં પ્રકરણ સાતમા–આઠમામાં અમારા ઈમામ ઈત્યાદી માટે જે અણઘટતા શબ્દો લખ્યા છે, તેના બદલામાં જો હું હજારો ગાળો આપું, તો પણ બસ થશે નહિં. પરંતુ અમારાં પેટ તમારા જેવાં હલકટ નથી, અને ગાળોનો જવાબ અદબથી આપતાં તટસ્થ વ્યક્તિઓ આપણી પરિક્ષા કરી શકશે.

મીઃ ગૈન ! તમો અને તમારા ફીરકાવાળા જ્યારે બીજા મઝહબવાળાની સ્હામે અખાડામાં આવો છો, ત્યારે ઝબાંન દરાઝી કરી મારા મારી પેદા કરાવો છો. પાછું પીઠ બતાવી ભાગવામાં પણ પહેલો નંબર ધરાવો છો. તમો ઈમાનદારીથી જવાબ આપજો, શું તમારા ધર્મમાં બહાદુરી કરી સામનો કરવાનો હુકમ છે ?

જો હોય તો કોઈ દીવસ તમોએ બહાદુરી કરી બતાવી છે ? અને તેને માટેની કોઈ તવારીખ બતાવી શકો તેમ છો ? તમો પ્રથમથીજ સુન્નીભાઇઓ તેમજ બીજા ફીરકાવાળાનાં હાથથી ખાસડાનો માર ખાતાજ આવ્યા છો. તેનું કારણ તપાસવા જતાં ફક્ત એજ જણાઇ આવે છે કે, તે તમારી અયોગ્ય અને નાલાએક ઝબાનનું પરિણામ છે. બીજા ધર્મનાં પેશવાઓ ઉપર તબર્રા કરનારને આ સિવાય બીજો કયો બદલો મળી શકે ?

તમારો ધર્મ તો સાફ જણાવે છે કે, "તકીયો કરો, જુઠું બોલી હયાતીનાં દીવસો પુરા કરો, રૂવો, પીટો, માથું કુટો, અને બેશરમાઇ તથા બે હયાઇની સાથે જીંદગી પસાર કરો અને એજ આશામાં રહ્યા કરો કે, જ્યારે મહેદી આવશે, ત્યારે પાછા તમોને જીવતા કરશે. બધા ઈમામો અવતાર લેશે, ખુબ એશ આરામ કરાવશે, અને જે તમારા વિરૂધ્ધ હશે, તેઓને ફાંસીએ ચડાવશે." અફસોસ છે. તમારી ઈસ્લામ વિરૂધ્ધની વાતો ઉપર, જ્યારે જમાનો આવે, ત્યારે ગમે તે કરી લેજો. હમણાં તો ધર્મની પાબંદી તો રાખો. અને તમારી નાપાક જબાનને કબજામા રાખો. જો તેમ નહિં થાય તો કદાચ આવતી કાલનો દુકાળ આજે પડી જશે. વિશેષ અજબ તો એ થાય છે કે, તમો બુત પરસ્તોનાં આગેવાનો મુલ્લાં મુજતેહદોને કોઈ જરા કંઈ બોલે, તો તમો બુમાબુમ કરી માથું ખાઈ જાઓ છો. પરંતુ તમો પોતે તો ગમે તેને ગાળો આપવાનો પરવાનો લખાવી આવ્યા છો. મી. ગેન! જ્યારે તમારા મોટા મોટા મુજતેહદો અને તમારી હદીસોનાં ભરોસા પાત્ર મોહદ્દીસો ઉપર ખુદ ઈમામ જાફર સાદક અ૦ મે લાનતો કરી છે. તો પછી તમો અમારા ઉપર શા માટે નારાજ થાઓછો ? જરા નારએ અસદુલ્લાહ ઉલ ગાલબતો વાંચો, તેમાં પાને ૨૯ થી પાનું ૩૪ સુધી તમારી ચારે હદીશોની કિતાબો જેવી કે, (૧) કાફી, (૨) તેહઝીબ

(૩) મનલા યહુદોર, (૪) ઈસ તબસાર જેને સૈયદ દીદાર અલી કિતાબ અસાસુલ ઉસુલમાં સાચી અને મોતબર જણાવે છે. પરંતુ તે ચારે કિતાબોમાં સેંકડો હદીસો એવા માણસોની બયાન થયેલી છે કે, જેઓ ઉપર ઈમામોએ લાનત કરેલી છે. રીઝાલકશીમાં ઝોરારા બીન અયુન ઉપર ઈમામ જાફરે સાદીક અ૦ મે લાઅનત કરી છે. મજકુર કિતાબમાં છે કે, "અબુ અબ્દુલ્લાહ [ઈમામ જાફરે સાદીક અ૦] અ૦ મે ફરમાવ્યું કે કસીરૂન નવા સાલીમ બીન અબી હફસા અને અબુલ જારૂદ નામનાં હદીસોનાં રાવીઓ જુઠા, કાફીરો છે. તેઓ ઉપર અલ્લાહની લઆનત થજો. તેઓ અમારી પાસે આવે છે. પણ અમારા ઉપર તેઓનું ઈમાન નથી. તેઓ અમારી પાસેથી હદીસો સાંભળી પછીથી તેમાં મનઘડીત સુધારા વધારા કરે છે. ભાઈ ગૈન! જ્યારે અલ્લાહનાં સાચા ઈમામ જાફરે સાદીક અ૦ તમારા ધર્મનાં પેશવાઓ કે જેઓ તમારા ધર્મનો પાયો નાંખનાર હતા, તેઓ ઉપર ખુલ્લી લઆનત કરે છે. તમારા મજકુર પેશવાઓએ મુનાફિકપણું કરી બાર ઈમામો થશે એવું અડાવી માર્યું. કદાચ તેઓએ આ બકુાને દિવાલ ઉભી કરી હોય તો શી ખબર? આથી પણ જો તમારે વધારે ખુલાસો જોઈતો હોય તો મજકુર નારએ અસદુલ્લાહ ઉલ ગાલબ પુરેપુરી શાન્તી સાથે વાંચી લેજો.

તમારા ચાલુ મુજતેહદો ઉપર લખનોના પ્લેટ ફોર્મ ઉપર ત્યાંની પ્રજાએ હમણાંજ નફરતનો ઠરાવ પાસ કર્યો છે. વાંચો મોહીબે દોજહાન પુસ્તક ૫ અંક ૭ મો:—

"રખડતા સૈયદોને વગર તપાસે પૈસા ન દેવા, કારણ તેઓ ખોજા અસનાઅશરીઓને લુટી જાય છે. આવો ફતવો નાસર હુસેન સાહેબે આપ્યો છે." વાંચો રાહેનજાત તથા મોહીબ.

તમારા ઝાકરો [ રિવાયતો વાંચનાર ] હજારો રૂપિયા લઈ તમોને મિજલસમાં વાંચી સંભળાવે, આને માટેનું ઉદાહરણ એક ગાનારી વેશ્યા જેમ રાતનાં જલસાની અમુક રકમ લે, તે પુરતુંજ છે. રાહેનજાત કિ. ૧૬ મી હીસ્સો ૪ થો વધારાનું પાનું ૪૩ માં લખ્યું છે કે, "પડનાર સોજખાન, નવાખાન, તેહતુલ લબ્ઝખાન, હદીશખાન વિગેરે વિગેરે કેટલાક સાહેબો હતા. લખનોવાળા પહેલા નંબરનાં ઝાકર પણ આવી ચડયા હતા. બે દિવસ રહ્યા હતા. એક વખત પડયા, પણ તેઓની ફી રૂપિયા ૩૦૦ થી ૪૦૦ આપનાર કોઈ નહિં. તેથી રવાના થઈ ગયા." સુબ્હાન અલ્લાહ! શું હજરત ઈમામ હુસેન અ૦ નાં ઝાકરોનો આવો હાલ!!! આનાથી બીજું સરમાવા જેવું વિશેષ શું છે? મિજલસોની અંદર હજુ વાંચવું તો શરૂ થતું નથી, કે કેટલાક બાડુતી માણસો જુઠી રીતે શડો પાડવા લાગી

જાય છે. અને તેથી કરી એ બદમાશ વાંચનારની વાહવાહ થઇ જાય છે. વાંચો મોહીએ દોજહાન પાનું ૧૫૧. આ સિવાય તમારા બીજા મુલ્લાં મોલવીઓ કેટલીક રાંડો રાખી મુતા જેવી હરામકારી કરાવી, તમારી પાસેથી રકમો લઇ ખુદ જન્નતી (?) બને છે. અને તમોને પણ તે જન્નતની [?] નઝદીક લઇ જઇ રહ્યા છે. આ કંઈ એક ગામડા કે શહેરમાં નહિં, પરંતુ જે શહેરમાં ઈમામ અ૦ ત્રણ દિવસનાં ભુખ્યા પ્યાસા તકલીફો સાથે શહીદ થયા, તેજ શહેરમાં. મી. ગૈન! આવા મુલ્લાં મોલવીઓ તમોને મુબારક આવા અધોગતિનાં કામકરનાર અને કરાવનારાઓ ઉપર એકવાર નહિં. પણ હજારો લાખો વખત ફિટકાર હોજો. તમોએ પોતાનાં પગ તળેનો રેલો જોયા વિના અમારા પવિત્ર ઇમામ ઉપર જે ન છાજતા શબ્દો વાપર્યા છે, તેનો બદલો તો તમોને હાકમે હકીકી, આલમીન આપશે. તમોએ જે વજુદ વગરનાં જુઠા એતેરાઝો કર્યા છે, તેનાં જવાબો જરા આપું તો તે કંઈ અસ્થાને ન ગણાય. તમો તમારા મગજનું સમતોલપણું સાચવી તેનું મનન કરજો.

**સવાલ**:—પાનું ૫૬.

"તમારા ઇમામે ફરમાવ્યું કે કુરઆન અરબી ઝબાંનમાં છે જે અરબો માટે હતું. તમો અરબી નથી જાણતા માટે તમો જ્ઞાન (ગીનાન) પ્રમાણે ચાલજો." [ આ ફરમાન લખ્યા પછી થોડીક અયોગ્ય ટીકા લખી છે. ]

જવાબ:—

અમારા ઈમામનું ફરમાન સાચુંજ છે, ખુદ અલ્લાહ તઆલા ફરમાવે છે કે, મેં અરબ્બી બોલીમાં કુરઆન એટલા માટે ઉતાર્યું. કે તમો તેને સમજો. તમો એટલું પણ કબુલ કરશોજ કે, હિન્દુસ્તાનની અંદર સેંકડે એક માણુસ પણ ખરેખરી રીતે અરબ્બી જાણુનાર નહિં હશે, સુન્નીભાઇઓ અલહમ્દની સુરામાં દુવાલ્લીન કહે છે, તેથી તમો તેઓની નમાઝ બાતિલ સમજો છો, જ્યારે સુન્ની ભાઇઓ તમારી નમાઝને બાતિલ સમજે છે. તમારી અઝાન જુદી રીતે, તો સુન્ની ભાઈઓની અઝાન પણ જુદી રીતે, હમણાં જ્યાં ઈસ્લામ છે. અને જ્યાં ઈસ્લામની ઈજ્જત, હુરમત અને હકુમત છે. તે લોકો પણ નમાઝમાં સુધારો કરી તુર્કી ઝબાનમાં પડવા લાગ્યા છે, ખુતબો પણ તુર્કીમાં પડે છે. આ ઉપરથી તમારે પીર સદરદીન સાહેબે છસોહ વર્ષ અગાઉ જે સુધારો કર્યો હતો, તે કર્યા સિવાય છુટકો નથી. શું ખુદા તઆલા અરબ્બીમાં થતી ઈબાદતજ કબુલ કરે? જો ખુદા કોઈ બોલી ન સમજતો હોય તો તે ખુદાજ શા કામનો? જો તે ખાલીકે અકબર છે, તો પછી ગમે તે ઝબાનમાં થતી ઈબાદત સંપુર્ણ રીતે સમજી શકે છે. બચ્ચાંઓ નાની ઉમરમાં પાણીને મુ કરીને માંગે છે. અને તેનાં માવિત્રો તે સામજી જઇ તરત પાણી આપે છે. તેવીજ રીતે નમાઝનું મુળ નિયત છે.

નિયત બાંધતી વખતે ઇરાની લોકો ફારસીમાં, પંજાબીઓ પંજાબીમાં, ગુજરાતી અને કાઠિઆવાડી ગુજરાતીમાં નિયત બાંધી શકે છે. આ મુજબ દરેક મુસલમાન પોતપોતાની માદરી [પ્રાંતિક] ભાષામાં નિયત બાંધી શકે છે. જો તમારા જેવા મુર્ખ માણુસો એમ સમજી બેસે કે આ નમાઝ બાતિલ છે, તો પછી આપ બતાવી શકશો ? કઇ ભાષાથી નમાઝ બાતિલ ન થાય ? ખરેખર તમારા જેવા સમજુ માણુસો પણ પુછડું પકડી જીદ કર્યા કરે, તેને માટે દિલગીરીજ થાય. મજકુર દાખલા દલીલો ઉપરથી ચોકખે ચોકખું પુરવાર થાય છે કે, ગમે તે ભાષામાં ઇબાદત કરો, ખુદા મંજુર કરે છે. કબુલ રાખે છે. અને તે આધારે અમારા ઇમામનું ફરમાન અમારા માટે સંપુર્ણ વ્યાજબી છે. પીર સદરૂદ્દીનનાં ગીનાનમાં અમોને ઇસ્લામનું શિક્ષણ મળ્યું, તે અમારા માટે તો અમુલ્યજ છે. તમારા રાહે નજાત કિતાબ ૨૧ મી હીસ્સો ૩ જો પાનું ૬૮ માં લખ્યું છે કે, " નમાઝ પડતાં પડતાં ખુદા તરફ ધ્યાન રાખવું. દિલ નિમાઝમાં રાખવું." પણ આની તો તમો પરવાહજ ક્યાં કરો છો ? ફક્ત મખરજની સાથે નમાઝ પડયા, એટલે જાણ્યું કે કબુલ થઈ ગઈ ! ! ! અણુસમજુપણું તે આનું નામ, ગામડાનાં રહેનારાઓ મખરજ બિલકુલ જાણુતા નથી. મુંબઈ, કચ્છ, કાઠીઆવાડ અને ગુજરાતમાં ઘણાં ભાઈઓને નમાઝ પડતા જોયા છે. અને તેમની કિરાત પણ સાંભળી છે. મોટો ભાગ

એવો છે કે, જેમને કિરાત જરા પણ આવડતી નથી. આથી તમા બુતપરસ્તોની ઈબાદત બાતિલ થાય છે. કેમ ખરૂં કે નહિં ? મી. ગેન ! જ્યાં તમારી હાલત આવી છે. તો પછી તમારૂં ભવિષ્ય શું ? તે તમારેજ સમજી લેવું. અમારા ઈમામનું ફરમાન દુરસ્ત છે. અને તે પીર સદરૂદીનનાં જ્ઞાન કે જેને અમો સમજી શકીએ છીએ. તે અમારા માટે તો અફઝલ છે. હવે તમો આનાથી કેટલોક વધારે ખુલાસો લેવા ઇચ્છો છો ?

**સવાલ પાનું ૫૬.**

"તમારા ઇમામ ફરમાવે છે કે, ખુદાએ તમોને પેદા કર્યા છે. તમો તેને સીજદા કરો. તો તેથી તેને શું ફાયદો ? તેથી તે કંઇ રાજી થતો નથી. તે તો હરેકનાં દિલમાં ભરપુર છે. માટે તમારા પોતાના દિલોને પાક કરશો, તો ખુદા રાજી થશે." ( અહિં તેણે કેટલાક અલફાઝ ફેરવીને લખ્યા છે. )

**જવાબઃ—**

તમોએ આવી પવિત્ર હિદાયત ઉપર પણ કમીની કલમ ચલાવી જુડી ટીકા કરી છે. પણ આ ફરમાન કુરઆને સામતની સાથે કુરઆને નાતક એકજ હિદાયત કરે છે, હરેક ઇસ્લામીનું માનવું છે કે, અલ્લાહ પાક કોઈની ઈબાદતનો ભૂખ્યો નથી. નાપાક દિલોથી કરેલાં સીજદાઓ શા કામના ? પણ કદાચ તમારા ખદા થતી હોય તેવા ખુદાને

સીઝદાની ભૂખ થતી હોય, તો શી ખબર? બાકીતે કરીમે કારશાજ નાપાક દિલોથી થતા સીઝદાને અંગે કદિ પણ રાજી થને નથી. અને જ્યાં સાફ દિલો હોય, ત્યાં રાજી થાય, તેમાં અતિશયોક્તિ ભરેલું પણ શું છે? આમાં તમારા મજકુર સવાલમાં કંઈ બિનાં સમજી શકાય તેવી નથી? પણ હાથે કરીને નાદાનીયત ભરી રીતે ઉલટી રીતે સમજાવવા જાઓ તે તો સાધારણ અક્કલવાળો માણસ પણ નજ કબુલ કરે. મી. ગૈન! હવે તમારી માન્યતાવાળા ઈમામનો કોલ જરા વાંચી જુઓ. રાહે નજાત કિ. ૨૦, હીસ્સો ૪ થો. પાનું ૧૦૫ માં લખ્યું છે કે, "હ૦ ઇમામે રઝા અ૦ નાં કલામ." "બહુજ નમાઝ પડવી અને બહુજ રોઝા રાખવા તે ઈબાદત નથી. પણ ઇબાદત એ છે કે ખુદાતાલાની મારફતમાં વધારે ઉંડા ઉતરે." મી. ગૈન! આ ઉપરથી તમો ઉતાવળા થઇ તમારા મજકુર ઇમામને કુફરની ફતવા ન આપી દેતા! રોઝા નમાઝ એ ઇબાદત નથી. પણ ઈબાદત એજ છે કે, જેનાંથી ખુદાને ઓળખી શકાય. પરંતુ અલ્લાહની ઓળખથીતો તમો એવી રીતે ભાગો છો કે, જેવી રીતે લા હોલ.......થી.........સેતાન ભાગે છે. હવે અત્રે એ સવાલ પેદા થાય છે કે, જો અમારાં ઈમામે દિલોને પાક રાખવા માટે હિદાયત કરી, તેમાં તમોને શરીયત વિરૂધ્ધ શું દેખાયું? એમ તો હુમણાં બતાવી ગયો તેમ અલી રઝાએ નમાઝ અને રોઝાને માટે

કહ્યું છે. તો તેણે શરીયત વિરૂધ્ધ કામ કર્યું , કહેવાયને ? જો તમારામાં ખરેખરૂં ઈમાન હોય અને જો તમો સચ્ચાઈનો દાવો કરતા હો તો તો તમારે જરૂર આ સવાલનાં ઉપર પશ્ચાતાપ કરવો ઘટે.

**સવાલ પાનું ૫૯**

"તમારા ઈમામે ફરમાવ્યું કે, ઓરત એકથી વધુ કરવી નહિ. કુરાનમાં તો ચાર ઓરતો કરવાની રજા છે. પોતે બે ઓરતો કરી છે. આગા અલ્લી શાહે પણ બે ઓરતો કરી હતી. છતાં તમોને મનાઈ કરે છે કે, એકથી વધારે ઓરત ન કરો."

**જવાબ:—**

ખરેખર અમારો ઈમામ વ્યાજબીજ ફરમાવે છે. આ જમાનામાં એકથી વધુ ઓરત કરવી, તે સારૂં નથી. છતાં અમારા ઈમામે કંઇ બિલકુલ મનાઈ કરી નથી. જો પુરતું કારણ હોય તો એકથી વધુ ઓરતો કરી શકાય છે, ઓલાદ ન થતી હોય, ઓરત બિમાર રહેતી હોય અને એવા ખાસ સંજોગો અનુસાર પ્રથમની ઓરતના ખર્ચની વ્યવસ્થા કરી બીજી ઓરત કરવાની રજા છે. પરંતુ પોતાનાં નફ્સને રાજી કરવાને ખાતર વધુ ઓરતો કરવાની ખુદા પાકે કુરઆનમાં પણ ક્યાં મના નથી કરી ? મી. ગેન ! તમો તગારી કિતાબોથી પણ અજ્ઞાન હો એમ જણાય છે. નહિતર આવા નમાલા સવાલજ કરતે નહિં. અને અમારા પવિત્ર

ઇમામ ઉપર ખોટી ટીકા કરતે નહિં. જરા તમારીજ કિતાબ રાહે નજાત હિ. ૧૭ મી. હિ. ૧ લો પાનું ૩૫ મું. તરફ નઝર તો કરો તેમાં જણાવ્યું છે કે, 'નાસ્તિકોમાંથી એકે અબુ ઝફર અહુવલથી સવાલ કર્યો કે, ખુદા એક ઠેકાણે કુરઆનમાં ફરમાવે છે કે, "વઇ ન ખિફતુમ અનલાત અદી લુફ વ્હાહદતીન.' એટલે કે તમોને ડર લાગતો હોય કે તે બીઓ વચ્ચે તમો ઇન્સાફથી વર્તી ન શકો. એકજ બી કરો. વધારે નહિં. કરો. બીજે ઠેકાણે ખુદા ફરમાવે છે કે, 'તન તસત્તઉ અન તા દીલુ બયની સા અ.' યાને બીઓની વચ્ચે ઇન્સાફથી વર્તી શકો તેવી તમોને શક્તિ નથી. માટે જો બીઓ બીઓની વચ્ચે ઇન્સાફથી વર્તવાની શક્તિ ન હોય તો વધારે બીઓ કરવાનો હુકમ શા માટે કરવામાં આવ્યો ? અબુ જઅફર તેનો જવાબ દઇ ન શકયા, એટલે લાચાર થઈને મોહલત માગી, પછી હજરતને એ સવાલ લખી મોકલ્યો. હજરતે જવાબમાં લખી જણાવ્યું કે પહેલી આયાતમાં જે ઇન્સાફ છે. તેથી ભરણ પોશણ્ કરવાની શક્તિ માટેની મતલબ છે. કે જે ઇન્સાનથી બની શકે તેમ છે. બીજી આયાતમાં ઇન્સાફ કહેલ છે, એની માણસમાં શક્તિ નથી, એટલે કે બીઓ વચ્ચે પ્યાર અને સંપ સલાહ એકજ પ્રમાણમાં રાખી શકે. અને આ કારણને લઇ ઇન્સાન ઉપર આ તકલીફ નાખવામાં આવેલી નથી."

આ માડાગાસ્કરના મેંડક ! આ કુરઆનનાં સિધ્ધાંત ઉપરથી પણ ઈમામનાં કોલ ઉપર ઈમાન લાવશો કે નહિ ? આ હુકમ અરબનાં જબરદસ્ત માણુસો માટેનો હતો, પણ હમણાંની પ્રજા ચાર તો શું પણ બે સ્ત્રીઓ રાખવાને માટે પણ સમર્થ છે ? બિલકુલ નહિં. આજના આપણા જવાનીયા એવી કંગાળ જીંદગી પસાર કરે છે કે, જેની વાત ન પુછો તેઓનાં મોં ઉપર લોહીનો છાંટો પણ દેખાતો નથી. આવી હાલતમાં જો નાદાનિયત કરી ચાર ઓરતો કરે. તો બીજે દિવસે કલમે શહાદત પડવી પડે કે બીજું કાંઇ ? ખુદા અને તેનાં રસુલનાં ફરમાનને ન સમજવાથી તમારા નાદાન આલિમોએ વગર વિચાર્યે લખી માર્યું છે કે, ચાર ઓરતો કરો. ગોલીઓ (કનીઝ) વગર નિકાએ હલાલ એ તો ઠીક, પણ મુતાઅનાં મસલા લખી હરામકારીને વધારી દીધી. કાકી અને મામી તો ઠીક, પણ ઓરમાન માતા તે પણ છોકરા માટે હલાલ. આનીજ અધોગતિને લઇને શીયા અસનાઅશરી બાદશાહો પણ ચાર ચારસોહ ઓરતો રાખી મરી ફનાહ થઈ ગયા. જરા લખનૌ વાલી નવાબ વાજીદઅલી તરફ નઝર કરો. તેમણે ચારસોહ ઓરતો રાખી કેવા કેવા તમાશા કર્યા છે ? કાશી જેવા તમારા પવિત્ર લખનૌમાં જ્યાં મુજતેહદો અને આલિમોનો મોટો રસાલો છે. ત્યાં તેઓની હિદાયતે એવી સરસ અસર કરી છે કે,

લગ્નનો જેવી હરામકારી અને લગ્નનો જેવું સૃષ્ટિ વિરૂધ્ધ વર્તન બીજે ક્યાંયે પણ થતું નથી!

અમારા ઈમામનું પવિત્ર ફરમાન કુરઆન શરીફ મુજબજ છે. એક ઓરતનાં ભરણુ પોશણની સગવડ કરી પછી જરૂર હોય તો બેશક બીજી કરી શકાય છે. પણ તે નફસને પોષવા ખતર નહિંજ. તુર્કો તો પાકા મુસલમાન છે. અને તે તો તમો કબુલ પણ કરો છોજ. તેમણે હમણાં જાહેરાત કરી છે કે, એક ઓરતથી વધારે ન કરવી તો તમો તેમને કયો ખિતાબ આપશો? ખુદા પણ ફરમાવે છે કે તમો વધારે ઓરતોમાં ઈન્સાફથી વર્તી ન શકો તો વધુ ન કરો. હવે કહો, મારા સાહેબ! એક ઓરતનાં મસલાને અમો વ્યાજબી કારણોને લઈનેજ ગ્રહણ કરીએ છીએ કે નહિં? જો આ ઉપરથી કંઈક સમજી શકો અને ખુદા તમોને કંઈક હિદાયત કરે, તો બહુ પત્નિના રિવાજથી અળગા થવા કોશિશ કરજો.

સવાલ:—

“ તમારો ઇમામ કહે છે કે તમારો દીન કોઈ કિતાબ ઉપરથી ઉત્પન્ન નથી થયો. પણ ઈશ્કથી ઉત્પન્ન થયો છે. તેનો પાયો ઇશ્ક ઉપર રચાયેલો છે. ”

જવાબ:—

મી. જૈન ! આ ઉપરથી જણાય છે કે, તમો ઇમામીયા ફીરકાના માણસ નથી. પણ કોઈ બારજી ફીરકાનાં હો તેવું દીસે છે. તમારા ધર્મવાળા જેઓ પોતાને ઇમામીયા અસનાઅશરી કહેવરાવે છે, તેઓ તો ખુશીથી કબુલ કરે છે કે, ખુદાની કિતાબ અને સુન્નતે રસુલથી ઇમામીયા ફીરકાને કંઈ ફાયદો નથી. તેમણે તો ફક્ત ઇમામના અમર પ્રમાણે ચાલવું જોઈએ. ઈમામ ઉપર ઇશ્ક રાખવો. આ બાબતનું બયાન પ્રથમ આવી ગયું છે. હ૦ અલી અ૦ મે ફરમાવ્યું કે, મ્વાવીયાએ ફરેબ કર્યો છે. હું બોલતું કુરઆન છું આ કુરાને સામત છે. માટે તરવારો ઉપાડો જેઓએ એ ફરમાન ન માન્યું. તેઓને તમો હજુ સુધી કાફર સમજો છો. અબ્દુલા અબ્બાસથી રિવાયત છે કે, સુલેમાન ગુજરી ગયા પછી ઘણાં મોટા મરતબાને પહોંચ્યો. અબ્દુલ્લાએ પુછયું, 'આ કઈ ઈબાદતનેલીધે ! ? સુલેમાને જવાબ આપ્યો:—

" રોઝેકા ન હુજકા, ન ઇબાદતકા સીલા હય,
યેહ હૈદરે સફદરકી મોહબ્બતકા સીલા હય."

ખરેખર અમારા પવિત્ર ઇમામનું ફરમાન સાચું છે. ઇમામીયા ફીરકાનો આધાર ઇશ્કે ઇલાહી અને તે અલ્લાહના

મઝહર ઇમામે ઝમાન ઉપર છે. ભાઈ ગૈન ! મજકુર સુલે-માનના જવાબથી ઉતાવળા થઈ અબ્દુલા, સુલેમાન, અને જનાબ અમીરૂલ મોઅમનીન હ૦ અલી ઉપર પણ ફતવા આપી પોતાની કીયામત કાળી ન કરતા.

**સવાલઃ—**

પાનું ૬૪ " મી. ટુથ ! તમોને તમારા માની લીધેલા ઇમામની કસમ આપી ખુલાસો કરવાની ચેલેન્જ કરીએ છીએ, તમારા માની લીધેલા ઈમામ પાસે અસલી નકલનું કુરઆન ન હોવાથી તે નહિં બતાવતાં તમોને જહાલતનાં માર્ગે ચડાવી તમોને જહાલતની મોતે મરવા દે છે. તેમ તમો લેખશો કે નહિં ? જરા ચોખવટથી જરૂર જવાબ આપશો. "

**જવાબઃ—**

લ્યો, ભાઈ ગૈન ! ચોખવટથી જવાબ સાંભળો. અમારી એવી માન્યતા છેજ કયાં ? કે ઈમામ કોઈ નવા કુરઆનનો પોથો બગલમાં મારી રમતા રામ થઈ ગયો છે ? યા તો કોઈ ઉંડા ખાડામાં પડી પોતાના માનનારાઓને જહાલ-તના મોતે મારી રહ્યો છે. ? જુઓ ભાઇ ગૈન ! મોલાના હાજીનાજી લખે છે કે, તે સાચું કુરઆન ગારમાંથી લાવશે. જેઓની, આવી માન્યતા હોય, તેઓના આમાલ બાતલ,

( નકામા ) અને તેઓ મરવાના પણ જહાલીયતનાં મોતે, અમો તો ઈમામને હાજર સમજીએ છીએ. તેનો કલામ તેજ નાતકુલ કુરઆન છે. એ સિવાય બીજો કોઈ નવો પાયો નથી. જેઓની એવી માન્યતા હોય કે ગારમાંથી નવું સાચું કુરાન આવશે, તેઓ હાલ તુરત તો જહાલીયતની મોતે મરી રહ્યા છે. હવે આપજ બતાવો કે, જહાલતના માર્ગે અમો ચડેલા છીએ કે તમો ?

**સવાલ:—**

" મી. હુથની માન્યતા લેશ માત્ર પણ કદાચ સાચી હોય, તો પંજતન અ૦ મુ૦ નુ નુર જે તેઓના પવિત્ર મસ્તક ઉપર પ્રકાશમાન હતું. તે પણ મી. હુથના માની લીધેલા ઈમામમાં હોવું જોઇએ. પંજતન પાકનો પડછાયો સુરજના તેજ થકી ન્હોતો પડતો. તે નિશાની તેમાં હોવી જોઈએ. પણ તેમાંનુ કશુંએ જોવામાં આવતું નથી. તેનું કારણ શું ? આજ બતાવી આપે છે કે, મી. હુથના માની લીધેલા ઇમામ કોઇ કાળે ઈમામ નથીજ. "

**જવાબ:—**

તમારી જીંદગી હમેશાં શંકાઓ પેદા કરવામાં જાય છે કે કોઈ નેક કામ કરવામાં ? તમો કોઈ વખત કહો છો કે, ઇમામ ઉપર માખ બેસતી નથી. 'ઈમામ ઉપર એક

સફેદ વાદળ છાંયો કરે છે. ઈમામને જમીન ઉપર પડછાયો પડતો નથી. ઈમામને આંગળીઓમાં સાંધા નથી હોતા. તેનાં પેશાબ પાયખાનું કોઈ જોઇ નથી શકતું. તેમાંથી લોહી નથી નીકળતું. વળી કોઈ વખત કહો છો કે, બાર સાંધા આંગળીમાં છે કે તે બાર ઇમામની નિશાની છે. વર્ષમાં બાર માસ છે. આસમાનમાં બુરજ બાર છે. તેથી બાર ઈમામ સાબિત થાય છે. કોઇ લખે છે કે, ઇમામ બેહિશ્તનાં પાણી પીધાથી જન્મે છે. વળી કોઈ કહે છે કે, પડખેનાથી પેદા થાય છે. કોઈ કહે છે, કે રાનમાંથી જન્મે છે. પેટમાંથી જનમતા નથી. ઉપરાંત ઇમામ સુન્નત થયેલી હાલતમાં પેદા થાય છે. આવા આવા નાદાનીયત ભરેલા સવાલો પેદા કરી ખુદ તો બે ઈમાન બને છે. પણ બીજા ઈમાનદારને ગુમરાહ કરી જહન્નમ તરફ ખેંચતા જાય છે.

[૧] ઇમામ અ૦ ઉપર સુરજનો તડકો તો પડે છેજ. અને તે તમારી કિતાબોથી પણ સાબિત છે. શેતાને ખુદાને અરજ કરી કે ઈમામ હુસેન અ૦ ઉપર તડકાનું તેજ વધારે પડે અને જો સબર કરે તો હું જાણું. જ્યારે તડકાનું તેજ તેમના ઉપર પડયું. તો જીબ્રઈલ પોતાની પાંખોથી છાયા કરવા લાગ્યા. ઇમામે ફરમાવ્યું કે હમણાં તું હટીજા. કિતાબ તોહફયે રઝવી પાનું ૧૩૯ લીટી ૪ ( ઈમામ રઝા. )"

"આગળ ચાલતાં આપ એક જંગલમાં પહોંચ્યા, સુર્ય ચડેલો હતો ને તાપ સખ્ત હોવાથી, આપે ચાહ્યું કે, કોઇ ઝાડના છાયામાં વિસામો લઈ આરામ ફરમાવે." હજુ જો વધારે આપણે ઉંડાણમાં ઉતરશુ તો જણાશે કે, નબી અને ઈમામો પોતપોતાના ઘર બાંધી તેમાં રહેતા હતા. પએગમ્બરે ખુદા લડાઇ ઉપર જતા. તો જંગલમાં તંબુઓ તાણી રહેતા.' વાઈ ગેન! આ દલીલથી શું રસુલે ખુદા, ઈમામ હુસેન અ૦, અને રુસે રઝાથી મુનકર થઈ જશો?

(૨) ઈમામને આંગળીઓમાં સાંધા નથી હોતા; એ દલીલ તો મુર્ખતાની અવધિ કરે છે. વળી આ દલીલ ઈસ્લામી તરીકાથી પણ બીલકુલ ઉલટી છે. ઈમામોને નબીઓ આ દુનિયામાં બશર તરીકે આવ્યા હતા. તેઓના હાથ કંઈ લાકડા મિસાલ ન હતા. તેઓ પણ ખાતા હતા. લડાઇઓ કરતા હતા. જો એ ઇમામો ને નિશાની તરીકે ખુદાએ સાંધા ન આપ્યા, એવી તમારી માન્યતા છે, ત્યારે ખુદાએ તેઓને બે માથા યા ચાર હાથ આપ્યા હતે તો દુનિયામાં સમજી શકાતે કે ઇમામો ખલકત કરતાં બિલકુલ જુદી રીતે પેદા થયેલા છે. પરંતુ આ તમારી વાતજ તદન જુઠી છે. એટલુંજ નહિં પણ કિતાબે ઇલાહીથી વિરૂધ્ધ છે.

[૩] ઇમામ ઉપર માખ બેસતી નથી. આ તમારી દલીલથી હસવું આવે છે, તમારા નુરે ઇમાનમાં લખેલું છે કે, ઇમામ હુસન–હુસેન બંન્ને જણુ એક બાગમાં નીકળી ગયા. રસુલે ખુદા બેચેન થઇ ગોતવા નીકળ્યા. એક મલાએક બંને સુતેલા શાહુજાદાઓ ઉપરથી માખો ઉડાડતો હતો. આ હકીકતથી તો તમો ઇમામ હુસન–હુસેન અ૦ થી પણ મુનકર થઇ જવા વિના રહેશો નહિં.

[૪] ઇમામનું પાયખાનું અને પેશાબ જોવામાં આવતાં નથી. એ તમારી દલીલને માટે નુરે ઇમાન કિ. ૧૫ મી હિસ્સો ૯–૧૦ મો પાનું ૧૫૯ વાંચવું જોઇતું હતું. તેમાં લખ્યું છે કે, " જેનબ બીનતે જહશસે મનકુલ હય, ઉન્હુંને કહા એક દીન પએગમ્બરે ખુદા મેરે ઘરમેં આરામ કરતે થે. ઇસ અસનામે ઇમામે હુસેન અ૦ આયે. મેં ઉસ જીગર ગોસકો રસુલે ખુદા સ૦ કો બહેલાતીથી, કેહ મબાદા હજરત કો જગાદેં. પસ મેં એક લહગા ગાફીલ હો ગઇ, ઔર ઇમામે હુસેન અ૦ જનાબે રસુલે સ૦ કે પાસ ચલે ગયે: દેખા મેંને કે, વોહ માઅસુમ પેટ મુબારકં રસુલ સ૦ કે ઉપર બેઠે હુંય, ઔર પેશાબ કરતે હુંય. મેંને કસદ, કીયા, કે ઇમામ હુસેન અ૦ કો

ગોદમેં ઉઠાલું, હુજરતને ફરમાયા, આય જેનબ! મેરે ફરજંદકો પેશાબ કરનેસેં ફારેગ હોને દે. જબ ઇમામ હુસેન અ૦ પેશાબ કર ચુકે, જનાબ રસાલત મઆબ સ૦ ને અપને ગ્રોકમ મુબારીકકો પાનીસેં ધો ડાલા."

આથી સાબિત થાય છે કે, ઇમામો, નબીઓ, આ દુનિયામાં માણસ તરીકે આવ્યા, તો તેઓની દરેક હીલચાલ, ખાવું પીવું, અથવા બીજી જરૂરીયાત માણસો જેવી હતી. તમારી મજકુર નાદાનીયતની શંકાઓ જરા પણ ટકી શકતી નથી. જો પેશાબ અગર પાયખાનું ન દેખી શકાતું હોય, તો ઇ૦ હુસેન અ૦ ને તમો મજકુર બીના વાંચ્યા પછી ઇમામ તરીકે લેખશો કે નહિં?

(૫) ઇમામમાંથી લોહી નથી નીકળતું પણ એ લોકો મસાએબની કિતાબોમાં ઘણે ઠેકાણે ઇમામ હુસેન અ૦ માટે લખે છે કે, તેવણ હજરતને એક હજાર નવ સો પચાસ જખમ લાગ્યા. આપનાં લોહીથી લુગડાં લાલ થઈ ગયાં. કબુતર લોહીમાં આળોટી મદીને ગયું વિ. વિ. હવે ફરમાવો ભાઈ મેન! ઇમામનાં બદનમાં થી લોહી નીકળતું નથી. એ તમારી દલીલ ટકી શકે છે?

(૬) આંગળીઓમાં બાર સાંધા અથવા આસમાનના બાર બુરજ અને મહિના બાર તે બાર ઇમામની નિશાની છે. ભાઈ! મને હસવું આવે છે, કે તમો કયા સાયન્સ અથવા કિતાબને આધારે આંગળીઓનાં સાંધા બાર બતાવો છો? ખરી રીતે તો માણસનાં હાથનાં આંગળામાં ચૌદ સાંધા હોય છે. જો બંને હાથને એકત્ર કરીએ તો અઠાવીસ થાય. આસમાનના બુરજ બાર જણાવો છો. પણ મુળમાં તો આસમાનની ગણત્રી સાત યા દસની છે. હવે રહ્યું વર્ષનાં મહિના, જો તે બાર ઇમામની નિશાની તરીકે હોય તો પછી એક મહિનાના દિવસ ત્રીસ કેમ થયા? આવી રીતે તો સુન્નત જમાયતવાળાઓ પણ ચારનો આંકડો મેળવી શકે છે. કેમકે, ચાર કિતાબ, ચાર કીબલા, ચાર ઉલુલ આઝમ, અને મોટા નબીઓ ચાર, નામવર મલાએકો ચાર, દીશાઓ ચાર, ઘરનાં ખુણાં, ખાટલાના પાયા, ખુરશીનાં પાયા અને મેજ ઇત્યાદિમાં બધી ચીજો ચારનો મેળ ધરાવે છે. મી. ગેન! તમારા બારની સંખ્યાનાં હસવા લાયક મસલાથી કોઈ પણ સમજદાર માણસ ફરેબમાં આવી શકે ખરો કે? બાર ઇમામોને માટે તો કોઇ સબળ પુરાવા જોઈએ. આવી જુઠી દલીલો ઘડીવાર ટકી શકે ખરી કે? પણ તમો સબળ પુરાવા કયાંથી લાવી

શકો ? કારણ કે આ બધી દલીલો ગાલ પુરાનગાંથી ઉપજાવી કાઢેલી દેખાય છે.

(૭) જેમ બીજી ખલકે ખુદા પેદા થાય છે, તેવીજ રીતે ઇમામ યા નબી પેદા થયા છે. એમાં કંઈ પણ ફરક નથી. ઈમામને અરસના પાણીથી યા પસીનાથી યા રાનમાંથી પેદા થયેલા માનવું, એ તમારી જહાલીયત સવાય બીજું કંઈ પણ નથી. ભાઈઓ! રસુલે ખુદા યા અમીરૂલ મોઅમનીન હ૦ અલી અ૦ અને હ૦ ઇમામ હુસેન-અ૦ કરતાં તમારા મહેદી શું અફઝલ છે? તેઓ પણ કુદરતનાં નિયમ પ્રમાણેજ પેદા થયેલા છે. કદાચ તમારા મહેદી સાહેબની ખાતર આ નિયમ બદલાઇ ગયો તો કંઈ નવાઈ નહિ. પરંતુ આ વાત કોઈ પણ માની શકે તેવી હાલતમાં નથી. ફકત તમારી માન્યતાજ ભુલ ભરેલી છે કે મહેદી સાહેબ તેમની માતાની રાનમાંથી પેદા થયા. પેદા થઈ આસમાનમાં ઉડયા? અને એક સેકન્ડમાં ચાલીસ દિવસ જેટલા વધ્યા!! પણ ભાઇ ગેન! હ૦ મહેદી પણ ઈન્સાન હતા, ઈન્સાનને પેટે અવતર્યા હતા. તો પછી આસમાનમાં કેવી રીતે ઉડી ગયા? કંઈ અક્કલને તો કામમાં લેતા જાઓ. તમે સમજો છો કે કોણ ઉડી શકે છે? એક પંખી અને

બીજા મસાએકો, પરંતુ જો તમારી બાબતોની ખાત્રી કરવા જઈએ તો ચોકખું જણાઈ આવે છે કે, હસન અસગરીને કંઇ ઓલાદજ ન હતી. તેઓ ઓલાદ વિના દુનિયામાંથી ચાલ્યા ગયા. પછી મહેદી સાહેબ હોયજ ક્યાંથી ? નથી આસમાનમાં, નથી જમીનમાં, નથી ગુફામાં, નથી ઉપર અથવા નીચે. પરંતુ આ બાગત પાછળ તમો પોતાની જીંદગી ફોકટ બરબાદ કરો છો. તમારા જુઠા ધર્મને આવા જુઠા થાંભલાથી કેટલાક દિવસ ટકાવી રાખવાના છો ? ચલાવ્યે જાઓ જ્યાં સુધી ચાલી શકતું હોય.

(૮) ઇમામ સુન્નત થયેલી હાલતમાં પેદા થાય છે. એ તમારી માન્યતા સાથે જો એ પણ લખી નાંખ્યું હોત કે તેમની માના પેટમાં તેમની સુન્નત કોણ કરે છે ? તો સારૂં થતે. તમારી આવી વિચિત્ર દલીલોથી ઉલટા તમો માણસોને હસાવો છો. એજ વાતને પાછી તમારી કિતાબો રદ કરે છે. રાહેનજાત, ફી. ૧૭ મી. પાનું ૧૨૭–૨૮. " એક કાફરના સવાલના જવાબમાં ઇમામ જાફર સાદીક અ૦ મે ફરમાવ્યું કે, હક્ક સુબ્હાનહુ તાલાએ બતના કરવી સુન્નત ફરમાવેલ છે, જેવી રીતે બચ્ચાની પેદાશ વખતે તેની નાળ કાપવી સુન્નત છે. બધા કરતાં જેણે પહેલી ખતના

કરી તે હ૦ ઇબ્રાહીમ ખલીલુલ્લાહ હતા." એહુ-વાલે માસુગીન પાનું ૩૨૧ "હ૦ ઇમામ મુસએ કાઝમ અ૦ મે ફરમાવ્યું કે મારો છોકરો સુન્નત થયેલો પેદા થયો છે. પણ સુન્નતની તાબેદારી કરવા માટે અમો ફક્ત ઉસ્ત્રો અડાડીએ છીએ." (જરાક કાપીએ છીએ.) આ બીનાં તમારી કિતાબોથી સાબિત છે. ઇમામો તથા નબીઓ ખતના કરાવતા હતા. તમારા ઇમામનો કોલ છે કે, અમો દુનિયાને દેખાડવા માટે ચામડીનો થોડો ભાગ કાપીએ છીએ. પણ ભાઇઓ! એ તો બતાવશો કે ખતનાના કાયદા વિરૂધ્ધ કોઇ બીજી રીતે ખતના કરાવે છે? તમો બતાવો છો કે, શરીયતના ખાતર તેઓ પાછળથી ઉસ્ત્રાનો ઉપયોગ કરતા હતા. પણ તે ફકત મહેદીની જુઠી પેદાશને ટકાવવા ખાતર, પણ બે વર્ષનો રાતો માતો નાળ કાપેલો, ખતના કરેલો, વાતો કરતો, કબ્રમા ભણતો કુદરતી જગ્યા સિવાય તેમની માતુ-શ્રીની રાનમાંથી નીકળી બે ફુટ જેટલો લાંબો માણસ દુનિયામાં આવી હાજર થઇ ગયા! આ શું ઓછી હાસ્યજનક બિનાં તમે લખો છો!! ભાઇ ગેન! આવા ઇમામો ઉપર તમોજ કુરબાન થાઓ.

**સવાલ:—**

"મી. દુથ! એક ઉપર બીજી ઓરત કરવાની

મારો ઇમામ તમોને મનાઈ કરે. પણ પોતે કેટલી ઓરતો રી ચુક્યા છે ? તેમના પિતાજી અને દાદાજીએ કેટલી ટલી ઓરતો કરી હતી ! તમોને ઉપદેશ આપે છે, પરંતુ ાતે એ ઉપદેશ મુજબ વર્તન કરે છે ખરા ? એનો જણાવો."

જવાબ:—

આ સવાલનો જવાબ પહેલાં આવી ગયે. છે. અમારા મામે યા તેના બાપ દાદાએ એક બે યા ત્રણથી વધારે ઓરતો નથી કરી, આવા સવાલ નબી યા ઈમામોને કર-નાર ખરેખર ચોકખા કાફર છે. પણ અફસોસ માત્ર એટ-લોજ થાય છે કે, મી. ગૈન પોતાના પુસ્તકોથી પણ અજાણ છે. તેમની એવી માન્યતા છે કે, ઇમામો ઉમ્મત નથી. તેઓ ઉમ્મતની માફક કાનુનો સાથે બંધાએલા નથી. પણ તેઓ તો ફકત અલ્લાહની કિતાબ માફક ઉમ્મતને ચલા-વનાર તથા સમજાવનાર છે. હવે હું તમોને ફક્ત એકજ સવાલ કરૂં છું. કે, કુરઆને શરીફમાં ચાર ઓરતો કરવાનું ખુદા ફરમાવે છે. તો પછી ખુદ પએગમ્બરે ખુદાએ તેર ઓરતો શા માટે કરી ? (મઆઝ અલ્લાહ તમારા જેવા રસુલના દુશ્મન તે પવિત્ર નબીને ગુનેહગાર સમજતા હશે) હ. અલી અ૦ મે અને હ૦ ઇમામ હસન અ૦ મે કેટલી ઓરતો કરી ? વળી તમારી માન્યતાવાળા ઇમામો તો ઓરતોનો એક મોટો રસાલો રાખતા હતા. [ કેટલીક

શાદીઓ કરેલી, કેટલીક મુતામાં લીધેલી, અને કેટલીક કનીઝો. ] તેમના માટે તમો શું કહેશો ? પણ જ્યારે મી. ગેનની માન્યતાના ઇમામો ઉપર કોઇ સવાલ આવે છે. તો મસીયત ફસીયત અડાવી અગડમ સગડમ બતાવી છટકી જાય છે. પણ બીજાઓને વહેમમાં નાખી સૈતાની પાઠ અછી રીતે બજાવે છે. અસનાઅશરીઓ પોતે ઈમામ માટે એવો એતેકાદ રાખે છે કે "કિતાબ તોહફતુસ સાએમીન, વાયેઝ તા. ૧૬ મી પાનું ૧૫૦. ના આધારે" પએગમ્બર અને ઈમામ જે કામ કરે છે, તે ખુદાના હુકમ અને તેની મસલત મુજબ કરે છે. ઇમામ હુસન અ૦ મે માવીયાની સાથે સુલેહ કરી, અને જનાબે ઇમામ હુસેન અ૦ મે યઝીદની બયત કબુલ કરી નહિં. એટલે સુધી કે રાહે ખુદામાં શહીદ થઈ ગયા. જ્યારે ઈમામોની ઇસમત તથા જલાલત સાબિત થઇ, તો લાઝીમ છે કે, તેઓએ જે જં કર્યું, તેને મોમિન કબુલ રાખે. અને હક સમજે અને તેમાં એતરાઝ અને શક ન કરે. અને જાણો કે, તેઓએ જે કંઈ કર્યું, તે ખુદા તરફથી છે. તો તેઓ ઉપર એતેરાઝ કરવો, તે ખુદા ઉપર એતરાઝ કરવા સમાન છે. અને ખુદાએ હ૦ રસુલ [સ૦] ઉપર એક સહીફો મોકલ્યો. તે સહીફા ઉપર બાર મોહરો હતી. અને દરેક ઈમામ પોતાની મોહર ખોલી અને જુવે છે. અને તેમાં જે કંઈ લખેલ હોય છે, તે પ્રમાણે અમલ કરે છે. એ

હુજ્જતે ખુદા ઉપર આપણી નાકસ અક્કલથી કેવી રીતે એતેરાઝ કરી શકાય? અને તે કેવી રીતે જાએઝ થાય? આપણને સતા શું? આપણા નફ્સો ખવીસ સેતાનની તાબેદારી કરવાવાળા તે નુરે ખુદાનાં કહેવામાં ખાંચ કાઢીએ તે સૈતાની ફરેબ સિવાય બીજું કાંઇ નથી. ( એ નિસ્બત ખાકરા બ આલમે પાક. ) તેઓએ જે જે કર્યું તે ખુદાના કહેવાથી કરેલું છે.

વાંચક બિરાદરો! જ્યારે ઇમામે હસન અ૦ મે અમુક રકમ લઇ ખિલાફત માવિયાને દીધી ત્યારે મુનાફિકો એતેરાઝ કરવા લાગ્યા. કે જો ઇમામ હસન અ૦ આ કામ નહિં કરતે તો કરબલાનો બનાવ ન બનતે. તેના રદમાં મજકુર વાએઝ મોલાના હાજીનાજી માણસોને કહે છે. તેનો ટુંક મતલબ એટલોજ છે કે, ઇમામના કાર્યો ઉપર એતેરાઝ કરવો કાફરનું કામ છે. અને સેતાની વસવસો છે. બાર ઇમામો માટે બાર સહીફા મોહર બંધ આવ્યા, તેમાં જે બીનાં લખેલ હતી તે પ્રમાણે વર્તતા હતા. આવી આવી બિનાઓથી સાબિત થાય છે કે, કુરઆન પ્રમાણે નહિં, પરંતુ તે છુપા સહીફા પ્રમાણે ચાલતા હતા. ઇમામના કાર્યમાં ખાંચો કાઢનાર અને પોતાની અક્કલ દોડાવનાર સેતાન છે કાફર છે.

અફસોસ છે, આવા માણસો ઉપર કે જેઓ પોતાના

માણસોને આવી હીદાયત કરે છે. અને બીજાઓને શીખવાડે છે કે, ઈમામના કાર્યો અને તેના હુકમની તપાસ કરો. અક્કલની કશોટીએ ચડાવી પછી કબુલ કરજો. ઈમામ તો આવા હોય, તે કુરઆન પ્રમાણે ચાલે, તેની દાઢી આવી હોય, મુછો આવી હોય, આવા આવા ફરમાનો કરે, આવી વાતો ન કરે, આવાં લુગડાં પહેરે, આવી આવી શંકાઓ પેદા કરી પોતે તો મુર્ત્તદ બને છે, અને બીજાઓને પણ બનાવી રહ્યા છે, પણ તેઓને સમજાવે કોણ? ફક્ત એક ખુદાજ, અલ્લાહ પાક તો પોતાના કલામમાં ફરમાવે છે કે, "તાબેદારી કરો તમારા ઉપર હુકમ કરનારની" પણ તમો બુત પરસ્તોને તો તમારી તાબેદારી કરનાર ઈમામ જોઇએ છે. આખી દુનિયાં પડી છે. ખેડી લેજો, કોઈ ને કોઈ મોવાલી જરૂર મળી જશે. પણ જ્યાં સુધી તમારાં કાળાં દિલો સાફ નહિં થાય, ત્યાં સુધી ખરા ઈમામની છાયામાં આવી નહિં શકો.

**સવાલ:—**

પા. ૯૮ "તમારા ઈમામ ફરમાવે છે કે, ઘણી બાઇઓ પોતાના મોં ઉપર બુરખો નાખે છે. તે કાફર છે. બુરખાનું ફરમાન કોઈ પએગમ્બર કે ઇમામે કર્યુંજ નથી." (આટલા લખાણ પછી હાજર ઇમામની ઘરવાળી અને માતા સલામત માટે ટીકા કરી છે. સુરતુલ નુરની ૩૦ મી

આયતની દલીલ આપે છે. પછી સુરએ અહેઝાબ આયત ૫૯ ની દલીલ આપી અમારી ખોજા બાનુઓ ઉપર અયોગ્ય ટીકા કરી છે કે, બાનાઈ લોકોની સ્ત્રીઓ પોતાના માની લીધેલા હિદાયતી નુરના પ્રકાશમાં અંજાઇને નાચકુદ અને રાગડા તાણી રાસડા રમે છે. ઈ. ઈ. )

જવાબ:—

મી. ગેન ! સવાલ કરવાનો સર્વને હક છે. પણ પોતાની ઝબાન સંભાળી બોલવું જોઈએ. જરા તો વિચારવું હતું ? કે તમારી માતા પણ ખોજા બાનુ હતી, કે નહિં ? અને જો એમ હોય તો અમારી બાનુઓની ટીકા એ તમારી બાનુઓની પણ ટીકા થઈ શકે. માટે જે બોલવું તે સંભાળીને બોલવું જોઈએ. આ તમારા સવાલમાં કંઇ પણ વજુદ નથી. અમારા ઈમામનું ફરમાન સત્ય છે. અને તે તેમના દાદા ઇમામ જાફરે સાદીક અ૦ ના કોલ મુજબ છે. જેની દલીલ તમારી મોતબર કિતાબને આધારેજ આપવા માગું છું.

તમોએ મજકુર સવાલમાં જે કુરાન શરીફની આયતો બતાવી છે, તેનાં તરજુમા તરફ જરા ધ્યાન આપો.

આયત ૩૦ મી. "અને મોમન સ્ત્રીઓને કહે કે તેઓ પોતાની આંખો હરામજોવામાંથી બંધ કરે. અને પોતાના છુપા

ભાગોને જાળવી રાખે અને તેઓએ પોતાના શણુગાર જે ખુલા થાય તે સિવાય જાહેર કરવા જોઇએ નહિ. અને તેઓએ પોતાની ઓઢણીઓ ઓઢી પોતાનાં પડખાં ઢાંકવાં જોઇએ. અને તેઓએ પોતાનો શણુગાર કોઇને બતાવવો જોઈએ નહિં."

આયત ૫૯ મી "હે પએગમ્બર! તારી સ્ત્રીઓને, તારી દીકરીઓને અને મોમનોની સ્ત્રીઓને કહે કે તેઓ બહાર જતી વખતે પોતાની ઉપર પોતાની ચાદર નાખે. આ વધારે નજદીક છે કે તેઓ ઓળખાય કે તેઓ પવિત્ર છે."

મી. ગૈન! હમણાં જો તમારો જુઠી તાવિલોને મુકી સીર્ફ અલ્લાહ પાકના કલામ તરફ નજર કરીશું તો એ બોલોમાં ખુદા એમ નથી 'ફરમાવતો કે તમારી ઓરતોને ઘરમાં મુરઘી માફક બંધ કરી રાખો. યા ઘરના બારી બારણાં બંધ કરી ગુંગળાવી મારો. યા ઉમર ભર રેલ્વે સ્ટેશન પણ જોવા નહિં આપો. અને ઘરમાંજ દાટી રાખો. આ તો તમારા મુલ્લાં લોકોની ઉંધી સામજને લીધે બહાદુર ઇસ્લામી ઓરતો આજે હીણુ પસ્તીની હાલતમાં કંગાળ જીંદગી પસાર કરે છે. અને તમારા જેવા ના હિંમત બચ્ચાંઓ પેદા થાય છે. ચાલુ સદીમાં જે બુરખાની રશમ ચાલી રહી છે, તે ન તો ખુદાનું ફરમાન છે, ન તો રસુલનું ફરમાન છે, ન તો કોઈ ઇમામનું ફરમાન છે. અમારા પવિત્ર ઇમામનું જે ફરમાન છે, તે સાચું છે, જો

તમો તવારીખ તરફ દ્રષ્ટિ પાત કરો, તો ઇસ્લામી સ્ત્રીઓની બહાદુરીનાં અહેવાલો વાંચી તમારૂં જીગર ફાટી જાય. તમો જો છાપાઓ વાંચતા હો તો જરૂર તમે જાણ્યું હતે કે, દુનિયાં ઉપરની અગ્રગણ્ય તુર્કી સલ્તનતે આ રિવાજ બંધ કર્યો છે. અને કહેવાતા જુઠા બુરખાનો નાશ કર્યો છે. ઈસ્લામી ખલીફાની પુત્રીનો, કમાલ પાશાની ઘરવાળીનો, અને માતાજીનો ફોટો તમોએ છાપાઓમાં જોયા હશે. અને તે ઉપરથી, તેઓ તમારા જેવા જાહેલનાં હિસાબે કાફીર થઇ ગયા ? શું તે બધા મુસલમાન ખુદાના કલામથી ફરી ગયા ? હરગીઝ નહિં. પરંતુ તેઓએ ઇસ્લામના સિધ્ધાંતનો ખરેખરો મકસદ હાંસલ કર્યો છે. અને ત્યારેજ પોતાના દેશની ઉન્નતિ કરી રહ્યા છે. યુરોપ દેશમાં રહી તેઓ તેનો મુકાબલો કરવાને લાયક થયા છે.

હવે જરા હોશ ઠેકાણે લાવી જરા આગળ વાંચો. સુરએ નુર, પારા ૧૮ પાનું ૫૬૩ આયત ૩૦ મીની તાવિલ કરનાર મોલાના મકબુલ એહમદ.

"કાફીમેં હય કે, ઇમામે જાફરે સાદીક અ૦ સે દરીયાફત કીયા ગયા થા. કે ના મહેરૂમ મરદ કે લીયે ઔરતકી કીનકીન ચીજોંકા દેખલેના હલાલ હૈ ? ઇમામને ફરમાયા, ચહેરા ઓર પોંહચું તક દોનું હાથ, ટખનું તક દોનું પાઉં." બોલો, મી. ગૈન ! ઈમામ જાફર સાદીક અ૦ નાં કોલ પ્રમાણે તેના નુર ચશમ પ્યારા ફરજંદ નામદાર

આગાખાનનુ ફરમાન છે યા નહિં? જો જરા પણ ઈનકાર કરશો તો યાદ રાખજો કે તમારે ઈમામ જાફર સાદીક અ૦ નાં કોલનો ઈનકાર કરવો પડશે.

બાકી ફઝીલત સાથે બાઇ માણુસને બહાર નીકળવું, ઇજ્જત આબરૂ સાથે જીંદગી પસાર કરવી, પોતાની આંખો પવિત્ર રાખવી. પોતાના મનમાં ગેર મરદનો ખ્યાલ રાખવો એ મહા પાપ છે. એવા એવા ફરમાન અમારા પવિત્ર ઈમામનાં છે, ઉપરાંત તેઓ ફરમાવે છે કે, "જે સ્ત્રી પરાયા મરદ ઉપર નજર કરશે. તેણે પોતાનાં ભાઈ યા બાપ ઉપર ખરાબ નજર કરી એવું થશે. માટે એવા પાપી કામથી તમો પોતાની આંખો પવિત્ર રાખો. જે સ્ત્રી ભુંડા કામની ઈચ્છા રાખે તે દોઝકમાં જશે. તે ઈન્સાન નથી પણ હેવાન કરતાં પણ બદતર છે." જોયું મી. ગેન! આવા આવા ફરમાનો સાથે જો કદાચ તમારા કીધેલા સવાલ મુજબનુ ફરમાન હોય તો તેમાં ખોટું શું? તે તો બતાવો. નૌઝબિલ્લાહ! અમારા ઇમામનું મુતા જેવી હરામકારીનુ ફરમાન નથી. કે જેથી કરી મોમન સ્ત્રીઓનુ શીયળ ભંગ થાય. તમારામાં એ પાપી રશમ ચાલુ છે, જેનાં કારણે કેટલીક સ્ત્રીઓ અધોગતિનાં પંથે ચડી ચુકી છે. અને કયામત સુધી એ પાપી કામમાં મશગુલ રહેશે. અને આ રીતે તમારા કહેવાતા બુરખામાં અનેક સુરખા લાગી ગયા લાગે છે, અને લાગતા રહેશે.

છેવટે ખોજા સ્ત્રીઓ ઉપર તમોએ જે હુમલો કર્યો છે, તેથી સાત ગણો હુમલો તમારા ઉપર હું કરી શકું તેમ છું. પરંતુ તમારા જેવી મારાથી નાલયકી કેમ થઈ શકે ? જે વ્યક્તિ ખોજા તરીકે ઓળખાવતી હોય, તેજ વ્યક્તિ ખોજા બાનુઓની નિંદા કરવા બહાર પડે તો તેનું ખમીર કયું સમજવું ? એજ શંકા છે.

ખુદા સાક્ષી છે કે, ખોજા કોમનું નખોદ કાઢનાર તમારા જેવા તથા પરદેશી ( કાળી પાઘડીઓ પહેરી ભીખ માંગી પેટ ભરનાર સયદોનાં નામને કલંક લગાડનાર લફંગાઓ ) લોકોજ છે. તેઓએ આપણુંજ લુણ ખાઈ આપણીજ કોમમાં તફરકા પડવી ;તમારા જેવાઓને વાંદરા માફક નચાવી રહ્યા છે. જો જરા પાછળ નજર કરશો તો ત્રીસ વર્ષ પહેલાં આપણી કોમ એકજ હાજર ઈમામનાં છત્ર નીચે કેવી સુખી અને આબાદ હતી ? અને પરદેશી કહેવાતા સયદોએ જે ખરાબી કરી તે વાંચો. આને માટે મોહીબે હોજહાનમાં ઘણુંજ અસરકારક લખાયેલું છે. અમોને તો અમાર ઈમામે ભલી નસીહતોથી તે કાળી પાઘડીવાળાઓથી બચાવ્યા છે, તમો અમારાથી જુદા પડયા પછી શુ સુખી થયા ? તે સમજી શકાતુ નથી. ન દીન પ્રાપ્ત કરી શકયા, ન દુનિયા, બંને જહાનથી ગયા.

મી. ગેન ! હું તમોને સોગંદ આપું છું કે, શુ તમો અમારાથી જુદા પડયા પછી તમારી બાઈઓ સુધરી છે ?

સાચે સાચું કહેજો. ઇમામ વાડામાં રાખેલી ઘાંસની દુલદુલનાં જો જુઠા સોગંદ ખાસો તો તે દુલદુલ તમારા પેટમાં લાતજ મારશે. તમારી બાનુઓ ઈમામ હુસેન અ૦ ની મજલીસોમાં જવા માટે બહાર રખડે છે કે નહિં ? જોશમાંને જોશમાં છાતી ઉપર હાથ મારી હાય હુસેનનાં રાગડા તાણે છે કે નહિં ? ફેશનમાં ગરક થયેલી છે કે નહિં ? આફરીફામાં દુકાનો ઉપર બેસે છે કે નહિં ? રેલ્વે સ્ટેશન ઉપર સ્ટીમરો ઉપર જાય છે કે નહિં ? તમારા અમારામાં ફરક માત્ર એટલોજ કે તમારી બાનુઓ હાથી, ઘોડા, દુલદુલ, તાઝીયાનાં નુરી પ્રકાશમાં રૂવે છે ? અને માથું તથા છાતી કુટે છે. જ્યારે અમારી બાનુઓ આનંદમાં દિવસો પસાર કરે છે. તમારી બાનુઓ હમેશાં રોવા પીટવાથી હીસ્ટરીયાની બીમારીમાં સપડાઈ નામરદ અને ડરપોક પ્રજા પેદા કરી રહી છે. ( શહાદતનો સીધો અર્થ–ચમન ) ત્યારે અમારી બાનુઓ તંદુરસ્ત હાલતનાં ઇમામનાં આશક એવા બહાદુર બચ્ચાં પેદા કરી રહી છે, અને આનું પરિણામ ઇન્સાહ અલ્લાહ તઆલા દસ વિસ વર્ષમાં જણાઈ આવશે. તમારા બુરખામાં શું શું ખરાબીઓ થઈ છે ? કેટલા ખાનએ ખુદા અને ઇમામવાડા અપવિત્ર થયા છે ? તે લખતાં કલમ થરથરે છે. માટે સમજુને ઇશારો કાફી સમજી અત્રેજ વીરમીશ.

—o—

## પ્રકરણ ૧૦ મુ

### સાતસો ઉંદર ખાધા પછી બીલીએ હજ કરવા જવું, એનું નામ અશરાફત કે ?

"હમાંકો કત્લ કરકે ફીર હમીંસે પુછતે હેં વો;
શાહીદે નાઝ બતલાઓ કે ઈસ્મે ધાર કયસી હય ?"

શાબાશ ! મી. ગૈન ! તમારી અક્કલને કે તમોં આખાએ પાપી પુસ્તકમાં એની એજ વાતો; અને એના એજ વિલાપ કરતા આવ્યા છો. ૨૪૬ પાનાના એ પુસ્તક ઉપર જો કોઈ ઈન્સાફી માણસ તોલ કરે તો પચીસ પાના ભરાય એટલું એ લખાણુ માની શકાય નહિ. બિચારા નુર મોહમદ ઘેલાના ખવા પૈસા પાણીમાં ગયા ! એક માણસને સનેપાત થાય, અને વગર વિચારે બકબકાટ કરે એવી હાલત તમારી સ્વાભાવિક રીતે જોવામાં આવે છે. તમો

લખો છો, કે "આ રીતે તમારા ઈમામ અમારા કાળી પાઘડીવાળા મુલ્લાં અને મોલવીઓની હરોળમાં ઉભા રહેવાને લાયક નથી." હું પણ એજ કહું છું. ક્યાં અલ્લાહ પાકનું નુર! ક્યાં હિદાયતની રોશની! અને ક્યાં અમાવાશ્યાની અંધકારમય રાત્રિના પ્રકાશ જેવા તમારા મુલ્લા તથા મોલવીઓની શુરતો! અમારે પણ નિઃસંદેહ કબુલ કરવુંજ રહ્યું, કે તમારા એ મુલ્લાંઓની હરોળમાં એ નેક મુર્તિ શોભેજ નહિ.

આ તો એ દાખલા જેવું થયું, કે એક મુર્ખાએ કોઇ ભલા માણુસ સાથે મુર્ખાઇ ભરી માથા ફોડ કરી, બહુ સંતાપ્યો, ભલા માણુસે ચીડાઇ જવાથી ઠપકા ભરી નજરે કહ્યું કે "તારા માથે લાઅનત છે." મુર્ખાએ આ સાંભળી લોકોને સમજાવ્યું કે "જુઓ! ભાઈઓ આ મારી તારીફ કરી રહ્યો છે, મેં એને કેવો સીધો કરી નાંખ્યો કે એ પોતે પણ મને શાબાશી આપે છે. હુ કેવો સાચો માણુસ છું."

ખરેખર ભાઈ ગૈન! મારા હીસાબે તો આ દાખલો તમારા માટે અચુક મળતો આવે છે. તમે નવમા પ્રકરણમાં હજરત ઈમામ ઈસ્માઈલ (અ) માટે પણ બકબકાટ કરવામાં બાકી રાખી નથી; અને જેનો સંપુર્ણ રદીયો છઠ્ઠા પ્રકરણમાં છે. બાકી જુઠી ઈમામને કાયમ કરવા ખાતર

ખુદાને બદા થાય છે, એ વિષયનું વિવેચન તો તદન જુદું છે, દાખલા તરીકે મહુવા કમીશન કેસના એક તરફી સવાલ કાબાની દલીલમાં લાવી પોતાની કીંમત અંકાવી છે. પોતાના પાપે પોતાના પાપી પુસ્તકમાં ઘરની દલીલો ભેળવી શું કરવા માગો છો, તે નથી સમજી શકાતું. કન્ઝુલ મસાઈલ નામે બુક જે અમારા ઈમામ આગાશાહ હજરત હસનઅલીની લખેલી તેની અને સાથે બીજી પણ એક બે કીતાબની દલીલો આપો છો; પણ બીજી કીતાબો એમની લખેલી નથી. આગળ ચાલતાં લખો છો કે "કન્ઝુલ મસાઈલ નામની ફારસી કીતાબનો લખનાર કોઇ ઈબ્રાહીમ ઇસ્ફેહાની છે, અને તેણે હસનઅલી શાહના હુકમથી લખી છે." આ વાતનો જવાબ પહેલાં આવી ગયો છે. તે કીતાબ લખનાર એક મુલ્લા અસ્નાઅશરી હોય તો પછી તેમાં હજરત ઈમામ ઈસ્માઈલની ઈમામત લખે કેમ? તે તો દાસી પુત્રને માનનાર તેનીજ તારીફ કરે. બાકી બાદશાહ કહેશે કે હું ગુલામ છું, તો તે વાતને કોઇ માનનાર નથી. બાકી કાબાના ફીલવાના સવાલ જવાબ પણ એજ ભાવના સમજવાના રહ્યા.

મી. ગેન તેના મુરશિદ કાબાની દલીલ હાંકે છે કે:—"મરહુમ આગા હશન અલીશાહે કન્ઝુલ મસાઇલ તથા મનહજુર રીશાદ કીતાબો છપાવી છે. તેમાં ખુદા

એક, ઇમામ બાર અને તેરમો ઇમામ નથી. [ આ જુઠી કીતાબો કોઈ ઇરાની ઇબ્રાહીમ ઇસ્ફેહાનીની લખેલી છે ] અને કોઈ કહે તો તે કાફર છે, જણાવેલું છે કે એ કીતાબો અમે પોતે પણ વાંચી જોઈ છે ( ગંડેરીવાલાનો સાક્ષી રેવડીવાલો ) જવાબમાં એમ જણાવવામાં આવ્યું કે ઇરાનમાં અસનાઅશરીઓનું જોર હતું; તેથી તેને કહેવામાં આવ્યું કે કીતાબ તું હાથે બનાવીને છપાવે તો ઠીક, નાહતર જાન જશે; માટે તકીયો રાખી છપાવી તો તેથી શું થયું ?

"અલબત ઇરાનમાં અસનાઅશરીઓનું જોર હતું, અને આજે પણ છે; પરંતુ તેઓ કોઇ પણ પરધર્મિઓવાલાપર લેશ માત્ર પણ જુલમ કરતા ન્હોતા. લાખો પરધર્મિઓના લોકો તે વખતે પણ ઇરાનમાં વસ્તા હતા, અને આજે પણ વસે છે; પરંતુ તેમના ઉપર કોઇ પણ પ્રકારનો જુલમ કરવામાં આવ્યો નથી અને આવતો નથી. બલકે આગલા સાહેબ તો ( અહિં આગાખાન સાહેબને આગલા શબ્દ વાપરી મશકરી કરી છે ) સ્વપ્ને પણ જુલમ જણાવી શકે તેમ નથી; કારણ કે જુલમની વાત તો એક તરફ રહી, પણ ઇન્સાફે આગા સાહેબને નિહાલ કરી નાખેલ છે. આગા હસન અલીના પિતાને કોઇએ મારી નાંખ્યા, તે માટે સંખ્યા બંધ માણસોને

બંધીવાન કરી ખુદ ત્યાંના શાહે સજાઓ કરી, અને મારી નાંખવામાં ખુદ શાહના પુત્રનો હાથ હતો એમ શાહના કાને વાત જવાથી શાહ ખુદ પોતાના શાહજાદાને ખંજર લઈ જાનથી મારી નાંખવાને દોડયા, અને ઘણી મુશ્કેલીથી પોતાના ગુસ્સાને સમાવી શકયા. આવી રીતના નવશેરવાન આદિલના ઇન્સાફને પણ શરમાવે તેવો ન્યાય આપીને પણ શાહ સંતોષ પામ્યા નહિ, આગા હસન અલી શાહને પોતાની ખુબસુરત બેટી આપી દામાદ બનાવ્યા, અને લાખોની મીલકત આપવા ઉપરાંત કેટલા પ્રગણાંઓ ગીરાસમાં આપ્યા; અને આગા સાહેબ સુકી રોટી તથા છાશ માટે પ્રથમ મોહતાજ હતા, તેમને કોથલા ઉપરથી ઉડાડી બાદશાહી સિંહાસન ઉપર બેસાડી દીધા."

"કન્ઝુલ મસાઈલ માટે તેના માથે કોણે દબાણ કર્યું? કયારે કર્યું? અને કોના તરફથી ફરજ પાડવામાં આવી? તેના વિષે તમારી પાસે પુરાવો નથી. જે અશના-અશરીઓના થોકે થોક ઉપકાર તથા એહસાનમાં દબાયલો હોય. તે મી. સ્મીથ આ મારા સવાલને કદી રદ કરી નહિ શકે અમો બંલો ઠોકીને મી. સ્મીથને ચેલેંજ કરીએ છીએ કે જરૂર પબ્લિકેમાં જવાબ આપજો. જેથી તમારૂં કલંક દુર થાય. સત્ય વર્તણુક કાંટામાં તોલી શકાય."

ઉપરની હકીકતનો મી. ગૈનના જુઠા ડંકામાંથી ઉતારો કરવામાં આવ્યો છે. ભાઈ ગૈન, તમે તો તમારા મનમાં સારી પેઠે મલકાતા હશો કે કોઈ પણ ઈસ્માઈલી આનો જવાબ આપી શકશેજ નહિ. મનમાં પરણ્યા મનમાં રંડાયા, અને ખંભો ઠોકીને સાથે વ્યર્થ ચેલેંજ કરો છો. પરંતુ મને સંપુર્ણ ખાતરી છે કે મારો જવાબ તમો બુત પરસ્તોને માથું કુટાવશે, છાતી પીટાવશે, રોવડાવશે અને આંખોમાંથી દડ દડ આંસુના ધોધ વહેવડાવશે; અને સાથે સાથે ઈન્શાઅલ્લાહ તમો બુત પરસ્ત ટોળાની ઝહાલીયતને છોડાવશે, તેમજ ભવિષ્યમાં નાદાનીયત કરતા અટકાવશે. હવે મારા જવાબને દુકાનના કાંટામાં કે રેલવેના કાંટામાં તોલી જો જો; કે જેથી એકજ ધારણમાં ફેસલો થઈ જાય. સાંભળો તમારા બહેર મારી ગએલા કાનના પડદા ખોલીને સાંભળો. તમારાજ લખાણથી સાબિત થાય છે કે મહુવા કમીશન કેસમાં અમારા ફિરકાએ કન્ઝુલ મસાઇલ નામની કીતાબનો ઇન્કાર કર્યો હતો કે તે મી. ઈસ્ફેહાનીની લખેલી છે.

હવે જો તમે કાગ વૃતિ મુકી હંસ વૃતિ ધારણ કરો તો તમોને ખુલ્લે ખુલ્લું સમજાઈ જાય કે ઇમામ અને નબી-ઓનો એ સર્વે કરતાં પ્રબળ મોઅઝીજો છે કે તેના દુશ્મનો તેમની સંભાળ કરે છે, તેમને ઈજ્જત આપે છે. તેઓ

ઈમામો અને નબીઓ ઉપર કાંઇ એહસાન કરતા નથી. જેવી રીતે તમો તમારી નિચ વૃતિથી લખો છો કે "કોથલા ઉપરથી ઉપાડી સિંહાસન ઉપર બેસાડયા." પરંતુ મારો આખો જવાબ સાંભળયા પછી તમારે કાગવૃતિ તજવી પડશે, અગર તમારી એ હડ ધર્મીના સવાલનો શિકાર બિચારો ગરીબુલગુર્બા રખે થઇ જાય. પછી તમારી મરજી છતાં મારે તો કહેવું પડશે કે તમોએ આવો સવાલ પબ્લિકમાં લાવી મારા ઉપર એહસાન કર્યો કે જેથી આજે હું તમારી અંધશ્રધા તેમજ નાદાનીયતનો નાશ કરવા ભાગ્યશાળી થાઉં છું.

હજરત મુસા (અ) નું પાલણુ પોષણુ કરનાર, તેમને નાની ઉમરમાં સંભાળનાર, અને તેમને મહાન દરજ્જો આપનાર ફીરઓન કોણુ હતો ? મોમિન હતો કે કાફર ? બોલો મી. ગૈન ! તમારો શો જવાબ છે. ફીરઓનનો નાશ કરવા બદલ હજરત મુસા (અ) ને (મઆઝલ્લાહ) નિમક હરામ કહેશો કે કુદરતની બલિહારી કહેશો ? તેહકીક ઈસ્લામીઓ તો એમજ સમજે છે કે, અલ્લાહ પાક ગમે તેવા કાફરોની વચ્ચે પોતાના નુરને સલામત રાખે છે, અને તેજ કાફરો કુદરતે ઇલાહીથી તે નુરની પુરેપુરી સંભાળ રાખે છે. આ જગ્યાએ હું વધુ ઉંડાણુમાં ઉતરવા નથી. માંગતો, મારે તમારી માફક નાલાયક ઝબાન દરાઝી

કરવાની નથી. કેવળ સમજનારાઓએ સમજવાનું છે. અને તમારા જેવા અજ્ઞાનીઓને આ જ્ઞાન રૂપી ફટકો ફુંણસ છે.

એ નબીઓના દાખલા આપી લંબાણુ કરવા માંગતો નથી; પરંતુ તમો એ તો કહો કે મુસે રઝા માથે એહ-સાન કરનાર, તેને કોથલા ઉપરથી ઉપાડી રેશમના ગદેલા ઉપર બેસાડનાર અને પોતાનો વલી એહદ બનાવી તેને પોતાની ખુબસુરત પુત્રિ આપનાર મામુન રશીદ માટે તમો શું કહો છો ? તમોને સોગન છે, અબ્બાસઅલી (અ) ના, અને લાકડાના અલમના કે મામુન રશીદના આટલા મહાન ઉપકારો બદલ તમો બુતપરસ્તોએ શુક્ર ગુઝાર થવું જોઇએ કે નહિ ! ! તમોએ કોઇ દિવસ બની અબાસીઓની શુક્ર ગુઝારી કરી છે ? ખેર હવે જો તમોને નાક હોય તો તમારે બની અબાસીઓના શુક્ર ગુઝાર બનવું જોઇએ. અને તેમાં તમારી લાયકી છે. તમારા ઇમામનો એહવાલ આટલો નિઃસંદેહ કલંકિત છતાં અમારા પાક ઇમામ આગાશાહ હસનઅલીની બીન પાયાદાર અસત્ય હકીકત ગોઠવી કાઢી નાચ કુદ કરો છો. ઓ ! મી. ગૈન ! અમારા ઇમામે કદી કુફ્રનો કલમો ભાખ્યો છે. મહાન લાલચોમાં ન ફસાતાં, સુબ જાગીરો અને લાખોની દોલતને ઠોકર મારી સાથે પોતાની માતૃભુમિને તજી દીધી, અને પોતાની ઇમામત ઉપર કાયમ રહ્યા. જ્યારે એક ખાનદાન ભીખારી જેનામાં

અલ્પ જેટલી ઈમાનદારી હોય તે પણ એવું કામ નહિ કરે, કે જે કામો તમારા ઈમામ સાહેબે કરેલા છે. તમા રાજ લખાણુ પ્રમાણે એક ઝાલિમ, બે ઈમાન અને એહલે બેતે રસુલ્લના દુશ્મનને પોતાના અમીરૂલ મોમેનીન કરી માનવા લાગ્યા. ( બાગે નિજાત, તોહફએ રઝવી ) હવે તકીયાની આડમાં એટલા બધા લુબ્ધ ન થતાં, કે બન્ને બાજુઓનું અહિત થાય, નહિતર મારે તમોને જમાલ-ગોટાની ગોળી આપી એ તકીઆ રૂપી ઝહેરની ઉલટી કરાવવી પડશે. જવાબ આપો તો ઇન્સાફથી આપજો. કાંટાની બન્ને દાંડી સમતોલ રાખજો.

એ તો ખુલ્લી વાત છે કે હમેશા પાપ બોલ્યા વગર રેહતું નથી. અલ્લાહ પાકના લાખો શુકરાના કે ઈમામ આગાશાહ ખલીલુલ્લા (અ) નો ખુની તમારા ટોળાનો માણસ છે, અને ખુદ શાહનો છોકરો તેમાં સામેલ છે. છે. એવી વાત તમો પોતે પેટે તે હોટે સિધ્ધ કરી બતાવો છો. શાહ ખંજર લઇને પોતાના છોકરાને મારવા ગયો, ત્યારે મી. કાબા તથા મી. ગૈન માંડ માંડ શાન્ત કરી શકયા, અને ફરી પાછા તેના અદલની તાઅરીફ કરી નવશેરવાન આદિલ સાથે સરખાવે છે; પરંતુ ભાઈ ગૈન! પ્રથમ કોઈ બે ગુનાહને નિર્દયપણે મારી, કત્લ કરી તેની લાશના કટકે કટકા કરી નાંખ્યા પછી, જગતને અંધકારમાં

રાખવા અને પોતાનું પાપી કર્મ છુપાવવા, તેના છોકરા ઉપર વ્યર્થ ગુસ્સો કરવાથી શું અલ્લાહપાક તે ગુનાહ બક્ષી આપે છે. અગર તે શહેનશાહ નવશેરવાન આદિલની હરોળમાં આવી શકે છે ? હરગિઝ નહિ. તમારા મગજનું ઠેકાણુંજ ક્યાં છે. તમો તો પોતાના સ્વાર્થને ખાતર યઝીદ મલઉનને પણ નવશેરવાન આદિલની ઉપમા આપો તો તેમાં કાંઈ પણ નવાઈ નથી. જેણે કરબલામાં કાળોકેર વરતાવી ઇમામ હુસેન ( અ ) ને બે ગુનાહ કતલ કર્યા, એટલેથી પણ સંતોષ ન પામતાં ઇમામ ઝેનુલ આબેદીન સાથે ચાલાકી કરવા લાગ્યો, કે ખુદા લાઅનત કરે અબ્દુલ્લા ઝયાદ ઉપર કે જેણે આ પાપી કર્મ કર્યું. છે; અને ઇમામ હુસેન (અ) ના ખુનીને પોતાના હાથે કત્લ કરવાની ખોટી ગપ મારી ઇમામ ઝેનુલ આબેદીન (અ) સાથે સલાહ કરી અને માન મરતબો તથા નજરાણું કર્યું. જેથી તમો બુત પરસ્તો યઝીદને પણ ન્યાયી અને ભલો સમજશો ખરા કે ? વિચાર કરીને જવાબ આપજો.

પૈસાએ અખબાર તા. ૨૪ ફેબરૂવારી સને ૧૯૧૧, માં લખ્યું છે કે " હિઝ હાઇનેસ આગા સર સુલતાન મહમદ શાહના પરદાદા શાહ ખલીલુલ્લાહ અલ્પ કાળ માટે યઝદમાં રહ્યા હતા, ત્યાં એક ઇરાની મુલ્લાંના ભરમાવવાથી ( માણસોને ભરમાવવું એ તો અસનાઅશરી મુલ્લાં-

ઓનો મુખ્ય ધંધો છે. ) વિપ્રોએ તેમને શહીદ કર્યા; પરંતુ શાહીદ થનારના ઘણાંએ સંબંધી, મિત્રો, ઈરાનના શાહ કાચારના ઉમરાવો અને વઝીરોમાં હતા. ઈરાનના શાહે એ ડરથી આ લોકો અને શહીદ થનારનો યજમાન ફીરકો ઈસ્માઈલી ઉપદ્રવ મચાવે નહિ; માટે તેઓને કેદ કરી હોજમાં પુર્યા. શાહ ખલીલુલ્લાહનો ઉતરાધિકારી તેમના અલ્પાયુષ પુત્ર મોહમદ હુસન અલ હુસેની નાસી છુટયા."

કેમ ભાઈ ગૈન ! શાહ ફતેહઅલીએ જે ઈસ્માઇલી ઈમામ નામદાર આગાશાહ હસનઅલી સાથે જે ખડાઈ કરી છે તે નહિ કે ભાઈ ભલાઈએ., કે નવશેરવાન જેવા અદલ ઈન્સાફના તરીકાથી. તમારે પણ પૈયસએ અખબારના લેખકની કલમને મહત્વતા આપવી તો પડશેજ. કારણ કે તે એક સુન્ની મુસલમાન છે. બાકી તમારા આદિલો કેવા ઈન્સાફી છે, તે આગળ ઉપર વાંચીને તોલ કરજો. બાકી અહિં તો ઇમામ (અ) ને નિર્દયપણે કત્લ કરનાર અને તેઓને વતનથી બે વતન કરનાર જાલિમ સાબિત થાય છે. તમારા અસનાઅશરી બાદશાહો કેવા ન્યાયી છે! તે તરફ જરા નજર ફેંકો, અને વાંચો સુન્નત જમાઅતની કાઢેલી બુક નામે અલ મેહદી, જેના લખનાર મોલવી મોલાના મહમદ. હાફિઝ અલહક વકીલ સાહેબ હૈદ્રાબાદ (દખણ) વાલા છે. તેમાંથી થોડો ઉતારો કરૂં છું.

પાનું ૨૧ મું:—

"ફીર સલ્તનત બરામક વ સલાતીન હૈદરીએ વ સફીએકા તમામ ઇરાનપર કબજા થા. ઓર શીઅતકા ઝોરો શોર થા. જિસકી મીસાલ નહિ મીલ શકતી. બાદશાહકો હજરત મેહદી શાહેબુલ ઝમાનકા નાયબ બનાકર કોમને ઇસકો સિજદા કીયા. બાદશાહને ઝબરદસ્તી મુલ્કકો ઇસ મઝહબમે ડાલ દીયા. જીસને ઇન્કાર કીયા ઉસે કત્લ કરદીયા. એહલે સુન્નતકી જુમ્માઅ વ જમાઅત રોકદી, ખુત્બે મેં ઇસ્હાનીયા મઝમ્મત બયાન હોતીથી. કુચવો બઝારમેં અયલાન કરકે, હઝારો ઉલ્માએ એહલે સુન્નતકો કત્લ કરા દીયા. ઉન્કી મસ્જીદેં ખરાબ કરદીં, ઓર બડેબડે ઉલ્માં કી કબરેં ઉખેડકે ઉન્કી હડીયાં જલાદીં. જયસાકે એન અલ કુઝ્ઝાત હમદાની ઓર કાઝી નાસીરૂદ્દીન બેઝાવી વગેરાહ વગેરાહકે મઝારૂંકો ઉખેડ દીયા."

ઓ જુલ્મગાર ટોળાવાળા મી૦ ગેન ! તમારા આદિલ સુલતાનોના ઇન્સાફ વાંચ્યા, કેવા ઇન્સાફી છે ( ! ! ? ) નઝદીઓના બાપ દાદાના દિલોમાં પણ કાંઇ રહેમ હોય છે. તેઓ પણ ધોકામાં રહેમ દિલીનું આડંબર કરતા નથી. બલ્કે તેઓ કહે છે કે અમોં ખુદાના હુકમ પ્રમાણે કબર પરસ્તીનો નાશ કરીએ છીએ, પરંતુ ગમે તે ફિરકાવાલાની

કબ્રમાંથી હાડકાં કાઢી બાળતા નથી. જેવો તમારા જાલિમ બાદશાહોએ અનહદ જુલમનો વરસાદ વરસાવ્યો છે. દુનિયાના ઇતિહાસમાં ન તો એવા જાલિમો મળશે કે ન તો ભવિષ્યમાં એવા જાલિમોનો જન્મ થશે. તમારા લેખકો હુસન બિન સબ્બાહ જેવા આલા દરજ્જાના પહેલવાન માથે ન છાજતા બોલ વાપરી હુમલો કરે છે; પરંતુ તમો એવી સાબેતી યા દલીલ રજુ કરી શકશો કે તેમણે કોઈની કબર ખોદી હાડકા બાળ્યા હોય ? અથવા કોઈ સુન્નત જમાઅતની મસ્જીદો ખરાબ કરાવી હોય ? કે તેઓની જુમ્મા જમાઅત બંધ કરાવી હોય. જેમ કે તમારા જાલિમ બાદશાહઓએ કર્યું.

તવારીખોમાં મશહુર છે કે ઇસ્માઈલી પહેલવાનોએ હમેશા મરદાનગીજ બતાવી છે; મરદાનગીનાજ કામો કર્યા છે. તેઓએ અગરજો પોતાની સલ્તનત જમાવી છે, તો તે પોતાના બાહુબળથી ને લડાઈના મેદાનમાં તલવારની તાકાતથી; અને જો એથી તેઓને ખુની તરીકે ચીતરવામાં બેવકુફી કરે તો આખી દુનિયાના ન્યાયનિપુર્ણ બાદશાહોને ખુની તરીકે લેખવા પડશે. પોતાની સલ્તનનો બચાવ કરવા ખાતર એવો કયો બાદશાહ હશે કે જેણે દુશ્મનોને તલવારનો સ્વાદ નહિ ચખાડયો હોય. તેવીજ રીતે ઇસ્માઇલી સલ્તનતો ઉપર જે શત્રુઓ ચઢી આવતા, તેઓ ઈસ્માઈલી

પહેલવાનોની તલવારના ભોગ બન્યા ને એવા લોકોની કતલ થાય, અને તેને જુલ્મ ગણવામાં આવે તો તે મુર્ખતા વગર અન્ય શું કહી શકાય ? પરંતુ ઇસ્માઇલીઓએ અત્યાર સુધી એક પણ હિચકારૂં કર્મ કર્યું નથી; કે જેથી તેઓનેસરમાવું પડે. જેવું તમો શરમંદગીપુર્ણ જીવન પસાર કરો છો. અફસોસ!! મી. ગૈન, તમારો મઝહબ તો હજુ સુધી એક ખુની મેહદીના આવવાની ઉમેદમાં જીવે છે; અને મુવા પછી પણ ઇન્તેકામની ( બદલાની ) ઉમેદ રાખે છે! તમારા ટોલાના માણસો જ્યારે મરણ પામે છે, ત્યારે વેર, ઝેર, હસરતો, અરમાનો અને લાખો તમન્નાઓ ઇન્તેકામ લેવાની ઉમેદમાં મરે છે. પરંતુ તમોને ખબર છે, કે અલ્લાહ પાક તમારા લોકોની આવી નીચ ઉમેદો પુરી કરે!? અલ્લાહ પાક તો રેહમાનો રહીમ છે. તે તો પોતાની ખલકતને તમારા માની લીધેલા ખુની મેહદીથી જરૂર બચાવશે, અને તમો તો એવીજ હસરતમાં ખુદાને મંજુર હશે ત્યાં કોઇ....... ...................જશો વાંચો. એજ અલ મેહદીના કર્ત્તા તમારા માની લીધેલા મેહદી માટે શું લખે છે?

પાનું ૧૯ માં છે કે:—"શીયા અસનાઅશરી કેહતે હુંય, કે હજરત મેહદી, અબુબકર રઝી, ઉમર રઝી, ઉસ્માન રઝી, તોલાહ ઝુબેર વગેરાહ વગેરાહ હજારૂં સહાબીયું કો અપને મોજીઝેસે ઝિંદા કરેંગે. ફિર ઉન્કો કેદ કરકે

અન્જાણ દેંગે. ફિર સુલી દેંગે. ઇસ ઇન્ઝામમેં કે ઇન લોગોંને જનાબ અમીર (અ) કા હકે ખિલાફત ગસબ કીયા થા. ઇન્હોંએ પોહુચાઇથીં. નાઝરીન યહાંતક તો હમકો ઇખ્તેલાફ કરનેકી કોઇ વઝેહ નહિ. જો જયસા કરતા હય, વેસાહી પાતા હય. ઇસ રિવાયતને હમકો તાઅજ્જુબીમેં ડાલ દીયા, હકીકત હાલસે હમકો ખબર કુચ્છભી નહિ. એક કીતાબમેં તાઅરીફ હય; એકમેં શિકાયત હય. ”

“ રાસ્ત વ દરોગ બર ગરદન રાવી. ”

પછી તેમાં ઘણું લંબાણમાં વિવેચન કર્યું છે કે કદાચ અસનાઆશરીઓનો મેહદી કોઇ નવી શરીઅત લાવશે, નહિ તો ખલીફાઓની આવી ખતા તો નથી; કે જેથી તેઓને પાછા જીવતા કરી કેદ કરવા અને ફાંસીએ ચઢાવવા. આગળ ચાલતાં લખે છે કે:—

“ આગે ચલકે, અદલ વ ઇન્તેકામકી એક અયસી દાસ્તાન સુનાઇ કે હમારા તો ખોફસેં કલેજા કાંપ ગયા હય, ફરમાતે હુંય, કે હજરત મેહદી ઇન જાલેગીન દગા બાઝુંકી ઓલાદકી કત્લ કર દેંગે. આગર હમભી હજરત સીદીક (ર) કી ઓલાદસેં હુંય. હમતો ખેર એક સુન્ની હુંય, પર હમારે હજારૂં ભાઇ હજરત સીદીક (ર) કી ઓલાદમેંસે શીયા હુંય. ઓર મઝહબ સીયાહ રખતે હુંય તો અગર ફસ્લ બરકો હજરત ઇમામને કતલ કર દીયા

તો તેહશીયતકો કયા ફાયદા હુવા. અગર શીયા હોનેકે વજેહસેં બચાલીયાતો કીશાસન હુવા. "

ઓ ભાઈ ગેન ! આ સુન્નીભાઈની લખેલી કીતાબ અલ–મેહદીનો ઉતારો છે. મહેરબાની કરીને મરદાનગીની સાથે ખંભો ઠોકીને જવાબ આપજો કે શું ખુની અને જાલીમની પેદાયશ માટે ઇસ્લામીઓ ઇન્તેઝારી કરતા હશે ! કે જેથી વફાત પામેલા પેશવાઓને અને તેની ઓલાદ ફરઝંદોને કત્લ કરે. ખુનરેજી કરી પૃથ્વીને લોહીથી ભરચક બનાવે, શું આ ઇન્સાફને તમોં માનો છો ? હાજીનાજી તો એવા સ્વપ્નાઓમાંજ મશગુલ છે કે " દોડો દોડો જલ્દી કરો. તલવાર બાંધો ઢાલ લો. મારવા માટે તૈયાર થાવ. દીન. દીન. દીન. " પણ ઓ ! વ્યર્થ ગુમાનીઓ ! અગીયારસો વર્ષમાં એવા સ્વપ્નાઓ કલ્પિ કેટલાએ મૂર્ખાઓ મરણને શરણ થયા. નથી સમજી શકાતું કે તમો પણ કેવી હાલતે પહોચશો ?

કદાચ તમોં મોલાના મોહમદ હાફિઝ અલ–હકના લખાણથી ઇનકાર કરો કે આવો અકીદો અમારો નથી. એ જૂઠી વાત છે; તો વાંચો તમારા ખેરૂલઝાકરીન મોલાના હાજીનાજીની લખેલી રાહે નજાત કી૦ ૧૯. હિસ્સો ૧૨. પાનું ૩૨૫. લેખનામે ગાયતુલ મકસુદ લેખક મોઇને ઇસ્લામ વલી મોહમદ ચી. મોમીન. આ આખો લેખ વાંચી જવાની

મી. ગૈનને હું અરજ કરૂં છું, કે તે લેખ પાંચમાં હિસ્સાથી શરૂ થયો છે, જેમાં જણાવ્યું છે કે કયામતની પહેલાં એક નાની કયામત સુબરા હશે. એક ખુદાની હજુરમાં કયામત થશે. અને બીજી બાર ઈમામની આગળ કયામત થશે. મોટી કયામતનો હિસાબ ખુદા પાક પૂછશે, ત્યારે નાની કયામતનો હિસાબ ઇમામ હુશેન (અ): પૂછશે, પછી શીયા અસનાઅશરીઓ મૂવામાંથી જીવતા થશે, અને તેઓના દુશ્મનોને પણ મોજેઝાથી જીવતા કરવામાં આવશે. તેઓને મોમન મારી ફના કરી નાંખશે, પછી કેટલા ગાસબીનની ઓલાદોને પણ કત્લ કરી જડમુળથી ઉખેડી નાંખશે. તેઓ બીચારાઓએ કોઈ પણ પ્રકારનો ગુનાહ નહિ કર્યો હશે તો પણ તેઓને ગુનેહગાર સમજી મારી નાંખવામાં આવશે. અને એંસી હજાર વર્ષ રીબીયાં રાજ્ય કરશે. ( અરે ! ભૂલી ગયો મી. ગૈન અને હાજીનાજી ! અસનાઅશરીઓ રાજ કરશે ) સેતાન ઈબ્લીસને પણ મારી નાંખશે. આખી સૃષ્ટિ માથે તેઓની હકુમત રહેશે. ખુબ એશ અશરત કરશે. કેટલા નબી પણ જીવતા થશે. એ એંસી હજાર વર્ષની હકુમતના અરસામાં બારે ઇમામ ભેગા થઇ રાજ્ય કરશે. કેટલાના કોલ છે કે એક એક ઇમામ પોતાની હકુમત ચલાવશે. તેમાં હજરતઅલી (અ) ચાર હજાર ઉપર કેટલા વર્ષ હકુમત કરશે; પાછા સર્વે આ દુનિયા મુકી જશે.

વળી પાછા કયામતે કુબરામાં જીવતા થશે. બીચારા મુસલમાનોના આગેવાનો હકગસપ કરનાર તરીકે લાત ઠોંસા ખાતા ખાતા મુસીબત ભોગવશે,

અફસોસ! આવા બુતપરસ્ત ટોળાનું શું બયાન કરૂં. સર્વે વાતો ખુદા અને રસુલ મોહમદ (સ) ના હુકમ વિરૂદ્ધજ બયાન કરે છે. કોઈ વખતે અવતારની વિરૂદ્ધતા કરે છે, તો કોઈ વખતે કબુલ પણ કરે છે. માથાફરેલ આવો જાહેલ મઝહબ દુનિયાના તખ્તામાં બીજો કોઈ પણ હશે નહિ. ગેબતે સુગરા ને કુબરા અને કયામતે સુગરા કુબરા એવા પોતાના ઘડી કાઢેલા મસલા ચલાવી રહ્યા છે; પણ મી. ગેન! ખ્યાલ રાખજો. કે જેવી ઝબાન ચલાવી છે. તેવો જવાબ લખવા મરદ થઈ મેદાને પડજો. મેદાનમાં પડયા પાછી પીઠ બતાવવી તેવા હિજડાના કર્ત્તવ્યને બે ઘડી એક બાજુ મુકી આપજો. હું તો માનું છું, કે "ચયસે દીન કહાં કે મીયાંકે પાઉંમેં જુતીયા" તેવી રીતે તમો રીતરાસ્નો જવાબ આપવાના બદલે બગલોજ ઝાંકશો.

આ પ્રકરણ વાંચ્યા પછી-જેણે મામુન જેવાને અમીરૂલ મોમનીન કરીને માન્યા, તેવા તમારા ઇમામને ફરિશ્તેહા લખી મોકલાવજો, યા મામુન રશીદની શુક્ર ગુજારી કરી તેને ખરો અમીરૂલ મોમેનીન કરી માનજો. અલ્લાહપાકની ગતિ કેવી અકળીત છે. જુઓ, ખરા ઇમામનો હક તમારા

માની લીધેલા મુસા કાઝમે બચાવી પોતે ઇમામ થવા ગયો તો અલ્લાહના ગઝબમાં આવી નિરવંશ થઇ તદન સફાચટ થઇ ગયા, અને તેને માનનારાઓ આઠે પહોર માથું કુટવા-માંજ રહ્યા. એ સજાતો તમોને ખુદા તરફથીજ હાંસિલ થએલી છે, કે જેથી ઝલીલ જીંદગી આ જગતમાં પસાર કરવાના.

મી૦ ગૈન. તમારા માની લીધેલા ઇમામ મહુમદને ઇમામ તકીનો છોકરો જેના માટે પણ તમારા ખુદાને બદા થઇ; અને બીજી વખત ભૂલ્યો. જેથી હુસન અસગરી ઇમામ થયા. કેવા જુઠ્ઠી રીતે ગલે પડો છો. હજરત ઇમામ ઇસ્માઇલને પોતાના બાપની હયાતીમાં વફાત કરી ગયા માનો છો; પરંતુ હજરત ઇમામ ઇસ્માઇલ પોતાના પિતાની વફાત પછી ઘણાં વરસ સુધી હયાત હતા, અને ઇમામત ભોગવી હતી, બાકીતો તમારા હદીસોના રાવીઓનું એ કમીનાપણું છે કે હજરત ઇસ્માઇલ પોતાના બાપની હયાતીમાં વફાત પામ્યા. જે જુઠ્ઠા રાવીઓ ઉપર ખુદ ઇમામ જાફર સાદીક અ૦ મે લાનત કરી છે.

એ તો ખુલ્લું છે કે તમારા જેવા જાહેલના કોલનો અમો કદાપિ એતેબાર કરીએ નહિ. અમારી પાસે ઇમામે ઝમાન સાહેબુલ અમ્ર હાજર ઇમામ મોલાના આગા સુલતાન મોહુમદશાહનું મુબારક ફરમાન છે કે હું હજરત

ઈસ્માઈલ (અ) ની ખાનદાની ઓલાદમાં છું. હું ઈસ્માઈલી છું. મુસા કાઝમેં હ૦ ઈમામ ઈસ્માઈલ સાથે સખ્ત દગો કર્યો. તેને (મુસા કાઝમને) માનનાર જુઠી ખબર ફેલાવવા લાગ્યા કે હ૦ ઈસ્માઈલ પોતાના પિતાની હયાતીમાં વફાત કરી ગયા હતા, તે જુઠ્ઠા છે. ઈમામ ઈસ્માઈલ પોતાના પવિત્ર પિતાની વફાત બાદ ઘણાં વરસ જીવતા હતા."

તમારો અગ્રગણ્ય માનીતો બદાનો લાનતી ગસશો જો તમારા આગેવાનો વચમાં નહિ લાવતે તો હજરત ઈમામ ઈસ્માઈલનો હક તમો સર્વ ઉપર રોશન થઈ જતે, પણ ખુદાને ભૂલી જનાર તરીકે માનનારાઓ આ દુનિયામાં ખુવાર થાય છે અને પેલી દુનિયામાં થશે.

"ન હમકો સતાતે ન હમ તુમસે કેહતે;
તુમારે કીયેકી સજા પા રહે હો."

## પ્રકરણ ૧૧ મુ.

### જુઠા ડંકાના પ્રકરણ ૧૦, ૧૧, અને ૧૨ ની સખ્ત ઝાટકણી

જો અલ્લાહુપાકને ઈબ્લીસને મદદ કરવા માટે બે ચાર માણસો આપવાની જરૂરત હોત, તો એ બુતપરસ્તોમાંથી જરૂર બે ચારને મુકરર કરી આપત; પરંતુ સેતાન એવો જાલિમ છે કે તે પોતાની સત્તા ભાઈ ગૈન માથે તો પુરેપુરી જમાવી ચુકયો છે. ઇન્સાનોના દિલમાં વહેમ નાંખી. પવિત્ર ઈમામો અને નબીઓથી માણુસોને ગુમરાહ કરી નાંખવાનું કામ સેતાનનું છે. તેવીજ રીતે મી. ગૈન મરહુમ મી. કાબાના કાર્યના આધારે ખુદાની ખલકતને ગુમરાહ કરી રહ્યા છે, તે શું ખોટું છે? જુવોને પોતાના પુસ્તકમાં નીચેની શંકાઓ જાહેર કરે છે. જેનો જવાબ વાંચી વાંચક

બીરાદરોને ખાતરી થશે કે તે ઇમામીયા ફીરકાના નથી, પરંતુ કોઇ.........

મી. ગેને એ ત્રણ પ્રકરણમાં અમારા મોલા આકાએ નામદાર ઇમામે ઝમાન નામદાર આગાખાનની જે મઝાક મશકરી કરી છે. તેવી કોઈ પણ મુસલમાન પછી તે ગમે તે ફીરકાનો હોય તે કદાપિ પણ આવું નીચ કૃત્ય ન કરે. જેવું કે ખારજીઓ જે પોતાને મુસલમાન કહેવડાવી પેગમ્બરે ખુદાની એહલેબેતની દુશ્મની રાખે છે.

અમો અમારા ઇમામના ફરમાન પ્રમાણે કોઇની પણ પંચાતી કર્યા સિવાય તેનીજ મોહબ્બતમાં શાન્તિ સાથે આનંદના દિવસો પ્રસાર કરતા હતા. પરંતુ બુતપરસ્ત ટોળાના લેખકો વરસો થયા અમારા ઇમામે ઝમાનની નિંદા કરતા હતા અને ન છાજતા બોલ વાપરતા હતા. નામદાર આગાખાન પોતાને ફાતેમી સૈયદ કહેવડાવે છે, તો તે બુતપરસ્તોને જન્નને ખાતુનના નામની પણ શરમ આવી નહિ. તમો નામદાર આગાખાનને ઈમામ સમજો કે ન સમજો તે તમારી ખુશીની વાત છે, પરંતુ એક મુસલમાન હોવાના દાવેદારે એક સૈયદ ઉપર કમીની ઝબાન ચલાવી ન છાજતા શબ્દો બોલવા એ ધિક્કારવા જેવું કર્ત્તવ્ય છે. અમારા ઇમામનું મુબારક નામ ગમે તે ફીરકાનો કોઈ પણ મુસલમાન લે છે. તો તે અદબની સાથે પવિત્રતા સાથે તેનો ઉચ્ચાર કરે છે.

ઓ! શીયાને અલી (ક) ના નામને લજાવનારા બુતપરસ્તો! તમો નામદાર આગાખાનને આગા સાહેબ યા આગાખાન ન લખતાં હીકારતની સાથે "આગલા" લખો છો. તેમાં તમારી લાયકાતનું પ્રદર્શન ખુલ્લું મુકો છો. ધિક્કાર છે તમારી આવી હિર્સભરી હાલતને કે શીયાને અલી કહેવડાવી હજરતઅલી (ક) ની ઓલાદની દુશ્મની કરવી તે કઈ કીતાબના આધારે? શું સૈયદે અલવીઆવાળી રિવાયતને ભૂલી ગયા. ત્યાં તો તમારી ચોખ્ખી માન્યતા છે કે રસુલ્લ મોહમદ (સ) ની ગોદડીમાં જે માથું છુપાવે ને કહે કે હું સૈયદ છું તો પછી તેને કાંઈ વધારે પૂછવાનો હક નથી. તમારી પાસે કાળી પાઘડી બાંધી જે સૈયદોના ટોળે ટોળા આવે છે, તેની તમોને ખબર છે, કે તે કોઈ સયદ છે કે યા કોઈ જુલૈયા પીંજારા છે? પરંતુ તેઓને તો અંધશ્રધામાં તણાઇને હજારોને લાખો રૂપીયા કાઢી આપો છો. તેઓને તમો ઓળખતા નથી છતાં ક્યામતમાં તમોને ખુબ આપશે, એ આશાએ પોતાનો સંપૂર્ણ ભોગ આપો છો, ત્યારે બીજી બાજુ જે એક ફાતમી સૈયદ છે. તેના માટે અપશબ્દો વાપરો છો. તે તમારી વર્તણુંક ધિક્કારને પાત્ર નહિ તો બીજું શું? જ્યારે અમો નામદાર આગાખાનને અમારા ઇમામ તરીકે માનીએ અને તેમનો હક આપીએ ત્યારે અમોને આગળ નહિ મળે એવું બદી મારો છો. તે કેવળ

પગમાં બળતી લાઇ જોયા સોવાય ઈર્ષાઅગ્નિમાં બળી, ધર્માંધપણે લવી નાંખો છો.

પ્રથમથીજ યઝીદીઓની એવી વર્તણુંક છે. જેવી રીતે શીમર મલઉને હજરત અબ્બાસ અલમદારને કહ્યું હતું. તે તમારી કીતાબમાં પણ છે.

"તુમ પાની પીઓ આનકે હમ છીન ન લેંગે;
પર ફાતમાકે લાલકો એક બુંદ ન દેંગે."

તેહકીક એવા બાજારી ચલતા પુરજા કાળી પાઘડીવાલા તમારી આગળ જે સૈયદો છે, તેઓના હાથ પગ ચુમો છો. પોતાના બાળ બચ્ચાને ન ખવડાવતાં તેવા ભમતા ફકીરોને ખુબ માલ મતા ખવડાવો છો, અને લાખો રૂપીઆ આપો છો, ફક્ત દુશ્મની છે તો માત્ર ફાતેમી સૈયદ ઈમામે ઝમાનની સાથે, અને તે સાચા સમિપના સૈયદના શત્રુઓ છો. તેઓને દુ:ખ દેવા માટે કમર કસી તમે નીકળ્યા છો. તેના પવિત્ર નુરને મીટાડવાની કોશિશ કરવી સવાબે અઝીમ સમજો છો. પણ

"ફુંકુસેં યે ચીરાગ બુજાયા ન જાયગા"

ઓ ગુમરાહ ગેન ? જે પાકનુરને યઝીદીઓની જાલિમ તલવારોયે મીટાવી ન શકી, તે નુરને બની અબાસી પણ હોલવી ન શકયા, તે નુરનો દુશ્મન હલાકુખાન હેરાન પરેશાન થઇ ગયો. જે નુરને અલ્લાહપાક ઈરાનીઓના જુલમો

વચ્ચે સલામત રાખી શકયો; તે પાકનુરને તમો મીટાડવા તત્પર થયા છો પણ

"ફુંકુસેં યે ચીરાગ બુજાયા ન જાયગા."

એ તમારી વ્યર્થ કોસિશો માટે વાંચો અલ્લાહ પાકનો કલામ "કાફરો અલ્લાહપાકના નુરથી અણગમો રાખે છે, તેને બુઝાવવાની કોશિશ કરે છે; પણ અલ્લાહપાક પોતાના નુરને સલામત રાખે છે."

"ઓલાદ અલી ફાતમાકા નહિ મીટા નહિ મીટા;
મીટ ગયે આપ વો ઓરૂંકો મીટાને વાલે."

તમોએ એકજ વાત આખા પુસ્તકમાં કુટી પુસ્તક પુરૂ કર્યું છે; પરંતુ એકાદી નવી વાત તમોએ પેશ કરી છે તેનો જવાબ આપું છું.

**સવાલ**—"મી. દ્રેથ! તમારે તમારા માની લીધેલ હીદાયતી નુરને ખરી રીતે ડંકાને ચોટે જાહેર કરવા હોય તો તેવણની સહી સાથનો ખરડો બહાર પાડો કે તે પોતાને કેવી રીતે ખુદાવંદના નુરપાક તરીકે સાબીત કરે છે. જ્યારે તેવણ સાહેબ તેવો દાવો કરતા નથી, તેને દાવો કરવાનો હક નથી, ત્યારે તમારા જેવા મુર્ખાઓ ગમે તેવા બકવાદ કરે તેથી શું વળવાનું છે? જ્યારે તેમને હિદાયતી નુર નથી એ સાબીત નથી કરી શકતા તો પછી સેતાન માફક બીજાને હિદાયત શા માટે કરો છો."

જવાબ

જો તમોને ખુદાએ આંખો આપી હોત, તો અમારા ઈમામના જાહેર ફરમાન મુબારક બરાબર વાંચી શકતે. જેમાં ખુલ્લી રીતે ફરમાવ્યું છે, કે "જે લાકડી ઇમામહુસેન (અ) ના હાથમાં હતી, અને તે ઈમામ હતા; તેજ લાકડી મારા હાથમાં છે. હું પણ ઈમામ છું. હું ઇમામહુસેન (અ) છું. મારી પાસે પણ એજ શક્તિ છે, કે જે ઇમામહુસેન (અ) પાસે હતી" મી. ગૈન. કરબલામાં ઇમામહુસેન (અ) મેં યઝીદીઓને કહ્યું હતું કે હું જન્નતે ખાતુનનો ફરઝંદ છું. હું ઈમામે જમાન છું. છતાં પણ આલીમોએ ફતવા આપી આપને ઇમામતથી ખારિજ કર્યા; અને તેઓ (યઝીદીઓ) તમારી માફક લખેલી સનંદ માંગતા હતા ઇમામહુસેન (અ) મેં ફરમાવ્યું, કે મારા વચન ઉપર વિશ્વાસ રાખો. મારી સનંદ મારી ઝબાન છે. હું રસુલે ખુદા મોહમદ (સ) ની આલેઔલાદ છું. અને તેની રીતે અમારા ઇમામે ફરમાવ્યું છે કે જો યઝીદીયોની માફક તમારા દિલો ઉપર પરદા પડયા હોય તો અમો શું કરીએ. બાકી મુસા કાઝમે જેમ વાણીયાશાહી વીલ કરી, અલી મુસે રઝાને દસ્તાવેજી ઇમામ મુકરર કર્યા, એવી વાહેયાત સનંદનો અર્થ કાંઇ નથી. કદાચ અમારા પવિત્ર ઈમામને તમારા કાલી પાઘડીવાલા મુલ્લા મોલવીઓ ફતવા આપે તો તે યઝીદીયોના

વાહિયાત કૃતવા જેવા ધિક્કારવા યોગ્યજ તમારે સમજવા. અમારા મોલા માટે આવા ધમપછાડા તમારા જેવા ખુતપ રસ્તો અને મી. કાબા જેવા કરતા અને રહ્યા છે. તેમાં આખી દુનિયાને ખાતરી થઇ ચુકી છે કે ખોજા કોમને મુસલમાન બનાવનાર પીર સદરૂદીન સાહેબ ઇસ્માઇલી ઈમામો તરફથી આવ્યા હતા; અને તે જમાનામાં તો તમારા માની લીધેલા ઈમામો ખલાસ થઈ ચુક્યા હતા. તેઓનું નામ કે નિશાન પણ નોહતું. તમારી સઘળી વ્યર્થ કોશિશો બરબાદજ અને પાયમાલ થઇ ગઇ હતી. એમ મોતેબર તવારિખોના આધારે સ્પષ્ટિકરણ થઈ ચુક્યું છે; છતાં પણ તમારી નાદાનીયત છે કે:-

અમેં ચઢીએ ભલે પડીએ, તથાપી લેશ નાં ડરીએં
છતાં હિમ્મત થકી વઢીએ, અમારી ટંગડી ઉંચી.

હાજીબીબીના કેસની દલીલ આપી ભાઈ ગૈન! તમો લખો છો કે, “હાજીબીબી જે તમારા આગા શાહેબની ફોઇ થાય, તે તો કહે છે કે, આગા અલીશાહ, આગાશાહ હુસનઅલી, અને સુલતાન મોહમદશાહ સર્વે ખોજાઓના પીર છે, પણ ઇમામ નહિ.” આનો જવાબ આગળના પ્રકરણોમાં આવી ચુકયો છે. છતાં ફરી જણાવવાનું કે, હાજીબીબી અસનાઅશરી ધર્મ પાળતાં હતાં. અને તેથી

તેઓ એમ કહે તેમાં શી નવાઈ? અને આવી રીતે તમારા માની લીધેલ ઈમામ અલીમુસે રઝાને તેના ભ ઓએ દગલબાજ કહ્યા છે. મુસા કાઝમને દગલબાજ બે સગાજ જાણાવે છે. તો તેના માટે તમો શું ફેંસ કરશો?

ભાઇ ગૈન! તમો લખો છો કે, ઘરના માણસોને ખબર હોવી જોઇએ. અને તે કારણથીજ હાકીમાની ગવાહી ભરોસાપાત્ર છે. ભાઈ ગૈન! તમો મહેરબાની તમારી જહાલીયતને મુકી હસન અસગરીના ભ જાફર, તકીના દીકરા ઉપર ભરોસો કરો. તે હ અસગરીનો સગો ભાઈ હતો. તે કહે છે કે, મારા ભા કંઈ પણ ઓલાદ ન હતી. તે ઓલાદ વિનાનાજ દુનિયામાંથી મરી ગયા છે, મહેદી નામે કોઈ છોકરો જન્મેયોજ નથી. આવી આવી સાબિતિઓ છે. છતાં શામાટે આવી વાહિયાત માન્યતા રાખી બેઠા છો? જન્મ તારીખની ખબર નથી. તે કયા સનમાં પેદા થર તે પણ ખબર નથી. છતાં તે ગારમાં છે, એવું ઠોકી બેસ વજુદ વગરની વાતો ઉપર શામાટે ભરોસો કરો છો? અ લીધે તો તમારા મુજતેહદોએ કંઇ કંઇ કાળાં ધોળાં છે. જુઠી હદીશો બનાવી કુરઆને શરીફની જુઠી તાફ કરી ખુદાને બદા થાય છે, ખુદા ભૂલી જાય છે, એવા ર

મસલા ઉપજાવી કાઢી, પોતે તો દોઝખે હાવીયાગાં ગયા, પરંતુ સાથે સાથે તમોને પણ તે નરક જવાના રસ્તા બતાવતા ગયા. જેમ તમો અમોને સલાહ આપવા અને હુજત કરવા નીકળ્યા છો, તેમ હું પણ તમોને સત્ય સલાહ આપું છું કે, જાફરબીન તકીના ફરમાનને કબુલ કરો. તે તમારા ઇમામનો દીકરો અને તમારા ઇમામના ભાઇ થાય છે. એટલે તમારા લખાણ મુજબ તે હસન અસ્કરીના ઘરના માણસ થયા છતાં તેમને મુકી મુલ્લાં અને મોલવીઓ પાછળ શામાટે ભટક્યા કરો છો ?

મી. ગેન ! ફરી તમો સવાલ કરો છો કે, "તમારા ઇમામને કોર્ટના સવાલ વખતે એમજ કહેતા સાંભળ્યા છે કે, મને યાદ નથી, મને ખબર નથી, હું જાણતો નથી, ત્યારે તેમને તમો લાખો રૂપિયા આપો છો તે કેવી રીતે યાદ રહેશે ? વખતે નોંધપોથીમાં લખી રાખતા હોય તો શી ખબર ?" આવી રીતે બે ત્રણ પાનામાં ખાલી માથાકુટ અને ના૦ નામદાર આગાખાન ઉપર મજાક મશ્કરી કરી છે, ભાઇ ગેન ! તોહફ્એ રઝવીયા પાનું ૧૩૪ તો જરા વાંચી જુઓ.

"સુલેમાન જાફરની સાથે મુસે રઝા ઘરમાં પ્રવેશ કરે છે. ઘરમાં સમાર કામ થતું હતું. ત્યા એક કાળા ગુલામને જોઇ માણસોને પુછયું, આ કોણ છે ? માણસોએ

જવાબ આપ્યો કે એને મદદ કરવા માટે રાખ્યો છે. પાછું પુછ્યું કે, એની સાથે મજુરી ઠરાવી છે?"

ના. આગાખાન ઇમામ નહિં; પણ આ લદુન્ની ઇમ્મનો દરિઓ મુસે રઝા! માણસ જેવા માણસને જોઈ પુછે છે, કે આ કોણ છે? વળી મજુરી માટે પણ પુછે છે, એટલું પણ નહિં સમજતા હોય, કે એક મજુરને મજુરી સિવાય તો નહિં રાખ્યો હોય? તોહફએ રઝવીયા પાનું ૨૧૮. તમારા અલી રઝાનું ઈકરાર નામું લીટી ૨૪ મી. ઇમ્મે લદુન્ની જાણનાર તે સાહેબ ફરમાવે છે કે, "મને ખબર નથી કે મારા અને તમારા બારામાં કેવી વર્તણુ ચલાવવામાં આવશે? ખરેખર તમામ હુકમો ખુદા માટેજ છે, અને તેજ હિદાયત કરનારો છે. અને ખરો ચુકાદો આપનાર પણ તેજ છે."

ઓ અલી રઝા! તમે ઇમામ થઇ એમ શામાટે બોલ્યા કે "મને ખબર નથી?" યાદ રાખજો, આટલું વાંચ્યા પછી મી. ગૈન અને તેનું બુતપરસ્ત ટોળું તમોને ઇમામ તરીકે નહિં માને. તમારા બોલેલા શબ્દો "મારા અને તમારા બારામાં શું થશે?" મી. ગૈનના પેટમાં છુરીઓ ભોંકાતી હશે. કેમ ભાઇ ગૈન વાત તો ખરી છે ને? આવી આવી દલીલો લખતો જાઉં તો મારી દાઢી

પણ સફેદ થઈ જાય, છતાં ખુટે તેમ નથી. પરંતુ તેને બદલે ટુંકામાંજ પતાવીશ.

શું તમારા ઈમ્મે લદુન્નીને જાણનાર એકલા માલીકને એટલીયે ખબર ન્હોતી કે મને ઓલાદ થશે યા નહિ ? શું એક સાધારણ મુસલમાન જેટલી પણ શ્રદ્ધા ન્હોતી ? ખુદા પાસે તેઓએ દુવા માગી કે, "ખુદાવંદા! મારા અને ભાઇઓ વચ્ચેથી શૈતાનને દુર કર ! હું જો સારૂં કામ કરતો હોઉં, અને તે તમને પસંદ હોય તો મને ખબર આપ. જો ખરાબ હોય, તો તેના બદલાથી મને વાકેફ કર. ( પાનું ૧૨૨ )"

મી. ગૈન ! એક અભણ અને જાહેલ માણસ કોઈ સારૂં કામ કરે છે. તો તેનું દીલ સાક્ષી આપે છે, કે મેં સારૂં કામ કર્યું. જે ખરાબ કામ કરે છે. તેનું દીલ તેને ફિટકાર આપે છે. છતાં અહિં તો તમારા સાહેબે ઝમાન, જમીન વ આસમાનના માલીકને પોતે જે કામ કરે છે, તેની શુદ્ધ પણ નથી. તેમની દુવા કબુલ નજ થઈ. અને શૈતાન. બંને પાર્ટીઓ સાથેજ રહ્યા.

લોઅલો વલ મરઝાન પાનું ૩૭૫ "ઇમામહુસેન અ૦ મે પોતાનો ઘોડો પાણીમાં નાંખ્યો. આપે ઘોડાને કહ્યું કે, તું પણ પાણી પી. હું પણ પીયું છું. ( નુરે ઇમાનગાં એજ

હાજીનાજી લખે છે કે, " ઈમામહુસેન પાણી કેમ પીએ ? એ તો ઘોડાને દિલાસો આપી પિવરાવતાં હતાં. ") પછી ઈમામહુશેન અ૦ મે ફુરાતમાંથી એક ચુલુ પાણી પીવા માટે લીધું. એક મલઉને બુમ મારીને કહ્યું કે, અય હુસેન ! એહેલે હરમના ખેમાની ( તંબુની ) ખબર લ્યો. તે તારાજ થઈ ગયો. હજરતે પાણી ફેંકી દીધું, અને તે લોકો ઉપર હુમલો કર્યો. અને તેમાં ખેમા સુધી પહોંચી ગયા. જઈને જુએ છે તો ખેમો સલામત. આથી તેઓ હજરત સમજ્યા કે, મક્કારોએ દગો કર્યો છે. "

ભાઈ ગૈન ! તમારા જેવા કાચા ઇમાનના માણસો જનાબ ઈમામહુસેન અ૦ ને આ વાતથી ઇમામ નહિં સમજે. આ વાત ઉપર હું ટીકા ન કરી શકું. કારણ કે ઇમામોના કાર્ય તપાસવા, તેઓની વાતો ઉપર ટીકા કરવી, તે મોમિન ઈમામીયા ફીરકાવાળાનું કામ નથી. પરંતુ ઇમામોની આવી વાતો ઉપર ચુંથણા કરનાર તમારા જેવા મઉલનનુંજ કામ છે.

મારો અકીદો એવો છે કે, ઈમામ અગર જાહેરમાં કોઇ પણ વાત કરે, અથવા વાયદો કરે, પણ તે દરેક વાયદા ને વાત માટે બાતુન પણ હોય છે. એ બાતુનને કમઅક્કલ ઇન્સાનો સમજી શકતા નથી. ન તો તેઓમાં સમજવાની શક્તિ છે, જેમ મી. ગૈન હલકાઇ કરી અમારા

ઈમામ ઉપર નછાજતી ટીકા કરે છે, તેમ હું જો તેમના જેવો થાઉં તો મી. ગૈનની એકે એક પોઇન્ટને તોડી ટુકડે ટુકડા કરી ફેંકી દઉં. પણ હું જેમ મારા આકાએ નામદાર હ૦ ઈમામહુસેન અ૦ ને માનનાર છું, તેમની ગુલામીનો દમ ભરૂં છું. તેમ જનાબ સાહેબે ઝમાન, હાદીયુલ મહેદી હ૦ હુસેન અ૦ નું નુરપાક નામદાર આગાખાનને પણ સમજું છું. એટલે ઈમામોની વાતો ઉપર મી. ગૈન યા તેના ટોળાવાળા ભલે ટીકા કરે, અથવા પોતાના ખારજી ખીયાલો ભલે દેખાડે, એ તેઓની મરજીની વાત છે. પણ મારાથી તો તેમ નહિંજ થાય.

કિતાબ નુરેઈમાન ૧૮ મી, હી. ૧ લો પાનું ૩ જું. હાજીનાજી—“ અને બિહારૂબ અનવારમાં છે કે, જ્યારે ઈમામહુસેન અ૦ સલવીઆમાં પહોચ્યા, ત્યાં મુસ્લીમની શહાદતની ખબર સાંભળી. ત્યારે હ૦ ઈમામહુસેન અ૦ એ પોતાના સાથીઓને ફરમાવ્યું ‘ મેંને તુમકો બખ્યાલ ઈસ્પે અપને હમરાહ લીયા, કે શાયદ મુઝે હુકુમતે એરાક હો. ઓર જો લોગકે મુદઈ હમારી દોસ્તીકે હેં, હમારી નુસરત વ મદદ કરેંગે. તો તુમ સબભી મુંન્તેફા હોતે, લેકીન અબ મુઝે ખબર પહોચી મેરે ભાઇ મુસ્લીમબી અકાલ ઓર હાનીબીન ઉરવા ઓર અબ્દુલાબીન અક્તાર કો અહેલે કુફાને શહીદ કીયા. ”

મી. ગૈન ! શું તમારી માન્યતા એવી છે કે, ઈમામ-હુસેન અ૦ બાદશાહીની નિયતથી નીકળ્યા હતા ? અને મુસ્લીમના મોતની તેને પ્રથમ ખબર નહતી ? પાછળથી ખબર પડી ? ધિક્કાર છે તમારી બિહારૂલ અનવારને, અને સાથે ઇરશાદને. આથી તો તમો હ૦ ઈમામહુસેન અ૦ ના મુનકર થશો. ભલે થઈ જાઓ. પણ અમોને તો તે આકાએ નામદારની જરૂરત છે. જેવી રીતે હ૦ ઈમામહુસેને પોતાની બેખબરી દેખાડી, તેવી રીતે ના૦ આગાખાને કોર્ટમાં બે ખબરી દેખાડી, તેથી શું થઈ ગયું ? અને તેઓ અમારા ઇમામ છે, તેમાં તમારા જેવાને એતેરાઝ કરવાનું કંઈ પણ પ્રયોજન નથી.

" કિતાબ લહુફ઼ ઔર મુન્તખીબ વગેરામેં મન્કુલ હુય. ( મોહમદ હનફીયાએ ઈમામહુસેન અ૦ ને મનાઈ કરી કે તમે એરાક તરફ ન જાઓ. તો ઈમામહુસેન અ૦ ને જવાબ આપ્યો, ) કે, અય ભાઈ ! મુઝે અંદેશા હુય, કહીં ઐસા ન હો, કે યઝીદબીન મોઆવીઆ બગકરો દગા હરમે ખુદામેં મુઝે કત્લ કરે. તો મેરી વજેહસેં હુરમત કાઅબાકી ઝાએ વ બરબાદ હો. " શું ઈમામહુસેન અ૦ ને ખબર ન હતી કે હું કયાં શહીદ થઈશ ? ( પા. ૧૬૨. )

" ઔર સયદ ઈબ્ને તાઉસી અલૈહી રેહમાને રિવાયત કી હૈ કે, ઇમામેહુસેન અ૦ તીસરી તારીખ માહે જીલહજકો

મકકે મોઝમાંસે તરફ ઈરાકકે રવાના હુવે. ઔર ઉસ રોજ તક ઉન હજરતકો શહાદતે મુસ્લીમ બીન અકીલસેં ખબર ન પહોંચીથી. ઔર ઉસી રોજ હ૦ મુસ્લીમ અ૦ કુફે મેં કત્લ હુવેથે." (બિહારૂલ અનવાર) ઇમામને બે ખબર માનવાથી જેવી લાનત મલામત મી. ગૈન અમોને કરે છે. તેનાથી ચોથા ભાગ જેટલી પણ મજલીસી અને તાઉસી ઉપર કરશો, તો પણ હું તેમને ઈન્સાફી સમજી સંતોષ માનીશ.

નુરેઈમાન કિ. ૧૯ મી પાનું ૨૬. "હ૦ યાકુબ, હ૦ યુસુફની જુદાઇમાં કહેતા હતા, "અય ફરજંદ! તુજકો તેંગે ઝુલ્મસેં હલાક કીસને કીયા? કીસ દરીયામેં ડુબા દીયા? કીસ ચાહમેં ડાલ દીયા? કીસ કબ્રમેં દફન કર દીયા?" શું યાકુબ અ૦ નબી ન હતા? અથવા તો તેમને એવી ખબર નહતી કે મારો યુસુફ જીવતો જાગતા બેઠો છે? બાદશાહી કરશો, અને ફરી પાછા મળીશું. આવી આવી દલીલો સાંભળતાં હવે તો તમારે બધા નબીઓ અને ઇમામોથી મુનકર થવુંજ પડશે.

નુરે ઈમાન કિ. ૨૦ મી પાનું ૫૬. "હ૦ ઇમામહુસેન અ૦ ની સાથે હુર પણ સાથે ચાલ્યો. જ્યારે જમીને નયનવામાં આવ્યા, તો આપના ઘોડો ઉભો રહી ગયો. તેથી આપ બીજા ઘોડા ઉપર સવાર થયા. તે પણ નહિં ચાલ્યો.

આમ છ ઘોડા બદલાયા, ત્યારે ત્યાંનાં રહીશોને પુછયું કે, આ જમીનનું નામ શું છે? તેઓએ અરજ કરી કે, આપ નામ શામાટે પુછો છો? 'આગળ ચાલો.' આપે તેઓને ખુદા રસુલની કસમ આપી, અને કહ્યું કે, મને નામ બતાવો. છેવટે ઘણી એક રકઝક પછી તે લોકોએ જણાવ્યું કે એનું નામ 'નઈનવા' છે. આપે ફરમાવ્યું, એ સિવાય બીજું કોઈ નામ છે? તેઓએ જણાવ્યું કે 'શતે ફુરાન' પણ કહે છે. ત્યારે ઇમામ અ૦ મે ફરમાવ્યું, આ બે સિવાય ત્રીજું કોઈ નામ છે? તેઓએ અરજ કરી, કે આ જમીનને કરબલા પણ કહે છે. પછી આપે ત્યાંથી એક મુઠી માટી મંગાવી. અને પોતાના જેબમાંથી માટી કાઢી તેની સાથે મેળવી જોઇ. અને ફરમાવ્યું કે "આ તેજ જમીન છે કે, જ્યાં મારૂં કામ થશે."

બી. બેન! તમારા જેવા નાપાક ખ્યાલના માણસો તો ઇમામહુસેન અ૦ ને બિલકુલ બેખબર ગણશે. અને ઇમામ પણ નહિં માને.

મજકુર કિતાબ પાનું ૧૩૦ માં છે કે, ઇમામ હુસન, હુસેન (અ૦) ક્યાંક ફરવા નીકળી ગયા. પએગમ્બરે ખુદાએ માણસ મોકલી તપાસ કરાવી, પણ ક્યાંએ પતો લાગ્યો નહિં. પછી તેઓની જુદાઈમાં ફરમાવ્યું મને કોણ હુસન,

હુસેન દેખાડશે ? તેઓની સાથે જે મને મેળાપ કરાવશે, તેને ખુદા બેહિસ્ત અતા ફરમાવશે. એટલામાંજ જીબ્રઈલ આવ્યા, તેણે કહ્યું, અય હજરત ! શેનો ગમ છે ? આપે ફરમાવ્યું, મારા નુર ચશ્મો કયાંક નીકળી ગયા છે ! હું યહુદીઓથી ડરૂં છું. શાયદ મારા બચ્ચાંઓને કંઇ નુકશાન નહિં થાય. ”

ઓ ખારજી ખ્યાલના મી. ગૈન ! મજકુર બિના ઉપરથી તો તમારા જેવા જાહેલ લોકો પએગમ્બરે ખુદાને પણ બેખબર સમજશે. પણ તમારી સેંકડો રિવાયતોમાં છે કે, ઇમામહુસેન અ૦ ના જન્મ પહેલાં રસુલે ખુદાને ખબર હતી કે, કરબલામાં શહીદ થશે. જો એમ હતું તો પછી અહિંયાં શામાટે લખો છો કે રસુલિલ્લાહ યહુદીઓથી ડરતા હતા ? ખરેખર તમારા ટોળાનો કંઇ પણ ઢંગધડો નથી. એક જગ્યાએ જે બિનાનું વર્ણન કરો છો, તેજ બિનાને બીજી જગ્યાએ જુદી વર્ણવો છો. એટલે તમારી કઇ બાબતો ઉપર ભરૂસો રાખવો ? એ સમજવું મુશ્કેલ છે.

નુરેઈમાન કિ. ૨ જી હિ. ૭ મો. પાનું ૧૦૭. “અગાઉની કિતાબથી રિવાયત લખે છે કે, જ્યારે ઇમામહુસેન અ૦ કરબલામાં તને તનહા રહી ગયા. ત્યારે બીબી સુગરાનો એક કાગળ એક ઉંટણી સવારે ઇમામહુસેન અ૦ ને આપ્યો.

તે કાગળનો મઝમુન એ હુતો કે, "ઔર સબ અઝીઝોંકો ખુદાકી કસ્મ દેતી હું, કે મેરી તરફસેં અલ્લા અસગરકો બોસે લેના. ઔર બ્હોત પ્યાર કરનાં. ઔર કયું બાબા આપને અછા વાયદા કીયા થા કે, જબ મેં એરાકમેં પહોંચુંગા, ચચા ઔર ભાઈકો તેરે લેનેકે વાસ્તે ભેજુંગા. કયા વહાં જાકર દિલસેં ભુલા દીયા, મેરી બિમારી ઔર તનહાઇકાભી ખ્યાલ નકીયા? ઈ. ઈ."

ગફ્લતમાં પડેલ મી. ગૈન! તમે નામદાર આગાખાનના વાયદા ઉપર જે માથાકુટ કરી છે, તેવી જો હું કરૂં તો થઈ શકે તેમ છે. અને તેની દલીલમાં મજકુર બિનાં પુરતી છે. પણ ઈમામો ઉપર એતેરાઝ કરવો એ કાફરનું કામ છે. ઈમામહુસેન અ૦ ને ખબર નહુતી, અને પોતાની પ્યારી દુખતર સાથે વાયદો કર્યો, કે એરાકમાં જઇ અલી અકબર, અને હ૦ અબ્બાસને મોકલાવીશ. તે તમને તેડી લાવશે. પણ કરબલામાં પહોચ્યા પછી બધો મામલો પલટાઈ ગયો. અને ઇમામહુસેન અ૦ ના કરેલો વાયદો પુરો થયો નહિં. આમાં ખુદાઇ ભેદ સિવાય બીજું કંઇ પણ નથી.

આવી આવી દલીલો આપતો જાઉં તો આખી કિતાબ એજ બાબતમાં પુરી થઇ જાય. માટે આ પહેલાં જે થોડી ઘણી દલીલો આપી છે. તેટલાથીજ સંતોષ માનું છું. તમારી કિતાબોની દલીલોનો તોડ઼ોજ ક્યાં છે? હ૦ આદમ

અ૦ ઉપર ખુદા ફીરસ્તાઓને ગવાહ રાખે છે કે હ૦ આદમ પોતાની ઉમરમાંથી અમુક વર્ષ આપવા કહે છે, તે અંતે ભૂલી જશે અને ભૂલી ‍ ગયા. ( રાહેનજાત ) જ્યાં તમારી પોતાની આવી ગંદી માન્યતાઓ છે. ત્યાં તમો વધુ ઝલીલ થવા માટે શામાટે બીજાઓની છેડછાડ કરો છો, અને ખાસડા ખાઓ છો ? ! !

## " એહવાલે માસુમીન. " પાનું ૨૯૩.

( મુસા કાઝમની માતા થનાર એક ગોલીને જ્યારે ઈમામનો નોકર લઈ આવે છે, ત્યારે ઇમામ તેને સવાલ કરે છે. )

" હજરતે એ બાઇને પુછયું, ' તમારૂં નામ શું છે ? ' પછી પુછયું કે કુંવારા છો કે કેમ ? પછી પુછયું કે, આ કનીઝો વેચનાર કનીઝો સાથે ખરાબ વર્તણુંકથી વર્તે છે, તે વિષે શું છે ? જવાબ આપ્યો કે, તે પોતાની વર્તણુંક ચલાવવા જતો, પણ કુદરતે ખુદાથી એક સફેદ પોશાક પહેરેલ, સફેદ દાઢીવાલા ગેબથી એવા તમાચા મારતા કે, જેથી કરી તે પોતાનો ઇરાદો છોડી દેતો હતો. "

મી. ગૈન ! કંઈ ધ્યાનમાં આવે છે ? તમારીજ કિતાબ પ્રમાણે તે કનીઝ, જે ભવિષ્યની મુસા કાઝમની માતા હતી. તેનું નામ પણ ઇમામ મોહમદ બાકર જાણી ન શકયા. તે

કુંવારી હતી કે પરણેલી? વેચનારના હાથે તેને કંઇ હરકત થઇ હતી યા નહિં? તે પણ તેઓ જાણી શકયા નહતા.

મારી ઇસ્માઇલી બંધુઓને વિનંતિ છે કે, આપણા મઝહબમાં ઇમામ અને નબીઓ પાક પવિત્ર છે, તેઓ દુનિયામાં માણસોની માફક હાલે છે, ચાલે છે. માણસો માફક ખાય પીએ છે, અને બાળ બચ્ચાં રાખે છે. પરંતુ ઇમામોની આ હિલચાલ ઇન્સાન સમજી શકતા નથી, તેથી કેટલાક મર્દુદો તે પવિત્ર નબીઓ અને ઇમામોની એબ જોઇ (ખોડો કાઢવી.) કરે છે, તેઓનાં બોલવામાં શંકા લાવે છે. અત્યાર સુધીની મારી જે જે દલીલો તમોએ વાંચી, તે ફક્ત જવાબ રૂપેજ છે. બાકી આપણો અકીદો તેવો નથીજ.

આગળ જતાં મી. ગૈન કહે છે કે, "ઇમામને કોઇ ઇલ્મ શીખવતું નથી. તેઓ સર્વે વાતોથી જાણીતા હોય છે. તમારા ઇમામને કેટલાક માણસોએ શીખવાડયું, આથી તે ઇમામ નથી."

વાંચક બિરાદરો! હ૦ ઇમામ હુસન, હુસેન, જૈનુલાબદીન, વગેરે વગેરેનું મકતબમાં જઇને ઇલ્મ હાંસીલ કરવા સંબંધે તેઓનીજ કિતાબોમાં મશહુર છે. અને મજકુર ઇમામોને અમો ઇસ્માઇલીઓ ઇમામ તરીકે માનીએ છીએ. મી. ગૈનની માફક અમો ફક્ત આટલી વાત ઉપર

તેમને ઇમાતતથી, ખારીજ કરી શકતા નથી. એટલુંજ નહિં, પણ ખારીજ કરવાની અમારામાં તાકાત પણ નથી, જો એ બુતપરસ્તો નામદાર આગાખાન (ઇમામે ઝમાન) થી મુનકર થાય છે, તો તો પછી જે જે ઇમામોએ ઇલ્મ હાંસિલ કર્યું હશે, તે દરેકનાથી તેઓ મુનકર થઈ જવાનાં બાકી અમો એ વાતને બિલકુલ માનતા નથી, કે ખુદા તાલા ઇમામોની માતુશ્રીના પેટમાં મોઅલીમ મોકલી તાઅલીમ આપે છે, તથા હજામ મોકલી સુનત કરી નાંખે છે. અને કોઇ મજુર મોકલી તેને નવરાવી બધી રીતની સફાઇ કરે છે. આવા અકીદાઓ ઇસ્લામથી ખારીજ છે. પએગમ્બરે ખુદા મોહમદ મુસ્તફા સ૦ અ૦ વ૦ થી તમો બુતપરસ્તોના માની લીધેલા ઇમામ મુસા કાઝીમ, નકી, તકી ઇત્યાદિ કંઈ અફજલ નથી. તેઓ પણ દુનિયામાં સામાન્ય માણસો માફક આવ્યા, અલ્લાહ પાક પોતાના કલામે મજીદમાં ફરમાવે છે કે, "અય મોહમદ! તું પહેલાં કંઈ પણ નહિં જાણતો હતો. પછી મેં તમોને વહી થકી ખબર કરી," ભલા અલ્લાહપાકના કલામ આગળ બિચારા ગેન જેવાનું શું ચાલે? તેમની માન્યતા મુજબ કોઈ પણ ઇસ્લામી અકીદો રાખી શકેજ નહિં. અને એમની વાતો પણ અક્કલમાં આવી શકે એવીજ કયાં છે? એકંદરે જોતાં તેમની દરેક વાતો ગુમરાહીમાં પડવાનો ચોકખો રસ્તો છે.

મી. ગૈન! જુઠા ડંકાના પાના ૧૮૩ માં જે કુરઆને શરીફની છ આયતો લખી છે, તે ઘણીજ મઝાની છે. સુરએ બની ઇસરાઇલ આયત ૨૨ મી. "અને તમારા પરવર દિગારે હુકમ કર્યો છે કે તમે તેના હુકમ સિવાય કોઇની બંદગી કરો નહિં. બીજી પાંચ આયતો પણ એજ વિષયની છે." ઇન્શાહ્ અલ્લાહ્ અમે તો એકજ ખુદાને માનનાર છીએ. તે બધા જાણે છે. પણ તમારા ટોળાનેજ હિદાયત કરવી હતી. ન કે તેઓ તાબુત, ઘોડા, દુલ દુલો, હાથી, ઉંટ, બાટલા, પંજા, સદા, અલ્લમ, વિગેરે લાકડા અને પત્થરની ચીજોને શામાટે માને છે? તેવી પુજા ઇસ્લામમાં હરામ દર્શાવેલી છે. પણ તમો તો "ઔરોંકો નસીહત, મગર ખુદ ગુમરાહીમેં ગરક." તેવી હાલતમાં લટકેલા છો.

મી. ગૈન સવાલ કરે છે કે, "તમારા ઈમામને એક અંગ્રેજી તથા ગુરુ, હાજી વિગેરેએ તાઅલીમ આપી છે. જે માણસો પાસેથી શીખે તે ઇમામ નહિં. ઈમામને સર્વ વાતો, સર્વ ઇલ્મ પહેલેથી હોય છે. તેથી આગાખાન ઇમામ નથી." અત્રે હું વાંચક વર્ગનું ધ્યાન ખેંચું છું કે, મી. ગૈનના દુનિયામાં કોઇ ઈમામ નથી, ન કોઇ હસ્તી ધરાવે છે. કે જેથી ખાત્રી કરી શકાય, કે ભાઇ ગૈન જેવી વાતો કરે છે તેવી તેઓમાં ખાસીયત છે કે નહિં. પરંતુ જ્યારે આપણે મી. ગૈનને પુછીએ છીએ તો કયામતના સોદા

બતાવે છે. આવા છે ને તેવા છે. અમુક નિશાની છે. ઢીંકણી નિશાની છે. પરંતુ ક્યાં છે? તેની તેમને ખબર નથી. સામરાની ગાર તરફ ઇશારાઓ કરે છે. પરંતુ તેમને જઇને પૂછો, કે તમોએ, તમારા બાપદાદાએ અને પરદાદાઓ પેકી અથવા તો તમારી સાત, દસ કે વીસ પેઢીમાંથી કોઇએ તેમને જોયેલા છે? જવાબમાં મોઢું મીડું બતાવે છે. પોતાના ઇમામ બાબત કંઈ પણ ઢંગધડો ન હોવા છતાં બીજાઓના ઇમામો ઉપર કટાક્ષ કરવા એ ચોકખે ચોકખી નાદાનીઓકી નહિં તો બીજું શું? જરા મી. ગેનના સવાલનો જવાબ વાંચી ખાત્રી કરો. સાચા ઇમામો તો સામાન્ય માણસની માફક શીખતા હતા. પણ ઇલ્મે ઇલાહી એક છુપી બક્ષીશ ખુદા તરફની હતી. તે બક્ષીશ તો જુદીજ વસ્તુ છે. પરંતુ દુનિયામાં તો દુનિયાનાં માણસોની માફકજ વરતન કરતા હતા. આ સંબંધે મારા લખાણથી ઇન્શાહ અલ્લાહ ભાઈ ગેન અને તેમના મુર્તદ ટોળાનાં ગફલતનાં પડદા દુર થશે.

(૧) મુસા કાઝમે અલી મુસે રઝા માટે પોતાનેજ હાથે એક લંબાણ દસ્તાવેજ લખ્યો. આ દસ્તાવેજને શાયદ કોઇ જુઠો સમજે તેથી દસ જણાને ગવાહી માટે શાખ કરવા બોલાવી તે ઉપર સહીઓ કરાવી, હવે જો હાથેજ કોઇ લખાણ લખ્યું, તો તેને શિખવનાર કોઇ શિક્ષક હશે કે નહિં? પયગમ્બરે ખુદા અભણ હતા. તેથી જે ફેંસલા

થતા હતા. તે પોતે પોતાને હાથે ન લખતાં હ૦ અલી અ૦ પાસે લખાવતા હતા. જો તેઓ અક્ષર લખી શકતા હતે, તો પોતેજ લખી નાંખતે. હ૦ અલી અ૦ લખી શકતા હતા, તો તે પણ કોઈની પાસે શીખેલા હોવા જોઇએ. આથી એટલું તો જરૂર સાબિત થાય કે મુસા કાઝમ કોઈની પાસે શીખેલા હોવા જોઇએ.

(૨) તમારી કિતાબ નામે 'નુરે ઈમાન' ૧૪ મી હી. ૧ લો. પા. ૧૩ મું. "હ૦ ઈમામ હસન-હુસેન બંને ભાઈ તખ્તીઓ લખી વાદવિવાદમાં પડયા. ઈમામ હસન અ૦ મે કહ્યું કે મારા અક્ષર સારા છે. ઈમામહુસેન અ૦ મે કહ્યું કે ના, મારા અક્ષર સારા છે. આ સંબંધી ફેંસલો કરાવવા પોતાના માતુશ્રી પાસે જાય છે." આ એક મોટી રિવાયત છે. અને તે બયાન કરનાર મોલ્લાના મજલીસી છે. બિહારૂલ અનવારમાં લખ્યું છે કે, "ઈમામ-હુસેન (અ૦) નિશાળમાંથી આવતા હતા. તો જમશીદના દરવાજે હ૦ અલી અ૦ ને ઉભેલા જોયા." આવી આવી તમારીજ કિતાબોની દલીલોથી ઈમામો પણ સામાન્ય માણસોની માફક નિશાળમાં જતા હતા. અને પોતાના બચ્ચાંઓને પડાવતા હતા. એ સ્પષ્ટ રીતે સાબિત થઈ જાય છે.

(૩) નુરેઈમાન કિ. ૬ ઠી હિ. ૪ થો, લીટી ૧૪ મી પાનું ૫૮, "ઔર રિવાયત હૈ કે, અબ્દુલ રહેમાન બીન

સલીમને ઇમામહુસેન અ૦ કે કીઆી ફરજંદકો (જનુલાબ દીન અ૦) અલહમ્દકા સુરા તાઅલીમ કીયા. જબ ઉસ સાહેબજાદેને હજરત કે સામને વોહસુરા પડા, તો હજરતને ફરમાયા, કે હજારદીનાર સુન્નેકે ઔર હજાર હુલે દિબાકે ઉસકો દો. ઔર ઉસકા મુંહ મોતીયુંસેં ભર દીયા. લોગોંને કહા, યા હજરત! આપને યેહદીયા બહોત દીયા. ઇતનં ઉસકી મઝદુરી નથી. આપને ફરમાયા, ઉસને મેરે ફરજંદકે તાઅલીમ કીયા. ઉસકે ઇવઝમેં હમને બ્હોત કમતી દીયા." ભાઈ ગૈન! અમારા ઇમામો તો પોતાના બચ્ચાંઓને તાઅલીમ આપતા હતા. પોતે શીખતા હતા. પણ અજબ જેવી વાત તો એ છે કે, તમારી માન્યતાના મહેદી પેદા થતાંજ પંખીઓ લઇને ઉડી ગયા. અને જંગલ પકડીમાં તેમને તાઅલીમ ન મળી શકી હોય, તો તે એક કારણને લઇને સર્વ ઇમામો માટે શામાટે ટીકાઓ કરો છો?

આપણા શીયા ફીરકામાં ઈમામહુસેન અ૦ ને તો સર્વ આલા અફઝલ સમજે છે. તે જ્યારે એક લબ્ઝ રસુલ સ૦ નાં કહેવાથી નહિં શીખ્યા, પણ આપે સાત વખત ફરી ફરીને તે બોલ પોતાના નુરે નઝરને શીખવ્યો, ત્યારે માંડ માંડ તેઓ શીખી શક્યા. આ બીનાં પણ તમારા મોલાના જનાબ શેખતુસીના બયાન ઉપરથીજ છે. આથી બીજો વધુ સનંદ કઇ હોઈ શકે?

નુરેઇમાન કિ. ૬ ઠી, હીસ્સો ૪ થો. પાનું ૫૨.
"શેખ તુસી અલૈહીર રંહેમાને બસનદે સહી રિવાયત કી હૈ કે ઇમામહુસેન અ૦ લોગોંકે દરમ્યાન બતાખીર (મોડેથી) કલામ ફરમાતેથે. એક રોજ રસુલે ખુદા સ૦ મસ્જીદમેં આયે. ઔર અપને પંહેલુમેં ખડા કીયા. ઔર નમાઝકી તકબીર કહી. ઈમામહુસેન અ૦ ને ચાહા, કે હજરતકી મ્વાફીકત કરેં. ઔર તકબીર કહી. મગર દુરસ્ત ન નીકલી. તબ હજરતને દુસરી મરતબા તકબીર કહી. ફીર ઈમામહુસેન (અ૦) ને તકબીર કહી. તબ સાતવીં દફા હજરત ઈમામહુસેન અ૦ ને બરાબર તકબીર કહી. ઈસી સબબસેં નમાઝ કે પહેલે છ તકબીરે સુન્નત ઔર એક વાજીબ હુઈ."

ભાઈ ગેન! સાચા ઈમામો તો ઉપરની હકીકત મુજબજ શીખે છે. આ રિવાયત કંઇ જુઠી નથી. તેમ છતાં જો આને પણ તમો જુઠી સમજો, તો એજ રિવાયત નુરેઈમાન કિ. ૧૫ મી, પાનું ૫૮ માં ઈમામ જાફરે સાદીક અ૦ થી નકલ કરેલ છે. તેના ઉપર તો ઐતબાર કરશોને? (નૌઝબિલાહ) કદાચ તમે તે ઈમામનાં પણ મુનકર થઇ જશો તો તો પછી તમારી જેવી મરજી, પણ વિચાર તો જરૂર કરજો. કે મહેદીને માટે તમો જે દલીલો આપો છો કે, નિર્જીસ ખાતુનનાં પેટમાંથી હકીમા ખાતુન સાથે ઈન્ના અન્ઝલનાનો સુરો વાંચતા હતા, તે વાત જુઠી છે કે નહિં?

કદાચ પેટમાં તો નહિં, પણ આજુબાજુ કોઇ છોકરો છુપાવી રાખ્યો હોય, અને તે ચબરાક અને હોશિયાર હોય, તો સાથે સાથે વાંચે પણ ખરો. ઇમામહુસેન અ૦ જેવા સાત વખત શિખાડવાથી અલ્લાહો અકબર કહી શકયા, અને મહેદી સાહેબ પેટમાં હોવા છતાં સુરા વાંચે તે કોઇ ઇમામીયા ફીરકાવાળો તો કબુલ નહિં કરે. જયાં ઇમામ મહેદી પેદાજ થયા નથી. ( આ તમારી કિતાબોથીજ સાબિત થઇ શકે છે. ) ત્યાં આવડી મોટી ભાંજગડનો અર્થ શો ?

અમારા ઇમામ મૌલાના આગા સુલતાન મોહમદ શાહને કોઈ માસ્તરે શીખવ્યું તો તેથી તેમની ઇમામતમાં કંઈ પણ ફરક આવતો નથી, તેમણે પોતાના દાદા ઇમામહુસેન અ૦ ના તરીકા મુજબ વર્તન કર્યું, એમાં ખોટું શું ? ભાઇ ગૈન ! પએગમ્બરે ખુદા ( સ૦ ) માટે "ઉમ્મી" ( અભણ ) શામાટે વાપરવામાં આવે છે ? કોઇ ઇમામને ઉમ્મી કેમ નથી કહેતા ? સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે, બધા ઇમામો ઇલ્મ શીખતા હતા. અલબત ઇલ્મેઇલ્લાહી ખાસ ખુદા તરફથી તેઓને મળ્યું હતું. અને હમેશાં મળ્યા કરે છે.

## પ્રકરણ ૧૨ મું.

## મી. ગૈનનો વિલાપ.

**મરીઝે મુબતીલા તુમહો, ફીર યે દવાઇ ક્યસી!**
**કરો ઇલાજ ખુદકા તુમ; યે મસીહાઇ ક્યસી!**

મી. ગૈન તમોએ તેરમાં પ્રકરણમાં એક લાંબું લેકચર આપ્યું છે. તે કરતાં તમારી કોમની તપાસ કરી તેઓને મુસીબતથી આઝાદકરતે તો ઘણું બહેતર હતું. તમો અમારા ઇસ્માઇલી જમાતના કાયદાઓને જકડ પકડની ઉપમા આપો છો. અને અમારા ઇમામ અ૦ ના નામે જમાતખાનાઓ થવાથી ઇસ્માઇલીઓને પરાધીન હાલતમાં વર્ણાવો છો અને અમો દીનબદીન ખરાબ હાલતના થતા જઇએ છીએ. એવું દર્શાવો છો.

આ તો ડાહ્યાને ગાંડો ઉપદેશ કરે એવી મીસાલ છે. પોતે બિમાર છે, અને બીજાઓની દવા કરવા તત્પર થાય છે. આ તો ઉર્દુ કહેવત મુજબ "ચોરી પર શીરજોરી" પણ જરા ધીરા પડો. તમો પોતાની ભૂલ જોઇ પસ્તાશો. અને જ્યારે કાયદા કાનુનના બંધારણ તમે કરશો, ત્યારે જેને તમો જકડ પકડ કહો છો, એમાં તમારે જકડાવું પડશે તમો સવેળા નહિં ચેતો તો હમણાં જેવી તમારી ખરાબ હાલત છે, તેનાથી પણ વિશેષ દુઃખી થશો. તમારી કોમ વગર ધણીયાતી ખુદ મુખ્તારી કરી બેલગામ થઈ જેના હાથમાં જે આવ્યું, તે દબાવી બેસી જાય છે. કેટલાક તમારી મસ્જીદોનાં માલીક પણ થઈ ગયા છે. આ શું ઓછી શરમની વાત છે ?' જ્યારે તમારા મહેદી આવશે, ત્યારે તમોને આનંદ કરાવશે. પણ એ તો આકાશ કુસુમવત્ વાત છે. માટે તમોને હું એક મિત્રભાવે સલાહ આપું છું કે, તમો નામદાર આગાખાનને નહિં, તો ગમે તેને પણ પોતાનો સરદાર કરી લીયો. સરદાર વિનાનું લશ્કર નકામું છે. બાદશાહ વિનાની રૈયત બરબાદ થાય છે, ગમે તેવા ઘોડાને લગામની જરૂર છે. શેઠ સિવાય કારખાનું ન ચાલે. તેમ તમારો ધર્મ, તમારૂં ટોળું ઇમામ સિવાય બરબાદ થઇ રહ્યું છે. અને થઇ પણ જશે. જો તમો ઈમામતનાં ઉસુલને ન માનતે તો જુદી વાત હતી, પણ ઈમામતના ઉસુલને માનવાથી ઇમામ સિવાય દિવસે દિવસે તમારી પડ-

તીની હાલત થતી જાય છે. આ સંબંધે અમો તેમજ તમો સારી રોતે સમજીએ છીએ, તમો જરા તો વિચાર કરો કે તમારો ધણી કોણ ? હાજીનાજી, યા આલીમો, યા મુજતેહદો ! યા ભમતા કાળી પાઘડીવાળા મોલવીઓ ? ભાઇઓ ! જરા તો વિચાર કરો, તમારી હાલત ઘણીજ કઢંગી છે, આવી હાલત હોવા છતાં અમારી સુવ્યવસ્થિત કોમને કાયદામાં જકડાએલા, પકડાએલા મી. ગૈન વખોડે તો શું એ ઓછું દુઃખપ્રદ છે ?

પોતાની ખરાબ હાલતનું જેને ભાન નથી, જેઓ પરદેશી કાળી પાઘડીવાળાઓને હાથે પાયમાલ થઈ રહ્યા છે. તેવા ગરીબ અસનાઅશરીઓ ઉપર મુસીબતના બોજા પડેલા છે. પેલા કાળી પાઘડીવાળાઓને સારૂં સારૂં ખવરાવવું, અને પૈસા આપવા, અને તેમાં પણ જો થોડું ઓછું પડે તો ગાળો આપે. બચ્ચાંઓને બદ દુઆ આપે. આવી આવી મુસીબતો તમારી ખોજા અસનાઅશરી કોમ બેહિસ્તની ઉમેદે સહી રહી છે. નામદાર આગાખાનનો છત્ર છાયો મૂક્યા પછી એજ કોમના બાહોશ લેખક મી. મોહમદ હાશમનો એકરાર કે “ એક આગાને મૂકી હજારો આગાને હવાલે થયા છીએ. ખાનું છુટયું પણ દસોંદ ન છુટી. વિગેરે વિગેરે.” આવી રીતે પોતાની અસનાઅશરી કોમનો તે ઇમાનદારે અછો ચિતાર ‘ સત્ય ’ નામના પેમ્ફલેટમાં આપ્યો છે. આ પેમ્ફલેટ દરેક ખોજા કોમને વાંચવાની હું ભલામણ કરૂં છું.

અને પછી તમો અસનાઅશરીઓને ખબર પડશે કે ધોબીના કુતરા જેવી હાલત અમો ઈસ્માઇલીઓની થઇ છે કે તમો બુતપરસ્તોની ? !

મી. ગૈન તમારા ટોળાની અધોગતિ વાંચવી હોય તો વાંચો મોહિબેદોજહાન, મોહિબ અને અસનાઅશરીની ફાઇલો. તેમાં ચોખ્ખું લખે છે કે હિદાયતના નામે માસિકમાં મોટા હેડિંગથી ઈસ્માઇલીઓને જે હિદાયત થાય છે તે કરતાં સર્વે કોમને હિદાયત કરો. અમારી પોતાની હાલત ખરાબ છે, તેની તરફ અમો ખ્યાલ કરતા નથી; અને બીજાઓને નસીહત કરીએ એ તો ચોખ્ખી નાદાનિયત છે. અમારા પગ નીચે બળે છે તેને બુજાવતા નથી અમારી કોમમાં કોઈ ફરિયાદ સાંભળનાર નથી. કોઇને ઈન્સાફ મળતો નથી. નથી ઈન્સાફ મેળવવાનું ખાતું. અને જ્યાં આવી હાલત છે, ત્યાં ઈસ્માઇલીઓ આવીને અમારી પાસેથી શું સુખ ભોગવશે ?

ભાઈ ચમન તો ઈકરાર સાથે તમોને સંબોધીને લખે છે કે આપણો મઝહબ જાણે ખોટો હોય, તેને ખાવા પીવાના ખર્ચા કરી, જૂઠા થાંભલાના આધારે કેટલા દિવસ ટકાવી રાખીશું. મી. ગૈન તમોએ, આપણી મસજીદો અને હોટલોવાળો લેખ વાંચ્યો છે ? ઉપરાંત તમારા આગેવાનોના જુલ્મની વાતજ શી કરવી ! કોઇને સ્ત્રી રાખવી હોય તો બે જણ ભાગીદાર થઈ રાખે. એક જણને રાખવાની સત્તા

નથી. હુવે સમજાવશો ભાઈ ગેન! આ ઈન્સાનિયતના ફેંસલા છે કે હેવાનિયતના?

અમારા કાયદાઓથી અમો સુખી છીએ. ગમે તે દેશનો ગમે તે ઈસ્માઈલીઓજે હશે, પણ તેને કાયદા પ્રમાણે ઇન્સાફ મળે છે. પ્રથમ લોકલ કૌન્સીલ, પછીથી સુપ્રિમ કૌન્સીલ અને છેવટે અમારા ઈમામ પાસે અપીલ કરી ત્યાંથી ઈન્સાફ મેળવી શકીએ છીએ. જે સ્વરાજના માટે દેશ નેતાઓ જેલ ભોગવી રહ્યા છે. મુશીબતો વેઠે છે. મહાત્મા ગાંધી જેવા મેહનત કરે છે. તે સ્વરાજ તો ઈસ્માઈલી જનતા ઘણાં સમયથી ભોગવી રહી છે; અને અમારા ભલા રૂહાની પિતા અમારા સરદાર, અને અમારા હાજર ઈમામના છત્રછાયા નીચે તેમની ભલી દુઆઓથી અમારી કોમ દિવસે દિવસે આગળ વધી રહી છે.

અમો અમારા ઈમામને જે આપીએ છીએ તેનું ફળ આ દુનિયામાં અમોને મળે છે અને પેલી દુનિયામાં પણ મળશે. અમો જમીનમાં વાવીએ છીએ નહિ કે તમારી પેઠે ક્ષારમાં. અમારી કોમી કૌન્સીલો, અમારા સંસારિક ઝઘડા પતાવે છે. દીની સુધારા વધારા કરે છે. સ્કુલ બોર્ડ કેળવણી સંબંધી સુધારા વધારા કરે છે. અમારી કોમી ઇસ્પીતાલો, સુવાવડખાના, મુસાફરખાના, યતિમખાના, મજલીસ કમેટીઓ, ઉપદેશકમંડળ, લેખકમંડળ, મિશન ડિપાર્ટમેન્ટ અને કોમી

સેવક દળ જુદા જુદા પ્રસંગે ભિન્નભિન્ન સેવાઓ સમર્પી રહ્યાં છે. આવા આવા મંડળોને અમારા મૌલા પોતાની કરમ બક્ષીસથી લાખો રૂપીઆ ઇનાયત ફરમાવે છે. અમારી કોમમાં શાદીઓ અને સુન્નત પ્રસંગે હજારો રૂપીઆના ખર્ચા થતા હતા, તેનાથી અમોને આઝાદ કર્યા છે. શાદીઓમાં ફક્ત નીકાહની પવિત્ર ક્રીયા કરી પાક ઇસ્લામ મુજબ વર્તન કરી રહ્યા છીએ. અમારા મોલા ગરીબો પ્રત્યે જે મમતા દર્શાવે છે; તે તો અવર્ણનિય છે. તેનો એક નાનો સરખો દાખલો આપીએ છીએ. સંવત ૧૯૫૬ ના દુકાળ પ્રસંગે ગુજરાતમાં ગરીબ મોમના કોમ ઘણીજ દયામણી સ્થિતિમાં આવી પડી હતી, જંગબારની પેહલી મુસાફરીમાં તે આકાએ નામદારે અલીદીના વિશરામને ફરમાવેલું કે હું પોતાના ખર્ચે તે ગરીબોને અત્રે મોકલાવીશ. તમો તે મારા દુઃખી પુત્રોને ધંધા રોજગાર ઉપર ચઢાવી દેજો. આમ થતાં હું તમારા ઉપર જે માલેવાજબાત (દસોંદ) હક છે. તે માફ કરીશ. પણ ખાસ યાદ રાખજો કે તેઓને પાંચ દસ રૂપીઆ આપીને ભિખારી તરીકે ટાળી નહિ દેતા; કારણ એમ થતાં તેઓને માંગી ખાવાની આદત પડશે, માટે તેઓને ધંધે ચઢાવવા કોશિશ કરજો.

સુબહાનલ્લાહ ! અમારા ઇમામ કેવા સખી, હલીમ અને કરીમ છે, કે જાણે એમના જદેઅમજદની મીરાસ તેમનામાં

સંપૂર્ણપણે ભરપુર છે. મી. ગેન છે કોઇ તમારી પાસે આવો સરદાર? છે કોઇ તમારી ચઢતીનો માર્ગ બતાવનાર? છે કોઈ તમારો રેહબર? જવાબમાં તમારાથી કંઇ પણ બોલી શકાય તેમ નથી. હસદની આગ તમારા અંતઃકરણમાં ભભુકી રહી છે. અમારી ચઢતી તમો જોઈ શકતા નથી. તમોં ખ્વાર અને અબતર હાલતમાં ભટકી રહ્યા છો, અને બીજાઓને તેવા જોવા ઈચ્છો છો; પરંતુ હવે તો અમારી કોમ હોંશિયાર થઈ ગઈ છે. હવે તમારા પુલાવ કોરમા અને શિરમાલથી ભોલવાશે નહિ. છેવટે ખુદા સર્વેને નેક અને બદ સમજવાની તોફીક આપે. કહો ભાઇ ગેન આથી બીજું અધિક શુ માંગું!

મી. ગેન તમો કોઈ એવો દાખલો આપી શકશો, કે જેમાં તમોં અમારાથી નોંખા પડયા પછી (નામદાર આગાખાનને ચાર પૈસા ન આપવાથી) અમુક પૈસા જમા કરી શકયા હો, અને જેમાંથી તમારી જમાઅત માટે, યા ગરીબો માટે, યા યતિમો માટે કોઈ સારૂં કામ કરી શકાયું હોય! તમોએ લાખો રૂપીયા કરબલા, શાહેનજફ, કાઝમીન, મશહુદ, સામરા, લખનૌ અને લાહોર મોકલાવ્યા હશે, તેમાંથી એક અર્ધી બદામ પણ તમોને તમારા મુજતેહદોએ પાછી મોકલાવી છે? જરા તો શરમાવો. તમોને કંઇ પણ શરમ આવતી નથી? ધોબીનો કુતરો ન ઘરનો ન ઘાટનો

એ કેહતી અમોને લાગુ પડે છે કે તમોને ? સગજુ વાંચકો તો ઇન્સાફ કરશે કે આવી હાલત તો તમો બુતપરસ્તોનીજ છે. કદાચ આ બીના તમો મનમાં પણ સમજતા હો પણ હઠધર્મિને લીધે કેવી રીતે કબુલ કરો ?

તેરમાં પ્રકરણમાં છેલ્લા ૧૪૨ મેં પાનેથી મી. ગેન તમોએ તદન મુર્ખાઇભરેલો સવાલ કર્યો છે. તમો પૂછો છો કે "તમારા ઇમામમાં નુર નથી. જ્યારે તે ચશ્મા ચ-ઢાવીને વાંચે છે તો નુર ક્યાંથી આવે ?" નઉઝોબિલ્લા, તમારૂં શયતાની ટોળું ઇમામ અને નબીઓ માટે કેવા અકીદા રાખે છે. તે કાંઇ પણ સમજી શકાતું નથી. ઇમામ અને નબીઓ જગતમાં ઇન્સાન તરીકે આવ્યા. જો તેઓનાં શરીરમાં કાંઇ દુઃખ કે પીડા થાય તો શું તમો તેઓને ઇમામ યા નબી તરીકે નહિ માનો ? મુર્તદ થઈ જશો ? હજરત એયુબ (અ) ને શરીરમાં કીડા કેમ પડયા હતા ? પેગમ્બરે ખુદા રસુલ (સ) ને હમેશા તાવ તથા માથાંના દુખાવો શામાટે રેહતો ? હજરતઅલી (અ) ની આંખો દુ-ખવાના સબબે ખેબરની લડાઇ વખતે સાથે નહિ ગએલા. હજરત ઇમામહસન (અ) હમેશા શરીરના દુઃખના કારણે તકલિફ ભોગવતા. હ. યાકુબ (અ) હ૦ યુસુફ (અ) ની જુ-દાઇમાં રોઈ રોઇ આંધળા થઇ ગયા. આ બધી વાતોથી તમો તે પાક નબીઓ અને ઇમામોના મુનકર થઇ જશો ?

ધિક્કાર છે તમોને અને તમારા નાપાક વિચારોને, જો તમારા વિચાર પ્રમાણે નામદાર આગાખાન ચશ્મા ચઢાવવાથી ઇમામ નથી તો મજકુર બયાનથી મજકુર નબીઓ અને ઇમામોના સંબંધમાં શું કેહશો ?

આ પ્રકરણ સમાપ્ત કરતાં પેહલાં વાંચકવર્ગનું હું ધ્યાન ખેંચવા રજા લઉં છું કે ભાઇ ગેનના માની લીધેલા ઇમામો ગમે તેમ ચાલે. પોતાના છોકરાઓને મસજીદો, અને દરગાહો જે જે પવિત્ર જગ્યાઓ છે. તે વેચી નાંખે; અને વાણીયાશાહી વીલ મુજબ ઇમામતનો હક લખી આપે. તે બધુ હલાલ ! પણ નામદાર આગાખાનના નામે જમાઅતખાનાઓ થાય, અને સંસારિક વ્યવસ્થા ખાતર કોમી બંધારણના કાયદા કાનુનો થાય તો અમો જકાઇ પકડાઇ ગયા ! આ સંબંધી તમો ભાઇઓ યોગ્ય વિચાર કરી શકશો, પરંતુ સાથે સાથે એ પણ જણાવવું જોઇએ. કે અમારો તથા સર્વ જગતના ઇમામીયા ફિરકાનો એવો અકીદો છે કે ઇમામે ઝમાન અમારી જાનમાલ અને ઓલાદનો માલિક છે. હવે હું મી. ગેનના ચૌદ, પંદર, સોલ, સત્તરને અઢારમાં પ્રકરણોની હવેના પ્રકરણમાં ખબર લઉં છું. આપ સંપૂર્ણપણે ધ્યાન આપી તેનું મનન કરજો, આમાં મી. ગેને હદ કુદાવી પોતાની કલમને અપવિત્ર કરી છે, તેનો જવાબ પણ તેમને છાજતો આપવા ઇચ્છા ધરાવું છું.

## પ્રકરણ ૧૩ મું.

### હસન અસગરીનું બેગેરતપણું.

### મુસા કાઝમ, અને અલીરઝાનું શિકમ પરવરી માટે અઘટિત પગલું.

### તેઓની પેદાશ સંબંધી ચોખ્ખું સ્પષ્ટિકરણ અને ઇસ્માઈલી ઇમામોએ ઇસ્લામની કરેલી તારીફ લાયક ખિદમત.

જગતમાં જે જે લડાઇઓ, ખુનરેઝીઓ, લાખો રૂપીઆના ખર્ચાઓ અને ઘરોના ઘર અને મુલ્કોના મુલ્કો બરબાદ થયા તે ફક્ત એ ધર્મ ઝનુનના લીધેજ પરંતુ ઇસ્લામ જેવા પવિત્ર ધર્મમાં અલ્લાપાક ફરમાવે છે કે "અય

મોમિનો, એક કોમે બીજી કોમની મશ્કરી કરવી નહિ. કદાચ તેઓ તેઓના કરતાં વધારે સારી હોય" પરંતુ અફસોસ છે આજે નામના ઈસ્લામી અને કામના બારજીઓ ઉપર કે તેઓ અલ્લાપાકના કલામને ઠોકરે મારી પોતાના નફસને આધિન થઇ. ઈસ્લામી પેશવાઓ માટે હલકટ કલમો ચલાવી ઈસ્લામને લાંછન લગાડી રહ્યા છે. પોતાના કલમાગો ભાઇઓની દિલશિકની કરી, ઉશ્કેરણી પેદા કરી રહ્યા છે. આવાજ એક મી. ગૈન છે. જેમણે "અસનાઅશરી સચ્ચાઇના ડંકા" નામે બુક લખી એહલેબેતે રસુલની આલે પાકની જે મઝઝમત કરી છે અને તે પવિત્ર ઈમામોને માનનારા લાખો માણસોના દિલ દુભવ્યા છે; તે માટે તેમનું બુતપરસ્ત ટોળું તેને કાંઇ પણ ઠપકો આપ્યા સિવાય તેના લખનાર, છપાવનાર અને પૈસા આપી પુસ્તક પ્રગટ કરાવનાર પેલા માડાગાસ્કરવાસીને ઉલટી શાબાશી આપી રહ્યું છે! આ શું ઓછા ખેદની વાત છે? જો એ ટોળામાં કોઇ ડાહ્યો આગેવાન હોત અથવા તેઓમાં જાતીબંધારણ હોત યા કોઈ ધણી ધોરી હોત તો જરૂર એ ત્રણે ઉપર ફિટ્કારનો ઠરાવ પાસ કરી તે પાપી પુસ્તકને જપ્ત કરાવતે; પણ "વોહદીન કહાં કે ગીયાં........"

હું મારા ઈસ્લામી બંધુઓને અરજ કરૂં છું કે આપે મારૂં આ લખાણ વાંચવા પેહલાં જો મી. ગૈનનો જૂઠો ડંકો વાંચ્યો હશે. તો તો મારા લખાણને વાજબી સમજશો. હું

અસનાઅશરી ભાઈઓને વિનતી કરૂં છું કે તેઓએ મહેરબાની કરી શાન્તમન રાખી આનું મનન કરવું. જે તેમ થશે તો મારા લખાણુની જરૂર કદર થશે; કારણ કે મારી દલિલો ઘણું કરીને અસના!અશરી કીતાબોના આધારેજ છે.

અમારા ઇમામો માટે મી. ગૈન જે જે જૂઠી તોહમતો અને જૂઠા ઇલજામો લખે છે. તે બીલકુલ પુરાવા વગરના અને પોતાના ઘરના માણુસોના આપે છે. જે હમેશાથી એહુલેબેતે રસુલના દુશ્મન ખારેજે ઈમાન હતા. તેની થોડીક દલિલો અત્રે આપવી વાજબી સમજુ છું.

ખોજા વૃતાંત (મી. નાનજીઆણી) અસ–ઈસ્લામ (મી. જીમ) આલમુતનો ઇતિહાસ, રદે ઈમામે મોજુદ ખોજા દર્પણુ અને વર્તેજીવીલની ઉડતી નજર વગેરે. આ કીતાબો ખુદ અસનાઅશરી લેખકોની અથવા તો ગુનાહુસર જમાઅતથી ખારેજ થએલ ઇસ્માઇલીઓ કે જેઓ અસનાઅશરી થઇ ગએલા તેવાઓની લખેલ છે; પરંતુ જ્યારે કોઇ માણુસ કોઇના રદમાં પુસ્તક લખે છે, ત્યારે તેઓની માન્યતાવાળી કીતાબોની દલિલો રજુ કરે છે. જો શિયા સુન્નીમાં વાદવિવાદ થાય તો અરસ્પરસ એકબીજાની કીતાબો લાવે છે; પણું તે બીચારા માડાગાસ્કરના મેંડકને આ બાબતની શી ખબર હોય! બીચારે કોઇ દિવસ સાંભળ્યું હશે કે કેમ તે પણુ શંકાસ્પદ છે. હું તેજ નિયમાનુસાર

તેમનીજ છરીએ તેમની નાક કાપવા તૈયાર થયો છું. તેમનાજ દર્પણુમાં તેમના કદરૂપા મુખાર્વિંદ જનસમાજ આગળ મુકવા માંગું છું.

દુર બેઠાં બેઠા વગર સમજે કંઈને કંઈ બકી મારવું એ કંઇ રમત જેવું સમજતા હુશો પરંતુ જો સમજપુર્વક કામ લેવું હોય તો હિંદુસ્તાનમાં કદમ મુબારક ફરમાવો અને સમાઇસ્ટ યા ઇસ્લામીઓની એકાદ બે મીટીંગમાં હાજરી આપો એટલે તમારા હોશ ઠેકાણે આવશે. આજકાલ સાયન્સનો જમાનો છે અને તેને અનુસરીને જે વાદવિવાદ થાય છે. તે સાંભળીને વાહવાહના પોકાર નીકળી પડે છે. ત્યાં અગાડી જઇને એવી વાત મુકજો કે અમારા અલીરઝાને રાતના વખતે મામુનના માણસોએ મારી ટુકડે ટુકડા કરી નાખ્યા. દિવસનો પાછો જીવતો થઈ ગયો. તો તમારી અક્કલની કીંમત થઇ જશે! કદાચ તમોને લાજવાબ કરવા હોય તો તમોને એકજ સવાલ પુછવામાં આવે કે જો આમ છે તો પછી મહેદી સાહેબને મરવાનો ડર શાનો હોય? કદાચ કોઈ કાફર તેને મારી ટુકડે ટુકડા કરી નાખતે તો પાછા બીજે દિવસે જીવતા થઇ જતે. સમજો ભાઇ ગૈન! તમારા નાટકી તીલસ્મે હોશરૂબાની વાતો આજના સાયન્સ આગળ ઘડી પણ ટકી શકશે નહિ.

એક ચમન જેવા માણસ જે અકલવાળા છે, પણ તાલીમ નથી, મુજતેહદ નથી, બેરૂલ બાકરીન નથી તેર

તમારી અને બીજાઓના માફક કોઇ પુછડાવાળો નથી. છત તેની શંકાઓના તમોએ આપેલા જવાબ વાંચી માણસો હસીને થાકી જાય છે! તમો તેને કહો છો કે તારો નાશ થશે, તું દોઝકમાં જશે. તારાં બચ્ચાં મરી ખુટશે. આ શું જવાબો છે?! અને શંખાણીના શ્રાપ પણ કેવી રીતે લાગે? તમારા એવા જવાબથી એને શું નુકશાન થવાનું હતું? જ્યારે તમો સામનોજ કરવા બેઠા છો ત્યારે અકલમંદ સમજી શકે તેવા સબળ પુરાવા લાવો. હુજ્જતની સામે સચ્ચાઇના જવાબ જોઇએ. દેડકાની માફક વગર સમજે ડ્રાંઉ ડ્રાંઉ કરવું તેનો શો અર્થ?

તમોએ જે જે કીતાબોના હવાલા લીધા છે. તેની કંઇક માહીતી ઉપર આપી ચુક્યો છું. હવે તેના લેખકનું કંઇક વર્ણન કરી બતાવું. તો તે અસ્થાને તો નહિજ ગણાય:—

પ્રથમ લઇએ સચેદીના નાનજી. તેમને કચ્છ જમાયતે તેમના ભાઇ રહીમ નાનજી સુદ્ધાં નાતબહાર કરેલ જ્યારે આગા અલીશાહ દાતાર ગ્રીંધથી લખપતના રસ્તે કચ્છમાં આવતા હતા ત્યારે રેવન્યુ કમીશનરની ગાગરૂબીમાં મસ્ત ગનેલ નાનજીભાઈએ ઈમામની હજુરમાં જઇને કાલાવાલા કર્યા અને નાતમાં લેવા આજીજી કીધી! પરંતુ સાહેબે તો ઈનકારજ કર્યો. આથી એક જમાયતથી ખારેજ માણસ ઇ

સમાઇલીઓ યા તેના ઇમામો માટે કંઇ લખે તો તે શું દલીલો કહેવાય? બીજા રદ્દે ઇમામે મોજુદના કર્તા મી. અજીજને લઇએ. આ ભાઇને ખુદ તમારી જમાયત યઝીદ, કાફર, સુવર, ઘોરખોદીયો ઇ. ઇ. વિશેષણોથી સંબોધે છે. તેની દલીલો ઉપર કેટલું વજુદ રાખવું તે તો આપજ સમજી લ્યો. ત્રીજા લ્યો. મી. કાબાને કે જેણે મીસ્ટર ગૈન તમારી માફક કંઇક લાલચથી આલમોતનો ઇતિહાસ લખ્યો. અને જેણે અસનાઅશરી તેમજ ઇસમાઇલી બન્ને ઉપર વાઇસરોયને અરજી કરી, સમસ્ત ખોજા કોમની દુશ્મની કીધી. આવા એક યઝીદી ખ્યાલના માણસની દલીલો ઉપર શું વજુદ રાખી શકાય?

ભાઇ ગૈન તમોએ આવી નમાલી દલીલો આપી, ત મારૂંજ કાચું કાપ્યું છે તમોએ અગારા મૌલાના હાજર ઇમામ પ્રત્યે યઝીદીઓ કરતાં પણ વધારે પ્રહારો કીધા છે. શીમર મલઉન જેવાએ પણ ઇમામહુસેન અ૦ સ૦ માટે આવી ખરાબ જબાન ચલાવી નથી. તમોને જનાબ અમી રૂલ મોઅમનીન હઝરત અલી અ૦ સ૦ અને જન્નત ખાતુનના મુબારક નામની પણ શરમ ન આવી? તમોએ તે પવિત્ર ઝાતની ખાનદાન સંબંધે જે જે તૌહીન કરી છે કે જેનો ઉતારો કરતાં પણ હું ડરૂં છું. અને આવી તૌહીનનો બદલો ખુદાપાક તમોને આપે એટલુંજ ચાહું છું. એક સૈયદ બની ઝાતમા અને આલે રસુલ જેને લાખો કરોડો

મુસલમાન અરબ, અઝમ, પઠાણ, બદકશાની, ઇરાની અને હિંદુસ્તાની પોતાના સાહેબે જમાન ઇમામે જીન અને ઈન્સાન સમજે તેમના ઉપર તમે શું શું લખ્યું છે, તે સમજ્યા છો કે નહિ? વાંચકવર્ગને સમજુતી આપવા ખાતર અને તમારી હરામી તેઓ સમજી શકે તે ખાતર ન છુટકે કેટલાક ઉતારા અત્રે આપવા પડે છે.

જુઠો ડંકો પાનું ૧૪૫–મી. દુથના ત્રેતાળીસ પેઢીના ઈમામ જાફરે સાદક અ૦ પછીના તેઓના માના લીધેલા ખોટા ઇમામોનું પોકળ નાસ્તીકપણું અને હરામજાદાપણું સાબીત કરશું.........."

પાનું ૧૪૬–એક જાલીમ અને એક મજલુમ, એક બેદીન અને એક દીનદાર, એક મુર્ખ અને એક જ્ઞાની, એક જાહીલ અને એક આલીમ, એક ચોર અને એક શાહુકાર, અને તાબેદાર અને એક સરદાર, એક ગુલામ અને એક પાદશાહ એક નાપાક અને એક પાક એક શયતાન અને એક ફીરસ્તો, એક કાફર અને એક ઇસ્લામ, એક દુશ્ટ અને એક ભલો ઇ. ઈ. તેઓ કદી સરખા હોઇ શકતા નથી (ઉપરના ખરાબ વિશેષણો અમારા ઈમામ સંબંધે લખેલા છે. ત્યારપછી તેમના માની લીધેલા ઈમામ મુસા કાઝમ અને તે પછીના ઈમામોના વખાણ કરેલ છે) એજ પાનામાં અમારા ફાનગી ઈમામો માટે લખે છે કે "ધિક્કાર સદ

• હજાર ધિક્કાર એવી ખીલાફતને, ધિક્કાર અને લાનત એવા નસબને કે જેનાથી માણુસો ધિક્કાર કરે. ધિક્કાર એવી જીંદગીને કે જે જુલ્મ અન્યાય અને અધર્મપણે ભોગવી હોય. ધિક્કાર એવા ખુનીઓને કે જેઓ મજલુમોનાં ખુન ગરદન ઉપર લઇ ખુદાને માટે. અસફલુસ સાહેબીનમાં રહેવા ગયા. ધિક્કાર એવી બાદશાહતને કે જે ખુદાની દુશ્મની પેદા કરનાર હોય. ધિક્કાર સદહજાર ધિક્કાર એવી ઇમામતને કે જે ખોટા દાવા કરીને ભોગવી હોય! થોડા દિવસની જીંદગાની માટે પોતાને જહનમનો અધીકારી બનાવ્યો હોય. અને ધિક્કાર એવા ઇમામતના ખોટા દાવેદારો ઉપર કે પોતે તથા પોતાના અનુયાયીઓને જહન્નમનાસીલ કરવાને તથા દીને ઇસ્લામથી વિમુખ રાખવાને ભોગવટો કર્યો હોય. ધિક્કાર છે એવા ઇમામને કે જે ઇમામતનો દાવો કરવા છતાં તેની કોઇ સાબીતી ન આપતો હોય! આવા ધિક્કારને પાત્ર જાલીમોએ જો માતાની કુંખ દીપાવી હોય તેમ ભી. હુંથ લેખતા હોય, તો તે દીપાવી નહિ પણ લજાવી કહેવાય."

પાનું ૧૪૧–જ્યારે તમારા ત્રેતાળીસ પેઢીના ઇમામોએ દુનીયામાં અધર્મ ફેલાવીને અને પારકા તુખમના હોવા છતાં હજરતઅલી અ૦ ની ઓલાદનો હોવાનો દાવો કરીને ધીટકારના ફરકતા વાવટાઓ સાથે લઇ ગયા અને હજી પણ એવા ફીટકારના વાવટાઓ ફરકી રહ્યા છે તેના સચોટ

જવાબ આપવાની શકતી હોય તોજ તેઓ પોતાની માતાની કુંખ દિપાવી ગયા છે તેમ લેખવાને બહાર પડજો.

પાનું ૧૪૯–હજરત ઇસમાઇલનો મહમદ છોકરો ન હતો તે મરઝબાનની સુરીયાને પેટે અવતરેલા હતા. (હવાલો મોઅતબર શીમર મલઉન યઝીદ અઝીઝનો આપે છે. ખરેખર તે એહલેબેતે રસુલનો દુશ્મન હરામજાદો છે. જેણે અલી અ૦ સ૦ ને ગુલામ લખ્યા તેથી તેને માટે મોલાના હાજી નાજીએ ફતવા આપેલી કે તે મલઉનની જીભ કાપવી જોઇએ.)

પાનું ૧૫૦–રૂકનુંદીન ખુરશાહને ક્યા બુજર્ગ ઉમેદની ઓલાદનો લેખીને તેની હલાકતનું ચીત્ર મી. નાનજીઆણીએ આળેખેલ છે. (ક્યા બુઝર્ગ ઉમેદની નસલ તુટી ગઈ કોઇ માણુસ તેમનામાંથી જમીન ઉપર રહ્યો નહિ. મી. નાનજીઆણી સંબંધે આગળ વિવેચન થઇ ચુક્યું છે તેથી તેના મોઅતબરપણાની વધુ બીના શી લખવી?) એજ પાનામાં લખે છે કે: "જીકરીયા સલામ હજરતઅલીની ઓલાદના નહતા. પણ હસનબીન સબ્બાહની ઓલાદના હતા એમ વાનહામરે પોતાની હીસ્ટરીમાં લખ્યું છે. (જ્યારે હરામખોર ફાતમી ઓલાદના દુશ્મનો તેઓના બારમાં તેઓ માટે ખોટી તારીખો લખે. તો તેની નકલ કરનાર બીચારા એક પરદેશી અને ગેરમુસ્લીમ વાનહામરનું લખાણ પુરાવો કહેવાય ખરો કે?)

પાનું ૧૫૦–'આફ્મોતનો ઈતિહાસ'માં જણાવ્યું છે કે ઇમામ હાદીએ પોતાની મા સાથે ખરાબ કામ કર્યું તેના પરિણામે જીકરીયા સલામ પેદા થયા. (મજકુર કિતાબના લેખકનું નામ અપાયું નથી પરંતુ આ લેખક કેવા ખાનદાનનો હશે તો તો વાંચકે સમજી લેવું.)

વાંચક બિરાદરો, તમોએ અસનાઅશરીના સચ્ચાઈના ડંકાની અસભ્યતા જોઇ? તેઓ સચ્ચાઇ અને ઇમાનદારીનો દાવો કરે છે, પરંતુ મજકુર બિનાઓ તેઓએ કેવળ દ્વેષની લાગણીથી તદન જુઠી લખેલી છે. પરંતુ ઈસ્માઈલીયોએ પોતાના ઈમામે જમાન ઉપર આવી રીતના ખરાબ હુમલાઓ થવા છતાં સબર કરી છે અને સાથે સાથે જરા જેટલું પણ બોલ્યા ચાલ્યા વીના સહન કર્યું છે તેને માટે બીજાઓ શાબાશી આપ્યા વીના રહેશે નહિ. કારણ કે આવી રીતના લખાણોથી દુખાતી ધાર્મિક લાગણીને અંગે લડાઇ ટંટો થવાનો ચોખ્ખો ભય રહે એ દેખીતું છે. અને ધાર્મિક લાગણીને અંગે કેટલાએક શહીદ થયા છે કેટલાએક કોરટે ચઢયા છે અને એવા એવા ઘણાએક દાખલા બની ગયા છે. આ જગ્યાએ હું અસનાઅશરી ખોજાઓને વિનવણી કરૂં છું કે તેઓએ તેમની જમાતના નાદાન લેખકો તરફ સખ્ત અણગમો ઉઠાવવો જોઇએ, કારણ કે તેઓ વરસોથી ઇસ્માઇલી ઈમામોની બુરાઈઓ લખી અમોને ઉશકેરી રહ્યા છે. આનું પરિણામ કેવું આવે તે તો તમો

પણ સમજી શકતા હશો વળી હું નાદાનની સાથે નાદાન નહિ થતા તેનો જવાબ પણ શાન્તીપૂર્વકજ આપીશ એટલે બીજી કોમ આ ઉપરથી યોગ્ય ઈન્સાફ આપી શકશે.

મી. ગૈને જે જે હવાલા આપ્યા છે તે તેઓના ઘરનાજ છે. વળી કેટલાક ઈતિહાસ લખનારાઓએ બની ફાતમીઓની દુશ્મનીને લીધે તેમના વિષે ઘણુંજ અસભ્ય વર્ણન કરેલું છે. આનો એકજ દાખલો અત્રે આપવો વ્યાજબી સમજું છું. ખ્વાજા હસન નિઝામીએ ફાતમી દાવતે ઇસ્લામ નામે એક ઉર્દુ કિતાબ લખી છે. તેમાં તેઓ લખે છે કે "મઓરીંખુંકી યેહ કોશીશ સયાશી વજુહાતકી બીનાપરથી કયું કે અબ્બાસી ખિલાફતકા દૌર દૌરા થા ઔર તમામ મઓરીંખ અબ્બાસીયા ખિલાફતકે દસ્તે નગરથે ઔર અબ્બાસી નહિ ચાહતેથે કે બની ફાતમાકી ખિદમતે ઈસ્લામી સહી તૌરપર તારીખોંમેં લીખી જાય કયું કે વોહ બની ફાતમાંકા સલ્તનતકે દાવેદાર ઔર અપને હરીફ સમજતેથે." પછી આગળ લખે છે કે "ઈસ્લામી તારીખ લખનારાઓએ ઇસ્લામીઓને અનેક રીતે જુઠા આક્ષેપોથી બદનામ કરેલા છે ઉપરાંત ઇસ્માઈલીઓની તો બીલકુલ વિરૂદ્ધાઈજ કરેલી છે. અત્રે હું વાંચકોનું વિશેષ ધ્યાન ખેંચવાની રજા લઉં છું કે આવી રીતની જુદી ત્વારીખો લખનારની એકાદ દલીલ મી. ગૈન આપે તો તે દલીલ સાચી લેખી શકાય ખરી કે? વળી બિચારા અંગ્રેજો

તો આંધળો આંધળાને દોરે તે હિસાબે જુઠા યા સાચા • ઇતિહાસોની નકલ કરે છે. અને એવા જુઠા ઇતિહાસોના જુઠા હવાલાથી મી. ગૈન અમોને, અમારા મજહબને અને અમારા પવિત્ર ઇમામોને ખરાબ ભાષામાં વર્ણવે એ શું ઓછી શરમની વાત છે?

પરંતુ સાચા ઈમામો, સાચા નબીઓ ઉપર પ્રથમ-થીજ નામના ઇસ્લામીઓ, પાદરીઓ અને ગેરમુસ્લીમો હુમલા કરતાજ આવ્યા છે પરંતુ તેમના સાચા સેવકોએ તો સબરજ કીધી છે. હું પણ ઇસ્માઈલી ભાઇઓને વિનવું છું કે તેમણે મી. ગૈનના નાલાયક લખાણથી બીલકુલ ઉશ્કેરાવું નહિ. આ સંબંધી એક બીજું દૃષ્ટાંત અત્રે આપીશ. મુંબઈ ખિલાફત તા. ૩૦ મી એપ્રિલ સને ૧૯૨૬ ( લેખક હાફીઝ અલી બહાદુરખાન બી. એસ. સી. ) માં લખ્યું છે કે આપણા નબી મોહમદ મુસ્તુફા સ૦ અ૦ વ૦ ઉપર મહારાષ્ટ્રિય જ્ઞાન કોશના કર્તા ડો. કેતકરે જુઠી તારીખોના આધારે વગર વિચારે હુમલા કર્યા છે કે "પેગંબરે ખુદાએ વેશ્યા-ઓની સોબત કરવાની રજા આપી છે." આગળ જતાં ફરી લખે છે કે "ઇબ્ને ઇસહાકે મોહમદ (સ) નું જે વૃત્તાંત લખ્યું છે તેમાં તેમની ચાલચલગત ખરાબ વર્ણવી છે. તથા લખ્યું છે કે તે પોતાનો સ્વાર્થ સાધવાને જોઇએ તેવું કામ યોજતા હતા એ ઉપર અમલ કરવા પાછી પાની કરતા નહિ. શુદ્ધ નિષ્ઠાને અભરાઇએ રાખવાને માટે તેણે પોતાના

પગોને રજા આપી દીધી હતી અને બેરીકરી સાથે જેવી રીતે ઇચ્છયું ખુન અને કતલ કરાવ્યાં. મદીનામાંનો તેમનો કુર અમલ જોતાં ચોખ્ખા ડાકુના સરદાર દેખાતા હતા. તેમનામાં વૈભવ વિલાસની કળા એટલી બધી હતી કે લુંટ માર કરીને જે માલ ભેગો કરતા તેને પોતાના અનુયાયી-ઓમાં વહેંચણી કરી નાંખતા. તેમના અનુયાયીઓને એની પણ ફરિયાદ હતી કે લુંટેલા માલની વહેંચણીમાં ઘણો પ-ક્ષપાત અને ગેરઇન્સાફ કરતા હતા તે પોતે હદથી વધુ વૈભવ વિલાસી હતા, અને પોતાના અનુયાયીઓ માટે પણ વૈભવ વિલાસ વ્યાજબી ઠરાવતા હતા, આટલું બધું હોવા છતાં તે કહેતા હતા કે હું જે કરૂં છું તે ખુદાના હુકમથી કરૂં છું. ઉપરાંત પોતાની હકુમતના લાભ અર્થે કોઈ પણ સિદ્ધાંતનો નાશ કરવામાં એને જરાએ સંકોચ થતો નહિ."

મજકુર લેખ મોહમદ (સ) ના કોઈ દુશ્મનની કલમથી નથી લખાયો બલ્કે તેના એક અનુયાયીએ લખ્યો છે. ઉપરાંત કોઈ પણ મુસ્લીમ લેખકે તેનું ખંડન કરવા પ્રયત્ન કર્યો નથી.

મી. કેતકરે કોઈ અંગ્રેજી પુસ્તકને આધારે આ લખી માર્યું છે. બાકી ઇબ્ને ઇશહાકના કોઈ પણ પુસ્તકમાં એવી વાત લખાયલી નથી. એના પુસ્તકની નકલ કરનાર કોઈ અંગ્રેજ પાદરીએ ગોળોજ ફેંક્યો છે. મી. કેતકરે જરા લાંબી નજર દોડાવી આ સંબંધી લખતાં કાંઈક વિચાર કર્યો હોત તો ઇસ્લામીઓના અંતઃકરણને આઘાત થતે નહિ.

વાંચક બિરાદરો જ્યારે અમારા નબી સ૦ પણ કમીના કલમથી નથી બચ્ચા તો તેમની પવીત્ર આલ માટે અગર કોઈ નાદાન જુઠી તવારીખના આધારે કંઇ પણ લખી મારે તેમાં અજબ થવા જેવું શું? કદાચ મી. ગેન ડો૦ કેતકરના તવારીખી પુરાવાને કબુલ કરી લે પરંતુ હું તો તેઓ બન્ને જણુને સરખાજ સમજું છું. ડો૦ કેતકરે પેગંબર સ૦ ની જુઠી નિંદા કરી છે તો મી. ગેને અમારા ઇમામોને હરામકાર અને હરામજાદા વર્ણવ્યા છે. જેમ ડો૦ કેતકર કહે છે કે કોઈ ઇસ્લામી એનું ખંડન કરી શકયો નથી તેમ મી. ગેન પણ લખે છે કે ઇસ્માઇલીઓ તેમના ઇમામોના કલંકને દુર કરી શકયા નથી. આ બન્ને સાહેબોને માટે કયો અભિપ્રાય આપવો તે વાંચકોને હવાલે કરૂં છું.

મી. ગેનનું જુઠાણું એકજ વાતથી સમજી શકાશે તે પોતાના જુઠા ડંકાના પાના ૧૪૯ માં લખે છે કે " શાહ ઇસ્માઇલની વફાત પછી મરજણાનની સુરીયાના પેટે અવતરેલા છોકરાને મોહમદ બીન ઇસ્માઇલ ઠેરાવીને ઇમામનો ગાદી વારસ ઠેરાવ્યો. શું આવાઓ પોતાની માતાની કુખ દીપાવી શકે? કદાપી નહિ. ખુદ મોહમદ બીન ઇસ્માઇલ જેને કહેવામાં આવે છે તે ઇસ્માઇલના પેટનાજ નહતા ત્યારે કુખ કેવી રીતે દીપાવી તે જરા સાબીત કરશો કે?" આનો જવાબ મજકુર ટોળાના બએરેલ ઝાકરીન મૌલાના હાજીનાજીની બનાવેલ અહેવાલે ગાસુગીન પાનું. ૨૯૮ થી

આપું છું. તેમાં લખ્યું છે કે હજરત ઇસ્માઇલ એ હજરત ઇમામ જાફર સાદીક અ૦ ના સર્વથી મોટા ફરજંદ છે. હજરત તેમની બહુજ દોસ્તી રાખતા હતા. તેઓ તેમને બહુજ વ્હાલા હતા. તેઓ મદીનાથી ૪ માઇલ દુર એક અરીસ નામના ગામડામાં ખુદાની રહેમતે પહોંચ્યા જેથી તેમની લાશને અરીસમાંથી મદીને લાવ્યા. તેમના જનાજાને આપ ખાંધો આપતા હતા. અને બહુજ રડતા હતા. તેમના મહોડા ઉપરથી કપડું કાઢીને ઠંડા થવા પહેલાં આપ ચુંબતા હતા. અને ગુસલ આપ્યા પછી પણ ચુંબતા હતા.

આપે હજરત ઇસ્માઇલના કફન ઉપર શહાદતનો કલમો લખ્યો ઇ૦ ઇ૦

જનાબ ઇસ્માઇલ ઘણાજ ખુબસુરત અને દેખાવડા હતા. શીયાઓમાંનુ એક ટોળું હજરત ઇસ્માઇલને ઇમામ તરીકે માને છે. તે ટોળાને ઇસ્માઇલી કહે છે. આમાં પણ મતભેદ છે. અને એક ટોળું કહે છે કે હજરત ઇસ્માઇલ ઉપર ઇમામત ખતમ થઈ ગઈ.

એ મજહબ ( ઇસ્માઇલી ) ચાલુ કરનાર હજરત ઇમામે જાફરસાદીક અ૦ નો ખાદીમ અબ્દુલ્લાહ બીન મયમુન કદ્દાહ એટલે તીર બનાવનાર હતો. તે હજરત ઇસ્માઇલની ખીદમત કરતો હતો. જ્યારે હજરત ઇસ્માઇલ ખુદાની રહેમતે પહોંચ્યા ત્યારે તેમના ફરજંદ હજરત

મોહમદ હતા તેમની ખીદમત કરવા લાગ્યો. પણ જ્યારે દુઆનકી ખલીફે હજરત ઇમામ જાફર સાદીક અ૦ ને ઝેર થકી શહીદ કરાવ્યા ત્યારે મજકુર ખાદીમ અબ્દુલ્લાહ મએ-મુનનો છોકરો મરજબાન હજરત ઇસ્માઇલના ફરજંદ હજરત મોહમદને લઇને મીસર ચાલ્યો ગયો ત્યાં હજરત મોહમદ બીન ઇસ્માઇલ વફાત પામ્યા.

પ્રિય વાચક એહવાલે માસુમીન મી. ગેનના જૂઠા ડંકાથી દોઢ વર્ષ પેહલાં પ્રગટ થઇ છે. જો મી. ગેને બુદ્ધિ ઠેકાણે રાખી તેમાં દૃષ્ટિપાત કર્યો હોત, તો આવી જૂઠી અને શરમ ભરેલી બીના તે પવિત્ર ઇમામ માટે ન લખતે. જ્યારે મી. હાજીનાજી હ૦ ઇસ્માઇલને પવિત્ર લખે છે, ત્યારે રદે ઇમામે મોજુદના કર્તા અને મી. ગેન જેવા હાજી સાહેબ જેવાને શરાબ પીનાર લખી પોતાની આકેબત બરબાદ નથી કરતા ? મી. ગેન મેં તમારા સવાલોના બધા જવાબો તમારી કીતાબોના હવાલાથી આપ્યા છે, અને આ ઉપરથી વાચકવર્ગ તમારા સચ્ચાઇના ડંકા (!!!) ની જરૂર તુલના કરશે. એતો નિર્વિવાદ છે કે સૂર્ય સામાં ધૂળ ઉડાવવાથી પોતાના મુખ ઉપર પડે છે; તે કોણ નથી જાણતો ? એ જલવાગર જ્યોતિ, અલ્લાપાકનું નુર મુબારક ઝગાહળી રહ્યું છે; તેઓ હજરત મૌલા મૂર્તુ-ઝાઅલી (ક) ની સીધી નસલથી અત્યાર સુધી ઉતરી

આવેલ છે, અને તે રોઝે કયામત સુધી કાયમને દાયમ રહેશે. એ પાક કુરઆને શરીફના વચનો કોણુ મીથ્યા કરી શકે એમ છે? આને માટે હમણુાની તાજીજ એટલે સને ૧૯૧૧ ની દલીલ આપું છું તે વાંચ્યા પછી કયો શીયાને અલી તમારી તરફ ધીકારની નજરે નહી જુએ?

"પેસા અખબાર તા. ૨૪ મી ફેબ્રુઆરી સને ૧૯૧૧ હીજહાઈનેસ સર સુલતાન મોહમદશાહ આગાખાન જેઓ ખુલ્લી રીતે પોતાના ખાનદાની નામ આગાખાનથી પ્રખ્યાત છે તેમના વંશનો સીલસીલો હજરતઅલી અ૦ (ચોથા ખલીફા) સુધી પહોંચે છે."

મી. ગેન એક સુન્ની મુસલમાન જે ઇસ્માઈલી કે અસનાઅશરી નથી તે નામદાર આગાખાનનો સીલસીલો હજરતઅલી અ૦ સુધી સમજે છે પરંતુ તમારા જેવા અલીના ઘરના દુશમનો તે પવિત્ર નામદાર માટે અસભ્ય શબ્દો વાપરે તેને કોણુ માની શકે?

ખ્વાજા હસન નિઝામી જેવા પ્રખ્યાત માણુસો કબુલ કરે છે કે "નામદાર આગાખાન હજરત ઈસ્માઈલની ઓલાદમાંથી છે અને શાહ નીજારની પેઢી દર પેઢી તેમનો સીલ સીલો ચાલુ છે અને હજરતઅલી અ૦ સુધી કયાંઇ પણુ તૂટ્યા સીવાય સંધાએલો છે. પરંતુ તમારા જેવા

હસદની આગમાં ને પવીત્ર ઈમામ ઉપર ન છાજતી કલમ ચલાવે તે માટે ઓછું શરમાવા જેવું છે?

જરા આગળ વાંચો જજ મી. બદરૂદ્દીન તૈયબજીએ પોતાના હાથે જે પત્ર લખેલો તેની નકલ.

સમર સેટ હાઉસ ખંભાલા હીલ
મુંબઈ તા. ૫ મી માર્ચ સને ૧૯૦૫

મૌન સ્યોર લુઈસ પીએર વોસોઈ ફ્રેંચ કોનસલ જનરલ જોગ.

પ્યારા સાહેબ,

જત જણાવવાનું કે હીજહાઈનેસ નામદાર સર સુલતાન મોહમદશાહ આગાખાનના પક્ષને લગતા ખોજાઓના ધર્મ સંબંધી એક અગત્યનો સવાલ માડાગાસ્કરમાં ઉભો થયો છે એમ મારા સમજવામાં આવ્યું છે મને થોડી એવી પણ ખબર આપવામાં આવી છે કે મજકુર લોકો મુસલમાન નથી પણ હીંદુ અથવા બુદ્ધ મતના છે જેથી કરીને ઘણી ખુશીની સાથે હું આ સરટીફીકેટ આપું છું કે મજકુર ખોજાઓ હીંદુ પણ નથી તેમ બુદ્ધ મતના પણ નથી પણ તેઓ ઇસ્માઈલીયા ટોળાના ખરા મુસલમાન છે અને નામદાર સુલતાન મોહમદશાહ આગાખાન જે આ ટોળાના

ઉપરી છે તે નબી મહમદ મુસ્તફાના જમાઈ અને ખલીફ હજરતઅલીના વંશમાંથી સીધી નસલે ઉતરી આવેલા છે.

લી: હું છું તમારો આજ્ઞાંકીત

( સહી ) બદરૂદીન તૈયબજી

મી. ગેન તમો આવા બોઅતબાર માણસોના લખાણ માટે શું બોલી શકશો? અમારા ઇમામ માટે ખરાબ શબ્દો લખી પોતાનું મોઢું કાળું કરતા નથી? ખરી બીના તો એ છે કે તમારા દીન ધર્મ, તમારા ગુરૂઓ (?) અને જેણે પોતાના ભાઇયોનો હક ગસબ કર્યો એવાઓના માટેજ તમારૂં લખાણ આબાદ લાગુ પડે છે.

જીનકી ગોદ્દમેં પલા, દુશ્મન ઉન્હીંકા હો ગયા;
તુ નહિ પૈદા હુવા, એક સાંપ પૈદા હો ગયા.

જે બેઈમાનોનો ધર્મ, પોતાની ઓરમાન માતા સાથે નિકાહ કરવા જાએજ સમજે છે, તેઓ પોતે અથવા તેઓના ઈમામો તેમના લખાણ મુજબના હરામકારીના કામ કરે તો થઈ શકે, બાકી બીજે સ્થળે તો નહિજ. તમારા શરેહ નજાતમાં "ઓરમાન માતા સાથે નિકાહ જાએજ ગણ્યા છે." ઉપરાંત તમો "તમારા ધર્મ સિવાયના બીજા ધર્મ-વાળાઓની નિંદા પણ કરવી વ્યાજબી સમજો છો. એટલે કદાચ એ સદ્દગુણો (!) ને આધારે તમોએ અમારા ઇમામો

ઉપર આળ ચઢાવી તેઓની નિંદા કરી હોય તો શી ખબર !

મી. ગેન ! તમોએ તમારા સચ્ચાઈ (!) ના ડંકામાં પાને ૧૪૫-૪૬ માં અમારા પવિત્ર ઈમામો માટે જે ખરાબ શબ્દો વાપર્યા છે, તેને માટે અમો શાંતિપૂર્વક એજ દુઆ માંગીએ છીએ, કે ખુદા તમોને તેનો બદલો આપે ! પરંતુ હવે તો હદ થઈ ગઇ છે, માટે તમારા ટોળાને કહી દેજો કે:—

"રકીબું સે કેહદો હુથ આગયે હુંય;
ઝરા નામ લેના સંભાળ કર કીસીકા."

ભવિષ્યમાં સમજીનેજ કલમ ચલાવજો, જો તેમ નહિ થાય તો પછી લાચારીથી 'પત્થરનો જવાબ પત્થરથી' જ આપવો પડશે.

મી. ગેન ! જો તમો ઇતિહાસોથી વાકેફ હતે, તો તમારે કબુલ કરવું પડતે, કે જનતે ખાતુનના પવિત્ર નામને રોશન કરનાર, તેમના ખરા સપુતો તો હ૦ ઈસ્માઇલ અ૦ ની ઓલાદે પાક છે જેઓએ બની અબ્બાસીઓ તથા બની ઉમીયાથી પોતાના વડવાઓનો હિસાબ ચુકતે કર્યો ! અને જે યહુદી તથા ગેરઇસ્લામી હતા તેમને કરોડોની

સંખ્યામાં મુસલમાન કર્યા ! તેઓની ઈસ્લામી ખીદમતોને કદાચ બેઈમાન ઈતિહાસ વેત્તાઓએ છુપાવીને ઉલટી તેમની બુરાઇ લખી તેથી શું થઈ ગયું ? છતાં તેઓ પણ તેમની ઈમાનદારી લખ્યા સિવાય રહી શકયા નથી. કેટલુંક છુપાવી શકે ? તમારી આંખોથી તાઅસુબનો પડદો દૂર કરી " ફાતમી દાવતે ઇસ્લામ " વાંચો. અને પછીજ કહેવા બહાર પડો કે " તેમણે પોતાની માતાની કુંખ દીપાવી છે કે નહિ ? " મીસરમાંની " અલ અઝર યુનિવર્સિટી " સાચા ફાતમીઓનો યાદગાર પુરાવો મૌજુદ છે ! છતાં તે તરફ શામાટે આંખ મિંચામણાં કરો છો ? તે જરા સમજાવશો ખરા ?

ખરૂં જોતાં તો બની અબ્બાસીઓના નચવ્યા નાચ્યા, તે તમારા માની લીધેલા ઈમામોએ પોતાની માતાની કુંખ લજવી છે એમ કોણ નહિ માને ? જેણે પોતાના સગા ભાઇઓનો હક પચાવ્યો, તેમને પોતાની સામે કેદીની હાલતમાં નિહાળ્યા અને જુઠી રીતે હકદાર થઈ બેઠા તેને શું તમો માતાની કુંખ દીપાવનાર તરીકે લેખશો ? જે એશો ઇશરતમાં ગર્ક થઇ ' સ્ત્રીઓની યોનિ જોવા અને સ્ત્રીઓની યોનિમાં આંગળીઓ દ્વારા રમત કરવામાં મશ્ગુલ રહ્યા તેમને માતાની કુંખ દીપાવનાર તરીકે લેખશો ? જો કદાચ તમો તેમના નામો માંગતા હો તો આ રહ્યાં. મુસા કાઝમ અને અલી રઝા. આ બધું તમારીજ કિતાબોથી

સાબિત છે, અને પ્રથમ જણાવી પણ ચુકયો છું. છતાં હવે તો "ઢાંકણીમાં પાણી લઈ............". કંઇ શરમ આવે છે કે નહિ ?

અલ્લાહુપાકના કલામ મુજબ અને શીઆઓના ઉસુલ પ્રમાણે દુનિયાના તખ્તા ઉપર બની ફાતમા તરીકે કોઈ પણ જાહેર ઈમામ હોય, તો તે નામદાર આગાખાનજ છે. એજ ખુદાની હુજ્જત અને તેનું પાક નુર છે, અને તેથીજ તેઓ "જેમ હ૦ ઈમામ હુસન અ૦ ઇમામ હતા, તેમ હું પણ ઈમામ છું, હું ઇમામ હુસન અ૦ છું" એવા શબ્દો વાપરી શકે છે. કોર્ટમાં જનસમાજ સમક્ષ તેમણે ખુલ્લી રીતે જણાવી દીધું, કે "પેશ ઈમામ યા મુલ્લાંગીરી કરનાર હું ઇમામ નથી, પણ હું જમાનાનો ઈમામ છું." ભાઈ જૈન ! ખરૂં કહેજો. દુનિયાની મોહજાળમાં ફસાઇ, ઝાલીમોને પોતાનો અમીરૂલ મોઅમનિન બનાવી લેનાર વ્યક્તિમાં હીજડાપણું ગણાય કે બીજામાં ? સાચા ઇમામો તો પોતાના હક માટે કદી છુપાતાજ નથી. કરબલાની ભૂમિ ઉપર ખુલ્લી છાતીએ ઉભા રહેનાર અને પોતાના છ માસના બાળકને પણ શહીદ થવા દેનારજ સાચા ઇમામો ગણાય. કારણ કે તેઓ સમજતા હતા કે 'નુરે ઈલાહીને કોઈ પણ મારી શકતું નથી. જો હું વફાત કરીશ, તો અલ્લાહુપાકની હુજ્જત મારા પછી કાયમ રહેશે.' જરા આગળ ચાલો. કેદીની

હાલતમાં લાખો એહલેબેતના દુશ્મનો સમક્ષ મોતની પણ પરવા ર્ક્યા સિવાય જેણે ફરમાવ્યું કે 'હું ખુદાની હુજ્જત છું, હું ખુદાનું નુર છું' તેજ સાચા ઇમામો ગણાય. હવે સમજ્યા? હવે જરા ઇમાનદારીથી કહી નાંખો જોઉં, કે બાયલાપણું કોનામાં ગણાય?

તમારીજ કિતાબો વાંચવાથી જણાય છે, કે અલેફલયલાની વાર્તાઓને ભુલાવે તેવી વાતો તમારા તરીકાની, તમારા ધર્મની અને તમારી માન્યતાના ઇમામોની છે. આનો એકજ નમુનો આપવો વ્યાજબી સમજું છું. તોહફએ રઝવી પાનું ૩૦૧ માં મોઅજીઝો નંબર ૧૨:—

"સૈયદ નસરૂલ્લાહ બિન સૈયદ હુસેન મુસવી પોતાની કિતાબ રોઝતુઝ હુરાતમાં લખે છે, કે તેઓ પોતે શેખ મહંમદ બાકર મકીને બ્યાન કરતાં સાંભળ્યું હતું કે એક માણસ મોટા આલીમોમાં ગણાતા હતા. તેઓનું બ્યાન છે, કે એક વખતે સને અગીયારસો હીજરીમાં (ફક્ત ૨૨૫ વર્ષ પહેલાંજ) હું વહાણમાં બેસી દરિયાની મુસાફરી કરતો હતો. રસ્તામાં તોફાન નડયું, અને અમારૂં વહાણ ભાગી ગયું. સઘળા ડુબી મુઆ. ફક્ત હું એકલો બચી જવા પામ્યો, અને એક ટાપુમાં આવી પડયો. તે ટાપુમાં હું ફરતો હતો કે એક કુવા આગળ એક વાંદરાને કુવામાંથી પાણી ખેંચતા જોયો, અને તે કુવા આગળ એક મોટો હોજ

હતો. તેમાં પાણી નાંખતો હતો. થોડીવાર પછી મેં જોયુ કે એક હાથી આવ્યો, ને તે વાંદરાને ખરાબ રીતે મારી નાંખીને ખાઇ ગયો, અને હોજમાંનું પાણી પી ચાલતો થયો. થોડીવારમાં મેં જોયું કે વાંદરો પાછો ફર્યો, અને આગળની માફક કુવામાંથી પાણી ખેંચવા લાગ્યો. આ જોઇને ફરીને તે હાથી આવ્યો, અને પહેલાંની માફક તે વાંદરાને રીબાવી રીબાવીને મારી નાંખ્યો અને તેનું ગોશ્ત, હાડકાં ચુકતે ખાઈ હોજમાંનું પાણી પી રવાના થયો. થોડીવાર પછી ફરી વાંદરો કુવા આગળ આવ્યો, અને પાણી ભરવા મંડી પડયો. તે વખતે હું ઘણોજ અચરજ પામ્યો, અને તે વાંદરા તરફ જોઇ રહ્યો હતો. તે વાંદરાને વાચા આવી અને ખુદાની કુદરતથી બોલ્યો. તું મને ઓળખે છે? કે હું કોણ છું? મેં કહ્યું નહિ. તને એક વાંદરા સિવાય વધુ ઓળખતો નથી. ત્યારે તે વાંદરો બોલ્યો. ખુદાવંદે કરીમ આલે મોહમદ સ૦ ના દુશ્મનો ઉપર લાનત કરે! મામુન અબ્બાસી નામ સાંભળ્યું છે? મેં કહ્યું. હા. તે વાંદરાએ કહ્યું. હું પોતે મામુન અબ્બાસી હારૂન રશીદનો છોકરો છું. જ્યારથી હું મરણ પામ્યો છું ત્યારથી આ અઝાબમાં ગીરફતાર થયો છું. દરરોજ આવીને હાથી મારી નાખે છે. મારૂં કામ પાણી કાઢવાનું. ખોરાક એ હાથીની લીદ (નજાસત) છે."

વાંચક બિરાદર! મામુન બિચારાએ તો મી. ગેન અને તેમના ટોળાના ઈમામ રઝા સાહેબ ઉપર પુષ્કળ ભલાઈઓ કરી હતી. તેને વલીએહદ બનાવી પોતાની છોકરી મામુને તેને આપી હતી. તો એક ઈમામ ઉપર કરેલ ભલાઈઓ અને તેના સસરા થવાનો બદલો! જોયો? બદલામાં તે બિચારાને વાંદરાનું રૂપ ધારણ કરી હંમેશાં કેટલીએ વખત મરવાનું સાંપડયું? વળી તે આલિમોમાં ગણાતા માણસનું તો નામજ નથી આપવામાં આવ્યું! ટાપુમાંથી આપણી જમીન ઉપર કેવી રીતે આવ્યો તે તો ખુદા જાણે! વળી જમીન ઉપર આવ્યા પછી મોહમદ બાકર મક્કીને ક્યાં, કઇ તારીખે કયા સનમાં મળ્યા તેની તો વિગતજ નથી!! દરિયાપાર મેહદી સાહેબની બાદશાહત છે, એમ તો નથી? હજારો માઈલના છેટે દરિયાપાર ઈમામ રઝા સાહેબ એક ઓરતને તેના ધણી પાસેથી નગ્ન હાલતમાં ઉપાડી લાવેલા તેમ એ આલિમને ઉપાડી મોહંમદ મક્કી સાથે ભેગો કરી દીધો હશે કે શું? આ બધી બિનાઓ ઉપર પુખ્ત વિચાર કરી લેવા આપને વિનવું છું.

મી. જૈન! ગીલેમમાં એક વાઘની શીકલ હતી, તે તમારા ઇમામના હુકમથી ઉડી શોઅબદા બાઝને ખાઇ ગયો. પણ તમારા ઈમામને મામુન, હારૂને બાણુ બનાવી દીધા હતા તેને મજકુર વાઘ કેમ અડકયો નહિ? તમારી

આ વાતો ડાહ્યા-દાના-માણસો જેવી છે, કે ચરસ, ભાગ પિનારાઓ જવી? આ તો ડોસીમાની વાર્તાઓને પણ ભુલાવે તેવી ગિનાઓ છે! કારણ કે આટઆટલા મોઅજીજા બતાવ્યાં છતાં લોકો જેવાને તેવાજ રહી ગયા, એટલે એ બધું 'ઠંડા પહોરની ગપ' હોય એમજ જણાય છે!!

ભાઈઓ! અલી રઝાનો સસરો તે અલી નકીનો નાનો થાય! અને વળી તેનો સસરો પણ થાય! મામુને પોતાની બન્ને દીકરીઓ બન્ને બાપ બેટાને આપી. અને તેમની દ્વારા હ૦ ઇસ્માઈલ અ૦ ની ઓલાદને બરબાદ કરવાનું કાવત્રું રચ્યું! છતાં તેમાં તો નિષ્ફળ ગયો પણ ઉલટો વાંદરો થઇ અઝાબ ભોગવે એ કેવી નવાઇ? તમારા ઇમામોના સંબંધીઓને જો આવો અઝાબ ભોગવવો પડે છે, તો તેમને માનનારા-તમારી-ની શીવલે થવાની? તકીયાના ઉતારામાં બેઠાં બેઠાં આવી વાતો હાંકતાં તમો કંઇ વિચાર કરો છો કે નહિ? શું ઇસ્લામ આવી જુઠી વાતોને કબુલ કરે છે? હરગીજ નહિ.

આવા જુઠા મોઅજીજા લખી તમોએ કંઇ મેળવ્યું તો નહિ, પણ ઉલટા ઝલીલ હાલતમાં રહ્યા. હવે જુઓ અમારા ઇમામોના મોઅજીજા. તેમના મોઅજીજા એજ છે, કે પોતાના બાહુબળવડે મેદાને જંગમાં શૌર્ય બતાવી પોતાના બહાદુર પિતા અમીરૂલ મોઅમનિન હ૦ અલી

અ૦ ના નામને રોશન કર્યું ! કારણ કે તેઓમાં હાશમી ખુન હતું, અને હાલમાં પણ એજ હાશમી ખુન મરદાનગી સાથે એજ અવાજ આપે છે, કે 'હું જમાનાનો ઇમામ છું. ઈમામ થઈ ભાગી કેમ જાય ?'

બિચારા ગૈન મહાશયને પવિત્ર જ્ઞાન શરીફોનું શું જ્ઞાન ? એક જગ્યાએ મેહદી શબ્દ જોઈ રાજી રાજી થઈ ગયા કે ઈસ્માઈલીઓ લાજવાબ થઈ જશે, પણ જ્યાં તેમના ઈમામોનું નામ ન જોવામાં આવ્યું ત્યાં તો પેટની બળતરાએ હાયવોય કરવા લાગ્યા ! "પાછમે આયા શાહ પરતક પાયા, ભુલીઆરે ગાફલ તેણે જન્મ ગમાવ્યા; સીરેવો શ્રી ઇસ્લામશાહ મેહદી દશમો અવતાર યા અલી." આ જ્ઞાન શરીફમાં ઇસ્લામશાહનું નામ જોતાંજ તે ભડકી ગયા, અને તેનો ઉલટો અર્થ કરી નાંખવા તેમણે "એજી પંચમ આયો, શાહતું પરતક પાયો; ભુલમાં ગાફીલ જંને જન્મ ગુમાવ્યા; સીરેવો શ્રી ઇસ્લામ શાહ છે, મેહદી દશમો અવતાર......" એ પ્રમાણે ફેરફાર કર્યો એનો અર્થ એમના સચ્ચાઇના (?) ડંકામાં પાને ૧૬૬-૬૭ નીચે પ્રમાણે કરે છેઃ—

"ક્યાં છે, ક્યાં છે, મી. હુથ ! હવે જુઓ, અને પોતાની માન્યતા ઉપર લાનત કરો, અને નીચે જોઈ દાંત ખોતરો. અવતાર, અવતાર. ખુદા, ખુદા, ખુદા. મેહદી,

ને દી,. એવી અનેક માન્યતાઓ મી. ફુથ માને છે. હ૦ અલી અ૦ ને દશમો અવતાર મેહીને પકડયો વળી ઇસ્લામ શાહને. તે અગાઉ ઝીકરીયા સલામ તથા અબ્દુલ્લા મેહદી, મેહદી, મેહદીને મેહદી. ખુદા માલમ મેહદીના રાફડો કયાંથી ફાટી નીકળ્યો ! કાંઇ સુજ પડતી નથી. અસનાઅશરીઓમાં તો એકજ મેહદી અને એકજ ખુદા જયારે ખાનાઇઓમાં તો કોટીબંધ મેહદી ને કોટીબંધ ખુદાની માન્યતા ભરપુર છે, અને ધિકાર ભાસે છે. ”

વાંચક વર્ગ ! હવે તેનો જવાબ પણ સાંભળો. મી. ગૈન ! જ્યારે તમો કયાં છે ? કયાં છે ? કરી પોકાર કરો છો, ત્યારે હું જવાબ આપુંછું કે હું હાજર છું. તમારીજ બાજુમાં ઉભો છું. પેગમ્બરે ખુદા સ૦ ના ફરમાનાનુસાર “ લાનત તેઓ ઉપર ઉતરશે જે ઈમામે ઝમાનના ઉસુલને માની પછી તેની બયત કર્યા સિવાય સેંકડો વર્ષથી જહન્નમ તરફ સફર કરી ગયા છે. કરે છે અને કરતા રહેશે. ” આ તો તમારીજ કિતાબને આધારે છે. ‘ જે પોતાના ઝમાનાના ઇમામને ઓળખ્યા સિવાય તેની બયત કર્યા સિવાય મરી જાય તે કાફરના મોતે મરે છે ’ ભાઇ ગૈન ! આથી વધુ સારો જવાબ હું કઇ રીતે આપી શકું ? ભોંય ઓતરવી કોના માટે છે ? જેને કોઈ ધણી ન હોય, જે ધર્મમાં કરોડો માણસ હોવા છતાં પૂરા ચાલીસ માણસો પણ ઈમા-

નદાર, પાકા મોમન, પ્રમાણિક ન હોય તેને માટે ! હવે ફરમાવો ભાઇ ગૈન ! ભોંય હું ખોતરૂં કે તમે ખોતરશો ? તમારામાં જો પૂરા ૪૦ માણસો ઇમાનદાર હતે, તો તમારી માન્યતા મુજબ બિચારા મેહદી સાહેબને શામાટે ગારમાં ભરાઈ રહેવું પડતે ? કેમ હવે તો બરાબર સમજ્યાને !

ગૈન મહાશય ! જો તમોએ તમારીજ કિતાબો 'અલહાદી,' 'રાહેનજાત,' 'હકીકતુલમુસાવાત' વાંચી હતે, તો તમારે આટલી બધી તકલીફ લેવાની જરૂર ન પડતે ! મૌલાના હાજીનાજી તો સાફ લખે છે, કે "ઇમામ જાફરે સાદક અ૦ મે ફરમાવ્યું કે અમો સર્વ ઈમામો મોહમદ છીએ, અમો સર્વ ઇમામો મેહદી છીએ, અમારા માટે ઈમામત મેહદીયતનો જમાનો છે, અમો તસ્બીહના મણકા સમાન છીએ, અમો ઇમામો સર્વે એક ઇલાહી નુર છીએ" વળી પેગમ્બરે ખુદા સ૦ ફરમાવે છે કે "અના અલીયુન મીન નુરી વાહિદ" એટલે હું અને અલી એકજ નુરથી પેદા થયા છીએ. હવે તમો જવાબ આપો, કે તમારીજ માન્યતા મુજબ તમારા કેટલા, મેહદી, ખુદા અને અવતાર થયા ? જરા નારએ અસદુલ્લાહ તો વાંચો. તેમાં તમોને તેર ખુદાની માન્યતાવાળા લેખ્યા છે. આનો તમો શું ખુલાસો આપોછો ? જો તમોએ પીર સદરૂદીનના "છીરે ભાઈ સૌ સૌ નામે શાહઅલી એક બાણી જે, આંહી સુજાણ્યો સોઈ

. ફીરતાર " જ્ઞાને શરીફને લક્ષમાં લીધું હતે, તો તમારે આટલી બધી તકલીફ લેવાની જરૂરજ ન હતી !

અમો તો ઈકરાર કરીએ છીએ, કે સો હજાર નામ હોય, તોપણુ તે એકજ ઇલાહીનુર સત્તાધારી ઇમામે ઝમાન અલી, અલીજ છે. જેનુર પ્રથમ 'ઝર્રે આલમ'માં હતું તે અલીનુ નુર યોમલહુર્ષ સુધી કાયમ રહેશે. ખરેખર તે ઈમામ છે, તેજઅલી છે, અને તેજ મેહદીપણુ છે. ભાઈ ગેન ! પ્રથમ અર્થ સમજો, અને પછીથી જબાન ચલાવવા તૈયાર થાઓ ! શું તમો ઇમામ જાફર સાદક અ૦ ના કોલને તો જુઠો નહિ સમજોને ?

પીર સદરૂદ્દીને ઘણાંએ જ્ઞાને શરીફના પાઠો લખ્યા છે, પણ તેમાં કોઈ કોઈ ઠેકાણે તમારા મુસા, રઝા, તકી અથવા નકી અને હસન અશગરીનુ નામ દ્રષ્ટિએ પડતું નથી ! ! કારણુ કે તેઓ તો ફરમાવે છે, કે " પરતક પાયા " મેં ઇમામે ઝમાનને જાહેર જોયો છે. પણુ ભાઈ ગેન ! તમારા મેહદી સાહેબ તો ખાડામાં જઈ સુતા છે, એટલે તેમનુ નામ આવેજ કેવી રીતે ? હા. હમણાં તમારા કેટલાક લેખકો જુઠા પાઠો બનાવવા લાગ્યા છે ! તેમ તમોએ એવો એકાદ પાઠ લખી નાંખ્યો હોતે, તો ઠીક થઈ પડતે કે " ઈમામ તો બારજ થશે. બારમા ઇમામ ગારમાં બંધ થશે. અને સઘળી દુનિયા બેદીન, કાફર થઈ જશે. જ્યારે ચાલિસ

મોમન દુનિયામાં ભેગા થશે ત્યારે જાહેર થશે." અને ગમે તેવું મુનાફિકપણું કરવું એ તો તમારા ધર્મમાં જણાવેલુંજ છે, એટલે ડરવાનું શું કારણ હતું ? ! !

અમે ઈમામની હસ્તી કાયમ સમજીએ છીએ, તે ખુદા અને તેના રસુલ (સ૦) ના હુકમ મુજબજ. અમોને ઈસ્લામી તા'લીમ આપનાર પીર સદરૂદ્દીન સાહેબે અમોને એવી હીદાયત કરી છે. કે "મેં પહેલાં એ ઈમામને ઓળખ્યો છે, અને પછીથી તમોને હાજર ઈમામના ઓળખાણ કરાવી છે. આખી સૃષ્ટિનું જીવન અને આધાર ઈમામે ઝમાન છે. તેની હસ્તીથી તમારી હસ્તી છે." આ કાંઇ અમારા મ્હોડાની વાતો નથી. સાબિતિ માટે નીચેનું જ્ઞાને શરીફ વાંચો:—

"હાજર જોમો છે, જીવોનો આધાર, તે તમો સઇ કરી જાણજો નરને નાર;
એ નર દેખીને ભુલશે જેહ, ગોડ અંધારમાં પડશે તેહ;
જેણે નજરે શું જોયો, મારા શાહનો દિદાર,
તે પાવન હુવા નર ને નાર......................."

પીર સદરૂદ્દીન સાહેબ એમ તો નથીજ ફરમાવતા કે જે ઝમાનાના ઈમામને જોઇ લેશે યા જોવાનો ઇકરાર કરશે તે કાફર છે. એવો અકીદો તો તમારાજ નસિબમાં લખા-

ચેલો છે. પણ શું એને (તમારા અકીદા મુજબનાને) ઈમામ ગણી શકાય ખરો ! હરગીજ નહિ. બાકી અમારા પાર સદર્દીન સાહેબ ઈમામની સ્વારીનો વખત જુદી રીતે વર્ણવે છે. તે જરા વાંચી જુઓ." તે જમાનો આવશે ત્યારે ઈમામને માનનારા મોમન લોકો બાદશાહી કરશે." ભાઈ જૈન ! સાચું કહેજો. મજકુર ઈમામ કોઈ ગારમાંથી કુદકો મારી બહાર નીકળશે ? કે પોતાની માતાની રાનમાંથી–પસીનો નીકળે તેમ–નીકળી પડશે ? અમો તો એમજ માનીએ છીએ, કે એ ઈમામની ગાદી કાયમ છે, અને કયામત સુધી ત કાયમ રહેવાની છે. અને તેજ ઈમામ સ્વારી કરશે. અને મોમનોને આનંદ કરાવશે !

આને માટે દૂર જવાની શી જરૂર છે ? આપણી ચાલુ હાલતોનેજ જુઓને ! તમો અહર્નિશ રડવા કુટવામાં, હાયવોય કરવામાં અને માથું છાતી કુટવામાં તથા ઝલીલ હાલતમાં, જમાયતી ઝઘડાઓમાં ખરાબ થયા કરોછો. હાં. સુધારો તમોએ કર્યો છે, તે ફક્ત ગુસલ કેમ કરવું, મુછો કેટલી કપાવવી, કોઇ ચીજ ગમે તેવી હરામ હોય, પણ મુસલમાન પાસેથી લેવી હલાલ, પણ એજ ચીજ હિંદુ પાસેથી લેવી હરામ. ઇ૦ ઇ૦ બાબતોમાં (આ બિના સત્ય નામના પેમ્ફલેટમાં અચ્છો ચિતાર આપે છે). જ્યારે અમો ઈસ્માઇલીઓ દરેક વાતે સુખી છીએ. અમારા ઈમામે ઝમા-

નના પ્રતાપે અમારી દિવસે દિવસે ચડતી થઈ રહી છે, અને અમારી આ ચડતી જોઈ તમો બળીને ખાખ થઈ જાઓછો ! આ બધું બતાવી આપે છે, કે આનંદ કરવો તે તો અમારાજ નસિબમાં છે. તમારા નસિબમાં નહિ.

તમારા નસિબમા આનંદ હોય પણ કયાંથી ? આજના સુધરેલા જમાનામાં ઢેડ, ભંગી જેવી હલકી ગણાતી કોમોમાં સામાજિક બંધનો અને ધોરણો છે, જ્યારે તમારી હાલત મોહર વગરના ઉંટ જેવી છે ! ! તમારો નતો કોઈ ધણી છે, ન કોઇ આગેવાન છે, અને ન કોઈ પીર મુરશીદ છે ! ! એટલે તમારો આગેવાન શેતાન થાય એમાં શી શંકા ? "લા શેખ લહુ ફલાદીન લહુફ શેખસ શેતાન." જેનો મુરશીદ નથી, તેનો દીન નથી. જેનો મુરશીદ નથી તેનો મુરશીદ શૈતાન છે. આ બિના તમારાથી અજાણી તો નહિજ હોય ! ! તમામ આલમમાં કોઇ પણ ઇન્સાન-કોઈપણ કોમમાં-પીર વગરનો નથી. પીર વગરની કોઇ પણ કોમ હોય તો ફક્ત તમારીજ ! અને તેને પરિણામે મેહદી આવતાં આવશે, પણ હમણાં તો ઘર ઘર મુલ્લાં, ઘર ઘર કાજી, એક કહે હલાલ, તો બીજો કહે હરામ ! આવી આવી વાતોમાં તમો મુંઝાઈ રહ્યા છો, અને હઠધર્મીને લીધે મુઝવણ ટાળી પણ શકતા નથી ! !

પ્રિય વાંચક ! અસનાઅશરી જે મેહદી વિષે ઇંતેજાર છે; તેનું મૂળ બિલકુલ છેજ નહિ. આને માટે હું તેમનાજ

• મઝહબની કિતાબોથી સાબિત કરી આપીશ, કે હસન અશગરીને મેહદી નામે છોકરોજ નહોતા ! જરા શાંતિપૂર્વક એક પછી એક દલિલો વાંચવા કૃપા કરશો. મેહદી બન હસન અશગરીના પેદાશ વિષે મૌલાના હાજી નાજી દુર્રે બેબહામાં લખે છે, કે " જનાબ હકીમા ખાતુન બ્યાન કરે છે, કે જે રાત્રે બારમા ઈમામ પેદા થવાના હતા. તે

રાત્રે હ૦ ઈમામ હસન અશગરીએ મને મારે ઘેર જવાની મનાઈ કરી અને ફરમાવ્યું, કે " એ ફુઇ આજ રાત્રે તમો મારા ઘરમાં રહો, કેમકે ખુદાવંદ કરીમ આજ રાત્રે એ ફરઝંદને પેદા કરનાર છે, કે જેના સબબથી ગુમરાહી અને જુલમથી ભરાઈ ગયેલી દુનિયાને હિદાયત અને અદાલત ભરી આપશે " આ સાંભળીને મેં કહ્યું, કે તે ફરઝંદ કેવી રીતે પેદા થશે ! કારણ કે નરજીસ ખાતુનને હમલની અસર પણ દેખાતી નથી ! હઝરતે ફરમાવ્યું. કે નરજીસખાતુનથી જ પેદા થશે, આ સાંભળીને હું ઉઠી. નરજીસ ખાતુનના પેટ અને વાંસામાં તપાસ્યું, પણ હમલની અસર જાહેર થઇ નહિ. હઝરતે ફરમાવ્યું કે ' અમો પેગમ્બરના વસીના હમલની અસર પેટમાં માલુમ પડતી નથી. કેમકે રાનમાંથી પેદા થઇએ છીએ, અને અમારા હમલની અસર પણ રાનમાં હોય છે. આ સાંભળી હું નરજીસ ખાતુન પાસે ગઇ, અને તમામ હાલત બ્યાન કરી. તેઓએ કહ્યું કે મને હમલની

અસર જરા પણ માલુમ પડતી નથી.....તેઓએ ( નરજીસ ખાતુને ) ફરમાવ્યું કે હઝરતે ફરમાવ્યું હતું તે જાહેર થયું.....પછી હઝરતે ઈમામહસન અ ગગરી સાહેબે અવાજ આપ્યો કે એ ફુઈ! મારા ફરઝંદને ખોળામાં લઇને મારી પાસે લાવો. જે વખતે હઝરતની પાસે લઈ ગઇ, તો હઝરત પાકપાકીઝા ખતના કરેલા હતા. અને જમણા હાથ ઉપર લખેલું હતું કે:—

“ જાઅલ હક્કો લઝહુ કલબાતે લઈજાલ બાનેલા. ” એટલે હક આવ્યો અને બાતલ ખરાબ થયું અને મરી ગયું. હાસ્રલ કલામ પછી હ૦ ના ખોળામાં લઇ ગયા, અને હઝરતે સલામ કરી. પછી આસ્માનમાંથી ઘણાં પંખીઓ આવ્યા, અને એક પંખી હ૦ ને લઇને ઉડી ગયું. હકીમા ખાતુન તે પછી બ્યાન કરે છે, કે ચાલીસ દિવસ પછી હું હ૦ ને ત્યાં ગઈ તો જોયું કે બે વરસનું બચ્ચું ઘરમાં ફરે છે. મેં જોઇને હસનઅશગરીને પૂછયું કે આ કેમ ? તો જવાબ આપ્યો કે પેગમ્બરો અને તેઓના વસીઓના ફરઝંદો એક મહીનાના થાય, તો એક વરસના માલુમ પડે છે. ”

મેહદીના જન્મ વિષે મેં સતપંથ પ્રકાશમાં લખ્યું હતું, પણ મી. ગેન પોતાના સચ્ચાઇના ( ! ) ના ડંકામાં આ સંબંધી હાયવોય કરી જણાવે છે. કે “ તમોએ ફુલાણી

, બાબત કેમ મૂકી દીધી ? અબી મોહમદ કેમ ન લખ્યું ? હાજી નાજીની ફુટનોટ કેમ ન લખી ? ઇ૦ ઇ૦ " હું વાંચક-વર્ગનું ધ્યાન ખેંચવા રજા લઉં છું, કે જો આવી રીતે અક્ષરે અક્ષર લખવા બેસીએ, તો પાર ક્યાં આવે ? હા. મતલબમાં ફરક ન આવવા જોઇએ, અને તે મુજબ મેં ફરક આવવા પણ દીધો નથી. એટલે ગૈન મહાશયની હાયવોય મને તો નકામીજ લાગે છે. હવે વાંચક વર્ગને મેહદીના જન્મ વિષે અલહાદીનો ઉતારો આપુંછું. મજકુર કિતાબના પાનાં ૯૪–૯૫–૯૬–૯૭ માં આ બિના છે.

મેહદીના જન્મ વિષે દુર્રે બેબહામાં જે હકીકત છે, તેનેજ મળતી બિના આમાં પણ છે, ફક્ત તેમાં હસનઅશગરીને બદલે અબુ મોહમદ લખ્યું છે. વધારામાં હીજરી સન ૨૫૦, શાબાનની વચલી રાત ( પંદરમી ), કઈ ખાતુન જન્મ આપશે તેની હસન અશગરી સાથે વાતચીત, નરજીસખાતુન હકીમાખાતુન સાથે કેવી ભલમનસાઇથી વર્તતાં તે, જે રાતના જન્મ થવાનો હતો તે રાતના હકીમાખાતુનનું એ ત્રણ વખત જાગવું અને હસનઅસગરીનો દિલાસો, નરજીસ ખાતુનનું બચ્ચાના જન્મ વિષેની વાત સાંભળીને શરમાવું, અને નિરાંતે સૂઈ રહેવું, સવારના પ્હો ફાટતાં જન્મ થવો, હસનઅશગરીનું મુશ્કરાવું તથા બેહસ્તના ખઝાનેદાર ફીરસ્તા રીઝવાનનું તેમના સાથીઓ સાથે આવી જન્નતના

પાણીથીં ગુસલ આપવું ઇ૦ ઇ૦ બિનાઓ સમાએલી છે. આ ઉપરથી વાંચક વર્ગ મેહદીના જન્મ વિષેની આ બિના સમજી શકયા હશે.

વાંચક વર્ગ ! નરજીસ ખાતુનથી મેહદીનુ જન્મવું આવે છે, એટલે તમના સંબંધી ., હકીકત તમોને જણાવવી અસ્થાને તો નહિજ ગણાય. આ બિના પણ અસનાઅશરીઓની કિતાબોને આધારેજ છે.

“ હસનઅશગરી સાથે રાત્રે સૂતાં સૂતાં નિદ્રામાં નરજીસખાતુન સાથે નિકાહ થાય છે. અને પેગમ્બરે ખુદા પોતાના હાથથી તે નિકાહ પડાવે છે. જેની સાથે નરજીસ ખાતુનનો જાહેરી વિવાહ થએલો તે શેહરો બાંધી પરણવા આવે છે, તો આખો તખ્ત ઉલટાઈ જાય છે. ” આ હેવાલ લાલદેવ અને સબ્જપરીના કિસ્સાને ભૂલાવે તેવો નથી ? નરજીસખાતુન ગમે તેવી ખાનદાન હતી, પણ બજારોમાં ગુલામો માફક વેચાઈ હતી ! અને હસનઅશગરીનો ગુલામ તેને ખરીદ કરી પંદર દિવસની મુસાફરી પછી હસનઅશગરી પાસે લાવે છે ! ! આવી ઓરતને ઘરમાં રાખવા માટે અલબત્ત એક વિચારવા જેવો પ્રશ્ન છે. છતાં હસનઅશગરીએ તેને પોતાના ઘરમાં રાખી હતી ! ! મેહદીની પેદાશ વિષે ઉપરોક્ત દલીલો વિરૂદ્ધ બીજી ઘણીએક રિવાયતોને આધારે અનેક દલીલો લખવાની બાકી છે. પ્રથમ આપણે એ જોવાનું

છે, કે સાચા નબીઓ, ઇમામો તેમની આ ગંદી માન્યતા મુજબ પેદા થયા હતા કે કુદરતી કાયદા મુજબ ? આ સંબંધી અલ્લાહપાક પોતાના પવિત્ર કલામમાં ફરમાવે છે કે:—

"વલન તજેદા લે સુન્નતીલ્લાહે તબદીલા" એટલે મેં મુકરર કરેલો કાયદો હું કદી પણ તોડતો નથી. આ હિસાબે પેદા થવું અને મરવું એ દરેક મનુષ્યને માટે એક ખુદાઈ કાયદો છે, તેમાંથી પેગમ્બર કે ઇમામ પણ નીકળી શકતા નથી !

વાંચક બિરાદર ! કદાચ પેગમ્બર કે ઇમામ માટે કોઈ નવો તરીકો હોત, તો અલ્લાહપાક પોતાના કલામમાં કેમ ન ફરમાવતે ! હવે આપજ વિચાર કરી લ્યો કે તેઓની માન્યતાના મેહદી સાહેબનો જન્મ અલ્લાહપાકના ફરમાન મુજબ છે કે નહિ ? અને જો નથી, તો તેને માટે શું સમજવું ?

મેહદી પહેલાંના અગીયાર ઇમામોના પણ જન્મજ થએલા. પહેલા ઇમામ હ૦ અલી અ૦ જ્યારે તેમનાં પવિત્ર માતુશ્રીના પેટમાં હતા, ત્યારે પેગમ્બરે ખુદા જો ઘરમાં આવી જતા તો ફાતમા બિનતે અસદ ઉઠીને તા'ઝીમ કરતાં હતાં ! આમ કરવાની તેમને મનાઇ કરવામાં આવતાં તેમણે જણાવ્યું કે ' હું મારી ખુશીથી ઉઠતી નથી, પણ મારા પેટમાં જે બચ્ચું છે તે મને ઉભી કરે છે ! આ બિના તમારીજ કિતાબ દુર્રેમેબહા તથા એહવાલે મા'સુમીનમાં છે, અને જેને તમો રાત્રિ દિવસ વાંચો પણ છો.

નુરે ઇમાન કિતાબ ૬ ઠ્ઠી હીસ્સો ૩–૪ સને ૧૩૧૭ માં લખેલ છે, કે "જનાબે ફાતમા અ૦ ને ફરમાયા કે 'જબ હસન પેદા હુવા. તો મેરે પિદરે બુઝુર્ગવારને હુકમ દીયા 'જબતક હસનકા દૂધ છુડાઓ તબતક જો અચ્છા મા'લુમ હો વોહ કપડા પેહનો' એક વક્ત મેરે પિદરે બુઝુર્ગવારમેરે દેખનેકો આયે. ઓર હસન મેરા દૂધ પી રહાથા. હઝરતને કહા 'ઈસકા દૂધ છોડાદો' મેંને અર્ઝકી બ્હોત અચ્છા. ફીર ફરમાયા 'અલી ઈબ્ને અબીતાલિબ તુમારે પાસ આયે તો મના ન કરના, કર્યું કે મેં તુમ્હારે ચહેરેપર એક નુર વઝેયા દેખતા હું. ઓર જાનતા હું કે બ્હોત જલ્દ તુમસે એક ફરઝંદ પેદા હોગા. કે વોહ હુજ્જતે ખુદા ઇસ ખલ્કતપર હોગા. ( અસ્નાઅશરીઓ કેવું નાલાયક સાહિત્ય પ્રગટ કરે છે! શું પેગમ્બરે ખુદા સ૦ પોતાની પ્યારી લડકીને આવી રીતે કહે ખરા ? ) જબ મેં હામેલા હુઈ ઓર એક મહીના હમલસે ગુઝરા તો મુઝે બ્હોત હરારત માલુમ હુઇ. ઓર ઉસ હાલકી શિકાયત અપને પિદરે બુઝુર્ગવારસે કી. હઝરતને એક પાનીકા કુઝા માંગા. ઓર કોઈ દુઆ ઉસપર પઢકર અપના આબેદહન ઉસમેં ડાલકર ફરમાયા, 'અય ! ફાતેમા ઇસે પી લો.' જબ મેંને વોહ પાની પીયા. તો અચ્છા હો ગયા જબ ચાલીસ રોજ હુએ તો પીઠપર એક હરકત માલુમ હુઇ. જીસતરહ ચોંટી બદન વ કપડોંમેં

ફીરે. ઓર યેહી કેફીયત રહી યહાં તકકે તીસરા મહીના પુરા હુવા. ઓર ઉસ શઆહદતમંદ ફરઝંદ કે સબબ હરરોઝ ખેર વ બરકત વ ન્યામત ઝીયાદા હોતીથી જબ ચોથા મહીના શુરૂ હુવા, તો ખુદાવંદ તાલાને ફરઝંદે ગીરામીકી બરકતસે મેરી વેહશત ઉન્સસે બદલ દી. યાને તમામ ખૌફ વ ડર જાકર આરામ વ રાહત હાસિલ હુઇ. ઓર મેં હમેશા અપની મેહરાબે ઇબાદતપર રહેતીથી. ઓર સિવાય ઝુરૂરતકી હાજતકે ઈબાદતકી જગાહસે હરકત ન કરતીથી. ઓર જો દિન ગુઝરતાથા મુઝે ઝયાદા હલકાપન માલુમ હોતાથા. ઓર ન્યામતે વ રહેમતે ખુદાકો ઝયાદાતર પાતીથી. યહાં તકકે પાંચ મહીને ગુઝર ગયે- જબ છઠ્ઠા મહીના શુરૂ હુવા, અંધારી રાતોંકો મુઝે ચિરાગોંકી ઝુરૂરત ન હોતીથી."

વાંચક! આ છે હઝરતે ઇમામહુસેન અ○ નો એહવાલ. જ્યારે જન્નતે ખાતુનને પેટમાં દર્દ થાય છે, સૂયાણીની જરૂર પડે છે, ત્યારે હુરઆ હુર અર્શ ઉપરથી દાઈનું કામ કરવા આવે છે. આ બિના મોલાના હાજીનાજીની એહવાલે મા'સુમીનમાં લખેલી છે. તમો આ ઉપરથી જોઈ શકયા હશો, કે હ○ ઇમામહુસેન અ○ કુદરતી કાયદા મુજબજ જન્મ પામ્યા હતા!

અસનાઅશરી લોકો બાર ઈમામોને તો માને છે. તેમાંના અગીયાર ઇમામોનો એહવાલ વાંચતા આપણને સાફ

જણાઈ આવે છે. કે જેમ બીજી ખલકત પેદા થાય છે. તેમ તઆ પેદા થયા હતા, એટલે કે માતાના પેટથીજ અવતર્યા હતા! એટલુંજ નહિ પણ દરેક ઇમામો નાનેથી મોટા થયા હતા! હ૦ ઈમામ હસનહુસેન અ૦ નાનપણમાં ઝુલાંમાં રડતા હતા, તો જીબ્રઈલ મીઠા મીઠા રાગ ગાઇ તેમને ઝુલાવતા હતા. આ બિના પણ કિતાબોનેજ આધારે છે.

મી. ગૈન! ફક્ત તમારા માની લીધેલા બારમા ઈમામ મેહદી સાહેબના બારામાંજ કંઈક વિચિત્રતા જણાઇ આવે છે. તેઓ તેમની માતાના પેટમાં તો હતાજ નહિ, કારણ કે બિચારી હકીમા ખાતુન જોઇ જોઇને થાકી ગઈ હતી, પણ પત્તો મળ્યો નહોતો! નરજીસખાતુનને આજે પુત્ર પેદા થશે એવી હકીમાખાતુન વાત કરે છે. એટલે તેણી શરમાય છે! બિચારી શરમાય નહિ તો શું કરે? કારણ કે હમલ હોય તો તેને ખબર તો પડેજને? જન્મ આપનારી માતા નિરાંતે સુઈ રહે, એ બિના પણ કંઈ જેવી તેવી વિચિત્ર છે? સુઈ રહેલ ઓરતની ચાદર નીચેથી અચાનક બાળક મળી આવે, તો તે સ્વાભાવિક રીતે ડરીજ જાય! અને તે મુજબ બિચારી નરજીસખાતુન ડરી પણ ગઈ હતી! જ્યારે દુઆઓ પઢવા લાગી, તો હસન અશગરીએ કહ્યુ' કે 'ઈન્ના અન્ઝલના' નો સુરો પઢો. જ્યારે તેં પઢવા લાગો ત્યારે છોકરો પણ પઢવા લાગ્યો! આવી નાટકી ફીલમ જોઈ

બિચારો નરજીસખાતુન ડરી જાય તેમાં શા નવાઇ ? જન્મ પામતા કોઈ બોલ્યું હાય એવું સાંભળ્યું છે ? જ્યારે બિચારી હકીમાખાતુન અજબ થઈ હુસનઅશગરીને પૂછે છે, ત્યારે જણાવે છે, કે અમો ઇમામો એક મહીનામાં એક વરસ જેટલા વધીએ છીએ. ભાઈ ગૈન! તમો આ જુઠી વાતોનો બચાવ લાવા શકો તેમ છો ? કયાંથી લાવો! "ખાટલે મોટી ખોડ, કે પ્રથમ............" જેવું હોય, તેનો બચાવજ કેવી રીતે મળે ?

ભાઈ ગૈન ! તમો મેહદીની જેવી પેદાશ જણાવો છો, તેવી તો એક દજ્જાલ મલઉનની થઇ હતી ! તમારીજ કિતાબોમાં છે કે "તે મલઉન પેદા થતાંજ ભોંય ઉપર આવીને બેઠો, અને બોલવા લાગ્યો ! કોઇ પણ માણસના દિલની વાતો કહી આપતો ! અને ઘડીએ ઘડીએ મોટો થતો હતો ! તેના કપાળ ઉપર 'અલકાફેરોબિલ્લાહ' લખેલ હતું ! જ્યારે દજ્જાલ લોકો ઉપર જુલમ કરવા જેવી કેટલીક વાતો કરવા લાગ્યો. ત્યારે હઝરતે ( પેગમ્બરે ખુદા સ૦ એ ) દુઆ કરી જેથી એક પંખી આવ્યું, અને તે નાપાકને ચાંચમાં પકડીને ઉડી ગયું.' આ મુજબ એક નહિ પણ ઘણીએક બાબતોમાં મેહદીની અને દજ્જાલની પેદાશ સરખાપણું રાખે છે ! વળી ઝહુર થવાનો જમાનો પણ બન્નેનો સાથે સાથેજ છે ! ! તમો જણાવો છો કે મુઆગાંથી

જીવતો કરે એવી ઈમામમાં કરામત હોવી જોઇએ, વળી આ વીજ રીતે દજ્જાલ પણ મુઆમાંથી જીવતો કરતો હતો તે પણ તમોજ લખો છો! આ ગોટાળાની કંઈ સમજ પડે તેમ નથી!!!

પ્રિય વાંચક! ભાઈ ગૈનના સચ્ચાઈના (!) ડંકામાં પાને ૧૮૨ મા ઇમામની જે જે સીફ્તો લખી છે તે ઉપર જરા દૃષ્ટિપાત કરો, અને તે ઉપરથી તમોજ સાર કાઢી લેજો કે હસનઅશગરી, હકીમાખાતુન, નસીમમારૂયા, નરજીસખાતુન અને મી. જૈન એમાં સાચું કોણ?

(૧). ખુદા ઈમામને પેદા કરવા ચાહે છે, તો તેના બાપ માટે પહેલાં ફીરસ્તાને હાથે અર્શનું મીઠું મધ જેવું પાણી મોકલાવે છે,

(૨). એ પાણી પીધા પછી એ ઈમામની માતાના મુબારક પેટમાં હમલ રહે છે.

(૩). ચાલીસ દિવસમાં રૂહ દાખલ થયા જેવું અંગ થઈ જાય છે, તેથી તેમાં રૂહ દાખલ કરેલી હોય છે. તે માના પેટમાં લોકોની વાતો સાંભળે છે,

મજકુર સીફ્તોમાંની એક પણ સીફ્ત નરજીસખાતુનના પેટમાં હતીજ નહિ! અને તે કહેતી પણ હતી, કે મારા

પેટમાં કંઇ નથી ! તો હવે મેહદીની પેદાશ થઈ કે નહિ તે ઉપર વિચાર કરવા હું વાંચક વર્ગ ઉપર છોડી દઉં છું.

રાજારજવાડાઓમાં દત્તકપુત્ર લેવાનો રિવાજ છે, વળી હસનઅશગરીને ( તેમના સગા ભાઇ જાફરના કહેવા મુજબ ) ઓલાદ હતીજ નહિ. તેથી આ કાવત્રું રચ્યું હોય તેમાં શી શંકા ? ખરેખર તેમણે મેહદીની પેદાશ વિષે ફાંફાંજ માર્યાં છે. બાકી વાતમાં કઇ પણ વજુદ નથી ! !

ભાઇ ગૈન ! તમોએ ઈમામતના ઉસુલને માન્યા પછી હજારો જુઠી હદીસો ( પેગમ્બરે ખુદા સ૰ ના નામે ) ઘડી કાઢી ચાલુ કુરાનનો ઇન્કાર કર્યો, ખુદા ભૂલી જાય છે એવી નાલાયક માન્યતાના મસલા બનાવ્યા, બાર ઇમામ પછી તેરમો નહિ થાય. તે કયામત સુધી જીવતો રહેશે. અને જવાનજ રહેશે એવી અનેક હદીસો ( ! ) બનાવી બાર ઇમામ અને છેલ્લા મેહદી માટેનો પોતાનો કક્કો ખરો કરાવવા કંઈ પણ બાકી રાખ્યું નથી. છતાં અસત્ય કયાં સુધી છુપું રહે ?

મી. ગૈન ! તમો પૂછોછો કે ‘ બારમા ઈમામની ગેબતે સુગરાના વખતે જે વકીલ તેની મુલાકાતે જતા હતા તે શું ખોટી વાત છે ? ’ જવાબમાં હું કહુંછું કે ખોટી તો શું પણ તદ્દન તરકટ ઉભું કરેલું છે. આને માટે એક સુન્નીભાઈ શું કહે છે. તે જરા વાંચી જુઓ:—

અલમેહદીના કર્તા લખે છે, કે "આપકો તરદ્દુદ હોગા. ઇમામ ગાયબ વ મખફીકી સીફારત કૈસી ઔર વોહ ભેદ કયું હય ! નાઝરીન, સીફારત સીર્ફ ચાર લોગોંકે હથકડે થે, ઇસ ઝરીયે લોગોંકો લૂટતેથે, તબાહ કરતેથે, ફરેબ દેતેથે મગર જબ રોશન ખયાલ, રોશન દિમાગ, સાહેબે સીરત શીયા અસનાઅશરી પૈદા હો ગયે, ઓર ઉન્હુને કુચ્છ હચરમચર મચાઇ, તો સફીરોને ભી ઇસ હથકંડેકો છોડ દીયા વરના ન સિફારતથી, ન બંધ હોતે, ન બંધ હોનેકી કોઈ વજે-હથી." ભાઇ ગૈન ! કંઈ સમજમાં આવે છે ? તમારા ગાયબ ઈમામના વકીલો, નાયબોને મૌલાના મોહંમદ હાફિઝ અલહક કેવા વર્ણવે છે ! ! વળી એજ મૌલાના સાહેબ લખે છે, કે "હસનઅશગરીએ કોઇ દિવસ સલ્તનતની દાવેદારી ન કરી, અને તેના બાળક છોકરાનો કોઇ દુશ્મન ન હતો. તેને છુપી જવાની કોઈ ખાસ મસલેહત ન હતી, તે વાત બીલકુલ જુઠી છે. અક્કલવી બહાર છે." અગર હ૦ મેહદી સુન્ની છે, તો સુન્નીઓની મદદ કરશે તો ઘણી જબરદસ્ત સુન્નીઓની હકુમત થઇ ગઇ. અને હમણાં પણ છે. અગર તે શીયાઅસનાઅશરી છે, અને ફક્ત તેઓનીજ મદદ કરશે. તો પછી શીયાઓની ઘણી ઘણી જબરદસ્ત હકુમતો થઇ ગઈ અને મૌજુદ પણ છે."

પછી તે લખે છે, કે "આપ અબતક બોહત અયદાએ કર ચુકે હુંય. હાલાં કે અયદાકા નામનિશાન નહિ હય બાત

અસલ '**ચેહહય કે કોમને આદતી જલદી ઇસ મામલેમેં ભીકી આદત કે મુતાબિક મેહદી તો કેહ દીયા મગર જબ વોહ બાતેં ન દેખી તો શતમા કર છીપનેકા મઝમુન તરાશલીયા**' જીસ તરેહ રજીયત વગેરા કી હજારો બાતેં દાખલ ફ્રીઅલદીન હો ગઇ. ગો કે જેઅફ્રરીએ ઇમામીયા કેહતે હય, કે હ૦ હસનઅશગરીકો કોઈ મોહંમદનામી ફરઝંદ નથા ( મી. ગેન કહે છે, કે જાઅફ્રરી પણ અમો છીએ, અને તે અસનાઅશરી છે ! ! ! )

નારએ અસદુલ્લાહના કર્તા સુન્ની મુસલમાન સૈયદઅલી અકબરશાહ તો શીયા અસનાઅશરીઓની આ વાત ( મેહદીના પેદા થવા સંબંધી ) બિલકુલ જુઠી અને પાયાવગરની જણાવે છે. વળી જેની પેદાશની તારીખ સંપૂર્ણ જડતી નથી, તે આસમાનમાં ગયો કે ગારમાં તેની પણ સંપૂર્ણ વિગત મળતી નથી. જેની પેદાશ વિષેની રિઆયતો ફક્ત હકીમા ખાતુનથીજ બનેલી છે. તે સિવાય બીજો કોઈ પુરાવો નથી ! એટલે એ બિના ઉપર કેટલું વજુદ રાખી શકાય તે સંબંધીનો નિર્ણય વાંચક વર્ગજ કરી લેશે ! ! બાકી ખરૂં જોતાં તો અસનાઅશરીઓ જે મેહદી વિષે લખે છે, તે પોતાના બાપનો પુત્રજ નહતો, કદાચ ક્યાંકથી પકડી લાવ્યા હોય, તો બનવા જોગ છે. મી, ગેન ! આટઆટલા પુરાવા પછીથી હવે તમેજ કહો, કે મેહદી વિષેના તમારા ગપગોળા શું ખરા છે ?

સાચા સૈયદ, આલે રસુલ અને ઔલાદે અલીવફાતમા ઉપર જુઠું આળ ચઢાવનાર એ બુતપરસ્તો! તમોએ ના૦ આગાખાન સંબંધી જે જે ખરાબ શબ્દો ઉચ્ચાર્યા છે. તે દરેકના હકદાર તો તમારા માની લીધેલા ઇમામોજ છે. આ સંબંધી મેં તમોને પ્રથમ સચ્ચોટ પુરાવા આપી પણ દીધા છે! હવે તો ઢાંકણીમાં પાણી લઈ....જેના જન્મનીજ કંઈ ખબર નથી. તેના ઉપર ઇમાન રાખી 'હજુ જીવતો છે, આખી દુનિયાને મારી ફનાકરશે, એંશી હજાર વર્ષો રાજ કરાવશે, મુઆઓને જીવતા કરી તેઓને અઝીયત આપશે' આવી આવી અંધ શ્રદ્ધા રાખી પોતે તો ખાડામાં ગબડવું, પણ સાથે સાથે બીજાઓને પણ તેમાં હોમવા એ ચોકખું મૂર્ખતા ભરેલું છે!! ખુદા સર્વ ભાઇઓને હકવાત સમજવાની નેક બુદ્ધિ આપે!

વાંચકવર્ગ વાંચીને જરૂર ઇન્સાફ કરશેજ. મેં જે જે દલીલો આપી છે, તે તે એજ બુતપરસ્ત ટોળાના આલિમો અને તેઓની કિતાબોને આધારેજ છે. મેહદી સિવાયના ટેપના માની લીધેલા ઇમામો :મુસાકાઝમ, અલીમુસેરઝા ઇત્યાદિની હકીકત પ્રથમ જણાવી ચૂકયોછું એટલે તે ઉપર ફરીથી લખી પુનરૂક્તિ નહિ કરૂં, પણ જો મેહદી પોતાના પિતાનો સપુત પુત્ર હોતે, તો "મારા બાપદાદાઓ ઝાલીમોની તાબેદારી કરનાર હતા, પણ હું તો એવા જમાનામાં બહાર નીકળીશ કે આખી દુનિયા મારી તાબેદારી કરશે,

કોઈ ઝાલિમ બાદશાહ નહિ રહેશે. ” એવા શબ્દો કદાપિ પણ નહિ કાઢતે !!! જે પોતાના માબાપોને હલકી પંક્તિના સમજે તે આંલાદ નાખલફ્જ કહેવાય, અને મેહદી સાહેબ પણ એજ લકબને લાયક ગણી શકાય ! બાપ્રે ગૈન ! શરમાશો નહિ, એતો જે ખરી બિના હોય તે તો જણાવવીજ પડે. આ ઉપરથી કંઇક ધડો લેશો તો અઝાબમાંથી બચી જશો, હુંતો એક મિત્ર તરીકે તમોને સમજાવુંછું. પછી માનો યા ન માનો એ તમારી મુન્સફીની વાત છે.

## પ્રકરણ ૧૪ મું.

### હ૰ ઇમામહુસેન અ૰ ના ખરા આશક કોણ? યઝીદીઓના હિતેચ્છુ કોણ? મોહર્રમમાં પુલાવ કોરમા ઉડાવનાર અસનાઅશરીઓ કે ઇસ્માઈલીઓ? (મી. ગૈનના સચ્ચાઇના (!) ડંકાના ૧૯ મા પ્રકરણનો જવાબ)

પ્રિય વાંચક! મી. ગૈનનું આ ૧૯ મું પ્રકરણ છેલ્લું જ છે, તેમને કોઇ નવી વાત લખવા પુરાવો નહિ મળ્યો હોય, જેથી ફરી 'ઘાંચીના બલદ' માફક ચક્કરખાઇ, પાછા અમોને હ૰ ઇમામહુસેન અ૰ ની અઝાદારીના વિરોધી સમજી અમોને યઝીદી તરીકે વર્ણવ્યા છે! એટલુંજ નહિ પણ ગાલગલોચ કરવામાં પણ બાકી રાખ્યું નથી!! વધુમા તેઓ જણાવે છે, કે 'તમારા ઉપરથી અલ્લા ઝીકરીયા સલામે

શરીયતનો ભાર કાઢી નાખ્યો છે.' ( અત્રે હું વાંચક વર્ગનું ધ્યાન ખેંચવા રજા લઉં છું, કે આ બિના તેઓ પ્રથમના પ્રકરણોમાં પણ જણાઇ ગયા છે. ) આનો જવાબ તો અપાઈ ગયો છે. છતાં ફરીથી પણ જણાવુંછું, કે 'તેમના માની લીધેલા ઈમામઅલીરઝાએ ચોકખું ફરમાવેલું છે, કે 'રોઝા અને નમાઝ એ કાંઇ ઈબાદત નથી, પણ ઈબાદત એ છે કે ખુદાની મારેફતમાં ઉંડા ઉતરે" આ ઉપરથી શું એમ ન કહી શકાય કે અલી રઝાએ પણ અસનાઅશરીઓ ઉપરથી શરીયતનો તોક કાઢી નાખ્યો છે? અલા ઝીકરીયા સલામને અસનાઅશરીઓ હલકા શબ્દોથી સંબોધે છે, તો શું તેમના અલીરઝા તેમાંથી બકાત રહી શકે તેમ છે? હરગીજ નહિ.

શરીયત, શરીયતની બાંગ પોકારનાર મી. ગેનના મુજતેહદો, ઈમામો ચાલુ કુરાનેશરીફને બયાઝે ઉસ્માની સમજે છે, ખુદા ભૂલી જાય છે તેવી માન્યતા ધરાવે છે, આ બધી એમની શરીયત!! મુતાના નામે હજારો સ્ત્રીઓની લાજ લૂંટવી એ તેમની શરીયત!!! અલી મુસેરઝાની કબર ઉપર માથું ઝુકાવવામા સાતહજાર સાતસો સીતેર હજનો સવાબ એ તેમની શરીયત!! તાબુયા, દુલદુલો બનાવી હાયવોય કરી પવિત્ર બુઝુર્ગોની બેઇજ્જતી કરવી એ તેમની શરીયત!!! મુસા કાઝમના ફરમાવ્યા મુજબ સ્ત્રીઓની યોનિ જેવી, તેમાં આંગળી નાંખવી, અને તેને બોસો આપવો એ તેમની શરી-

યત !!! આ બધી શરીયતોના હું કેટલાક વખાણ કરૂં ? આવી આવી નીચ માન્યતા ધરાવતા છતાં ઈસ્લામી હોવાનો દાવો કરવો એ શું શરમની વાત નથી ?

ભાઇ ગૈન ! કોઇ માણસ તમોને 'પેગમ્બરે ખુદાની મેહનત બરબાદ ન કરવા. એક અલ્લાહપાક સિવાય કોઈની પુજા ન કરવા, અને મોહર્રમના બીદઅતી કામો ન કરવા શિખામણ આપવા જાય છે, તો તમો યા તમારા અજ્ઞાન ઉલમાઓ તેને યઝીદીની ઉપમા આપોછો ! ઈમામહુસેન અ૦ ની શહાદતને મિટાવનાર સમજો છો, તેઓને ગાળો પણ ભાંડો છો ! ! તમારી આ વર્તણુંક શોચનીય નથી ? તમારા લુચ્ચા મુલ્લાંઓ તમોને "છોકરાઓ વેચીને પણ તાજીયા કરનાર મોમન થઇ ગયા છે, વેશ્યાની આંખોમાં ધુમાડો જવાથી (મોહર્રમમાં) આંસુ આવતાં જન્નતી થઈ ગઈ, તાજીયા જન્નતની સનદ છે," આવું આવું સમજાવી (પોતાના પેટનો ખાડો પૂરવા ખાતરજ) તમોને અંધકારના ખાડામાં ધકેલી રહ્યા છે, તે શું તમો સમજી શકતા નથી ? ? તમો બતાવી શકોછો ? કયા ઇમામ, કયા નબી અને કયા કુરાન શરીફમાં આ સંબંધીનાં ફરમાનો છે ? જ્યાં બધુંજ ઉપજાવી કાઢેલું હોય, ત્યાં તમો બતાવી પણ કેવી રીતે શકો ! ! !

તમો તદ્દન પાયા વગરની દલીલ રજુ કરોછો, કે "આપણાં સગાં વહાલાના ગમમાં આપણે રોઇએ છીએ. આપણને દુઃખ લાગે છે." પરંતુ તમારી આ હસવા જેવી

ફ્લીલજ તમારી અજ્ઞાનતાનુ પ્રદર્શન કરાવે છે!! મી. ગેન! હું તમોને હ૦ ઈમામહુસેન અ૦ ના સોગંદ આપી 'પૃછુંછું', કે શું કોઇને ત્યાં 'જવાનભાઇ અથવા જવાન દીકરાનું મૃત્યુ થાય, અને તેને સારૂં સારૂં ખાવાનું આપો, તો તે ખાશે ખરો? તમો મોહબતના કારણે રોવું આવવાનું જણાવોછો, પણ જો તમોને ખરી મોહબત હોય, તો એક તરફ ખાલી હાયવોય કરી બીજીજ તરફ માલમ-સાલા ઉડાવવા તૈયાર નથી થતા? નયાઝેહુસેન અ૦ ના નામે તમો કેવી કેવી સરસ વાનિઓ પકાવો છો? શું! તે તમાંરી જઠરાગ્નિને તૃપ્ત કરવા તો નથી કરતા? તમારી આ આ મોહબતને તો 'નાટકી મોહબત' નુજ ઉપનામ આપવું યથાર્થ છે, એમ કોણ નહિ માને?

એક તરફ હ૦ ઇમામહુસેન અને તેમના બાળબચ્ચાં-ઓને ભુખ્યા, પ્યાસા, સંપૂર્ણ તકલીફમાં ફસાયેલા તમારા મુલ્લાંઓ વર્ણવે છે, છતાં બીજીજ તરફ સારી સારી વાનીઓ ઉડાવવી એ હ૦ ઈમામહુસેન અ૦ ના દોસ્તોનું કામ સમજતા હશો ખરાને? કાળાં કપડા પહેરી યઝીદી ફોજમાં ભરતી કર્યા સિવાય બીજું વધારે કંઇ પણ કરતા નથી! જો ઇમામહુસેન અ૦ ની દોસ્તીની દાવેદારી કરવી હોય, તો સાચી દિલગીરી બતાવો, સારૂં સારૂં ખાવાનું તજી દો, ઢોલ-તાંસા-નગારાં ઈ૦ યઝીદ મલઉન તરફનાં હતાં તે યાદ કરી તેને તર્ક કરો, અને તેવણનાં કુટુંબીઓની નાટકી ફીલમો

રજુ કરી તેમની તૌહીન કરતા બંધ પડો. કદાચ તમો પૂછશો કે આવા દલીલ શું? તો હું તમોનેજ પૂછું છું, કે હ૦ ઇમામહુસેન અ૦ ના કુટુંબીઓને તકલીફમાં નાંખી તેમને શહીદ કરનાર યઝદીઓએ મેવામિઠાઈ ખાઈ, ઢોલ-નગારાં-વગાડી ખુશી બતાવી હતી કે બીજાએ? સમજુને તો ઇશારોજ કાફી છે, માટે આટલામાંજ સમજી જાઓને, અને ખુદા તથા તેના પ્યારા હબીબ સ૦ ના ખાતર હ૦ ઇમામહુસેન અ૦ ને નારાજ ન કરો. તમો મરસીયા દ્વારા જેજે બિનાઓ રજુ કરો છો, તે તમારા મુલ્લાંઓએ ઉપજા-વેલી કાઢેલી ઓગણીસ રિવાયતોનેજ આધારે છે. બાકી ખરૂં જોતાં તેવણ હઝરતની જવાંમર્દી અને નુરે ઇલાહીના સબબે કોઈ પણ પલીદ તેમની છેડતી કરી શકયોજ નથી.

ખરી મોહબતવાળાઓને રાગરાગણીઓથી શી મત-લબ? તેમને તો એક રાત્રિના પાંચસો પાંચસો રૂ. લેનાર ઝાકિર અને સાદુ સીધું વાંચી શકનાર એક ખોજો બન્ને સરખા હોવા જોઇએ, પરંતુ જ્યાં ખરી મોહબતજ નથી, ત્યા મુલ્લાંઓના હાવભાવની જરૂર પડે તેમાં શી નવાઈ? મી. ગેન! તમો હ૦ ઇમામ જાફર સાદિક અ૦ ની હદીસ ટાંકી બતાવી જણાવો છો, કે "તેવણ હઝરત અમોને અઝાદારી માટે ફરમાવે છે, અને અમારા હકમાં દુઆ ગુજારે છે, ત્યારે મી. દુથ! તમારા જેવા નાપાકો અઝાદારીની રસમને તોડી પાડવા મથે છે." હું તમોને અરજ કરૂં છું

ભાઈ ગેન! દિલમાં ઈન્સાફ રાખી ખરૂં જણાવજો કે ઈમામ જાફર સાદિક અ૦ મેં જે ફરમાવ્યું છે, તે પ્રમાણે તમો અમલ કરો છો? તેમણે કયે સ્થળે તમારી અઝાદારીની હિમાયત કરી છે? ખુદ શાહીદે કરબલા જનાબે ઇમામે હુસેન અ૦ એ આવા જહાલીયતના કામો માટે તો ખાસ મનાઇ કરી છે, તે શું ભૂલી ગયા છો? તમારીજ કિતાબ "લોઅલો વલ મરજાન" માં પાને ૩૭૫ મે આ પ્રમાણે લખેલું છે, કે "પછી હઝરતે ફરમાવ્યું. અય એહલેબૈત! મુસીબતને માટે તૈયાર રહો, હરગીઝ સબ્ર અને શીકેબાઇને છોડતા નહિ, નાખુશ વાત જીભ ઉપર લાવતા નહિ, કે જેથી કરી તમારો સવાબ ઓછો થાય, જ્યારે હું કતલ થઈ જાઉં, ત્યારે વાળ વિખેરી નાંખતા નહિ. મ્હોડું અને છાતી કૂટતા નહિ. કપડાં ફાડી નાખતાં નહિ, અને વાવેલા કરતા નહિ; પણ હું તમોને રડવા માટે રોક્તો નથી. કેમકે તમો ગરીબ અને મુસીબતમાં ફસાએલા છો." મી. ગેન! ઈમામહુસેન અ૦ ની આ પવિત્ર વાણીને તમારાં મુલ્લાં મુજતેહદો ઠોકરે મારી તમોને ઉલટે રસ્તે ચઢાવી તમોને જહન્નમ તરફ લઈ જવા ચાહે છે, છતાં સમજતા કેમ નથી? આ તો ફરમાં બરદારીને બદલે ઉલટું બેફરમાની કરી રહ્યા છો! મહેરબાની કરી "મોહિબે દોજહાંન" જીલદ ૪, ૫, ૬ વાંચો તેમાં શહાદતનો સીધો અર્થ અને તમારી સ્થિતિનું પૂરેપૂરૂં વર્ણન કરેલું છે.

કુરબાન થાય મારી જાન, તે સરદારે કોનો મકાં, જનાબ હઝરત ઈમામહુશેન અ૦ ઉપર. તે ઈમામને ન માનનાર ખરેખર બેઈમાન, યઝીદી છે! અને જેઓ ન માનતા હોય તેમના ઉપર ખુદા અને તેના મલાએકોની લાનત હોજો! અમો ઇસ્માઈલીઓ તે આકાએ નામદારના ખરેખરા આશિક છીએ, કારણ કે જો તેવણને ન માનીએ. તો નામદાર આગાખાનને ઈમામે ઝમાન માનવાનો હક રહેતો નથી. જે તેવણ હઝરતનો દુશ્મન તે ઇમામ સુલતાન મોહમદશાહનો પણ દુશ્મન છે. અમો જે ઈમામે ઝમાનને માનીએ છીએ, તે એવણ હઝરત ઈમામેહુસેન અ૦ ની પવિત્ર ઔલાદ તરીકે. એટલે અમો એવણ નામદારના પૂરે પૂરા આશિક અને તેમના કદીમી સાચા પેરવ છીએ; એટલુંજ નહિ પણ અમો ત્રણુસોને સાઠે દિવસ એવણ નામદારનું પવિત્ર નામ લીધા કરીએ છીએ. અમારી બંદગીમાં તેમનું પવિત્ર નામ આવે છે!! અમો તો એટલે સુધી માનીએ છીએ, કે જે પોતાની ઇબાદતમાં હ૦ ઈમામહુસેન અ૦ નું નામ ન લે, તેની ઇબાદત હરામ છે. અમો તેમના વાસ્તાથી ગુનાહોની બક્ષામણી માંગીએ છીએ.

**"યારબ બહકે ઉનદો ગુલે ગુલશને બતુલ બખશીએ બમારા ફાતમાયા દુખતરે રસુલ"** ખુદાવંદા! અમારા ગુનાહોને બખ્શી દે. તારી જનાબમાં તારા

હબીબ મોહંમદ સ૦ ની પ્યારી દીકરી જન્નતેખાતુનના પ્યારા ફરઝંદ હસનહુસેન અ૦ નો વાસ્તો આપીએ છીએ. મા. ગૈન! આ ઉપરથી આપ સમજી શકયાજ હશો કે અમો તે મૌલાના ખરા આશકો છીએ. છતાં તમો અમારી નિંદા કરી દોજખમાં જવાનો સામાન એકઠો નથી કરતા? જ્યારે અમો તે મૌલાને વખાણનારા છીએ. ત્યારે તમો તો ફક્ત પુલાવ, કોરમા અને બીરીયાનીની લાલચે એ મૌલાની મઝમ્મત કરનાર છો!! અમો માનીએ છીએ, કે હ૦ ઈમામહુસેન અ૦ મેં પોતાની રાજીખુશીથી શહાદત કબુલ કરી, જે ખુદાની ખાસ રેહમત હતી. તેઓએ યઝીદીઓ પાસે લાચારી બતાવી નથી. તેઓની પાક બીબીઓની બેહુરમતી થઇ નથી. વળી અલ્લાહ પાકના ફરમાનમાં પણ છે. કે 'જે મારી રાહમાં શહીદ થાય છે, તેઓને મરી ગયેલા ન સમજો.' ત્યારે તમો રાત્રિ દિવસ અલ્લાહ પાકના ફરમાન વિરૂદ્ધ હાયવોય કરી તેવાજ પવિત્ર ઇમામની બેઈઝ્ઝતી કરી રહ્યા છો!

તમારા કેટલાક મુજતેહદો પણ ફતવા આપે છે, કે 'હ૦ કાસમ અ૦ નું બયાન વાંચનાર ઇમામહુસેન અ૦ ની પ્યારી દીકરી ઉપર જુઠી તોહમત લગાડનાર મહાપાપી છે." વળી બીબી શેહરબાનુ પહેલાં વફાયત કરી ગયા છે, શેહર ચારબીબી અને શેહરબાનુનો મિલાપ તથા વિલાપ ઉપજાવી

કાઢેલ છે. શાહે હુલબની દીકરી જેની સાથે અલી અકબરની શાદી થઈ. તે રિવાયત પણ જુઠી છે. સર્વે શહીદ થઈ ગયા, તે વખતે ઉંટણી સવાર બીબીસુગરાનો કાગળ લાવે છે. આ બિના પણ ઝાલમ જેવો કિસ્સો લાગે છે! ઈમામહુસેન અ૦ પોતેજ છાતી માથું કુટવાની અને કપડાં ફાડવાની મનાઈ કરે છે. તો પછી પવિત્ર બીબી ઝેનબ જેમનામાં હ૦ અલી અ૦ અને જન્નતેખાતુનનું લોહી હુર્મત ધરાવતું હતું, તે કપડાં ફાડી પોતાના હાલ હવાલ કરે એ બિના માનીજ કેવી રીતે શકાય! જરા વાંચો તો ખરા. જ્યારે જન્નતેખાતુનના માથા ઉપરથી ઘરના સહેનમાં અચાનક ચાદર ઉતરી ગઈ, ત્યારે સૂર્ય પણ છુપી ગયો હતો. માણસોએ રસુલે ખુદા સ૦ પાસે અરજ કરી કે શું કયામત આવી ગઈ? ત્યારે જીબ્રઈલ આવીને આ બિના જાહેર કરે છે, અને જણાવે છે, કે કયામતને તો હજુ વાર છે! તમારીજ કિતાબોમાં લખેલું છે, કે જ્યારે હ૦ અલી અ૦ના ગળામાં રસી નાંખી લઇ જાય છે, ત્યારે જન્નતેખાતુન જણાવે છે, કે 'હું મારા બાપની કબર ઉપર ઉઘાડે માથે ફરિયાદ કરવા જાઉં છું.' ત્યારે હ૦ અલી અ૦ એ તેમ નહિ કરવા અને સબર કરવા કહેવરાવ્યું કારણ કે જો તેમ નહિ થતે તો આખી દુનિયાનો તખ્તો ઉલટાઇ જતે. આવી આવી હુરમત ધરાવનારની પવિત્ર ઓલાદ માટે તમો નછાજતી ભાષામાં બેઈઝ્ઝતી કરી રહ્યા છો. એજ બતાવી

આપે છે, કે તમો હ૦ હુસેન અ૦ ના દોસ્ત નહિ પણ દુશ્મનજ છો; કારણ કે જેના ઘરની ગુલામી કરવામાં જી-બ્રઇલ મોટાઈ માને, મલાયકો વગર રજાએ ઘરમાં ન આવી શકે, તેગના સંબંધી તમો જુઠાણા ભરેલી વિગતો વાંચો અને વંચાવો છો. ! !

જનાબ ઇમામહુસેન અ૦ ની શક્તિનું માપ તમોને ધ્યાનમાંજ ક્યાં છે ? આપની મદદ માટે હવા, પાણી, ફીરસ્તા અને જીનાતો આવ્યા હતાં, છતાં આપે તેમની મદદ કબુલ કરી નહોતી. છેવટે અલ્લાહપાક તરફથી ગેબી અવાજ આવ્યો, કે "અગર તમો ચાહો તો આ મલઉનો (યઝીદીઓ) તમોને કંઇ ઇજા ન પહોંચાડી શકે, અને તમારા અસહાઓ તથા સગાંઓ સર્વે સજીવન થઈ જાય, ઉપરાંત તમારા દરજ્જામાં પણ કંઇ પણ ફરક ન પડે." આપે એ વખતે જવાબ આપ્યો, કે "હું તો એજ ચાહું છું, કે મેં જે વાયદો કર્યો છે, તે પૂરો કરૂં." સુબ્હાન અલ્લાહ! કેવા સરસ જવાબ! અલ્લાહપાકે મદદ કરવા ચાહ્યું, પણ આપે તો હીમતપૂર્વક પોતાનો વાયદો પૂરો કરવા જણાવી દીધું." મી. ગૈન! આવા શક્તિવાન મહાન મૌલા માટે તમો જે લાચારી હાલત જણાવો છો, તેને માટે તમારે શરમાવું જોઇએ.

તમો જે પાણી નહિ મળવા સંબંધી જણાવો છો, તે તો હદજ કહાવી છે! પણ આપે પગનું ઠેબું ગારી પાણીનો

ઝરો વહેતો કર્યો હતો! ત્યારે શીમર મલઉને પુછયું, કે પાણી તો તમારા પગ પાસે છે છતાં શામાટે માંગો છો? આપે ફરમાવ્યું કે અમારામાં એટલી શક્તિ છે, કે ઠેબું મારતાં પાણી નીકળી પડે, પણ હું તારી ઉપર હુજ્જત તમામ કરતો હતો.' જે દીન દુનિયાના માલિકને તાબે હવા, પાણી, જમીન, આસ્માન, ફીરસ્તા અને જીન્નાત હોય ત તમારા વર્ણવ્યા મુજબ લાચારી બતાવે ખરા? હરગીજ નહિ. તમો એવણ પાક હઝરતને મુસીબતમાં ફસાયેલ, લાચાર અને હાયવોય કરતા વર્ણવો છો! પણ જો તમો આજ કિતાબ નુરેઈમાન ૧૭ મી પાનું ૫૭ મા ઉપર જરા દૃષ્ટિ પાત કર્યો હોતે, તો જરૂર જાણ્યું હોતે, કે 'જેમ જેમ તે હઝરત ઉપર સખ્ત મુસીબતો પડતી હતી, તેમ તેમ તેઓ વધારે શાંત અને પ્રફુલ્લ વદન દેખાતા હતા.'

પ્રિય પાઠક! અત્યાર સુધીની બિના ઉપરથી તમોએ અસનાઅશરીઓની સ્થિતિનું માપ કાઢયું હશે છતાં જરા વધુ વિગત પણ આપવી જરૂરી છે. તેમનામાં એક બીજાથી ઉલટી રિવાયતો આવે છે. એટલુંજ નહિ પણ કોઈ વખત તો ગપગોળા જેવુંજ ચલાવે છે! એક મિજલસમાં અબ્દુલ્લા બિન હસન અ૦ ચાર પાંચ વર્ષની નાની ઉમરમાં પોતાના કાકા સમક્ષ શહીદ થયાનું એક મુલ્લાં સાહેબે જણાવેલું! જ્યાં હ૦ ઇમામ હસન અ૦ ગુજરી ગયે દશ વર્ષ થઈ ગયાં હોય ત્યાં તેમના પુત્ર ચાર પાંચ વર્ષના હોયજ

ક્યાંથી ? આને માટે જ્યારે તે બુતપરસ્તોને પુછીએ છીએ ત્યારે જણાવે છે, કે જો "રોવાનું થતું હોય, તો ગં તવી ઝઇફ અને મો'તબર રિવાયત ન હોય તે પણ વાંચવ જાએઝ છે." તોબાહ, તોબાહ! આવી જાહિલ માન્યત દુનિયા ભરમાં હલકામાં હલકા ગણાતાં ધર્મમાં પણ હોત નથી!! છતાં તેઓ હ૦ ઇમામહુસેન અ૦ ના દોસ્ત હોવાનો દાવો કરે એ માની શકાય તેવું છે?

ભાઈ ગેન! તમારાં ટોળાનાં ધતીંગો કેટલાંક વર્ણવું આને માટે તો એક જુદું પુસ્તક લખવા ઈચ્છા છે. અ ઈસ્માઈલીઓને તમારા જેવાના ધતીંગોથી ખુદાપાક બચાવે! ઈસ્માઇલીઓ હ૦ ઈમામહુસેન અ૦ ને નુરાનીયતની સાર ઓળખે છે, અને તેઓના ખરેખરા આશિક છે. માટે તેમન જેવા થઈ મા'રેફત હાસિલ કરો. ઇસ્માઇલીઓ ઇમામ અ ના પાકનુરને કતલ થએલ યા મરી ગએલ નથી માનતા તેઓ તો માને છે, કે ઈમામત હંમેશાં કાયમ છે, આ માટે તમારી કિતાબ 'લોઅલો વલ મરજાન પાનું ૩૮૬' સાક્ષ આપે છે, કે "હઝરતની શહાદત પછી મોટો વંટોળીયો આવ્યો, જમીન ધ્રુજવા લાગી અને એવી કાળી હવા ચાલી કે આખી દુનિયામાં અંધકાર વ્યાપિ ગયો! સૂર્યને ગ્રહણ લાગ્યું અને લોકો સમજ્યા કે કયામત આવી ગઈ!! પણ જનાબ ઇમામે ઝેનુલ આબેદીન અ૦ ઝમાના ઈમામ હાજ હોવાથી તમામ તોફાન અને આગાળ શાંત પડી ગઈ."

તમારી આ માન્યતા મુજબ તો ઈમામે ઝમાન હાજર હત ઈમામત કાયમ હતી. ફક્ત જીસ્મ ( બદન ) જ હ૦ ઈમ મહુસેન અ૦ મે બદલાવ્યું હતું. છતાં તેને માટે હાયવો કરી લુટાઈ ગયા મરી ગયા એવું કહેવું એ તદ્દન નાદાનીર તજ છે ( ! ) કારણ કે એ આકાએ નામદારની આ પહેલી શહાદત નથી. જો તમોએ રાહેનજાત કી૦ ૧૯ મી હિસ્સે ૧૧ મો સને ૧૩૨૯ માં છપાએલ ' પચાસ હજાર આદમ વાળો લેખ વાંચ્યો હતે, તો તમોને જણાઇ આવતે કે તેએ પચાસ હજાર આદમ સાથે હતા ( એક આદમનો ઝમાને પચાસ, પચાસ હજાર વર્ષનો ચાલતો ) મજકુર સમ દરમ્યાન તેમને લડાઇઓ પણ કરવી પડી છે. શહીદ પ થયા હશે. અને ફરી પ્રગટ પણ થવું પડયું છે ! ! એટલે તમો હાયવોય તો નકામીજ કરોછો, કારણ કે એ તો ર મૌલાના ખેલ છે ! ! !

હવે એ આકાએ નામદારનો એક બીજો ખેલ તમોને બતાવુંછું. નુરેઈમાન સને ૧૩૧૩ માં આ બિના પ્રગટ થએલ છે. " એક યહુદી મુસલમાન થયા પછી હ૦ રસુલે ખુદાને સેવામાં હાજર થઈ ઔલાદ થવા માટે સવાલ કરે છે. હઝ રત દુઆ કરવા હાથ ઉપાડે છે, એટલે જીબ્રઈલ આવી કહે છે, કે તેના માટે દુઆ ન માંગો ! લોહે મેહફુઝમાં એન નામે દીકરોજ નથી ! ! એટલામાં હ૦ ઈમામહુસેન અ ત્યાં આવે છે. રસુલે ખુદાને દિલગીર જોઈ તેમના રહેમતનો

દરીયો જોશ ખાય છે. અને એક પછી એક એમ સાત દીકરા આપે છે. રસુલીલ્લાહ તેમને મનાઈ કરે છે, કે ' ખુદા ફરમાવે છે, કે તેના હકમાં દીકરો નથી ' એટલામાં જીબ્રઇલ આવી અરજ કરે છે, કે યા રસુલીલ્લાહ ! તમો હુસેન અ૦ સાથે તકરાર ન કરો તેમની દુઆને કોઇ રોકનાર નથી. તેઓ બોલે છે, તેમ લોહે મેહફુઝમાં લખાય છે ! !

રાહેગમ કા જો હુસેન દિલાય તો બખ્શ દું;
બખ્શો અગરચે સારી ખુદાઈ તો બખ્શ દું.

સુબ્હાનઅલ્લાહ ! કેવો તેવણુ આકાએ નામદારનો મરતબો ! ! છતાં તમો તેમનો મરતબો ભૂલી ખોટી રિવાયતો અને મરસીયા બનાવી તેમને લાચાર હાલતના બતાવો છો ! ! ! વાંચક વર્ગ વાંચીને જરૂર ઈન્સાફ કરશે કે આશિકે હુસેન તમો છો, કે અમો ઇસ્માઇલીઓ ?

હવે આ સંબંધી વિશેષ વિવેચન ન કરતાં તમોને નીચેના ત્રણ સવાલો કરી, આ પ્રકરણ સમાપ્ત કરીશ. ભાઇ ગેન ! ઈમાનદારીથી જવાબ આપજો,

( ૧ ). નુરે ઇમાન કિ૦ ૧૭ મી પાનું ૯૩ ( હાજીનાજી ) માં કામલઝ જીયારતમાંથી ઈમામે જાફરે સાદીકથી રિવાયત લખી છે કે " પછી હુંકતાલાએ ઇમામેહુસેન અ૦ ઉપર કુદરતી હાથ રાખી ફરમાવ્યું. અય મોફરંગદ ! આ

શહીદોમાંનો પહેલો શહીદ છે, તમો આને મારા સલામ પહોંચાડો, અને ખુશ ખબરી આપો કે એ લોકોને હિદાયત કરનાર, નેક રસ્તો બતાવનાર, ખલકતને સાચવનાર અને મારા ઇલ્મનો ખજાનો છે. તથા આ આસ્માન અને જમીન તેમજ ઇન્સાન અને જીન્નાત ઉપર મારી હજ્જત છે.' અને હદીસમાં છે કે ઇમામેહુસેન અ૦ ની રૂહ (પ્રાણ) ખુદાએ પોતેજ કબજ કરી, અને પોતેજ એ હઝરત ઉપર નમાઝ પઢયો. ખુદાતાલાની હદ દરજ્જાની મહેરબાની છે. કે આપના માથા ઉપર કુદરતી હાથ ફેરવવો, પોતેજ રૂહ કબજ કરવી અને નમાઝ પડવી. વળી બીજી કેટલીક હદીસોમાં છે, કે ખુદાતાલા ઇમામહુસેન અ૦ ની મુસીબતમાં રડયો હતો." ભાઈ ગેન ! તમોને પુછવાની રજા લઉં છું કે તમો ખુદાને નિરાકારી માનો છો, છતાં ખુદાએ હાથ માથા ઉપર રાખ્યો ! નમાઝ પડી ! મલકુલમોત ઉપર વિશ્વાસ ન રાખતાં પોતેજ રૂહ કબજ કરી ! ખુદા રોતો હતો ! આનો અર્થ શો ? ખુદા

સાકાર છે, કે નિરાકાર ? જો નિરાકાર હોય, તો ઉપર લખ્યા મુજબ કેવી રીતે કર્યું. ? જો સાકાર હોય, તો તે વખતે કયા રૂપમાં હતો ? ( ઇમામે ઝેનુલ આબેદીને એ બધી ક્રિયાઓ કરી હતી, તો તેમના તરફ તો ઇસારો નથી ? ) જવાબ ઈન્સાનીયતથી આપવા વિનવું છું.

( ૨ ). નુરે ઈમાન પાનું ૧૨૮ ( ઉપર જણાવેલીજ ) "તેમજ અર્શ ઉપર ખુદાતાલાએ ઇમામ હુસેન અ૦ ને જગ્યા આપી છે, કે ત્યાં બેઠા બેઠા ખુદાવંદતાલા સાથે પોતાના ગવ્વારો વિષે વાતચીત કરે.' ભાઇ ગેન ! અલ્લાહ મિયાં સાથે ઈમામહુસેન અ૦ બેઠાં બેઠાં વાતો કરી શકે, તે ઉપરથી તો ખુદા તાલા જે લામેહદુદ છે, તે હદવાળો થઇ જાય છે તેનું કેમ ? અલ્લાહતાલા અને તેમની વચ્ચે વાયર્લેસ કે ટેલિફોનની ગોઠવણ છે ? ઈમામ અને અલ્લાહ હમકલામ થાય છે, તો જીબ્રાઇલની જરૂર રહે છે કે નહિ ?

( ૩ ). તમો શહાદતને મુસીબત સમજી રાત દહાડો હાયવોય કરવામાં મશગુલ રહો છો, અને

એવણુ પવિત્ર ઈમામને મઝલુમ અને મુસી
બતઝદા સમજી રહ્યા છો. હુ સવાલ કરૂં છુ.
કે હ૦ ઈમામહુસેન અ૦ ની શહાદત એ
ખુદા તરફથી રહેમત હતી કે મુસીબત ?

અત્રે હુ વાંચક વર્ગનું ધ્યાન ખેંચું છું, કે એક વખત અસનાઅશરીઓ ખુદાને નિરાકાર સમજી અમોને અવતાર માનનાર તરીકે લેખે છે, હ૦ ઇમામહુસેન અ૦ ના અમોને દુશ્મન તરીકે વર્ણવે છે, ત્યારે બીજી તરફ તેઓ પોતાને અવળે રસ્તે ચઢયા છતાં ઈમામહુસેન અ૦ ના દોસ્ત તરીકે જણાવે છે!! એટલે આ આખાં પ્રકરણનું શાંતીપૂર્વક મનન કરી એનો ઇન્સાફ તમો પોતેજ કરી લેશો એવી આશા છે. બાકી હુ તો ખુદા પાસે એજ દુઆ ગુજારૂ છું, કે યા ઈલાહી ! તારા પ્યારા ઈમામહુસેન અ૦ ના જે ખરેખરા દુશ્મન છે, તેઓને તારી કુદરતથી સજા કરજે ! ! કે જેથી કરી તેઓ પસ્તાવો કરી નેક રાહ ઉપર આવી જાય ! !

## પ્રકરણ ૧૫ મું.

### ઉપસંહાર.

**ધુળ ઉરાડે સૂર્ય પર, જાય નહિ ઢંકાઇ;**
**ઝળકી ઉઠે જગતમાં, સતપંથની સચ્ચાઇ.**

પ્રિય વાંચક ગણુ! અસનાઅશરી સચ્ચાઈ(!) નો ડંકો લખનારે સતપંથ (સચ્ચાઇ) ઉપર ધુળ ઉરાડવા વ્યર્થ ફાંફાં માર્યાં છે! અલ્લાહુપાકના નુરને ઓલવવા નકામી કોશીષ કરી ખુદાની હુજજત ઈમામે ઝમાન ના૦ આગાખાન ઉપર અઘટિત શબ્દો ઉચ્ચાર્યા છે, પણ આ પુસ્તક વાંચ્યા પછી તેમની સઘળી કોશીષો વ્યર્થ ગઈ છે, એટલુંજ નહિ પણ ભવિષ્યમાં કલમ ચલાવતાં તેમને પૂરેપૂરો વિચાર કરવો પડશે તે આપ સમજી ચુક્યા હશો!

મી. ગૈન! અને તેમના ટોળાએ એ સમજવું જોઇએ કે આ જમાનો મુઆવીયાશાહી કે યઝીદી નથી! તે જમાનામાં હ૦ અલી અ૦ સંબંધમાં અધમ માણસો હલકા શબ્દો વાપરતા હતા જે બિચારા મોમીન લોકોને મુગે મ્હોડે સહન કરવા પડતા હતા! પરંતુ આ તો ન્યાયી અંગ્રેજ સરકારનો જમાનો છે! ધર્મના છુટાપણાના હકો સર્વ ભોગવી શકે છે! તેવા જમાનામાં એક અદના માણસને પણ હલકા શબ્દોથી સંબોધતાં કાયદાની ચુંગાલમાં ફસાવું પડે છે, તે ભાઈ ગૈન જેવા ભલા (!) માણસો કેમ ભૂલી ગયા હશે!!

ધર્મ બદલાવવો એ માણસની ખુશીની વાત છે, પણ તજી દીધેલા ધર્મની નિંદા કરી તેમના પેશવાઓ સંબંધે હલકા શબ્દો ઉચ્ચારવા એ અધમતાની અવધિ નહિ તો બીજું શું ?

ઈસ્માઈલી ઇમામોએ આજથી ૬૦૦ વર્ષ પૂર્વે પીર સદરદ્દીન, પીર હસન કબીરદ્દીન વગેરેને હિંદમાં મોકલી સતપંથનો રસ્તો બતાવ્યો, અને તેના પરિણામે હિંદુકોમમાંથી અસંખ્ય કુટુંબો ઇસ્લામ-ઈસ્માઈલી-મઝહબમાં દાખલ થયા હતા, અને પ્રતિદિન તેમાં વધારો થયાજ કરે છે! આ ઈસ્માઈલીઓમાંથી પ્રથમ થોડાક કુટુંબોએ જુદા પડી એટલે સુન્નત જમાયત ધર્મ સ્વીકાર્યો. એટલે સુન્નતવલ જમાયત

કરોડોની સંખ્યામાં છે, પણ તેઓએ તજી દીધેલા ધર્મની કદી પણ નિંદા કરી નથી!! છેલ્લાં ત્રીસેક વર્ષ ઉપર ફરી પાછા કેટલાક કુટુંબો જુદા પડયા! તેઓ અશનાઅશરી નામ ધારણ કરી, પ્રથમના પ્રકરણોમાં જણાવી ગયો તે મુજબ, જુદા જુદા બહાના તળે મોજશોખ અને વિલાસમાં ગરકાવ થયા!! આમ થવાથી અમોને નારાજ થવાનું કંઈજ કારણ નથી, કારણ કે જ્યાં સુધી ઝાડની બગડેલી ડાળો ન કપાય ત્યાં સુધી તે સંપુર્ણપણે વધી શકતું નથી. આ હિસાબે તેઓના જતાં અમારો ઈસ્માઇલી ધર્મ ઉલટો ઝળકતો બન્યો છે!!

અસ્નાઅશરીઓના ધર્મની તાલીમજ કંઇ ઓર પ્રકારની છે!! તેમની માન્યતા સંબંધે અગાઉના પ્રકરણોમાં ઉલ્લેખ થઈ ચુકયો છે, છતાં અત્રે તેનો ટુંક સાર આપવો જરૂરી સમજું છું:—

(૧). શીયા અસનાઅશરીઓ અન્ય ધર્મની નિંદા કરી તેઓના પેશવાઓને ગાલ્લગલોચ કરી તેમના ઉપર તબર્રા કરે છે!! અને આમાં તેઓ મોટો સવાબ (પુણ્ય) સમજે છે!!!

(૨). મજાલીસે હુસેન અ૦ અને નયાઝે હુસેન અ૦ ના નામે હજારો રૂા. નું ખર્ચ કરી જાહેરમાં શોક પ્રદર્શિત કરી પુલાવ, બીરીયાની, કોરમા ઇ૦ ઇ૦

સારી સારી વાનિઓ ઉડાવે છે !! જ્યારે આ કાર્ય હુસેન અ૦ ના દોસ્તનું નહિ પણ દુશ્મનોનું છે ત્યારે પોતે તેમના દોસ્ત હોવાનો દાવો કરે છે !!

( ૩ ). અસનાઅશરીઓ મુતા જેવી હરામકારીને મોટો સવાબ સમજી, તે કરવાથી કેવો કેવો સવાબ થાય છે, તેને માટે હદીસ અને કુરાને શરીફની આય તોનો મન ઘડિત અર્થ કરી ભારે અઝાબ વહોરી રહ્યા છે !!

મજકુર ત્રણે બાબતો પકીમાં બીજા નંબરની બિનાથી અજ્ઞાન ઇસ્માઇલીઓને દોરવવા તેમણે કંઇ પણ કચાશ રાખી નથી, કેટલાક લોકો તેમાં ફસાયેલા પણ ખરા. પરંતુ જ્યારે ઈમામે ઝમાનનો સવાલ ઉઠયો ત્યારે તેઓ જવાબ આપી શકયા નહી, એટલે તે અજ્ઞાન ઈસ્માઈલીઓ પણ તેને તર્ક કરી પોતાના અસલી ધર્મમાં આવી ગયા છે. આવી જતાં જાય છે, અને ભવિષ્યમાં આવી પણ જશે !!! નં. ૩ ની બાબત માટે તો અસનાઅશરીઓએ હદજ કરી છે!! રસુલે ખુદા અને ઇમામોને નામે મુતા કરવા વ્યાજબી છે, એમ ઠોકી બેસાડયું છે. આ સંબંધી કંઈક વધુ વિસ્તારથી લખવું જરૂરી સમજું છું:—

"અનવારૂલ બ્યાન ફી તફસીરૂલ કુરાન પારો ૫ મો સુરતુલનીસ્સાં આયત ૨૪-૨૫ (તાવીલ મૌલાના હાફીજી)

હજરત રસુલે ખુદા સ૦ મે ફરમાવ્યું કે જે કોઇ એક વખત મુતા કરે. તો તે ખુદાના ગુસ્સાથી બચે અને જે શખ્શ બે વખત મુતા કરે, તો નેક લોકોમાં સામેલ થાય, અને જે ત્રણ વખત મુતા કરે તે જન્નતના બાગમાં મારી સાથે. હશે ! ! (મુતાના સવાલ વિષે વધુ ખુલાસો આગળ વાંચો. આપે ખુતબો પડયા પછી ફરમાવ્યું કે મુતાનો હુકમ અલ્લાહ તરફથી જીબ્રાઇલ લાવ્યા છે. તે મારી સુન્નત છે. જે શખ્સ તેનો વિરોધ કરશે તે ખુદાનો દુશ્મન અને દોઝખી છે. અને જે શખ્સ પોતાની ઉમરમાં એક વખત પણ મુતા કરશે તે જન્નતી છે!! આ સિવાય મુતા કરેલી ઓરત પાસે બેસતાં રક્ષણ કરવા ફિરસ્તો આવે છે, તેની સાથે વાતચીત કરવામાં ઝીકર અને તસ્બીહનો સવાબ થાય છે, હાથથી હાથ મેળવતાં ગુનાહો ખરી પડે છે, બોસા કરવાનો સવાબ છે, અને છેવટે ગુસલ કરવામાં તો ઘણુંજ પુણ્ય થાય છે! ખુદા તે બંદાઓને જોવા ફિરસ્તાઓને હુકમ કરે છે! અને એકેક પાણીના ટીપે અમુક સંખ્યામાં ફિરસ્તા ઉત્પન્ન થવાનું અને ગુનાહો માફ થવાનું જણાવેલ છે!! આ બિના એટલા સ્પષ્ટીકરણથી લખી છે, કે તેનો ઉતારો આપતાં પણ શરમ ઉત્પન્ન થાય છે! વાંચકવર્ગ સમજી શકશે, કે આમાં આવેલી બિના નીતિ શાસ્ત્રનું કેવું નિકંદન કાઢે છે!! અરે એટલુંજ નહિ પણ ખુદ અલ્લાહપાકને માટે પણ તેમણે લખતાં જરા પણ આંચકો ખાધો નથી!!!

મજકુર મુતા ફક્ત મોઅમીન સ્ત્રીઓ સાથેજ થઈ શકે! એ તો એમાં ખુબી સમાએલી છે!!! કારણ કે જો કાફર સ્ત્રીઓ સાથે મુતા કરવામાં આવે, તો મુફતમાં તેણીઓ બેહીસ્ત ખાટી જાયને ?! મુતા કોનીકોની સાથે થઈ શકે તે જરા સમજવા જેવું છે, મોલવી તસદુકહુશેન તોહફતુલ અવ્વામ ભા. ૨ જો પાનું ૨૭૧ માં તેને માટે નીચે મુજબ ખુલાસો લખે છે:—

૧ જે માણસ પોતાની હયાતીમાં એક વખત મુતા કરે તે બેહીસ્તી છે."

૨ મુતા કરનાર ઔરત અને મરદને અઝાબ કરવામાં નહિ આવે."

૩ પોતાની સ્ત્રીની રજાથી તેની બેનની દીકરી અથવા તેના ભાઇની દીકરી સાથે મુતા કરવા જાએઝ છે, પણ જો તેણી રજા ન આપે તો ન કરવા."

૪ મુતાનો સેગો પઢાવનાર ન હોય, પોતાની જબાનથી અરબી ઉચ્ચાર ખરો ન નીકળતો હોય તો કોઈ પણ શાહેદ સિવાય મુતા થઈ શકે છે, અને તેનો સવાબ પુષ્કળ છે."

૫ મરદની ખુશી મુજબ એક દિવસ માટે અથવા ૧૦ (દશ) વર્ષ માટે બાંધી શકાય. એમાં તલાકની માથાકુટ નથી, ફક્ત સ્ત્રી સાથે એવી શરત ન કરવી કે અમુક

વખત તારી સાથે સંભોગ કરીશ ( લાહોલવલા ! )

મુતાના નિકાહ નેની તરકીબો, સ્ત્રી કેવી હોવી જોઇએ, વકીલની જરૂરત પડે છે કે નહિ મોહરના પૈસા ક્યારે આપવા ઈ૦ ઈ૦ નું પણ વિવેચન છે.

વાંચક વર્ગ ! આનું નામ ધર્મ કહેવાય ? આવા પ્રકારનું ગમે તેમ વર્તન કરવાં છતાં જન્નતપણ તેઓના બાપ ની જ ! ! તેઓની આ માન્યતાઓ ઇસ્લામથી તદ્દન ઉલટી અને નબીઓ તથા ઇમામોને નામે તદ્દન જુઠી ઘડી કાઢેલી છે ! ! મૌલાના હાજીનાજીએ કુરાનશરીફ પાનું ૧૭૧ પારો ૫ મો સુરતુલનિસ્વાં આયત ૨૪–૨૫ નો જે તરજુમો કર્યો છે, તેનોજ પ્રોફેસર ઇસ્પહાનીએ પણ તરજુમો કર્યો છે. એ બેનો મુકાબલો કરવા વાંચક વર્ગને વિનવું છું:—

આયત ૨૪—અને તેમજ જેનો તમારો જમણો હાથ ધણી થયો છે. તે સિવાય ધણીવાળી સ્ત્રીને પરણવું. તે પણ [ હરામ છે. ] આ તમારા માટે ખુદાના લખેલા નિયમો છે, અને આ સિવાય તમારા માટે હલાલ થયેલ છે, કે તમે તમારી મીલ્કતથી સ્ત્રીઓ શોધી પરણો. એવા વિચારથી કે તમે વ્યભિચારી ન થઇ પાક રહી ધર્મ સાચવી રાખો.

આયત ૨૫—અને તમારામાંનો જે કોઇ પૈસા ખર્ચવાને શક્તિમાન નથી કે આઝાદ અને પવિત્ર મોમન સ્ત્રીઓને

પરણે ત્યારે ને મોમન તમારી લોંડીઓમાંથી જેનો તમારો જમણો હાથ માલિક થયો છે તેને પરણો અને ખુદા તમારૂં ઇમાન વધારે જાણે છે, તમે એક બીજાનાજ છો. માટે લોંડીઓને તેઓના માલિકની પરવાનગીથી પરણો. અને તેઓને યોગ્ય રીતે તેમની મોહર આપો. તેઓ શીયળ સાચવનાર, વ્યભીચાર ન કરનાર અને તેમજ ખાનગી રીતે મીત્રો ન રાખનાર હોવી જોઇએ. પછી જ્યારે તેઓ પરણ્યા પછી જો વ્યભીચાર કરે, તો જે શિક્ષા આઝાદ સ્ત્રીઓ ઉપર છે, તેનાથી અર્ધી શિક્ષા તેઓના ઉપર છે. આ [લગન] તેને માટે છે, કે તમારામાંનો જે અતિશે મહેનત [ વ્યભીચાર ] થી બીતો હોય. પણ જો તમો ધીરજ રાખો તો તે તમારા માટે વધારે સારૂં છે, અને ખુદા માફી આપનાર અને મહેરબાન છે.

કયાં પ્રોફેસર ઇસ્પહાનીનો અક્ષરેઅક્ષર તરજુમો અને ક્યાં અસનાઅશરીઓની હવસ ઉત્તેજક તાવીલ ! ! ! પ્રિય વાંચક ! આ ઉપરથી તમો અસનાઅશરી માન્યતાનું પોકળપણું સ્પષ્ટપણે જોઇ શકયા હશો.

મુતા માટે ઘણાં લખાણો પ્રગટ થયાં છે! અસનાઅશરી ધર્મનો ભેદ ભરમ અથવા તકમીલત તંબીયુલહાયરીન શીઆ અસનાઅશરીઓના પંજાબના મુજતેહદ જનાબ

[1] ફાયરીનના ચોપાનીયા 'મુવાઇઝે તહરીફે કુરાનનો જવાબ]
હે ખક મોહમદ અબ્દુશ્શકુર ફારૂકી પ્રગટ કરનાર અલીમોમદ સુન્ની હનફી જેલરોડ મુંબાઇ નં. ૯. એ દરેકે દરેક અસનાઅશરીએ વાંચવા જેવું છે. આમાં તેઓના ૪૦ મસલા છે. જેનો જવાબ તેઓ પૈકીનાએ હજુ સુધી આપ્યોજ નથી ! ! કયાંથી આપી શકે ?

આ સંબંધી લખવા બેસીએ, તો બીજું એક પુસ્તક થઈ જવા સંભવ છે, એટલે હવે વધુ લંબાણ નહિ કરતાં ટુંકમાંજ પતાવીશ:—

મજકુર ચોપાનીઆમાં ૩૦ મો મસલો ' મુતાએ દુરીં ' નો છે. અને તેમાં ફરોએ કાફી પુ. ૨ જું પાનું ૧૯૮ નો હવાલો છે. હ૦ ઇમામ જાફર સાદિક અ૦ ની રિવાયતથી છે. કે " એક સ્રીએ ખુબ તરસ લાગવાથી પાણી મેળવવાના સબબે ઝના કરાવી હ૦ ઉમર પાસે જઈ તે બિના પ્રગટ કરી. હ૦ ઉમરે તેને પત્થરો મારી મારી નાંખવાનો હુકમ કર્યો. જ્યારે આ વાતની અમીરૂલ મો'મનીન અ૦ ને જાણ થઈ ત્યારે તેમણે તે વિગત સાંભળી જણાવ્યું કે " હું પરવરદિગારની સોગંદ ખાઈ જણાવુંછું, કે આ ઝનાકારી નથી પણ એક લગ્ન છે. " [ હ૦ ઇમામ જાફર સાદિક અ૦ ના નામે રિવાયત લખનારને કંઈ શરમ આવતી હશે કે નહિ ?]

૩૧ મો મસલો 'મુતાએ ઇબાદત હોવા ' વિષેનો છે. આ સંબંધી પ્રથમ ખુલાસો આવી ગયો છે. વધુમાં એટલુંજ જણાવીશ, કે એ લોકો માને છે, કે એક વખત મુતા કરનાર ઇમામ હુસનનો, બે વખત મુતા કરનાર ઇમામહુસેનનો, ત્રણ વખત મુતા કરનાર ઇમામ હ૦ અલી અ૦ નો અને ચાર વખત મુતા કરનાર રસુલે ખુદાનો દરજ્જો મેળવી શકે છે. મુતા નહિ કરનાર કયામતને દિવસે નકટો ( નાક વગરનો ) ઉઠશે !. અફસોસ ! આવી માન્યતાઓ માટે !

ઇસ્લામમાં મુતા હલાલ હતાજ નહિ. કુરાન શરીફની ગકફી અને મદની આયતોથી તેનુ હરામ હોવું સાબિત થાય છે.

૩૫ મો મસલો ' કુદરતી રીતથી વિરૂદ્ધ સૃષ્ટિ કર્મ કરવા ' બાબતનો છે. અને બધા શીયાઓ તે એક અવાજે કબુલ રાખે છે. અને તે જાએજ હોવા બાબે કુરાન શરીફનો હવાલો આપે છે ! ! !

આવી આવી નીચ માન્યતાઓ ધરાવતાં છતાં એનો વિચાર વટિક નહિ કરતાં એ અસનાઅશરીઓ, ઇસ્માઇલીઓ અને તેના ઇમામો ઉપર ન છાજતી ભાષામાં હુમલા કરે છે ! ! જ્યારે અમો ઇસ્માઇલીઓ તેમને હક જવાબ આપીએ છીએ, ત્યારે કંઈ કહેવાનુ નહિ મળતાં છેવટે ગાલ ગલોચ ઉપર આવી જાય છે, અને તેનો પુરાવો તે તેમનું

બીજું સાહિત્ય તથા અસનાઅશરી સચ્ચાઇ (!) નો ડંકો ' છે.

પ્રથમમાં જ્યારે તેઓ અમારા ઉપર અઘટિત હુમલા કરવા લાગ્યા, ત્યારે શરૂઆતમાં તો અમો ચુપજ રહ્યા, પણ જ્યારે તેઓ હદ કૂદાવીને આગળ વધવા લાગ્યા, ત્યારે પ્રથમ બુઝુર્ગે મુખી લાલજીભાઈ દેવરાજે સતપંથ પ્રકાશ દ્વારા (આ માસિક હાલ અમદાવાદવાળા ભાઇઓ પ્રગટ કરે છે.) મી૦ વર્તેજીએ ' વર્તેજી વીલ ' દ્વારા અને છેવટે મી. હુમીરભાઇએ ' સતપંથ પ્રકાશ અમદાવાદ ' દ્વારા ઘણીજ શાંતિપૂર્વક તેમનાં ભોપાળાં બહાર પાડયાં, અને છેવટે જણાવ્યું કે ભાઇઓ તમો તમારા રસ્તે અને અમો અમારા રસ્તે. પણ એ અસનાઅશરીઓ એટલેથી અટકયા નહિ. અને સચ્ચાઈ (!) નો ડંકો બહાર પાડયો જેમાં હું પ્રથમ જણાવી ગયો તેમ અમો ઈસ્માઈલીઓ અને અમારા ઇમામેઝમાન ના૦ આગાખાન સાહેબ ઉપર ન છાજતો હુમલો કર્યો જેથી આ પુસ્તકરૂપે જવાબ દેવાની મારે ફરજ પડી !

વાંચક વર્ગે આ જવાબથી અને અસનાઅશરીઓની માન્યતાઓથી જાણી લીધું હશે, કે તેઓ (અશનાઅશરી સાહિત્યકારો) કેવો ઉલટો રસ્તો ગ્રહણ કરી રહ્યા છે ! ઈસ્માઈલી મઝહબની ખુબિઓ હું આ પુસ્તકમાં અવારનવાર જણાવી ચુકયો છું, એટલે તે સંબંધી પણ આપને પૂરતી માહીતિ મળી ચુકી છે.

મારા આ લખાણથી અસનાઅશરીભાઈઓ પોતાની આંખ ઉઘાડી, ઈન્સાફી હૃદય રાખી નેક અને બદનો તફાવત સમજી, નેક રાહ ઉપર આવી, પોતાની ભૂલો તપાસી શાંતિપૂર્વક વિચાર કરી યોગ્ય વર્તન ચલાવશે તો આખેરતમાં સવાબે અઝીમ હાસિલ કરશે ! ખુદાવંદે કરીમ સરવેને નેક બુદ્ધિ આપે એવું ચાહી અત્રે વીરમું છું.

સમાપ્ત.

# અગાઉથી મદદ આપનાર ગ્રાહકોનાં મુબારક નામો.

| કોપી. | નામ. | ગામ. |
|---|---|---|
| ૫૦૦ | શેઠ ઇસ્માલભાઇ મહમદજાફર ... ... | મુંબાઇ |
| ૧૦૧ | આલીજાહ અલીભાઇ માહમદ ... ... | રંગુન |
| ૧૦૧ | મુખી સુલેમાનભાઇ ગુલામહુશેન ... ... | કલકત્તા |
| ૧૦૧ | વારસ ગુલામહુસેનભાઇ વારસ મોલેદીના ... | કચ્છ |
| ૧૦૦ | મુખી લાલજીભાઇ દેવરાજ ... ... | મુંબાઇ |
| ૧૦૦ | શેઠ વિસરામભાઇ મુગજી ... ... | મુંબાઇ |
| ૧૦૦ | આલીજાહ અલીમાહમદભાઇ કાગડીના પીરજી... | રંગુન |
| ૫૦ | વારસ જીવાભાઇ ભાણજી ... ... | રંગુન |
| ૨૫ | શેઠ તારમોહમદભાઇ રવજી ... ... | મુંબાઇ |
| ૨૫ | ઇતમાદી ફદુભાઇ પીરૂ ... ... ... | કરાંચી |
| ૨૫ | જીવાભાઇ ઇસ્માલજી ... ... ... | કાનપુર |
| ૨૫ | મનજીભાઇ લાલજી—નાચાણી ... ... | અંજાર |
| ૨૫ | અબદલા કાસમ મેવાવાલા ... ... | મુંબાઇ |
| ૨૫ | રવિવારના કાન્ડી મહોલ્લાના પંજેભાઇઓ ... | મુંબાઇ |
| ૨૦ | ગુલામહુસેન ખાલેકદીના ... ... ... | સખ્ખર |
| ૧૫ | કાસમભાઇ વારસ કાસમ ... ... ... | જુનાગઢ |
| ૧૦ | વારસ હબીબભાઇ વારસ કાસમભાઇ ... | જુનાગઢ |
| ૧૦ | શેઠ કાસમભાઇ જૂસા ... ... ... | અમદાવાદ |
| ૧૦ | મુખી ભાણજીભાઇ નાનજી... ... ... | ધ્રારસી |
| ૧૦ | મુખી લાલજીભાઇ જીવા ... ... ... | રંગુન |

| કોપી. | નામ. | ગામ. |
|---|---|---|
| ૧૦ | જાફરભાઇ લાલજી ... ... ... | રંગુન |
| ૧૦ | મીસ્નરી જાફરભાઇ લાલજી ... ... | કરાંચી |
| ૧૦ | મીસ્નરી નવરોજભાઈ હાસમ ... | ...હૈદ્રાબાદ સીંધ |
| ૧૦ | ગેહરાઅલીભાઇ અલારખીયા ... ... | કરાચી |
| ૧૦ | વસનજીભાઇ ગાંગુલ ... ... ... | ઉના |
| ૧૦ | સુલેમાનભાઇ ઝવેર ... ... ... | મુંબાઇ |
| ૧૦ | શેઠ અલીભાઇ ભાણજી ... ... ... | મુંબાઇ |
| ૧૦ | મુખી ખલફાનભાઈ લાલજી ... ... | વરખા |
| ૧૦ | નજરઅલીભાઈ હાસમ ... ... | મુંબાઇ |
| ૧૦ | શકુરભાઇ થાવર પીરમોહમદ ... ... | મુંબાઇ |
| ૧૦ | વારસ કરીમભાઇ ઇસ્માલ... ... ... | મુંબાઇ |
| ૧૦ | હબીબભાઇ ઇસ્માલ ... ... ... | મુબાઇ |
| ૧૦ | કેપ્ટન પીરમોહમદ વીરજી મખાણી ... ... | મુંબાઈ |
| ૧૦ | હસનઅલી કાસમ હાસમ ... .. ... | મુંબાઇ |
| ૧૦ | નુરમોહમદ સોમજી ... ... ... | ઇંદોર |
| ૬ | મુખી પીરભાઇ નીમજી ... ... ... | શાહપુર |
| ૫ | મામદ હાસમ ચદુઆણી ... ... ... | કરાંચી |
| ૫ | સબુરભાઇ હરજી ... ... ... | નીંગાળા |
| ૫ | ધરમશીભાઇ શામજી ... ... ... | ઓરમારા |
| ૫ | અલીભાઇ દાતુભાઇ મેરૂ ... ... ... | ગુવાધર |
| ૫ | મુખી આમદભાઇ માહમદ... ... ... | માહીમ |
| ૫ | ફરમાલીભાઇ જીવા ... ... | ફેરવા (માહીમ) |

| કોપી. | નામ. | ગામ. |
|---|---|---|
| ૫ | અબ્બાસભાઇ અલીમામદ... ... ... | કરાંચી |
| ૫ | હુસેનભાઈ ખુદાબખશ ... ... ... | કરાંચી |
| ૫ | વલીમોહમદભાઇ શામજી ... ... ... | મુંબાઇ |
| ૫ | દાનજીભાઇ વલ્લી–પ્રીટોરીયાવાળા ... ... | મુંબાઇ |
| ૫ | શેઠ પ્રેમજીભાઇ ભીમજી ... ... ... | વારોડા |

## આફ્રીકા.

| | | |
|---|---|---|
| ૩૫૨ | શ્રી. ઈ. ઇ. દારેસલામ કાઉન્સીલ હસ્તક આવેલા ગ્રાહકો ... ... ... ... | દારેસલામ |
| ૧૦૭ | શ્રી ઈ. ઇ. મોમ્બાસા કાઉન્સીલ હસ્તક આવેલા ગ્રાહકો ... ... ... ... | મોમ્બાસા |
| ૫૬ | શ્રી. ઇ. ઇ. નૈરોબી કાઉન્સીલ હસ્તક આવેલા ગ્રાહકો ... ... ... ... | નૈરોબી |
| ૫૦ | શેઠ કરીમ એન્ડ અલીભાઇની કું. ... ... | માંઝુંગા |
| ૫૦ | કેપ્ટન કાસમભાઇ જેઠા ... ... ... | મીનાનઝારી |
| ૪૫ | શ્રી. ઇ. ઇ. કીસુમું કાઉન્સીલ હસ્તક આવેલા ગ્રાહકો... ... ... ... | કીસુમું |
| ૪૪ | શ્રી. ઇ. ઇ.સુપ્રિમ કાઉન્સીલ હસ્તક આવેલા ગ્રાહકોનું લીસ્ટ ... ... ... ... | જંગબાર |
| ૩૫ | શ્રી. ઇ. ઇ. મુન્ઝાંબિક કાઉન્સીલ તરફથી આવેલા ગ્રાહકોનું લીસ્ટ ... ... ... | મુન્ઝાંબિક |

| કોપી. | નામ. | ગામ. |
|---|---|---|
| ૨૮ | શ્રી. ઇ. ઇ. ઠાંગા કાઉન્સીલ તરફથી આવેલા ગ્રાહકોનું લીસ્ટ... ... ... ... | ઠાંગ |
| ૨૫ | શ્રી. ઇ. ઇ. કંપાલા કાઉન્સીલ તરફથી આવેલા ગ્રાહકોનું લીસ્ટ... ... ... ... | કંપાલા |
| ૨૫ | શ્રી. ઇ. ઇ. વેટીક કાઉન્સીલ તરફથી આવેલા ગ્રાહકો | વેટી |
| ૨૫ | મોંઘીબાઇ અલારખીયા લાલજીના ટ્રસ્ટીઓ તરફથી હ. વારસ કાસમ દામાણી સાલેમહમદ ગાંગજી ... ... ... ... | જંગબાર |
| ૨૪ | મનજી રહેમતુલ્લા ... ... ... | મબાસે |
| ૨૦ | ધનજી જનદાસજી હ૦ આવેલા ગ્રાહકોનું લીસ્ટ... | મોઆંનજા |
| ૨૦ | બાગામોયો જમાતના ગ્રાહકોનું લીસ્ટ ... | બાગામોયો |
| ૧૦ | અલારખીયા અલીભાઇ ... ... ... | ટુલિયાર |
| ૫ | મુખી સુલેમાન મોહમદ રૂડા ... ... | જીવાણી |
| ૫ | રામજી દેવજીની કું. ... ... ... | તુલીયાર |
| ૫ | ગુલામહુસેનભાઇ દેવજી ... ... ... | નૈરોબી |
| ૫ | ઇસ્માઇલ મામદ પ્રધાન ... ... ... | મોરાંનડેઝ |
| ૫ | હાસમભાઇ હરજી ... ... ... | કંપાલા |

